*॥ अर्हम् ॥*

## श्रीमद् -हरिभद्रसूरि-संग्रथिता
## श्रीमद्-यशोविजयोपाध्याय-विरचित-व्याख्या-विभूषिता

# श्री योगविंशिका

### ॥ ऐँ नमः ॥ अथ योगविंशिका व्याख्यायते-

‘‘**ऐँ**’’ એ સરસ્વતીમંત્ર છે. ટીકાકાર પૂજ્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજશ્રીનો મંગલવાચક આ સાંકેતિક શબ્દ છે. જેમ પૂજ્ય હરિભદ્રસૂરિજી મહારાજરચિત ગ્રન્થોમાં અન્તે તત્કૃતિસૂચક **‘‘વિરહ’’** શબ્દ આવે છે તે જ પ્રમાણે મહોપાધ્યાયશ્રી યશોવિજયજીકૃત ગ્રન્થોના પ્રારંભમાં ‘‘**ऐँ**’’ એ મંગળસૂચક સરસ્વતીમંત્ર હોય છે.

૧૪૪૪ ગ્રન્થોના પ્રણેતા પૂજ્ય હરિભદ્રસૂરિજીએ જૈનદર્શનમાં વિવિધ વિષયો ઉપર અનેકવિધ સાહિત્યરચના કરેલી છે. પ્રભુ મહાવીર સ્વામીથી આજ સુધીના કાળમાં થયેલા સાહિત્યસર્જક મહાત્માઓમાં જેમની યશોગાથા વિશિષ્ટ છે, જેમણે પોતાના રચેલા સર્વગ્રન્થોમાં **યાકિની** નામનાં મહત્તરાજીના વિશિષ્ટ ઉપકારની સ્મૃતિનિમિત્તે **‘‘યાકિની મહત્તરાસૂનુ’’** એવું નામાભિધાન કરેલ છે, જેમણે ‘શાસ્ત્રવાર્તાસમુચ્ચય’, ‘અનેકાન્તજયપતાકા’, ‘ષોડશકપ્રકરણ’, ‘સમરાઈચ્ચકહા’, ‘ધર્મબિંદુ’ આદિ અનેક અદ્ભૂત ગ્રંથરચના કરી જૈનશસાનની અપ્રતિમ સેવા કરી છે તેવા પરમપવિત્ર પૂજ્યપાદ શ્રી હરિભદ્રસૂરિજીએ ‘‘યોગ’’ના વિષય ઉપર (૧) **યોગવિંશિકા**[૧], (૨) **યોગશતક**, (૩) **યોગદષ્ટિસમુચ્ચય** (૪) **અને યોગબિંદુ** એવા

૧. આ વિંશતિવિંશિકાના એક ભાગ રૂપ પ્રકરણગ્રંથ છે.



મહાન અભૂતપૂર્વ ચાર ગ્રંથોની રચના કરી છે. જે ચારે ગ્રંથો અધ્યાત્મના વિષયવાળા હોવાથી, અને પંક્તિએ પંક્તિએ શાન્તરસ વહેતો હોવાથી ચતુર્વિધ શ્રી જૈનસંઘમાં આજે વધુ અધ્યયનનો વિષય બનેલ છે. તથા તેનું અધ્યયન અવશ્ય કરવા જેવું જ છે.

ચારે ગ્રંથોના અનુક્રમે ૨૦।૧૦૦।૨૨૮।૫૨૭। શ્લોકો છે. શ્લોકસંખ્યાની અપેક્ષાએ આ ચારે ગ્રંથો અનુક્રમે મોટા-મોટા છે. પ્રથમ ‘યોગવિંશિકા’ ગ્રંથ ઉપર મહોપાધ્યાય શ્રી યશોવિજયજીની રચેલી ટીકા છે. શેષ ત્રણ ગ્રંથો ઉપર સ્વોપજ્ઞ (હરિભદ્રસૂરિજીમ.ની પોતાની રચેલી) ટીકાઓ છે.

તે ચાર ગ્રંથો પૈકી **‘‘યોગવિંશિકા’’** નામના પહેલા ગ્રંથની ટીકા (વિવેચન) હવે શરૂ કરાય છે.

**‘‘मुक्खेण जोयणाओ, जोगो सव्वो वि धम्मवावारो ।**
**परिसुद्धो विन्नेओ, ठाणाइगओ विसेसेण ॥१॥’’**

*(मोक्षेण योजनाद् योगः, सर्वोऽपि धर्मव्यापारः ।*
*परिशुद्धो विज्ञेयः, स्थानादिगतो विशेषेण ॥१॥)*

**શ્લોકાર્થઃ**-પરિશુદ્ધ એવો સર્વે પણ ધર્મવ્યાપાર (ધર્મવ્યવહાર) (આત્માને) મોક્ષની સાથે જોડનાર હોવાથી **‘‘યોગ’’** કહેવાય છે. અને વિશેષે સ્થાનાદિસંબંધી (પાંચ પ્રકારનો) યોગ તે **‘‘યોગ’’** કહેવાય છે.

**ટીકા** = *‘मुक्खेण’त्ति । ‘‘मोक्षेण महानन्देन योजनात्’’ सर्वोऽपि धर्मव्यापारः साधोरालयविहारभाषाविनयभिक्षाटनादिक्रियारूपो योगो विज्ञेयः* **योजनाद्योग** *इति व्युत्पत्त्यर्थानुगृहीतमोक्षकारणीभूतात्मव्यापारत्वरूपयोगलक्षणस्य सर्वत्र घटमानत्वात् ।*

સાધુ મહાત્માઓનો (૧) આલય=એકસ્થાનમાં વસવું, (૨)

વિહાર=ગ્રામાનુગ્રામ વિહાર કરવો, (૩) ભાષા=ધર્મદેશનાદિ આપવી, (૪) વિનય=ગુર્વાદિનો વિનય કરવો, (૫) ભિક્ષાટનાદિ=ગોચરી માટે ફરવું. વગેરે ક્રિયા કરવા સ્વરૂપ સર્વે પણ ધર્મવ્યવહાર (ધર્મકાર્યોમાં પ્રવૃત્તિ) આત્માને મોક્ષની સાથે અર્થાત્ (સ્વાભાવિક) મહા-આનંદની સાથે જોડનાર હોવાથી **''યોગ''** કહેવાય છે.

''**योजनाद् योगः**'' યુંજન કરવું, જોડવું, આત્માને મહા આનંદની સાથે જોડવું, આ અર્થ જે ધર્મપ્રવૃત્તિમાં સંભવે છે તે ધર્મપ્રવૃત્તિને ''યોગ'' કહેવાય છે. કારણ કે ''**योजनात्**''એવી જે યોગ શબ્દની વ્યુત્પત્તિ થાય છે તેનાથી ગર્ભિત જે અર્થ, તે વ્યુત્પત્તિસિદ્ધ અર્થથી યુક્ત એવો જે મોક્ષના કારણભૂત આત્માનો (ધર્મક્રિયા કરવા સ્વરૂપ) વ્યાપાર તે યોગ કહેવાય છે. કારણ કે ધર્મક્રિયા કરવા સ્વરૂપ આત્માની સર્વે પ્રવૃત્તિમાં ''યોગ''નું લક્ષણ સારી રીતે ઘટી શકે છે.

સારાંશ એ છે કે આત્માની આલય-વિહારાદિ જે કોઈ ધર્મપ્રવૃત્તિ આત્માને કર્મબંધનથી, શરીરાદિ સંસારબંધનોથી મુક્ત કરાવી સ્વાભાવિક મહા-આનંદની સાથે જોડી આપે છે તે ધર્મપ્રવૃત્તિને **યોગ** કહેવાય છે.

*कीदृशो धर्मव्यापारो योगः? इत्याह-''**परिशुद्धः**'' प्रणिधानाद्याशयविशुद्धिमान्, अनीदृशस्य द्रव्यक्रियारूपत्वेन तुच्छत्वात् ।*

કેવા પ્રકારના ધર્મવ્યાપારને યોગ કહેવાય છે? શું સર્વ ધર્મપ્રવૃત્તિને યોગ કહેવાય છે કે કોઈ વિશિષ્ટ ધર્મપ્રવૃત્તિને જ યોગ કહેવાય છે? એવા શિષ્યના પ્રશ્નનો ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે કે **''પરિશુદ્ધ''** અત્યન્ત પરિશુદ્ધ (નિર્મળ)=અન્ય ગ્રંથોમાં કહેલા **''પ્રણિધાનાદિ''** પાંચ પ્રકારના આશયો વડે વિશુદ્ધિવાળો જે **ધર્મવ્યાપાર** તે જ યોગ કહેવાય છે. જે યોગ = ધર્મપ્રવૃત્તિ



''**अनीदृशस्य**'' =આવી નથી, એટલે કે પ્રણિધાનાદિ પાંચ પ્રકારના આશયોવાળી નથી તે ધર્મપ્રવૃત્તિ દ્રવ્યક્રિયામાત્ર હોવાથી (એટલે શુભ મન-વચન-કાયાનો યોગ માત્ર હોવાના કારણે પુણ્યબંધ માત્રનો જ હેતુ બને છે. પરંતુ નિર્જરા અને મોક્ષનો હેતુ બનતી નથી તેથી) તુચ્છ રૂપ છે. જે પ્રવૃત્તિ જે સાધ્ય માટે કરી હોય તે પ્રવૃત્તિથી જો તે સાધ્ય સિદ્ધ ન થાય અને તુચ્છમાત્ર યત્કિંચિત્ ફળ સિદ્ધ થાય તો તે પ્રવૃત્તિ તુચ્છ કહેવાય છે.

**उक्तं च** = અન્યગ્રંથમાં (ષોડશક પ્રકણ ૩-૧૨માં) કહ્યું છે કે-

**''आशयभेदा एते, सर्वेऽपि हि तत्त्वतोऽवगन्तव्याः ।**
**भावोऽयमनेन विना, चेष्टा द्रव्यक्रिया तुच्छा ॥ षोड. ३-१२॥''**

પ્રણિધાનાદિ આ સર્વે પણ=પાંચે પ્રકારના આશયભેદો એ જ તાત્ત્વિક યોગ સમજવો, આ જ યોગને **''ભાવયોગ''** કહેવાય છે. આ ભાવયોગ વિના કરાયેલી ચેષ્ટા (ધર્મક્રિયા) તે દ્રવ્યક્રિયા છે અને તુચ્છ છે.

*'**एते**' प्रणिधानादयः सर्वेऽपि कथञ्चित्क्रियारूपत्वेऽपि तदुपलक्ष्या आशयभेदाः, '**अयं**' च पञ्चप्रकारोऽप्याशयो भावः, अनेन विना '**चेष्टा**'=कायवाङ्मनोव्यापाररूपा द्रव्यक्रिया तुच्छा=असारा अभिलषितफलासाधकत्वादित्येतदर्थः ।*

(હવે પછી સમજાવાતા) આ પ્રણિધાન વગેરે પાંચે પ્રકારના સર્વે પણ આશયો કથંચિત્ ક્રિયાસ્વરૂપ છે. એટલે કાયિક પ્રવૃત્તિ સ્વરૂપ છે. તો પણ તે કાયિક પ્રવૃત્તિથી **''આંતરપરિણામ સ્વરૂપ''** આ આશયભેદો પ્રગટ થાય છે. તેથી આ પાંચ પ્રકારના આશયભેદો એ જ ભાવયોગ છે, મુક્તિ-હેતુ છે.

આ ભાવયોગ વિના કરાતી ચેષ્ટા = એટલે મન-વચન અને કાયાની પ્રવૃત્તિસ્વરૂપ જે ધર્મક્રિયા છે તે તમામ દ્રવ્યક્રિયા છે અને

તુચ્છ છે. એટલે કે ઈષ્ટ ફળને આપવામાં અસમર્થ છે. તેથી અસાર છે. નિરર્થક છે. એમ આ ષોડશક પ્રકરણના શ્લોકનો અર્થ જાણવો.

સારાંશ કે પ્રણિધાનાદિ પાંચ આશયપૂર્વક કરાતી ધર્મક્રિયા મન-વચન અને કાયાની પ્રવૃત્તિ સ્વરૂપ હોવા છતાં પણ **યોગસ્વરૂપ** છે. કારણ કે તેનાથી પ્રગટ થતો શુદ્ધ સ્વભાવદશાના ઉપયોગરૂપ અંતરનો પરિણામ વિશિષ્ટ નિર્જરાનો હેતુ છે તથા અંતે મોક્ષનો હેતુ પણ છે. માટે **ભાવયોગ** છે અને તે જ ખરેખર **ઉપાદેય** છે.

નિર્જરા અને મોક્ષના હેતુભૂત એવા આ ભાવયોગ વિના કરાતી તમામ ધર્મક્રિયા તે દ્રવ્યક્રિયા છે. તુચ્છ છે. અને અસાર છે. કારણ કે ધર્મક્રિયા કરવા દ્વારા સાધવાલાયક જે ઈષ્ટફળ (મોક્ષ) છે. આ ધર્મક્રિયા ભાવયોગ વિના તેને આપનારી બનતી નથી. શુભપ્રવૃત્તિ માત્ર હોવાથી પુણ્ય બંધનો હેતુ બનવાના કારણે કદાચ સ્વર્ગાદિ સંપત્તિનો હેતુ બને, પરંતુ આત્માનું ઈષ્ટફળ જે મોક્ષ છે તેની સાધક બનતી નથી.

*અથ કે તે પ્રણિધાનાદ્યાશયાઃ? ઉચ્યતે-પ્રણિધાનં, પ્રવૃત્તિ-ર્વિઘ્નજયઃ સિદ્ધિર્વિનિયોગશ્ચેતિ પઞ્ચ । આહ ચ-*

**''પ્રણિધિ-પ્રવૃત્તિ-વિઘ્નજય-સિદ્ધિ-વિનિયોગભેદતઃ પ્રાયઃ ।**
**ધર્મજ્ઞૈરાખ્યાતઃ શુભાશયઃ પઞ્ચધાઽત્ર વિધૌ ॥ ષોડ. ૩૬॥''**

હવે પ્રણિધાન વગેરે પાંચ આશયભેદો કયા કયા છે? તે ગ્રંથકારશ્રી જણાવે છે. (૧) પ્રણિધાન, (૨) પ્રવૃત્તિ, (૩) વિઘ્નજય, (૪) સિદ્ધિ અને (૫) વિનિયોગ. એમ પાંચ આશયભેદો છે. અન્યગ્રંથોમાં (ષોડશક પ્રકરણમાં) કહ્યું છે કે:-

આ યોગવિધિમાં ધર્મજ્ઞ પુરુષોએ **પ્રણિધિ, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ** અને **વિનિયોગ**ના ભેદથી પાંચ પ્રકારનો શુભ



આશય કહેલો છે. આ પાંચે આશયભેદોના અર્થ હમણાં જ ટીકાકારશ્રી જણાવે છે. તેથી અમે અહીં વધુ વિવેચન કરતા નથી.

*તત્ર-'હીનગુણદ્વેષાભાવપરોપકારવાસનાવિશિષ્ટોઽધિકૃતધર્મસ્થાનસ્ય કર્તવ્યતોપયોગઃ' પ્રણિધાનમ્ । ઉક્તં ચ-*

**''પ્રણિધાનં તત્સમયે, સ્થિતિમત્તદધઃ કૃપાનુગં ચૈવ ।**
**નિરવદ્યવસ્તુવિષયં, પરાર્થનિષ્પત્તિસારં ચ ॥ ષોડ. ૩-૭॥''**

**'તત્સમયે'**=*પ્રતિપન્નધર્મસ્થાનમર્યાદાયામ્ ।* **'સ્થિતિમત્'**=*અવિ-ચલિતસ્વભાવમ્ ।* **'તદધઃ'**=*સ્વપ્રતિપન્નધર્મસ્થાનાદધસ્તનગુણસ્થાનવર્તિષુ ।* **''કૃપાનુગં''**= *કરુણાપરમ્ । ન તુ ગુણહીનત્વાત્તેષુ દ્વેષાન્વિતમ્ । શેષં સુગમમ્ ॥*

**''પ્રણિધાન''** કોને કહેવાય? તે જણાવે છે. ત્યાં (૧) હીન ગુણવાળી વ્યક્તિઓ પ્રત્યે દ્વેષનો અભાવ, (૨) પરોપકાર કરવાની ભાવનાથી યુક્ત એવો અને (૩) પોતે સ્વીકારેલ ધર્માનુષ્ઠાનને (આચરવારૂપે) બજાવવાનો જે ઉપયોગ=પરિણામવિશેષ તે **પ્રણિધાન આશય** કહેવાય છે.

**પ્રણિધાન**ના લક્ષણમાં ત્રણ વિશેષણો છે.

(૧) પોતાનાથી જે જે જીવો હીન ગુણવાળા હોય છે. તેના ઉપર દ્વેષનો અભાવ, આમ થવાથી તે તે વ્યક્તિઓમાં રહેલા બીજા ગુણો પ્રત્યે પ્રીતિ-બહુમાન આવે, વળી દ્વેષનો અભાવ થવાથી નિકટવર્તિત્વ આવે, સંબંધમાં મીઠાશ વધે, જેનાથી ભવિષ્યમાં તે તે વ્યક્તિને ગુણિયલ બનાવી શકાય. માટે હીન ગુણવાળા પ્રત્યે દ્વેષ ન હોવો તે પહેલું વિશેષણ છે.

(૨) બીજાનો ઉપકાર કરવાની વાસનાથી યુક્ત એવો ઉપયોગ, પોતાને જે જે ગુણોની પ્રાપ્તિ થઈ છે. તે તે ગુણો

બીજામાં પણ કેમ આવે? તે રીતે સતત પરોપકાર કરવાની **ભાવના**વાળું જે ચિત્ત, આ બીજું વિશેષણ છે.

(૩) પોતે જે જે ધર્માનુષ્ઠાન કરવાનું સ્વીકાર્યું છે તે તે ધર્માનુષ્ઠાન પાળવામાં-આચરવામાં સતત ઉદ્યમશીલ, મારું આ જ કર્તવ્ય છે એવી ભાવનાયુક્ત. એ ત્રીજું વિશેષણ છે. આ પ્રમાણે ત્રણ ગુણોથી યુક્ત જે **ચિત્તપરિણામ** તે **"પ્રણિધાન"** નામનો પહેલો આશય છે. જ્યાં આવા ગુણોવાળો ચિત્તપરિણામ ન હોય તે પ્રણિધાન આશય કહેવાતો નથી. અને આવા આશય વિના કરાયેલી ધર્મક્રિયા દ્રવ્યક્રિયા કહેવાય છે. અન્યગ્રંથમાં (ષોડશક પ્રકરણમાં) ગ્રંથકારશ્રીએ જ કહ્યું છે કે :-

"આ જીવ જે ધર્મસ્થાન પામ્યો છે, તે ધર્મસ્થાનની મર્યાદા પાળવામાં બરાબર સ્થિરતાવાળું, તેનાથી નીચેની કક્ષાવાળા જે જે જીવો છે. તેના ઉપર હંમેશાં કરુણાવાળું, નિર્દોષવસ્તુના વિષયવાળું અને સદાકાળ પરોપકાર કરવામાં જ રસિકતાવાળું એવું જે ચિત્ત તે પ્રણિધાન કહેવાય છે. ॥ ષોડ. ૩-૭॥

સારાંશ એ છે કે આ આત્માનો જે ચિત્તપરિણામ છે, ઉપયોગ-વિશેષ છે જ્ઞાનાત્મક દૃષ્ટિવિશેષ છે. તે પોતે સ્વીકારેલા ધર્માનુષ્ઠાનો પાળવામાં સ્થિરતાવાળો હોય, પોતાનાથી ઊતરતી કક્ષાના જીવો ઉપર કરુણાવાળો હોય, નિર્દોષ વસ્તુઓના ચિંતન-મનનમાં ઓતપ્રોત હોય, અને પરોપકાર કરવામાં રસિક હોય તો તે ચિત્તપરિણામને **"પ્રણિધાન" નામનો પ્રથમ આશયભેદ** કહેવાય છે.

ષોડશક પ્રકરણના (૩-૭) શ્લોકમાં કહેલા કેટલાક શબ્દોના અર્થ ટીકાકારશ્રી ટીકામાં જણાવે છે. તે આ પ્રમાણે છે.

(૧) "**तत्समये**"= જીવને જે ધર્મસ્થાન પ્રાપ્ત થયું છે. તેની મર્યાદા પાળવામાં એટલે તેને આચરવામાં.



(૨) "**स्थितिमत्**"=સ્થિરતાવાળું, અર્થાત્ વિચલિત ન થાય તેવા સ્વભાવવાળું. એટલે કે પોતે જે ધર્માનુષ્ઠાન પામ્યો છે તેમાં સ્થિરતાવાળું ચિત્ત.

(૩) "**तदधः**"= પોતાને જે ધર્મસ્થાન પ્રાપ્ત થયું છે તેનાથી નીચલી કક્ષાનું ગુણસ્થાનક જે જીવોને પ્રાપ્ત થયું છે તેવા હીન-ગુણવાળા જીવો ઉપર.

(૪) "**कृपानुगं**"= દયાવાળું, કરુણાયુક્ત, કરુણાથી ભરપૂર એવું જે ચિત્ત તે પ્રણિધાન કહેવાય છે. પરંતુ તે જીવો હીન ગુણોવાળા હોવાથી તેઓ તરફ દ્વેષયુક્ત ચિત્ત ન કરવું. આ પ્રમાણે શબ્દોના અર્થો જાણવા. શ્લોકમાં લખેલા બાકીના શબ્દોના અર્થ અતિ સુગમ છે.

નિર્દોષ વસ્તુના ચિંતન-મનનવાળો, પોતાની સ્વીકારેલી ધર્મક્રિયા કરવામાં અવિચલિત, હીન ગુણોવાળા ઉપર કરુણાવાળો અને પરોપકારપરાયણ એવો જે અધ્યવસાય = ચિત્તપરિણામ તે **"પ્રણિધાન"** નામનો પ્રથમ આશય કહેવાય છે.

અહીં "નિર્દોષ વસ્તુના ચિંતન-મનનના વિષયવાળો જે અધ્યવસાય" એમ જે કહ્યું છે તેનો ફલિતાર્થ એ છે કે પરોપકાર કરવાની વૃત્તિ તથા હીન ગુણોવાળા ઉપર જે દ્વેષાભાવ કહ્યો છે. તે સ્વાર્થ સાધવાના વિચારોપૂર્વક ન હોવો જોઈએ. પરંતુ નિઃસ્પૃહભાવે ચિત્તને મોહ વિનાનું, કષાય વિનાનું બનાવીને જે પરોપકારની વૃત્તિ આદિવાળો અધ્યવસાય હોય તે જ **"પ્રણિધાન"** આશય કહેવાય છે.

*"अधिकृतधर्मस्थानोद्देशेन तदुपायविषय इतिकर्तव्यताशुद्धः शीघ्रक्रियासमाप्तीच्छादिलक्षणौत्सुक्यविरहितः प्रयत्नातिशयः प्रवृत्तिः । आह च-"*

**"तत्रैव तु प्रवृत्तिः, शुभसारोपायसङ्गतात्यन्तम् ।**
**अधिकृतयत्नातिशयादौत्सुक्यविवर्जिता चैव ॥ षोड. ३-८॥"**

''**तत्रैव**''=*अधिकृतधर्मस्थान एव* । '**शुभः**'=*प्रकृष्टः* । '**सारो**' *नैपुण्यान्वितो य उपायस्तेन संगता* ॥

હવે **''પ્રવૃત્તિ''** નામના બીજા આશયનો અર્થ સમજાવે છે. (૧) પોતાના આત્માને જે ધર્માનુષ્ઠાન પ્રાપ્ત થયું છે તેમાં વધારે વિકાસ કેમ થાય? એવા ઉદ્દેશપૂર્વક તે જ ધર્મસ્થાનના ઉપાયોમાં પ્રવર્તન કરવાના વિષયવાળો જે પ્રયત્નવિશેષ, તથા (૨) મારે મારા આત્માના કલ્યાણ માટે **''આ જ ધર્માનુષ્ઠાન કરવા લાયક છે''** એવા પ્રકારના શુદ્ધ ઉપયોગવાળો જે પ્રયત્નવિશેષ, તથા (૩) પ્રારંભ કરેલી ધર્મક્રિયા જલ્દી કેમ સમાપ્ત થાય એવી ઇચ્છાદિ રૂપ ઉત્સુકતા દોષથી રહિત જે પ્રયત્નવિશેષ તે **''પ્રવૃત્તિ''** આશય કહેવાય છે.

જીવનમાં **''પ્રવૃત્તિ''** આશય લાવવા માટે તેનાં ત્રણ લક્ષણો જાણવાં જરૂરી છે.

(૧) પોતાને જે જે ધર્માનુષ્ઠાન પ્રાપ્ત થયું છે તેનો વધારે ને વધારે વિકાસ કેમ થાય? તે માટે તેના ઉપાયોમાં સતત પ્રવૃત્તિ કરવી.

(૨) મારે મારા આત્માનું જો કલ્યાણ કરવું હોય તો આ વીતરાગ પ્રભુ-પ્રણીત ધર્માનુષ્ઠાન જ કર્તવ્ય છે. તેના દ્વારા મોહનો પરાભવ કરી કર્મક્ષય થઇ શકે છે. એવો નિર્મોહ, નિઃસ્પૃહ, શુદ્ધ ઉપયોગવાળો પ્રયત્ન વિશેષ કરવો.

(૩) ''શરૂ કરેલી ધર્મક્રિયા જલ્દી કેમ પૂર્ણ થાય'' એવી મનની જે સ્થિતિ છે. તેને ઉત્સુકતા કહેવાય છે. આવી ઉત્સુકતા આવવાથી ધર્માનુષ્ઠાનમાં એકાગ્રતા રૂપ ઉપયોગની સ્ખલના થાય છે. માટે ઉત્સુકતા એ પ્રતિબંધક છે. તેથી તેવી ઉત્સુકતા દોષરહિત જે પ્રયત્નવિશેષ કરવો તેને **પ્રવૃત્તિ આશય** કહેવાય છે. અહીં ''**इच्छादि**'' શબ્દમાં જે ''**आदि**'' શબ્દ છે. તેથી આવી બીજી ઉત્સુકતાઓ પણ હોઇ શકે છે. તેને પણ ટાળવી જોઇએ. જેમકે-



**''અકાળે ફળવાંચ્છા''**એ પણ ઉત્સુકતા છે. આવી ઉત્સુકતાઓ ત્યજીને ધર્મક્રિયા કરવી. તે **''પ્રવૃત્તિ''** આશય કહેવાય છે. અન્યગ્રંથમાં (ષોડશકજી ૩-૮માં) કહ્યું છે કે :-

''તે પ્રાપ્ત ધર્માનુષ્ઠાનોમાં જ **પ્રકૃષ્ટ** (વીર્યવિશેષને ફોરવવા-પૂર્વક) તથા **શ્રેષ્ઠ** (નિપુણતાપૂર્વક) એવા જે જે ઉપાયો હોય તેનાથી અત્યન્ત યુક્ત એવી, તથા ઉત્સુકતાદોષ વિનાની એવી, તથા પ્રાપ્તાનુષ્ઠાનમાં પ્રયત્નાધિક કરવાથી થતી જે પ્રવૃત્તિ તે **''પ્રવૃત્તિ''** નામનો બીજો આશય કહેવાય છે. ષોડ. ૩-૮॥

સારાંશ એ છે કે આત્માને જે જે ધર્માનુષ્ઠાન પ્રાપ્ત થયું હોય છે તેમાં પ્રવર્તવું તે પ્રવૃત્તિ આશય કહેવાય છે. આ પ્રવૃત્તિ પ્રકૃષ્ટ અને શ્રેષ્ઠ એવા ઉપયોગથી સંગત હોય છે. વળી ઉત્સુકતા વિનાની હોય છે અને દિન-પ્રતિદિન અધિક-અધિક પ્રયત્નવાળી હોય છે. આ આશયમાં પ્રણિધાન કરતાં વીર્યવિશેષનો પ્રકર્ષ હોય છે. અને વિઘ્નજય કરતાં વીર્યનો અપકર્ષ હોય છે. પ્રણિધાન આશયમાં ઇતિકર્તવ્યતાનો ઉપયોગ હોવા છતાં સાંસારિક રાગાદિના કારણે તીવ્ર વીર્યપ્રકર્ષ ઉપસ્થિત થઇ શકતો નથી. માટે પ્રણિધાન કરતાં પ્રવૃત્તિમાં વીર્યપ્રકર્ષ વધારે હોય છે. અને વિઘ્નો આવતાં વ્યાઘાત પામે છે માટે વિઘ્નજય કરતાં વીર્યનો અપકર્ષ હોય છે.

ષોડશકજીનો જે સાક્ષીશ્લોક આપ્યો છે તેમાં જે ''**तत्रैव**'' શબ્દ છે. તેનો અર્થ પ્રાપ્ત ધર્મસ્થાનોમાં જ અધિક અધિક પ્રવૃત્તિ કરવી એવો છે.

''**શુભઃ**''= પ્રકૃષ્ટ=વીર્યશક્તિને દૃઢપણે સાધ્યકાર્યમાં પ્રવર્તાવવી.

''**सारः**''=નિપુણતાથી અન્વિત=ચતુરાઈપૂર્વક, સૂક્ષ્મદૃષ્ટિપૂર્વક વિચારો કરીને, હું જે પ્રવૃત્તિ કરું છું તે મારા સાધ્યની નિષ્પાદક

છે કે કેમ? તેના વિચારો કરવાપૂર્વકના જે ઉપાયો, તેનાથી સંયુક્ત એવી પ્રવૃત્તિ કરવી.

*विघ्नजयो नाम ''विघ्नस्य जयोऽस्मादिति व्युत्पत्त्या धर्मान्तराय-निवर्तकः परिणामः । स च जेतव्यविघ्नत्रैविध्यात्त्रिविधः, तथाहि-यथा कस्यचित्कण्टकाकीर्णमार्गावतीर्णस्य कण्टकविघ्नो विशिष्टगमनविघात-हेतुर्भवति, तदपनयनं तु पथि प्रस्थितस्य निराकुलगमनसंपादकं तथा मोक्षमार्गप्रवृत्तस्य कण्टकस्थानीयशीतोष्णादिपरीषहैरूपद्रुतस्य न निरा-कुलप्रवृत्तिः, तत्तितिक्षाभावनया तदपाकरणे त्वनुकुलप्रवृत्तिसिद्धिरिति कण्टकविघ्नजयसमः प्रथमो हीनो विघ्नजयः ।''*

હવે **''વિઘ્નજય''** નામના ત્રીજા આશયભેદને સમજાવે છે. ''વિઘ્નોનો જય થાય જેનાથી **''તે વિઘ્નજય''** આવી સંસ્કૃત ભાષામાં વ્યુત્પત્તિ હોવાથી ધર્મકાર્યો કરવામાં આવતા અન્તરાયોને (વિઘ્નોને) રોકનારો આત્માનો જે પરિણામ તે **વિઘ્નજય** નામનો ત્રીજો આશય કહેવાય છે. પ્રવૃત્તિ નામના બીજા આશયથી જીવ ધર્મકાર્યોમાં પ્રવર્તે છે. પરંતુ વિઘ્નો આવવાથી પ્રવૃત્તિ મંદ થઈ જાય છે તેથી વિઘ્નો આવે તો પણ તેની સામે ટક્કર ઝીલીને પણ હતાશ ન થતાં આગળ વધવાવાળો આત્માનો જે સ્થિરતાવાળો પરિણામ તે **''વિઘ્નજય''** નામનો ત્રીજો આશય કહેવાય છે.

આ આશય વડે વિઘ્નો જીતવાનાં છે. તે જીતવાલાયક વિઘ્નો જઘન્ય-મધ્યમ- અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારનાં હોવાથી તે વિઘ્નોને જીતનારો આત્માનો પરિણામ પણ ત્રણ પ્રકારનો કહેવાય છે. જેમ પ્રણિધાન અને પ્રવૃત્તિ આશય એક-એક પ્રકારના જ છે તેવી રીતે આ વિઘ્નજય નામનો આશય પણ સ્વરૂપથી એક જ પ્રકારનો છે. પરંતુ જીતવા યોગ્ય એવાં વિઘ્નો ત્રિવિધ હોવાથી **સઃ**=તે આશય પણ ત્રિવિધ કહેવાય છે. (૧) **જઘન્યવિઘ્નજયાશય,**



(૨) **મધ્યમ વિઘ્નજયાશય,** (૩) **ઉત્કૃષ્ટવિઘ્નજયાશય.** તે ત્રણ પૈકી પ્રથમ જઘન્યવિઘ્નજયાશય સમજાવે છે :-

કાંટાઓથી ભરપૂર એવા માર્ગમાં ઊતરેલા કોઈક પથિકને તે કાંટાઓનું વિઘ્ન વિશિષ્ટ ગતિ કરવામાં વિઘાત થવાના કારણરૂપ બને છે. પરંતુ જો કાંટાઓનાં વિઘ્નોનું અપનયન (દૂર) કરવામાં આવે તો તે જ માર્ગમાં પ્રયાણ કરતા પથિકને નિશ્ચિંત ગતિ કરાવનારું બને છે. તેવી રીતે મોક્ષમાર્ગમાં પ્રવર્તેલા આરાધક આત્માને પણ કંટકતુલ્ય શીત-ઉષ્ણ-ક્ષુધા-તૃષાદિ પરીષહો વડે પરાભવ થવાથી ધર્મક્રિયામાં નિશ્ચિંત પ્રવૃત્તિ થતી નથી. માટે વિઘ્નભૂત એવા શીત-ઉષ્ણાદિ પરીષહોને આકુળતા-વ્યાકુળતા વિના વારંવાર સહન કરવાની ઈચ્છા સ્વરૂપ ભાવના વડે તે તે પરીષહો રૂપ વિઘ્નોને દૂર કરવા દ્વારા આ આરાધક આત્માની નિશ્ચિંત પ્રવૃત્તિ સિદ્ધ થાય છે. તેથી આવા પરીષહો જિતવા એ જ **''કંટક-વિઘ્નજય''** નામનો પહેલો જઘન્ય વિઘ્નજય કહેવાય છે.

સારાંશ એ છે કે જેમ એક ગામથી બીજે ગામ જવામાં કાંટાઓ વિઘ્નરૂપ છે તેમ મોક્ષમાર્ગે પ્રયાણ કરવામાં ધર્મક્રિયા કરતાં શીત-ઉષ્ણાદિ પરીષહો વિઘ્નરૂપ છે. જો રસ્તામાંથી કાંટાઓ દૂર કરાય તો ગમન નિશ્ચિંત બને છે તેમ શીત-ઉષ્ણાદિ પરીષહોનો વિજય કરનારો વીર્યોત્કર્ષ રૂપ આત્મ-પરિણામ જો પ્રગટે તો મોક્ષમાર્ગમાં ગતિ સુકર બને છે. માટે પરીષહોને જિતવાવાળો જે આત્મપરિણામ તે પ્રથમ જઘન્ય વિઘ્નજય નામનો આશય કહેવાય છે.

*तथा तस्यैव ज्वरेण भृशमभिभूतस्य निराकुलगमनेच्छोरपि तत्कर्तुमशक्नुवतः कण्टकविघ्नादधिको यथा ज्वरविघ्नस्तज्जयश्च विशिष्टगमनप्रवृत्तिहेतुस्तथेहापि ज्वरकल्पा शारीरा एव रोगा विशिष्ट-धर्मस्थानाराधनप्रतिबन्धकत्वाद् विघ्नास्तदपाकरणं च ''हियाहारा मियाहारा''* (પિંડનિર્યુક્તિ-ગાથા૬૪૮) *इत्यादिसूत्रोक्तरीत्या तत्कारणा-*

*नासेवनेन, ''न मत्स्वरूपस्यैते परीषहा लेशतोऽपि बाधकाः, किन्तु देहमात्रस्यैव,'' इति भावनाविशेषेण वा सम्यग्धर्माराधनाय समर्थ(त्व)-मिति ज्वरविघ्नजयसमो मध्यमो द्वितीयो विघ्नजयः ॥*

હવે **મધ્યમ વિઘ્નજય** નામના બીજા વિઘ્નજય આશયને સમજાવે છે.

એક ગામથી બીજા ગામ જતો એવો તે જ પથિક તાવ (આદિ શારીરિક રોગો-માથું દુઃખવું, પેટ દુઃખવું વગેરે) વડે અત્યન્ત પરાભવ પામેલો હોય તો તાવાદિ શારીરિક રોગો વિઘ્નરૂપ બને છે. તેથી ગ્રામાન્તર જવાની નિશ્ચિંત ગતિ કરવાની ઈચ્છા હોવા છતાં પણ તેવી પ્રવૃતિ કરવાને અશક્તિમાન એવા તે પથિકને તાવ આદિ શારીરિક રોગોનું વિઘ્ન કંટકના વિઘ્ન કરતાં પણ અધિક છે. અને તે તાવાદિ રોગો ઉપર વિજય તે વિશિષ્ટ ગતિ કરવામાં હેતુ બને છે. અર્થાત્ તાવાદિ રોગોની અવગણના એ ગતિ કરવામાં કારણ બને છે. તેવી રીતે મોક્ષમાર્ગે પ્રયાણ કરનારા આરાધક આત્માને પણ તાવની તુલ્ય **શારીરિક રોગો જ** વિશિષ્ટ ધર્માનુષ્ઠાનોની આરાધના કરવામાં પ્રતિબંધક હોવાથી વિઘ્નસ્વરૂપ છે. માટે તેવા રોગોને[૧] દૂર કરવા, અથવા રોગો ઉત્પન્ન ન થાય તેનું ધ્યાન રાખવું, અથવા રોગોની ઉપેક્ષા કરવી તે **મધ્યમ વિઘ્નજય** સમજવો.

પિંડનિર્યુક્તિની ગાથા ૬૪૮માં કહ્યા મુજબ હિતકારી જ આહાર લેવો, તે પણ પરિમિત જ આહાર લેવો, ઈત્યાદિ સૂત્રોમાં કહેલી રીતિ મુજબ રોગોની ઉત્પત્તિનાં જે જે કારણો છે. તેને નહિ

૧. અહીં ''*तदपाकरणम्*'' પદને ''*समर्थम्*'' સાથે જોડવું. એટલે કે તે રોગોને દૂર કરવાપણું એ સમ્યગ્ધર્મની આરાધના માટે સમર્થ છે. રોગોનું અપાકરણ, અને રોગોનું અપાકરણ કરનાર વ્યક્તિ કથંચિત્ અભિન્ન હોવાથી હિત-મિતાહારના સેવન વડે અથવા ભાવનાવિશેષ વડે વ્યક્તિ જેમ ધર્મ કરવા માટે સમર્થ થાય છે. તેમ રોગોનું અપાકરણ પણ ધર્મારાધન માટે સમર્થ થાય છે. એમ કહી શકાય છે.



સેવવાથી રોગો ઉત્પન્ન થવા ન દેવા. અથવા શરીરમાં રોગો ઉત્પન્ન થયા હોય તો આ રોગાત્મક પરીષહો મારા સ્વરૂપના લેશ પણ બાધક નથી, ફક્ત દેહના જ બાધક છે, આવી ભાવનાવિશેષ વડે સમ્યગ્ એવા ધર્મની આરાધના માટે તે સાધક એવો આત્મા વિઘ્નોનો વિજય કરવામાં સમર્થ બને છે.

સારાંશ કે શીત-ઉષ્ણાદિ પરીષહો બાહ્ય પદાર્થજન્ય છે. તે ક્વચિત્ કંઈક અંશે સહન પણ કરી શકાય, વસ્ત્રાદિ વડે શીત અને બારી બારણાં આદિ સ્થાનોમાં આવતા કુદરતી પવન આદિ વડે ઉષ્ણાદિનું નિવારણ પણ કરી શકાય. પરંતુ તાવ આદિ શારીરિક રોગો તો શરીરની અંદર ઓતપ્રોત વિઘ્નો છે. તેથી તેને સહવા દુષ્કર છે. ઉપાયો કરવા છતાં પણ રોગોની હાનિ નથી પણ થતી. મરણ પણ પ્રાપ્ત કરાવે છે. માટે શીત-ઉષ્ણાદિ પરીષહકાળે ધર્મારાધન કરવા કરતાં તાવાદિ શારીરિક રોગો દ્વારા પીડાકાળે સમ્યગ્ધર્મ આરાધન કરવું વધારે દુષ્કર છે. માટે રોગો થાય જ નહિ એવો હિત-મિત આહાર કરવો, અને રોગો થયા હોય તો આ રોગો શરીરના જ બાધક છે, મારા આત્મસ્વરૂપના બાધક નથી. આવો વિચાર કરવાવાળો જે આત્મપરિણામ તે **મધ્યમવિઘ્નજય** નામનો બીજો વિઘ્નજય છે.

*यथा च तस्यैवाध्वनि जिगमिषोर्दिग्मोहविघ्नोपस्थितौ भूयो भूयः प्रेर्यमाणस्याप्यध्वनीनैर्न गमनोत्साहः स्यात्तद्विजये तु स्वयमेव सम्यग्ज्ञानात्परैश्चाभिधीयमानमार्गश्रद्धानान्मन्दोत्साहतात्यागेन विशिष्ट-गमनसम्भवस्तथेहापि मोक्षमार्गे दिग्मोहकल्पो मिथ्यात्वादिजनितो मनो-विभ्रमो विघ्नस्तज्जयस्तु गुरुपारतन्त्र्येण मिथ्यात्वादिप्रतिपक्षभावनया मनोविभ्रमापनयनादनवच्छिन्नप्रयाणसंपादकः इत्ययं मोहविघ्नजयसम उत्तमस्तृतीयो विघ्नजयः ॥*

હવે **''ઉત્કૃષ્ટવિઘ્નજય''** નામના ત્રીજા **વિઘ્નજય** આશયને સમજાવે છે.

એકગામથી બીજે ગામ જવાની ઇચ્છાવાળા તે જ પથિકને રસ્તામાં દિશાઓનો ભ્રમ થવારૂપ વિઘ્ન ઉપસ્થિત થયે છતે (એટલે કે કઇ દિશા કઇ બાજુ છે તે ભુલાઇ જવાથી અર્થાત્ ભ્રમ થવાથી), તથા બીજા પથિકો વડે વારંવાર (સાચી દિશા) સમજાવવા છતાં પણ (પોતાના મગજમાં તે દિશા સાચી છે એમ નહિ સમજાવાથી) આગળ આગળ ચાલવામાં મંદોત્સાહવાળો બને છે. એટલે કે આગળ ચાલવામાં ઉત્સાહ આવતો નથી. દિશાઓનો ભ્રમ થવારૂપ મનોવિભ્રમ આગળ ગતિમાં ઉત્સાહને રોકનાર છે. અને દિશાઓનો તે ભ્રમનો વિજય કરાયે છતે (એટલે દિગ્ભ્રમ ભાંગી ગયે છતે) પોતાને સ્વયં સાચી દિશા જણાવાથી તથા બીજા પથિકો વડે પણ તે જ દિશા બરાબર છે એમ વારંવાર કહેવાતા માર્ગ ઉપર અચલ શ્રદ્ધા થવાથી ચાલવામાં જે મન્દોત્સાહતા હતી તેને ત્યજીને ઝડપભેર આગળ ગતિ કરે છે. તેવી રીતે અહીં દિશાઓનો ભ્રમ થવા તુલ્ય મિથ્યાત્વાદિ મોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલો મનોવિભ્રમ એ વિઘ્ન છે. (આ મિથ્યાત્વ-મોહનીયના ઉદયથી આત્માને સાચો ધર્મ રુચતો નથી, અન્ય જ્ઞાની મહાત્માઓ સમજાવે તો પણ પોતાના અજ્ઞાન અને અહંકારના જોરે આ જીવ સાચો માર્ગ સ્વીકારતો નથી. અને સંસારમાં આડો-અવળો ભટકે છે. માટે મનનો ભ્રમ એ મહાવિઘ્ન છે.) પરંતુ ગુરુ-પરતંત્રતા દ્વારા અને મિથ્યાત્વાદિના પ્રતિપક્ષભૂત એવી ભાવનાઓ ભાવવા વડે મનનો વિભ્રમ દૂર થવાથી મિથ્યાત્વાદિ મહાવિઘ્નોનો પરાભવ થવા રૂપ થયેલો વિજય જ ધારાવાહી મોક્ષમાર્ગ તરફના પ્રયાણનો સંપાદક બને છે. આ ત્રીજો મોહના વિઘ્નને જીતવારૂપ **ઉત્કૃષ્ટ વિઘ્નજય** જાણવો.

સારાંશ કે દિશાનો જ્યારે ભ્રમ થાય છે દિશા ભુલાઇ જાય છે ત્યારે કઇ બાજુ આગળ જવું તે કંઇ સૂઝતું નથી. કદાચ અનુભવી બીજા પુરુષો વારંવાર સમજાવે તો પણ ભ્રમના અતિશયથી સાચી દિશા પકડે તો નહિ પરંતુ પોતાને મગજમાં બેઠી હોય તે ખોટી



દિશાને જ સાચી દિશા કહી તર્ક કરે છે કે તમે કહો છો તે બરાબર નથી. હું સમજું છું. તે જ દિશા બરાબર છે. એમ કહી તે અવળે રસ્તે જાય છે તેથી ઇષ્ટ પ્રાપ્તિને બદલે જુદી દિશા પકડાવાથી અન્તર વધે છે. તેવી રીતે આ જીવ પણ મિથ્યાત્વાદિ મોહનીયના ઉદયથી સર્વજ્ઞભાષિત માર્ગ ઉપર ભ્રમવાળો થઇ જાય છે. દેશવિરતિધર અને સર્વવિરતિધર થયેલા મહાત્માઓને પણ ક્ષયોપશમભાવ હોવાથી સત્તામાં પડેલી અને પ્રદેશોદયથી ઉદયમાં આવતી મિથ્યાત્વમોહનીયાદિ તીવ્ર કર્મપ્રકૃતિઓનું જોર વધવાથી રસોદય થતાં અંદરથી જીવ પહેલા ગુણઠાણે ચાલ્યો જાય છે. માટે **"મોહનો ઉદય એ મહાવિઘ્ન છે"** જ્યારે ગુરુ પાસેથી બરાબર સમજે અને મિથ્યાત્વાદિ મોહનીયનો ઉદય મંદ પડે એવી પ્રતિપક્ષવાળી ભાવનાઓ ભાવે. (જેમ કે અનંત ઉપકારી તીર્થંકર ભગવંતો વીતરાગ અને સર્વજ્ઞ છે. પરિપૂર્ણ ત્રણે લોકના જ્ઞાતા છે. તેમની વાણી કદાપિ મિથ્યા ન હોય. તેમણે જ ગણધર-ભગવંતોને ત્રિપદી દ્વારા જગતનું સ્વરૂપ કહેલું છે અને ગણધરભગવંતોએ તે સર્વને શાસ્ત્રનિબદ્ધ કરેલું છે. ભગવંતે તેમને અનુજ્ઞા આપેલી છે. આપણે ઇન્દ્રિયગમ્ય પદાર્થો જ જોઇ શકીએ છીએ. અતીન્દ્રિયજ્ઞાન નથી માટે બધું ન દેખાય. તેથી પ્રભુએ કહ્યું. તે સત્ય જ છે ઇત્યાદિ ભાવના ભાવે.) તેનાથી મનનો વિભ્રમ દૂર થઇ જાય. અને મોહના ઉદયસ્વરૂપ એ જે મહાવિઘ્ન આવેલ છે તેનો વિજય થવાથી એટલે તેને જીતી લેવાથી અર્થાત્ મોહવિઘ્નનો વિનાશ થવાથી આત્માનું મોક્ષપ્રયાણ અખંડિત બને છે. આ ત્રીજો **ઉત્કૃષ્ટ વિઘ્નજય** આશય સમજવો.

*एते च त्रयेऽपि विघ्नजया आशयरूपाः समुदिताः प्रवृत्ति-हेतवोऽन्यतरवैकल्येऽपि तदसिद्धेरित्यवसेयम् । उक्तं च-*

**"विघ्नजयस्त्रिविधः खलु, विज्ञेयो हीनमध्यमोत्कृष्टः ।**
**मार्ग इह कण्टकज्वरमोह-जयसमः प्रवृत्तिफलः ॥ ષોડ.૩-૯॥"**

અહીં ''**પ્રવૃત્તિહેતવઃ**''શબ્દના બહુવ્રીહિ અને તત્પુરુષ એમ બંને સમાસો સંભવી શકે છે. જો બહુવ્રીહિ સમાસ કરીએ તો અર્થની સંગતિ સમજાઇ જાય તેમ છે કે ''પ્રવૃત્તિ નામનો બીજો આશય આવ્યા પછી ક્રમશઃ એક પછી એક વિઘ્નજય નામના આશયો આત્મા પ્રાપ્ત કરે છે અને આરાધનામાં આગળ વધે છે. એટલે પ્રવૃત્તિ નામનો બીજો આશય છે (પૂર્વવર્ત્તી) કારણ જેમાં એવા આ ત્રણે વિઘ્નજયો સમુદિત રૂપે એક આશયરૂપ છે. આ ત્રીજો આશય છે. વિઘ્નજય ત્રણ હોવાથી બહુવચન આવેલ છે. પરંતુ જ્યારે તત્પુરુષ સમાસ કરીએ ત્યારે પ્રવૃત્તિ શબ્દનો અર્થ મોક્ષાત્મક ઈષ્ટફળને આપનારી એવી વિશિષ્ટ પ્રવૃત્તિ અર્થ કરવો. એટલે કે આ ત્રણે પણ આશયરૂપ વિઘ્નજયો સમુદિત થયા છતા જ મોક્ષસાધક પ્રવૃત્તિના હેતુ બને છે. જો આ ત્રણમાંથી એક પણ વિઘ્નજયની વિકલતા હોય તો મોક્ષસાધક એવી વિશિષ્ટ પ્રવૃત્તિના હેતુ બનતા નથી.

પૂર્વકાળમાં ધર્મકાર્યની અંદર સહજપ્રવૃત્તિ હોય છે. પરંતુ વિઘ્નજયપૂર્વકની જે વિશિષ્ટ પ્રવૃત્તિ છે તે તુરત સિદ્ધિનો હેતુ બને છે. અન્યગ્રંથમાં (ષોડશકમાં) કહ્યું છે કે :-મોક્ષ માર્ગમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારનો વિઘ્નજય જે આવે છે. તે અનુક્રમે કંટકજયસમ, જ્વરજયસમ, અને દિગ્ભ્રમજયસમ છે. તે ત્રણે વિઘ્નજયો અનુક્રમે શીતાદિપરિષહજય, શારીરિક રોગાદિજય, અને મોહજય કહેવાય છે. વળી આ ત્રણે વિઘ્નજયો પ્રવૃત્તિ નામના બીજા આશયના ફળસ્વરૂપ છે. (અથવા ઈષ્ટસાધક વિશિષ્ટ પ્રવૃત્તિ છે ફળ જેનું એવા છે. એમ બીજો અર્થ પણ થઇ શકે છે. તે અર્થને અનુસારે વિશિષ્ટ પ્રવૃત્તિના હેતુરૂપ પણ છે.) આ પ્રમાણે વિઘ્નજય નામના ત્રીજા આશયનું વર્ણન સમાપ્ત થયું.

*अतिचाररहिताधिकगुणे गुर्वादौ विनयवैयावृत्यबहुमानाद्यन्विता,*



*हीनगुणे निर्गुणे वा दयादानव्यसनपतितदुःखापहारादिगुणप्रधाना मध्यमगुणे चोपकारफलवत्यधिकृतधर्मस्थानस्याहिंसादेः प्राप्तिः सिद्धिः । उक्तं च-*

**''सिद्धिस्तत्तद्धर्मस्थानावाप्तिरिह तात्त्विकी ज्ञेया ।**
**अधिके विनयादियुता, हीने च दयादिगुणसारा ॥'' ષોડ.૩-૧૦॥**

હવે **''સિદ્ધિ''** નામના ચોથા આશયભેદને સમજાવે છે.

સામાન્યથી સંસારમાં જીવો ત્રણ પ્રકારના હોય છે. કેટલાક આપણી અપેક્ષાએ અધિક ગુણી ગુરુ આદિ, કેટલાક આપણી અપેક્ષાએ હીનગુણી અથવા નિર્ગુણ અને કેટલાક આપણી અપેક્ષાએ સમાનગુણી અર્થાત્ મધ્યમગુણી-તે ત્રણે પ્રકારના જીવો પ્રત્યે નીચે મુજબના ગુણોથી યુક્ત એવી અહિંસાદિ અધિકૃત ધર્મસ્થાનની અતિચારરહિત એવી જે પ્રાપ્તિ તે **''સિદ્ધિ''** કહેવાય છે.

આપણા આત્મામાં પ્રણિધાન-પ્રવૃત્તિ અને વિઘ્નજય એમ ત્રણ આશય દ્વારા અહિંસા-સત્ય-અચૌર્ય આદિ જે જે અધિકૃત (પ્રાસંગિક) ધર્માનુષ્ઠાનોની પ્રાપ્તિ થઇ હોય તે પ્રાપ્તિ જો અધિક ગુણવાળા ગુરુ આદિ પ્રત્યે વિનય, વૈયાવચ્ચ અને બહુમાનાદિથી યુક્ત હોય, તથા હીનગુણવાળા અથવા નિર્ગુણ આત્માઓ પ્રત્યે દયા-દાન, આપત્તિમાં પડેલાનાં દુઃખો દૂર કરવાં વગેરે ગુણોની પ્રધાનતાવાળી હોય અને મધ્યમગુણવાળા આત્માઓ પ્રત્યે પરસ્પર ઉપકાર કરવાવાળી હોય તો તે **સિદ્ધિ** નામનો ચોથો આશય કહેવાય છે.

સારાંશ કે આપણા જીવનમાં અહિંસા, સત્ય, અચૌર્યાદિ જે કોઇ ઉત્તમ ધર્માનુષ્ઠાનોની પ્રાપ્તિ થઇ હોય, પરંતુ તે ધર્માનુષ્ઠાનની પ્રાપ્તિ જ્યારે અતિચાર વિનાની થાય ત્યારે તે **''સિદ્ધિ''** કહેવાય છે. ''**अतिचाररहिता अधिकृतधर्मानुष्ठानस्य प्राप्तिः=सिद्धिः**'' આટલું જ લક્ષણ છે. પરંતુ જ્યારે આવી નિરતિચાર ધર્માનુષ્ઠાનની

પ્રાપ્તિ થાય છે ત્યારે ચિત્તની અવસ્થા આવી ગુણીયલ હોવી જરૂરી છે. (૧) આપણાથી અધિક ગુણવાળા એવા ગુરુ આદિ પ્રત્યે ઉભા થવું, સામા જવું, હાથ જોડવા આદિ રૂપ વિનય, આહાર-પાણી-ઔષધાદિ લાવી આપી સેવા કરવારૂપ વૈયાવચ્ચ અને પૂર્વ ગુરુએ કરેલા ઉપકારોના સ્મરણ વડે ચિત્તમાં આદર-માનાદિ રૂપ બહુમાન, તથા આદિ શબ્દથી તેમની આજ્ઞા માનવી વગેરે ગુણવાળું ચિત્ત હોવું જરૂરી છે.

સંસારમાં દરેક જીવોમાં યત્કિંચિત્ ગુણો તો અનાવૃત છે જ, પરંતુ જે જીવો ચરમાવર્તકાળમાં નથી આવ્યા તે વ્યવહારનયે નિર્ગુણ કહેવાય છે. તથા જે જીવો ચરમાવર્તકાળમાં હોવા છતાં ભારે કર્મી છે તે પણ નિર્ગુણ કહેવાય છે. અને મન્દકર્મી છે પરંતુ હજુ તેવી યોગ્યતા પ્રગટ થઈ નથી તે હીનગુણી કહેવાય છે. તેવા જીવો પ્રત્યે આધ્યાત્મિક ઉપદેશ આપી વૈરાગ્ય ઉત્પન્ન કરવો દુષ્કર છે. માટે આવા જીવો પ્રત્યે કરુણા કરવી, આહાર અને ધનાદિનું દાન કરવું, અને વ્યસનો(સંકટો)ના કારણે આવેલાં દુઃખો દૂર કરવાં, વગેરે કાર્યો કરવારૂપ ગુણની પ્રધાનતાવાળી જે ધર્મની પ્રાપ્તિ તે સિદ્ધિ કહેવાય છે. તથા મધ્યમગુણવાળા જીવો પ્રત્યે યથાયોગ્ય પરોપકાર કરવારૂપ ગુણવાળી જે ધર્મપ્રાપ્તિ તે સિદ્ધિ કહેવાય છે. હકીકત એ છે કે સામેના જીવોની પાત્રતાને અનુસારે સ્વ-પરનું કલ્યાણ થાય તેવી જે ધર્મપ્રાપ્તિ છે તે **સિદ્ધિ** કહેવાય છે. અન્યગ્રંથમાં (ષોડશકજીમાં ૩-૧૦માં) કહ્યું છે કે :-

અધિક (ગુણી)ને વિષે વિનયાદિથી યુક્ત, અને હીન-(ગુણી)ને વિષે દયા-દાનાદિ ગુણોથી યુક્ત, તથા **ચ** શબ્દથી મધ્યમ ગુણવાળાને વિષે પરોપકાર ગુણવાળી એવી તે તે ધર્મક્રિયાની જે જે પ્રાપ્તિ થાય છે. તે **તાત્ત્વિક સિદ્ધિ** કહેવાય છે. આ ચોથો આશય સમજાવ્યો.



*स्वप्राप्तधर्मस्थानस्य यथोपायं परस्मिन्नपि संपादकत्वं विनियोगः, अयं चानेकजन्मान्तरसन्तानक्रमेण प्रकृष्टधर्मस्थानावाप्तेरवन्ध्यो हेतुः । उक्तं च-*

**''सिद्धेश्चोत्तरकार्यं विनियोगोऽवन्ध्यमेतदेतस्मिन् ।**
**सत्यन्वयसंपत्त्या, सुन्दरमिति तत्परं यावत् ॥ '' षोड. ३-११॥**

''**अवन्ध्यं**''=*न कदाचिन्निष्फलम्* । ''**एतत्**''=*धर्मस्थानम-हिंसादि* । ''**एतस्मिन्**''=*विनियोगे सति* । ''**अन्वयसंपत्त्या**''=*अवि-च्छेदभावेन* । ''**तत्**''=*विनियोगसाध्यं धर्मस्थानं सुन्दरम्* । ''**इति**''= *भिन्नक्रमः समाप्त्यर्थश्च* । ''**यावत्परमित्येवं योगः**''=*यावत् परं= प्रकृष्टं धर्मस्थानं समाप्यत इत्यर्थः ॥*

હવે **''વિનિયોગ''** નામના પાંચમા આશયભેદને સમજાવે છે.

પોતાને પ્રાપ્ત થયેલાં ધર્માનુષ્ઠાનો યથાયોગ્ય ઉપાયો દ્વારા પરવ્યક્તિમાં પણ સંપાદન કરાવવાં તે **વિનિયોગ** આશય કહેવાય છે. પ્રથમના ચાર આશયો વડે જે ધર્મની આપણને સિદ્ધિ થઈ હોય તે ધર્મની સામેના જીવની પાત્રતાને અનુસારે ભિન્ન-ભિન્ન ઉપાયો કરવા દ્વારા તેનામાં પ્રાપ્તિ કરાવવી તે વિનિયોગ કહેવાય છે.

ધર્મનો કરાતો આ વિનિયોગ ભાવિમાં આવતા અનેક ભવોની પરંપરાના ક્રમ વડે વૃદ્ધિ પામતાં પામતાં ઉત્કૃષ્ટ ધર્મસ્થાનની પ્રાપ્તિનું અવન્ધ્યકરણ બને છે. જેમ બાલ્યાવસ્થામાં જે વિષયનો વધુ અભ્યાસ કર્યો હોય તે વિષય યુવાવસ્થામાં વધુ દૃઢતર બને છે. તેવી રીતે આ જન્મમાં વારંવાર વિનિયોગ કરવા વડે જે ધર્માનુષ્ઠાન વધારે ભાવિત (સાક્ષાત્કાર) બન્યું હોય તે ધર્મસ્થાન ભાવિના ભવોમાં વધુ આત્મસાત્ બને છે. માટે વિનિયોગ કરવો તે ભાવિની ઉત્કૃષ્ટ ધર્મપ્રાપ્તિનું અવન્ધ્યકારણ છે. એટલે કે પ્રણિધાનાદિ પ્રથમના ચાર આશયો વડે જે ધર્મની પ્રાપ્તિ થઈ હોય છે તે પૂર્વકૃત કર્મોના ઉદયથી કવચિત્ ચાલી

પણ જાય છે. પછી ભલે કાળાન્તરે આવે. તેવું આ વિનિયોગમાં બનતું નથી. આ વિનિયોગાશય સુવર્ણઘટ તુલ્ય છે. માટીનો ઘટ ફૂટે તો ઠીકરાં કંઇ કામમાં ન આવે, જ્યારે આ સુવર્ણઘટ ફૂટે તો ભલે ઘટ નાશ પામે, પરંતુ સુવર્ણ તો રહે જ કે જે સોનામાંથી અલંકાર આદિ પણ બને. તેમ વિનિયોગ એ ઉત્કૃષ્ટ ધર્મપ્રાપ્તિનું અવન્ધ્યકારણ છે. અન્યગ્રંથમાં (ષોડશક ૩-૧૧માં) કહ્યું છે કેઃ-

‘‘**સિદ્ધિ**’’ નામના ચોથા આશયની પ્રાપ્તિનું ઉત્તરકાર્ય ‘‘**વિનિયોગ**’’ છે. એટલે કે જે ધર્મસ્થાનની આપણામાં સિદ્ધિ થઇ હોય તેનો ત્યારબાદ પરમાં વિનિયોગ કરવો જોઇએ. આ વિનિયોગ કરાયે છતે ભવોભવમાં તેના અન્વયની (દૃઢતરતાની) સંપત્તિ (પ્રાપ્તિ) થવા વડે એટલે કે અવિચ્છેદપણે તે ધર્મસ્થાનની ભવોભવમાં પ્રાપ્તિ થવા વડે વિનિયોગથી સાધ્ય એવું તે સુંદર (પરમશ્રેષ્ઠ) ધર્મસ્થાન આ સાધક આત્માને યાવત્ પ્રાપ્ત થાય છે. માટે આ વિનિયોગ એ ઉત્તરોત્તર સુંદર ધર્મસ્થાનની પ્રાપ્તિનું અવન્ધ્યકારણ છે.

ષોડશકજીના આ શ્લોકમાં કહેવાયેલા એકએક શબ્દના અર્થ ટીકાકારશ્રી જણાવે છે તે આ પ્રમાણે છે.

(૧) ‘‘**अवन्ध्यं**’’ = કદાપિ નિષ્ફળ ન થનાર, અર્થાત્ અવશ્ય શ્રેષ્ઠ-ફળ આપનાર.

(૨) ‘‘**एतद्**’’ = પ્રાપ્ત થયેલાં આ અહિંસાદિ ધર્મસ્થાનો.

(૩) ‘‘**एतस्मिन्**’’ = પ્રાપ્ત એવાં અહિંસાદિ ધર્મસ્થાનોનો વિનિયોગ કરાયે છતે, એટલે કે અન્યમાં પ્રદાન કરાયે છતે.

(૪) ‘‘**अन्वयसंपत्त्या**’’ = ભવોભવમાં તે ધર્મસ્થાનની અવિચ્છેદપણે પ્રાપ્તિ થાય છે.

(૫) ‘‘**तत्**’’ = વારંવાર વિનિયોગ કરાતું તે ધર્મસ્થાન ભવાન્તરોમાં ઘનિષ્ઠ થવાના કારણે વિનિયોગથી સાધ્ય એવું આ ધર્મસ્થાન ઉત્તરોત્તર સુંદર (દૃઢતર) બને છે.



(૬) ‘‘**इति**’’ = આ શબ્દ ભિન્નક્રમ સૂચવનારો અને સમાપ્તિ સૂચવનારો છે. એટલે કે આ પાંચ આશયોની પ્રાપ્તિ પછી તેનાથી ભિન્ન એવા પરમશ્રેષ્ઠ ધર્મસ્થાનની (રાગાદિ મલરહિત ચિત્તસ્થાનની) પ્રાપ્તિ થાય છે. આ ભિન્નક્રમ અર્થ થયો. અહીં પાંચ આશયોનું વર્ણન સમાપ્ત થાય છે એ સમાપ્તિ અર્થ થયો.

તથા ષોડશકના શ્લોકમાં ‘‘**इति तत्परं यावत्**’’ આવું જે પદ છે તેનો ‘‘**तत् यावत् परमिति**’’ એમ સંબંધ કરવો. તેથી તેનો અર્થ આ પ્રમાણે થાય છેઃ વિનિયોગથી સાધ્ય એવું તે સુંદર ધર્માનુષ્ઠાન યાવત્ ત્યાં સુધી વર્તે છે કે આ સુંદર ધર્માનુષ્ઠાન અન્તે પરમ પ્રકૃષ્ટ દશાને પામે.

*इदमत्र हृदयम्= धर्मस्तावद्रागादिमलविगमेन पुष्टिशुद्धिमच्चित्त-मेव, पुष्टिश्च पुण्योपचयः, शुद्धिश्च घातिकर्मणां पापानां क्षये या काचिन्निर्मलता, तदुभयं च प्रणिधानादिलक्षणेन भावेनानुबन्धवद् भवति, तदनुबन्धाच्च शुद्धिप्रकर्षः संभवति, निरनुबन्धं च तदशुद्धिफलमेवेति न तद्धर्मलक्षणम् ततो युक्तमुक्तम् प्रणिधानादिभावेन परिशुद्धः सर्वोऽपि धर्मव्यापारः सानुबन्धत्वाद् योग इति ।*

અહીં ભાવાર્થ આ પ્રમાણે છે. પ્રથમ શ્લોકમાં કહ્યું છે કે ‘‘મોક્ષની સાથે યુંજન કરે તે યોગ, પરિશુદ્ધ એવો સર્વે પણ ધર્મવ્યાપાર તે યોગ કહેવાય છે’’ અહીં રાગાદિ (રાગ-દ્વેષ અને મોહરૂપ) ભાવમલના વિનાશ વડે પુષ્ટિ અને શુદ્ધિવાળું જે ચિત્ત તે ધર્મ કહેવાય છે. પરંતુ બાહ્ય આચરણ માત્ર રૂપ અનુષ્ઠાન એ ધર્મ નથી. નિશ્ચયથી રાગાદિમલરહિત ચિત્ત જ વાસ્તવિક ધર્મ છે. પહેલાં અનુષ્ઠાનને જે ધર્મ કહેલ છે તે અનુષ્ઠાન રાગાદિ મલરહિત ચિત્તપ્રાપ્તિરૂપ નિશ્ચયધર્મનું કારણ છે માટે કારણમાં કાર્યનો ઉપચાર કરીને કહેલ છે. અહીં પુષ્ટિ એટલે પુણ્યની વૃદ્ધિ અને શુદ્ધિ એટલે પાપરૂપ એવાં ચાર ઘાતીકર્મોના

[1]ક્ષયથી પ્રાપ્ત થયેલી કંઈક નિર્મળતા (જ્ઞાનાદિ ચાર ગુણની પ્રાપ્તિ). આ પુણ્યબંધની વૃદ્ધિ સ્વરૂપ પુષ્ટિ, અને ઘાતિકર્મોના ક્ષયજન્ય શુદ્ધિ જો કે આત્મામાં પ્રગટ થાય છે, ચિત્તમાં નહિ. પરંતુ વિશુદ્ધ ચિત્ત વડે પ્રાપ્ત થાય છે. તેથી આત્મામાં થતી પુષ્ટિ-શુદ્ધિનું કારણ ચિત્ત છે. તેથી કાર્યમાં રહેલી પુષ્ટિ-શુદ્ધિ કારણમાં ઉપચરિત કરાય છે. માટે પુષ્ટિ-શુદ્ધિમત્ ચિત્ત છે. એમ કહેવાય છે.

તે આ પુષ્ટિ અને શુદ્ધિ એમ બંને પ્રણિધાનાદિ રૂપ પાંચ ભાવો વડે ગાઢ અનુબંધવાળાં બને છે. જો પ્રણિધાનાદિ આશયો ન હોય તો પુષ્ટિ અને શુદ્ધિવાળું ચિત્ત હોવા છતાં પણ તે પુષ્ટિ-શુદ્ધિ અનુબંધવાળી બનતી નથી. ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી અને દૃઢતર થતી જતી હોય એવી પુષ્ટિ અને શુદ્ધિવાળું ચિત્ત હોય તો જ તેવા અનુબંધથી શુદ્ધિનો પ્રકર્ષ પ્રાપ્ત થાય છે કે જે પરંપરાએ મુક્તિનો હેતુ બને છે. આવા અનુબંધ વિનાનું પુષ્ટિ-શુદ્ધિવાળું પણ તે ચિત્ત અશુદ્ધફળને જ આપનારું બને છે. અભવ્ય અને અચરમાવર્તી જીવો ઈત્યાદિ દ્રવ્યસંયમી આત્માઓમાં શુભયોગના સેવનથી પુણ્યબંધ કરાવનારું અને સતત સ્વાધ્યાયદિથી કંઈક જ્ઞાનાદિની પ્રાપ્તિરૂપ શુદ્ધિવાળું ચિત્ત હોય છે. પરંતુ મોહનીયના ક્ષયોપશમજન્ય અંતર રુચિ નહીં હોવાથી પ્રણિધાનાદિ આશયો ન આવવાથી મુક્તિની પ્રાપ્તિનો હેતુ બનતું નથી. પરંતુ માત્ર સ્વર્ગાદિ સંસારસુખનો જ હેતુ બને છે કે જે [2]અશુદ્ધ ફળવાળું જ કહેવાય છે માટે આશય

૧. ક્ષયથી એટલે અહીં ક્ષયોપશમથી સમજવું, ક્ષયોપશમ પણ અંશતઃ ક્ષય હોવાથી ક્ષય કહેવાય છે.

૨. ''**अशुद्धिफलम्**''નો અર્થ ભવાન્તરમાં અશુદ્ધિ જ છે ફળ જેનું એવું, અર્થાત્, અશુદ્ધિ રૂપ ફલને આપવાવાળું આ નિરનુબંધાનુષ્ઠાન છે. વળી બાહ્યમાત્ર શુભાનુષ્ઠાન મેં આ અનુષ્ઠાન કર્યું. મેં તે અનુષ્ઠાન કર્યું ઈત્યાદિરૂપે અભિમાનાદિ દોષોને પણ કરનારું છે.



વિનાનું ચિત્ત તે ધર્મનું લક્ષણ નથી. આથી ગ્રંથકારે યોગ્ય જ કહ્યું હતું કે :-

''પ્રણિધાનાદિ ભાવો વડે કરીને પરિશુદ્ધ બનેલો એવો સર્વે પણ ધર્મવ્યાપાર સાનુબન્ધ થતો હોવાથી (ભવોભવમાં દૃઢતર થતો હોવાથી) યોગ કહેવાય છે. અને પ્રણિધાનાદિ આશય વિના કરાતો સર્વે પણ બાહ્ય ક્રિયા વ્યવહાર સાનુબંધ ન હોવાથી મોક્ષની સાથે આત્માને ન જોડતો હોવાથી અને ઊલટું ધર્મ કર્યાના અભિમાનાદિથી કષાયનો હેતુ થતો હોવાથી યોગ કહેવાતો નથી.

સારાંશ કે ''પ્રણિધાનાદિ આશયપૂર્વક સાનુબંધ થતો ધર્મ-વ્યાપાર તે યોગ કહેવાય છે.

*यद्यप्येवं निश्चयतः परिशुद्धः सर्वोऽपि धर्मव्यापारो योगस्तथापि* ''**विशेषेण**'' *तान्त्रिकसङ्केतव्यवहारकृतेनासाधारण्येन स्थानादिगत एव धर्मव्यापारो योगः, स्थानाद्यन्यतम एव योगपदप्रवृत्तेः सम्मतत्वादिति भावः ॥१॥*

જો કે આ પ્રમાણે નિશ્ચયનયની દૃષ્ટિએ પરિશુદ્ધ એવો સર્વે પણ ધર્મવ્યાપાર યોગ કહેવાય છે. તો પણ યોગ સંબંધી પ્રસિદ્ધ શાસ્ત્રોમાં સંકેતાત્મક વ્યવહાર દ્વારા કરાયેલા અસાધારણ સ્વરૂપ વિશેષ વડે હવે જણાવાતા ''સ્થાનાદિ'' સંબંધી ધર્મવ્યાપારને જ યોગ કહેવાય છે. કારણ તે તે શાસ્ત્રોમાં સ્થાનાદિ પાંચમાંના કોઈપણમાં યોગ શબ્દની પ્રવૃત્તિનો સંકેત માનેલો છે.

તાત્પર્ય અર્થ એ છે કે નિશ્ચયદૃષ્ટિ અભ્યંતર સ્વરૂપને ગ્રહણ કરનાર હોવાથી પુષ્ટિ-શુદ્ધિમત્ ચિત્તપરિણામને યોગ માને છે. ક્રિયાનુષ્ઠાનને નહીં. તેથી અનુષ્ઠાનોની આચરણારૂપ ધર્મવ્યાપાર કાયિકપ્રવૃત્તિસ્વરૂપ ક્રિયાત્મક હોવાથી મોક્ષના હેતુભૂત **યોગ** બની શકે નહીં. પરંતુ એવી નિશ્ચયદૃષ્ટિ અહીં લેવામાં આવી નથી. તેથી

યોગસંબંધી શાસ્ત્રોમાં સ્થાનાદિ પાંચમાં જે **"યોગ"** શબ્દના વ્યવહારનો સંકેત કરેલો છે તે અસાધારણ=વિશિષ્ટ એવા વ્યવહારવિશેષ વડે સ્થાનાદિ સંબંધી ધર્મવ્યાપારને જ "યોગ" કહેલો છે.

જેમ નિશ્ચયદૃષ્ટિએ "રાગ-દ્વેષ-કષાયાદિ" વિભાવ સ્વભાવના ત્યાગવાળા પરિણામને ચારિત્ર કહેવાય છે. પરંતુ વ્યવહારદૃષ્ટિએ સાધુવેશ ધારણ કરવો, પાંચ મહાવ્રત ઉચ્ચરવાં, સર્વ સાવદ્યયોગના ત્યાગનું પચ્ચક્ખાણ કરવું. ઈત્યાદિ બાહ્યક્રિયાનુષ્ઠાનને પણ ચારિત્ર કહેવાય છે. તેમ અહીં નિશ્ચયદૃષ્ટિએ **"ચિત્તપરિણામ"** યોગ હોવા છતાં વ્યવહારદૃષ્ટિએ સ્થાનાદિગત પાંચ પ્રકારનો કાયિક ધર્મવ્યાપાર જ યોગ કહેવાય છે.

*स्थानादिगतो धर्मव्यापारो विशेषेण योग इत्युक्तम्, तत्र के ते स्थानादयः? कतिभेदं च तत्र योगत्वम् ? इत्याह –*

યોગસંબંધી ગ્રંથોમાં સ્થાનાદિ સંબંધી ધર્મવ્યાપારને જ વિશેષે કરીને યોગ કહેલ છે. તેથી પ્રશ્ન થાય છે કે તે સ્થાનાદિ ભેદો કયા કયા છે? અને તે સ્થાનાદિભેદોમાં યોગપણું કેટલા ભેદવાળું છે? તે ગ્રંથકારશ્રી બીજા શ્લોકમાં જણાવે છેઃ-

**"ठाणुन्नत्थालंबणरहिओ तंतम्मि पंचहा एसो ।**
**दुगमित्थ कम्मजोगो, तहा तियं नाणजोगो उ ॥ २ ॥"**

*(स्थानोर्णार्थालम्बनरहितस्तन्त्रे पञ्चधैषः ।*
*द्विकमत्र कर्मयोगस्तथा त्रिकं ज्ञानयोगस्तु ॥ २ ॥)*

**શ્લોકાર્થ** :- સ્થાન, ઉર્ણ, અર્થ, આલંબન અને આલંબન રહિત (નિરાલંબન), એમ આ પાંચ પ્રકારનો યોગ યોગસંબંધી શાસ્ત્રોમાં કહ્યો છે. ત્યાં પ્રથમના બે પ્રકારનો યોગ ક્રિયાયોગ છે. તથા પાછળના ત્રણ પ્રકારનો યોગ તે જ્ઞાનયોગ છે. ॥ ૨॥



"**ठाणुन्नत्थे**"*त्यादि । स्थीयतेऽनेनेति स्थानं=आसनविशेषरूपं कायोत्सर्गपर्यङ्कबन्धपद्मासनादि सकलशास्त्रप्रसिद्धम् । उर्णः=शब्दः स च क्रियादावुच्चार्यमाणसूत्रवर्णलक्षणः। अर्थः=शब्दाभिधेय-व्यवसायः । आलम्बनं=बाह्यप्रतिमादिविषयध्यानम् । एते चत्वारो भेदाः, रहितः= रूपिद्रव्यालम्बनरहितो निर्विकल्पचिन्मात्रसमाधिरूप इत्येवं* "**एषः**" *योगः पञ्चविधः, तन्त्रे=योगप्रधानशास्त्रे प्रतिपादित इति शेषः। उक्तं च–*

"જેના વડે સ્થિર થવાય' તે સ્થાન, એક પ્રકારનું આસનવિશેષ કાયોત્સર્ગ, પર્યંકબંધ, પદ્માસન આદિ સર્વશાસ્ત્રોમાં પ્રસિદ્ધ આસનવિશેષ તે સ્થાન કહેવાય છે. મોક્ષને અનુકૂળ આત્મપરિણામ ઉત્પન્ન કરવા માટે કાયોત્સર્ગાદિ કોઈપણ મુદ્રાવિશેષમાં સ્થિર થવા પ્રયત્ન કરવો તે સ્થાનયોગ છે. પરંતુ કેવળ કાયોત્સર્ગાદિ કોઈપણ મુદ્રામાં સ્થિરમાત્ર થવું તે સ્થાનયોગ ન સમજવો, કારણ કે સંસાર-સુખ અર્થે પુણ્યબંધાદિના પ્રયોજનથી પણ જીવો કાયોત્સર્ગાદિ મુદ્રામાં સ્થિર થાય છે. માટે "પ્રણિધાનાદિ" આશયપૂર્વક મોક્ષને અનુકૂળ આત્મપરિણામની વૃદ્ધિ માટે કાયોત્સર્ગાદિ મુદ્રામાં સ્થિર થવું તે **સ્થાનયોગ** કહેવાય છે. ॥૧॥

**ઉર્ણ** એટલે શબ્દ, ધર્મક્રિયામાં ઉચ્ચાર્યમાન સૂત્રોના વર્ણાત્મક શબ્દો બોલવા સ્વરૂપ જે યોગ તે ઉર્ણયોગ કહેવાય છે. જો કે મુખે બોલાતાં સૂત્રોના વર્ણો ભાષાત્મક હોવાથી પુદ્‌ગલ છે તે કંઈ "યોગ" કહેવાય નહીં. પરંતુ સૂત્રોના વર્ણોનો ઉચ્ચારણ કરતી વખતે "ઉચ્ચારણ" કરવા રૂપ જે વાચિકક્રિયા, તે મોક્ષાનુકૂળાત્મ-પરિણામજનક હોવાથી "યોગ" કહેવાય છે. આ ઉચ્ચારણક્રિયા શબ્દને (વર્ણને-ઉર્ણને) આશ્રયી પ્રવર્તે છે. માટે તે ઉચ્ચારણ ક્રિયાને **ઉર્ણયોગ** કહ્યો છે. ॥૨॥

**અર્થયોગ** એટલે શબ્દો વડે વાચ્ય પદાર્થોને જાણવાનો આત્માનો જ્ઞાન-વ્યવસાય, તાત્પર્ય એ છે કે ક્રિયા કરતી વખતે બોલાતાં

જે **સૂત્રો** છે તેમાં આવતાં જે જે પદો છે તે તે ઉચ્ચાર્યમાણ પદોના જે જે વાચ્ય અર્થો છે. તે તે વાચ્ય અર્થોને જાણવામાં પ્રવર્તતો આત્માનો જે જ્ઞાનપરિણામ. તે અર્થયોગ છે. સૂત્રોના વર્ણોના ઉચ્ચારણ કાળે તેના અર્થોને જાણવામાં ચિત્ત ઉપરંજિત થયું હોય તો જ મોક્ષાનુકૂળાત્મપરિણામજનક હોવાથી તેને **અર્થયોગ** કહેવાય છે. ॥૩॥

**આલંબનયોગ** એટલે બાહ્ય પ્રતિમાદિ વિષયક ધ્યાન. એટલે કે આ આત્મા જ્યારે જ્યારે કોઇ ધર્માનુષ્ઠાન આચરે છે ત્યારે ત્યારે જેમ કાયોત્સર્ગાદિ મુદ્રા, સ્પષ્ટ વર્ણોચ્ચારણ તથા વાચ્યાર્થને જાણવામાં જ્ઞાનોપયોગ જોડવો જરૂરી છે, તેવી જ રીતે તે તે આત્મપરિણામને વધુ મોક્ષાનુકૂળ બનાવવા માટે, સંસારી બાહ્યભાવોથી રોકવા સારુ સામે સ્થાપિત કરેલ જિનપ્રતિમા અથવા ગુરુસ્થાપનામાં ચિત્ત પરોવવું અત્યંત જરૂરી છે. અને તે જ **આલંબનયોગ** કહેવાય છે. જિનપ્રતિમા અને ગુરુસ્થાપનામાં જો ચિત્ત તન્મય બને તો સાક્ષાત્ ગુરુ જ હાજર છે એમ લાગવાથી બેસવામાં, ઊઠવામાં, બોલવામાં તથા તમામ પ્રવૃત્તિમાં વિવેકદૃષ્ટિ જાગ્રત થાય, જે કર્મક્ષયનું કારણ બને છે. ॥૪॥

યોગના આ ચાર ભેદો કહ્યા. હવે **રહિત** (આલંબનરહિત= નિરાલંબન) નામનો પાંચમો યોગ કહે છે.

રૂપી દ્રવ્યોના આલંબન રહિત, સર્વ વિકલ્પોથી રહિત, અર્થાત્ જ્ઞાનના ઉપયોગ માત્રમાં જ એકાગ્રતા=સ્થિરતા રૂપ જે સમાધિ તે **'નિરાલંબન'** યોગ કહેવાય છે.

જ્યારે આત્મા બાહ્યભાવોથી પર બની જ્ઞાયકસ્વભાવમાત્રમાં વર્તે છે. કષાયોના વિકલ્પો શાંત થઇ જાય છે. સ્વદ્રવ્યમાં જ એકાગ્રતાવાળો બને છે. પરમ ધ્યાનારૂઢ બને છે. તે વખતની જે સમાધિ-સ્થિરતા-નિર્વિકલ્પદશા તે **નિરાલંબન યોગ** કહેવાય છે. ॥૫॥



**પ્રશ્ન :** અહીં યોગના પાંચ ભેદોનું ક્રમશઃ વર્ણન ચાલે છે. ત્યાં વચ્ચે **''एते चत्वारो भेदाः''** પદ શા માટે મૂક્યું? પ્રથમના ચાર અને નિરાલંબન યોગમાં શું કંઇ તફાવત છે? પાંચે ભેદોનું વર્ણન પૂર્ણ કરીને **''एते पञ्च भेदाः''** એમ લખવું જોઇએ.

**ઉત્તર :-** હા તફાવત છે. અને તફાવત જણાવવા માટે જ વચ્ચે આવી વાક્યરચના કરી છે. પ્રથમના ચાર યોગના ભેદો સમજાવવાના કાળે (૧) મુદ્રા, (૨) સૂત્રોચ્ચારણ, (૩) અર્થાવગમન, (૪) પ્રતિમા-ધ્યાનાદિ બાહ્ય આલંબનો છે. તે વખતે આત્માનો જ્ઞાનોપયોગ પરદ્રવ્યાશ્રિત છે. બાહ્ય છે. ક્રમશઃ એકેકમાં વારંવાર પરિવર્તનશીલ છે. જ્યારે નિરાલંબન યોગમાં આત્માનો જ્ઞાનોપયોગ સ્વદ્રવ્યાશ્રિત છે. આંતરિક છે. અત્યંત સ્થિર છે. સમાધિસ્વરૂપ છે. આ અર્થ જણાવવા માટે જ પ્રથમના ચારની પૂર્ણાહુતિ સમયે એવી વાક્યરચના કરી છે.

આ પ્રમાણે તંત્રમાં એટલે યોગની પ્રધાનતાવાળા શાસ્ત્રોમાં આ પાંચ પ્રકારનો યોગ વર્ણવેલો છે. અહીં મૂળ શ્લોકમાં **''प्रतिपादितः''** એ ક્રિયાવાચકપદ લખ્યું નથી પરંતુ શેષ છે (અધ્યાહર છે) એમ સમજી લેવું. અન્યગ્રંથોમાં (ષોડશકજી૧૩-જમાં) કહ્યું છે કે:-

**''स्थानोर्णार्थालम्बन,- तदन्ययोगपरिभावनं सम्यक् ।**
**परतत्त्वयोजनमलं, योगाभ्यास इति समयविदः ॥ ષોડ.૧૩-૪॥''**

સ્થાન, ઉર્ણ, અર્થ, આલંબન અને તદન્ય (આલંબનથી અન્ય અર્થાત્ નિરાલંબન) એમ પાંચ પ્રકારના યોગો છે. તે પાંચ પ્રકારના યોગોનું સમ્યગ્ રીતે જે પરિભાવન=પરિશીલન=પ્રવર્તન, તે જ પરતત્ત્વની (પરમતત્ત્વ જે મોક્ષ, તેની) સાથે યુંજન કરવામાં સમર્થ છે. શાસ્ત્રવિદ્ પુરુષો તેને જ યોગાભ્યાસ (યોગનો અભ્યાસ) કહે છે.

આ પાંચ પ્રકારના યોગોનું પ્રણિધાનાદિ પાંચ પ્રકારના આશયપૂર્વક મન-વચન અને કાયામાં જે સમ્યગ્ પ્રવર્તન થાય તે જ ધ્યાન કહેવાય છે. પરમતત્ત્વ જે મોક્ષ, તેની સાથે યુંજન કરવામાં કારણ બને છે. માટે શાસ્ત્રકાર મહાત્માઓ આ યોગોના પરિભાવનને **''યોગાભ્યાસ''** કહે છે ॥

*સ્થાનાદિષુ યોગત્વં ચ ''મોક્ષકારણીભૂતાત્મવ્યાપારત્વં યોગત્વમ્'' ઇતિ યોગલક્ષણયોગાદનુપચરિતમેવ । યસ્તુ ''યમનિયમાસનપ્રાણાયામ-પ્રત્યાહારધારણાધ્યાનસમાધયોઽષ્ટાવઙ્ગાનિ યોગસ્ય'' (પાતઞ્જલ સૂત્ર ૨-૨૯) ઇતિ યોગાઙ્ગત્વેન યોગરૂપતા સ્થાનાદિષુ હેતુફલભાવેનોપચારાદ-ભિધીયતે ઇતિ ષોડશકવૃત્તાવુક્તં તત્ ''ચિત્તવૃત્તિનિરોધો યોગઃ''* (પાતં, યોગદર્શન ૧-૨) *ઇતિ યોગલક્ષણાભિપ્રાયેણેતિ ધ્યેયમ્ ।*

સ્થાન, ઉર્ણ, અર્થ, આલંબન અને નિરાલંબન એમ પાંચ પ્રકારના યોગોમાં જે યોગત્વ (યોગપણું) છે. તે **''મોક્ષના કારણી ભૂત એવું આત્મવ્યાપારત્વ એ જ યોગત્વ છે.''** આવું યોગનું લક્ષણ બરાબર ઘટતું હોવાથી અનુપચરિત (વાસ્તવિક) યોગ છે. જે ક્રિયા આત્માને મોક્ષની સાથે યુંજિત કરે તેને યોગ કહેવાય. આ યોગનું લક્ષણ છે. અને તે લક્ષણ સ્થાનાદિ યોગોમાં બરાબર સંભવે છે. કારણ કે તે સ્થાનાદિ પાંચ યોગો પૂર્વક કરાતી ધર્મક્રિયા કર્મક્ષય દ્વારા મોક્ષનું કારણ બને જ છે. માટે આ પાંચ યોગોમાં જે યોગત્વ છે તે અનુપચરિત છે-યથાર્થ છે. પારમાર્થિક છે-વાસ્તવિક છે.

પરંતુ જે પાતંજલ યોગસૂત્ર ૨-૨૯માં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠ યોગનાં અંગો છે. એમ કહીને આ આઠેમાં યોગની અંગતા, (કારણતા) હોવાથી જે યોગસ્વરૂપતા કહી છે તે, તથા ષોડશકજીની પૂ. **શ્રીયશોભદ્રસૂરિજી** કૃત ટીકામાં સ્થાનાદિ પાંચમાં કારણ-કાર્યભાવ હોવાથી ઉપચારથી જે યોગરૂપતા કહેવામાં આવી છે. તે બંને



**''આત્માને મોક્ષની સાથે યુંજિત કરે તે યોગ''** એ લક્ષણને ધ્યાનમાં રાખીને કહેલ નથી. પરંતુ **ચિત્તની વૃત્તિનો નિરોધ કરવો તે યોગ** એવા અન્ય દર્શનના શાસ્ત્રોમાં કરેલા યોગના લક્ષણના અભિપ્રાયે કહેલ છે એમ વિચારવું.

સારાંશ એ છે કે જૈન દર્શનકારો **''જેના વડે આત્મા મોક્ષની સાથે જોડાય તે યોગ''** એવું યોગનું લક્ષણ કહે છે. તેથી સ્થાનાદિ પાંચ પ્રકાર, આત્માને મોક્ષની સાથે યુંજિત કરનાર છે. માટે નિરુપચરિત = વાસ્તવિક યોગ કહેવાય છે. પરંતુ યોગ સૂત્રકાર પતંજલી ઋષિ **''ચિત્તવૃત્તિનિરોધ''**ને યોગ કહે છે. કારણ કે તેરમા ગુણસ્થાનકના અંતે કરાતો યોગનિરોધ એ જ મોક્ષનું આસન્ન કારણ છે. તેથી તેવા પ્રકારના ચિત્તવૃત્તિનિરોધને અનુપચરિત (વાસ્તવિક) યોગ કહે છે. અને તેની પૂર્વ-પૂર્વ ભૂમિકારૂપ સ્થાનાદિ પાંચે યોગો પરંપરાએ મોક્ષનું કારણ બને છે. તેથી સ્થાનાદિ પાંચે યોગો તે ચિત્તવૃત્તિનિરોધાત્મક એવા મુખ્ય યોગનું કારણ બને છે પરંતુ અનંતરપણે મોક્ષનું કારણ બનતા નથી, તેથી સાક્ષાત્ યોગ નથી. કારણમાં કાર્યનો (હેતુમાં ફળનો) ઉપચાર કરીને સ્થાનાદિમાં યોગરૂપતા આવે છે એમ ષોડશકની ટીકામાં કહ્યું છે. તેવી જ રીતે યમ-નિયમાદિ પણ ''ચિત્તવૃત્તિનિરોધાત્મક યોગનાં અંગો હોવાથી અંગમાં અંગીનો ઉપચાર કરીને ઉપચારે યોગ કહેવાય છે.'' તાત્પર્ય એ છે કે ''ચિત્તવૃત્તિનિરોધ''માં સાક્ષાત્ યોગરૂપતા છે. અને યમાદિમાં યોગાં-ગતાના કારણે અને સ્થાનાદિમાં કારણ-કાર્યભાવ હોવાથી ઉપચરિત યોગરૂપતા છે. તે પતાંજલી સૂત્રકારના લક્ષણને ધ્યાનમાં રાખીને કહેલ છે એમ સમજવું.

જૈન દર્શનકારોને માન્ય એવા યોગના લક્ષણને ધ્યાનમાં રાખીએ તો ચિત્તવૃત્તિનિરોધ અને સ્થાનાદિ પાંચે યોગો એ બન્ને નિરૂપચરિત યોગ છે.

*अत्र ''स्थानादिषु'' ''द्वयं'' स्थानोर्णलक्षणं कर्मयोग एव, स्थानस्य साक्षादूर्णस्याप्युच्चार्यमाणस्यैव ग्रहणादुच्चारणांशे क्रियारूपत्वात्। तथा ''त्रयं'' अर्थालम्बननिरालम्बनलक्षणं ज्ञानयोगः, तुः एवकारार्थः इति ज्ञानयोग एव, अर्थादीनां साक्षात् ज्ञानस्वरूपत्वात् ॥ २॥*

સ્થાનાદિ આ પાંચ યોગોમાં પ્રથમના બે યોગો સ્થાનયોગ અને ઉર્ણયોગ ક્રિયાત્મક યોગ છે. ત્યાં સ્થાનયોગ તો કાયોત્સર્ગાદિ સ્વરૂપ હોવાથી સાક્ષાત્ ક્રિયાત્મક છે એમ જણાય જ છે. અને ઉર્ણયોગમાં પણ ઉર્ણ એટલે શબ્દ, તેથી ઉર્ણ એ શબ્દસ્વરૂપ છે. તે પુદ્ગલાત્મક છે. યોગ નથી. પરંતુ ઉચ્ચારણ કરાતા એવા શબ્દનું ગ્રહણ કરેલું હોવાથી તેવા શબ્દપ્રયોગ વખતે કરાતી ઉચ્ચારણાત્મક જે વાચિક ક્રિયા તે ક્રિયાસ્વરૂપ છે.

સારાંશ કે ઉચ્ચારણ કરવા સ્વરૂપ અંશમાં ક્રિયાપણું રહેલું છે. માટે આ બંને યોગો ક્રિયાયોગ છે.

તથા અર્થ, આલંબન અને નિરાલંબન રૂપ જે ત્રણ યોગો છે. તે જ્ઞાનયોગ છે. મૂળ શ્લોકમાં કહેલો તુ શબ્દ એવકાર અર્થવાળો છે. તેથી આ ત્રણ જ્ઞાનયોગ જ છે. તે આ પ્રમાણે =અર્થાદિ ત્રણે જ્ઞાનસ્વરૂપ હોવાથી જ્ઞાનયોગ જ છે.

કારણ કે અર્થયોગમાં શબ્દોથી વાચ્ય વસ્તુનું અર્થજ્ઞાન કરવાનું છે. માટે જ્ઞાનયોગ છે.

આલંબનયોગમાં પ્રતિમાનું ધ્યાન ધરવા રૂપ જ્ઞાન મેળવવાનું છે. માટે જ્ઞાનયોગ છે

અને નિરાલંબનયોગ તો જ્ઞાનાત્મક છે જ.

*एष कर्मयोगो ज्ञानयोगो वा कस्य भवतीति स्वामिचिन्तायामाह-*



આ બે પ્રકારનો ક્રિયાયોગ અથવા ત્રણ પ્રકારનો જ્ઞાનયોગ કયા જીવોને હોય છે? એવી સ્વામિત્વની વિચારણમાં ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

**''देसे सव्वे य तहा, नियमेणेसो चरित्तिणो होइ ।**
**इयरस्स बीयमित्तं, इत्तुच्चिय केइ इच्छन्ति ॥३॥''**

*(देशतस्सर्वतश्च तथा, नियमेनैष चारित्रिण भवति ।*
*इतरस्य बीजमात्रमित एव केचिदिच्छन्ति ॥ ३॥)*

**શ્લોકાર્થ :-** સ્થાનાદિ પાંચ પ્રકારનો આ યોગ દેશચારિત્ર અને સર્વચારિત્રવાળા જીવોને જ નિયમા હોય છે. આ કારણથી જ ઈતર (અપુનર્બંધકાદિ) જીવોને બીજ માત્રરૂપે જ હોય છે. (ઈતર એવા અપુનર્બંધકાદિ જીવોને) બીજરૂપે જે યોગ છે તેમાં યોગનો ઉપચાર કરીને કેટલાક=વ્યવહારનયવાળા યોગ માને છે. ॥૩॥

*''देसे सव्वे य''त्ति सप्तम्याः पञ्चम्यर्थत्वाद्देशतस्तथा सर्वतश्च चारित्रिण एव, ''एषः'' प्रागुक्तः स्थानादिरूपो योगः, ''नियमेन'' इतर-व्यवच्छेदलक्षणेन निश्चयेन भवति, क्रियारूपस्य[1] (ज्ञानयोगस्य) वाऽस्य चारित्र-मोहनीयक्षयोपशमनान्तरीयकत्वात्, अत एवाध्यात्मादियोगप्रवृत्तिरपि चारित्रप्राप्तिमारभ्यैव ग्रन्थकृता योगबिन्दौ प्ररूपिता, तथाहि-*

*''देसे* અને *सव्वे''* આ બંને શબ્દોમાં મૂલગાથામાં જે સપ્તમી વિભક્તિ છે તે પંચમી વિભક્તિના અર્થવાળી હોવાથી *देसे* નો અર્થ *देशतः,* અને *सव्वे* નો અર્થ *सर्वतः* કરવો, એટલે દેશથી અને સર્વથી ચારિત્રવાળા એવા અર્થાત્ પંચમાદિ ગુણસ્થાનકવર્તી જીવોને જ આ પૂર્વોક્ત સ્થાનાદિ રૂપ પાંચ પ્રકારનો યોગ નિયમા હોય છે. ''નિયમા''

૧. અહીં *क्रियायोगस्य ज्ञानयोगस्य वा* એવો પાઠ હોવો જોઈએ એમ લાગે છે. કારણ કે *वा* શબ્દ હોવાથી બે પદ હોવાં જરૂરી છે.

એટલે કે ઈતરના વ્યવચ્છેદરૂપ નિશ્ચયથી હોય છે. (૧) હોય. અથવા (૨) ન હોય, આવા બે વિકલ્પોમાંથી ''ન હોય'' એવો જે ઈતર (બીજો) વિકલ્પ છે. તેના વ્યવચ્છેદ માટે આ **નિયમા** શબ્દ છે. તેથી નિશ્ચયથી હોય જ છે. એવો અર્થ કરવો.

ટીકામાં *''चारित्रिण''* શબ્દની પાસે જે *''एव''* શબ્દ છે તે દેશ-સર્વચારિત્રવાળાને જ યોગ હોય છે પરંતુ અપુનર્બંધકાદિ જીવોને હોતો નથી એમ અર્થ સૂચવે છે. અને *''नियमेन''* એવો જે શબ્દ છે તે દેશ-ચારિત્રવાળાને યોગ હોય કે ન હોય એવા બે વિકલ્પોમાંથી **''ન હોય''** એવો જે ઈતરવિકલ્પ છે. તેનો વ્યવચ્છેદ કરવારૂપ નિશ્ચયને જણાવનાર છે. અર્થાત્ આ બે ચારિત્રવાળાને નિયમા યોગ હોય જ છે. સારાંશ કે *''एव''*નો અર્થ આ યોગ બે ચારિત્રવાળાને જ હોય છે. અને ''નિયમા'' શબ્દનો અર્થ આ બે ચારિત્રવાળાને યોગ હોય જ છે. એમ સ્પષ્ટ અર્થ જાણવો.

**પ્રશ્નઃ-** દેશ-સર્વ ચારિત્રવાળાને જ યોગ હોય, અને આ બે ચારિત્રવાળાને યોગ નિયમા હોય જ. એમ બન્ને સ્થાને જકારાત્મક વાત કેમ કહો છો? તેનું કારણ શું છે?

**ઉત્તરઃ-** ક્રિયાસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ એવા આ (પાંચ) યોગનો ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમની સાથે નાન્તરીયક (અવિનાભાવ) સંબંધ હોવાથી આ પ્રમાણે કહેલ છે. તેથી જ્યાં જ્યાં ચારિત્ર-મોહનીયનો ક્ષયોપશમ હોય, ત્યાં ત્યાં યોગ હોય જ, એમ અન્વયવ્યાપ્તિ વડે બે ચારિત્રવાળાને ક્ષયોપશમ હોવાથી યોગ નિયમા હોય એ સિદ્ધ થાય છે અને જ્યાં જ્યાં ચારિત્ર-મોહનીયનો ક્ષયોપશમ ન હોય (પરંતુ ઉદય હોય) ત્યાં ત્યાં યોગ હોતો નથી એમ વ્યતિરેક વ્યાપ્તિથી અપુનર્બંધકાદિને યોગ હોતો નથી એવો અર્થ થવાથી આ બે ચારિત્રવાળાને જ યોગ હોય છે એવો અર્થ સિદ્ધ થાય છે. આ કારણથી જ અધ્યાત્માદિ પાંચ પ્રકારના યોગની





પ્રવૃત્તિ પણ ચારિત્રની પ્રાપ્તિથી આરંભીને જ ગ્રંથકાર વડે યોગબિંદુમાં પ્રરૂપિત કરાઈ છે. તે આ પ્રમાણે :-

**''देशादिभेदतश्चित्रमिदं चोक्तं महात्मभिः ।**
**अत्र पूर्वोदितो योगोऽध्यात्मादिः संप्रवर्तते ॥ योगबिन्दुः ३५७ ॥ इति ।''**

*''देशादिभेदतः''=देशसर्वविशेषात्, ''इदं''= चारित्रं, ''अध्यात्मादिः''=अध्यात्मं, भावना, आध्यानं, समता, वृत्तिसंक्षयश्च ॥*

દેશાદિના ભેદથી આ ચારિત્ર મહાત્મા પુરુષોએ અનેક પ્રકારનું કહ્યું છે. અહીં= આ ચારિત્ર આવે છતે પૂર્વોક્ત એવો અધ્યાત્માદિ યોગ પ્રવર્તે છે. ॥૩૫૭॥

આ શ્લોકમાં *''देशादिभेदतः''* એવું જે પદ છે તેનો અર્થ દેશ તથા સર્વ એમ બે પ્રકારના ચારિત્રના ભેદથી, *''इदं''* પદનો અર્થ આ ચારિત્ર, ચિત્ર-વિચિત્ર છે અર્થાત્ નાના ભેદવાળું છે. તે બંનેમાંનું કોઈપણ ચારિત્ર આવે છતે અધ્યાત્માદિ પાંચ પ્રકારનો યોગ પ્રવર્તે છે. તે પાંચ પ્રકારો આ પ્રમાણે છે :- (૧) **અધ્યાત્મ,** (૨) **ભાવના,** (૩) **આધ્યાન,** (૪) **સમતા,** (૫) **વૃત્તિસંક્ષય-** આ પાંચે પ્રકારના યોગોના અર્થ ટીકાકારશ્રી લખે જ છે. તે આ પ્રમાણે છે :-

''**तत्राध्यात्मं** *उचितप्रवृत्तेर्व्रतभृतो मैत्र्यादिभावगर्भं शास्त्राज्जीवादितत्त्वचिन्तनम् १ ।*

**भावना** *अध्यात्मस्यैव प्रतिदिनं प्रवर्धमानश्चित्तवृत्तिनिरोधयुक्तोऽभ्यासः२ ।*

**आध्यानं** *प्रशस्तैकार्थविषयं स्थिरप्रदीपसदृशमुत्पातादिविषयसूक्ष्मोपयोगयुतं चित्तम् ३ ।*

**समता**=*अविद्याकल्पितेष्टत्वसंज्ञापरिहारेण शुभाशुभानां विषयाणां तुल्यताभावनम् ४ ।*

**वृत्तिसंक्षयश्च**= *मनोद्वारा विकल्परूपाणां, शरीरद्वारा परिस्पन्दन-रूपाणामन्यसंयोगात्मकवृत्तीनामपुनर्भावेन निरोधः ५।*

(૧) ત્યાં **અધ્યાત્મ** કોને કહેવાય? તે સમજાવે છે. કાયાદિની ઉચિત પ્રવૃત્તિવાળા તથા વ્રતધારી બનેલા આત્માનું શાસ્ત્રાનુસારી મૈત્રી-પ્રમોદાદિ ચાર ભાવનાઓથી યુક્ત એવું તે જીવ-અજીવાદિ તત્ત્વોનું **ચિંતન**-મનન તે **અધ્યાત્મ** કહેવાય છે. તાત્પર્ય એ છે કે કોઈ પણ વ્રત ગ્રહણ કરતાં પહેલાં પોતાની કક્ષાનું (પાત્રતાનું) ઉચિત અવલોકન કરવું જોઈએ. તો જ સ્વીકારેલું વ્રત સમ્યગ્ પરિણામ પામે. વળી પોતાની કક્ષાને અનુરૂપ વ્રત ગ્રહણ કર્યું હોય તો સારી રીતે પાળી શકવાના કારણે બીજામાં ધર્મબીજની વૃદ્ધિનું કારણ બને છે પરંતુ વિનાશનું કારણ બનતું નથી, સમ્યગ્ધર્મની પ્રાપ્તિનું કારણ બને છે. અને પોતાનામાં પણ સમ્યગ્વ્રત-રૂપ ભાવચારિત્રનો હેતુ બને છે. માટે ઉચિત પ્રવૃત્તિ પૂર્વકનું વ્રત ગ્રહણ કરાય તો જ ઉપર-ઉપરના ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે. એવા વ્રતધારી આત્માનું શાસ્ત્રાનુસારી મૈત્રી આદિ ઉત્તમ એવી ચાર ભાવનાયુક્ત જે તત્ત્વચિંતન તે **અધ્યાત્મ** કહેવાય છે. (યોગબિંદુ ગાથા-૩૫૮)

અધ્યાત્મનો જ પ્રતિદિન વધતો એવો અભ્યાસ તથા ચિત્તની વૃત્તિઓના નિરોધથી યુક્ત એવો જે અભ્યાસ તે **ભાવના** કહેવાય છે. અધ્યાત્મયોગકાળ અને ભાવનાયોગકાળમાં એ તફાવત છે કે અધ્યાત્મયોગકાળે અધ્યાત્મના અધ્યવસાય ક્વચિત્ પ્રવર્ધમાન હોય, ક્વચિત્ સ્થિર હોય અને ક્વચિત્ નિમિત્તોને વશ મલીન (હીયમાન) પણ હોય. પરંતુ ભાવનાયોગકાળમાં ચિત્ત તત્ત્વચિંતનથી અત્યન્ત સંસ્કારિત બનેલું હોવાથી અધ્યાત્મના અધ્યવસાય પ્રવર્ધમાન જ હોય છે. વળી વારંવાર તત્ત્વચિંતનોથી કષાયોની ઉપશાન્તિ હોય છે. તેના જ કારણે ચિત્તમાં ઊછળતી મોહની વૃત્તિઓનો નિરોધ હોય છે.



અધ્યાત્મકાળમાં સત્ક્રિયાના આલંબને અને વિષયોની પરાઙ્મુખતાના કારણે ચિત્ત વિષયોથી નિવૃત્ત હોય છે. જ્યારે ભાવનાના કાળે ચિત્ત તત્ત્વચિંતનથી અત્યન્ત વાસિત થયેલું હોવાથી સહજ રીતે જ વૃત્તિઓના નિરોધરૂપ હોય છે. (યોગબિંદુ શ્લોક ૩૬૦)

પ્રશંસનીય એવા એક પદાર્થના વિષયવાળું, સ્થિર દીપક સદૃશ, અને ઉત્પાતાદિ સૂક્ષ્મ વિષયોના ઉપયોગવાળું એવું જે ચિત્ત તે **"આધ્યાન"** કહેવાય છે. "આધ્યાન" એ એક પ્રકારનું ધ્યાન છે. તે કોઈપણ એક પદાર્થ-વિષયક બે પ્રકારનું હોય છે. અપ્રશસ્ત અને પ્રશસ્ત, જ્યારે રાગાદિ ભાવોનું પ્રવર્ધન થાય તેવું ધ્યાન હોય જેમ કે- સુવર્ણના અલંકારોના રૂપ-રંગ-ઘાટ-ચમક આદિના વિષયવાળું તે અપ્રશસ્ત, અને જ્યારે રાગાદિ ભાવોનું પ્રશમન થાય તેવું ધ્યાન હોય જેમ કે- વીતરાગની પ્રતિમામાં પ્રશમભાવનું ધ્યાન તે પ્રશસ્ત. અહીં પ્રતિમાદિ કોઈપણ એક વિષયવાળું અને તે પણ રાગાદિ ભાવોનું પ્રશમન થાય એવું પ્રશસ્ત જે ધ્યાન તે આધ્યાનયોગ કહેવાય છે. અધ્યાત્મ અને ભાવનાથી વાસિત થયેલું ચિત્ત વિષયવૃત્તિઓથી પરાઙ્મુખ થયેલું હોવાથી વાયુ વિનાનો ઘરમાં રહેલો દીપક જેમ સ્થિર જ્યોત આપે છે. તેવું આ ચિત્ત સ્થિર હોય છે. વળી આ કાળે પદાર્થના રૂપ-રંગ-ઘાટ-ચમક આદિ બાહ્યભાવોમાં ચિત્ત પ્રવર્તતું નથી. પરંતુ ઉત્પાદ-વ્યય ધ્રુવત્વ આદિ મહાપુરુષોથી નિર્દિષ્ટ સૂક્ષ્મ વિષયોના જ સતત ઉપયોગથી યુક્ત હોય છે. આવું જે ધ્યાન તે આધ્યાન નામનો ત્રીજો યોગ કહેવાય છે. અહીં આધ્યાનને બદલે ધ્યાન શબ્દ પણ હોઈ શકે છે. (યોગબિંદુઃ શ્લોક ૩૬૨)

અવિદ્યાથી (મોહના ઉદયથી) કલ્પિત એવા ઈષ્ટત્વ અને અનિષ્ટત્વની સંજ્ઞાનો પરિહાર કરવાપૂર્વક શુભાશુભ વિષયોની તુલ્યતા વિચારવી તે **સમતાયોગ** કહેવાય છે. મિથ્યાત્વમોહનીય અને જ્ઞાનાવરણીયના

ઉદયને **અવિદ્યા** કહેવાય છે. મોહનો ઉદય જ્ઞાનની વિપરીતતા કરાવનાર છે અને બીજાનો ઉદય જ્ઞાનનિરોધ કરનાર છે. આવાં કર્મોના ઉદયથી જન્ય એવી અવિદ્યાના બળે સંસારવર્તી કેટલાક પદાર્થોમાં ઈષ્ટત્વ ભાસે છે અને કેટલાક પદાર્થોમાં અનિષ્ટત્વ ભાસે છે. શરીર, પરિવાર, ધન, સાતા, આદિમાં ઈષ્ટત્વ અને તાવ આદિ રોગો, અસાતા, શત્રુ, અરુચિકારક પદાર્થોમાં અનિષ્ટત્વ ભાસે છે. એટલે કે અનુકૂળતા અને સાંસારિક સુખ આપનારા પદાર્થો ઉપર ઈષ્ટત્વ અને પ્રતિકૂળતા તથા સાંસારિક દુઃખ આપનારા પદાર્થો ઉપર અનિષ્ટત્વ જે ભાસે છે. તે અવિદ્યા-જનિત છે. માટે તેવી ઈષ્ટત્વ અને અનિષ્ટત્વ ભાવવાળી બુદ્ધિનો પરિહાર કરી વ્યવહારથી શુભ જણાતા સાતાદિ અને અશુભ જણાતા અસાતાદિ વિષયો પ્રત્યે તુલ્યતાની જે ભાવના અર્થાત્ શત્રુ-મિત્ર કંચન-લોષ્ટ સુખ-દુઃખ આદિ ઉપર જે તુલ્યતા તે **સમતાયોગ** કહેવાય છે. (યોગબિંદુ શ્લોક-૩૬૪)

મન દ્વારા વિકલ્પ રૂપ, અને શરીર દ્વારા પરિસ્પંદનરૂપ જે અન્યદ્રવ્યના સંયોગાત્મક વૃત્તિઓ છે તેનો અપુનર્ભાવથી નિરોધ થવો તે **વૃત્તિસંક્ષય** કહેવાય છે. મોહનીયકર્મના ઉદયજન્ય મનના વિકલ્પો અપ્રમત્તગુણસ્થાનક સુધી હોય છે. અને મતિ-શ્રુતજ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમજન્ય ચિંતન-મનનાત્મક મનના વિકલ્પો બારમા ગુણઠાણા સુધી હોય છે. શરીરસંબંધી ગમનાગમન દ્વારા પરિસ્પંદનાત્મકવીર્ય તેરમા ગુણઠાણા સુધી હોય છે. મન અને શરીર એ બંને પૌદ્ગલિક હોવાથી આત્માથી અન્યદ્રવ્ય છે. તે અન્યદ્રવ્યના સંયોગથી થતી માનસિક વિકલ્પરૂપ અને શારીરિક પરિસ્પંદનરૂપ વૃત્તિઓનો ફરી પાછી ન આવે તે રીતે ક્ષય કરવો તે **"વૃત્તિસંક્ષય"** કહેવાય છે. અપુન-ર્ભાવેન એમ કહ્યું છે માટે તેરમા ગુણઠાણાના પ્રથમ સમયે મનોવૃત્તિનો અને ચૌદમાના પ્રથમસમયે શારીરિક વૃત્તિનો જે ક્ષય થાય છે તે અહીં જાણવો. ક્ષયોપશમ દશાથી થયેલો વૃત્તિસંક્ષય પુનર્ભાવવાળો પણ હોય છે. માટે અહીં ક્ષાયિકભાવવાળો વૃત્તિસંક્ષય સમજવો. (યોગબિંદુ શ્લોક-૩૬૬)



*અથૈતેષામધ્યાત્માદીનાં સ્થાનાદિષુ કુત્ર કસ્યાન્તર્ભાવઃ ઇતિ ચેદ્ ઉચ્યતે-અધ્યાત્મસ્ય ચિત્રભેદસ્ય દેવસેવાજપતત્ત્વચિંતનાદિરૂપસ્ય યથાક્રમં સ્થાને ઉર્ણેઽર્થે ચ। ભાવનાયા અપિ ભાવ્યસમાનવિષયત્વાત્તત્રૈવ । ધ્યાન-સ્યાલમ્બને । સમતાવૃત્તિસંક્ષયયોશ્ચ તદન્યયોગ ઇતિ ભાવનીયમ્ । તતો દેશતઃ સર્વતશ્ચ ચારિત્રિણ એવ સ્થાનાદિયોગપ્રવૃત્તિઃ સંભવતીતિ સિદ્ધમ્ ।*

સ્થાનાદિ યોગોની પ્રવૃત્તિ દેશ-સર્વચારિત્રવાળાને જ હોય છે એમ મૂળ ત્રીજા શ્લોકમાં કહ્યું છે. આ વાતની પુષ્ટિ માટે આ ત્રીજી ગાથાની ટીકામાં ચોથી પંક્તિમાં આ જ કારણથી અધ્યાત્માદિ યોગો પણ ચારિત્રની પ્રાપ્તિથી જ શરૂ થાય છે એમ યોગબિંદુની સાક્ષી આપીને કહ્યું છે. તેથી પ્રશ્ન થાય છે કે આ સ્થાનાદિ યોગો અને અધ્યાત્માદિ યોગોને પરસ્પર શું સંબંધ છે? આ અધ્યાત્માદિ યોગોનો સ્થાનાદિ યોગોમાં કયા યોગમાં કયા યોગનો અંતર્ભાવ થાય? આવો પ્રશ્ન થવો સંભવિત છે. તેનો ઉત્તર ગ્રંથકારશ્રી આપે છેઃ-

આ અધ્યાત્માદિ પાંચ યોગોને સ્થાનાદિ પાંચ યોગો સાથે સંબંધ છે જ. તેઓનો અન્તર્ભાવ આ પ્રમાણે થાય છે :- દેવસેવા, જપ અને તત્ત્વચિંતનસ્વરૂપ નાના ભેદવાળા અધ્યાત્મયોગનો સમાવેશ અનુક્રમે સ્થાન, ઉર્ણ અને અર્થયોગમાં થાય છે. દેવસેવા એ કાયિક પ્રવૃત્તિ છે. પ્રણિધાનાદિ આશયપૂર્વક કરાતી દેવસેવાદિ કાયિક પ્રવૃત્તિ કાયચેષ્ટા હોવાથી સ્થાન યોગમાં સમાવેશ પામે છે. નમસ્કાર મહામંત્રાદિના જાપ એ વાચિક પ્રવૃત્તિ છે. પ્રણિધાનાદિ આશયપૂર્વક વાચ્ય એવા પંચપરમેષ્ઠીના સ્વરૂપને ભાવવાપૂર્વક એકાગ્રપણે જ્યારે જાપ કરતો હોય છે ત્યારે તેનું ધ્યાન યથાર્થ શબ્દના ઉચ્ચારણમાં હોય છે. માટે જાપ સ્વરૂપ અધ્યાત્મયોગનો સમાવેશ ઉર્ણયોગમાં થાય છે. અને શાસ્ત્રાનુસારી તત્ત્વચિંતન કરવું, તે માનસિક પ્રવૃત્તિ છે. અર્થચિંતન સ્વરૂપ છે માટે તેનો અર્થયોગમાં સમાવેશ થાય છે. આ પ્રમાણે પ્રથમ અધ્યાત્મયોગનો સમાવેશ સ્થાન, ઉર્ણ અને

અર્થયોગમાં થાય છે. એટલે કે દેવસેવાનો સ્થાનમાં, જપનો ઉર્ણમાં અને તત્ત્વચિંતનનો અર્થયોગમાં સમાવેશ થાય છે.

આ અધ્યાત્મયોગ ત્યારે હોય છે જ્યારે દેવસેવાદિ કાર્યોમાં પ્રણિધાનાદિ આશયપૂર્વક પ્રવર્તે છે. વળી અધ્યાત્મયોગમાં સદા પ્રવર્ધમાન પરિણામ હોતો નથી. કદાચિત્ પ્રવર્ધમાન, કદાચિત્ અવસ્થિત અને કદાચિત્ હીયમાન પરિણામ પણ હોય છે. પરંતુ ભાવનાયોગમાં નિયમા પ્રવર્ધમાન પરિણામ તથા ચિત્તવૃત્તિનિરોધ હોય છે એટલે જ્યારે દેવસેવાદિ કાર્ય કરવા સ્વરૂપ કાયિકપ્રવૃત્તિમાં, જાપાદિ કાર્ય કરવા સ્વરૂપ વાચિક પ્રવૃત્તિમાં અને તત્ત્વચિંતનાદિ કાર્ય કરવારૂપ માનસિક પ્રવૃત્તિમાં પ્રવર્ધમાન પરિણામ માત્ર હોય અને તેના કારણે ચિત્તવૃત્તિનિરોધ હોય ત્યારે ભાવનાયોગ કહેવાય છે અને તે ભાવના યોગ પણ અનુક્રમે સ્થાન, ઉર્ણ અને અર્થયોગમાં સમાવેશ પામે છે.

અધ્યાત્મયોગ અને ભાવનાયોગનો ભાવ્યવિષય-(દેવસેવા-જાપ-તત્ત્વચિંતનાદિ વિષય) સમાન હોવાથી અધ્યાત્મયોગની જેમ જ ભાવનાયોગ પણ ત્યાં જ (સ્થાન-ઉર્ણ અને અર્થયોગમાં જ) સમાવેશ પામે છે. તફાવત એટલો માત્ર છે કે અધ્યાત્મયોગમાં પરિણામ પ્રવર્ધમાન જ હોય એવો નિયમ નથી, જ્યારે ભાવના-યોગમાં પરિણામ પ્રવર્તમાન જણાય છે.

ત્રીજો **"આધ્યાન"** યોગ આલંબન યોગમાં સમાવિષ્ટ થાય છે. પ્રતિક્રમણ આદિ ક્રિયાકાલે સૂત્રોચ્ચારણમાં આ જીવ ઉપયુક્ત હોય તો ઉર્ણયોગ, તેના વાચ્ય અર્થમાં ઉપયુક્ત હોય તો અર્થયોગ અને ત્યારબાદ જ્યારે સૂત્રોના વાચ્ય એવા પદાર્થમાં આ જીવ સ્થિર ઉપયોગવાળો બને ત્યારે તે પદાર્થ જ ધ્યાનનું આલંબન બને છે. આ આન્તર આલંબન યોગ છે. અને પ્રતિમાદિ બાહ્ય આલંબનમાં જ્યારે આત્મ સ્થિર ઉપયોગવાળો બને ત્યારે તે ધ્યાનયોગ પ્રતિમાદિ



બાહ્ય આલંબનરૂપ હોવાથી આલંબનયોગમાં સમાવિષ્ટ બને છે. સમતાયોગ અને વૃત્તિસંક્ષય એ બંને યોગો **'તદન્યયોગ''**=નિરા-લંબનયોગમાં સમાવેશ પામે છે એમ ભાવવું.

જ્યારે આત્મા પ્રતિમાદિ બાહ્યાલંબનને છોડી અંતર્મુખવૃત્તિ-વાળો બને છે. ત્યારે નિરાલંબનયોગવાળો બને છે અને તે કાળે પર પદાર્થો પ્રત્યે ઈષ્ટાનિષ્ટત્વની કલ્પના હોતી નથી. સુખ-દુઃખ-ભવ-મોક્ષ જેવા શુભાશુભ વિષયો સમાન ભાસે છે. જગતના તમામ પદાર્થો સમ જણાય છે. માટે સમતાયોગ નિરાલંબનયોગમાં અંતર્ભાવ પામે છે. આ યોગ ક્ષપકશ્રેણીમાં અને તેના સમીપવર્તી કાળમાં આવે છે. જો કે આ દશામાં પણ પોતાના ગુણોનું આલંબન હોવાથી અને ગુણો પ્રત્યેના અનુરાગાત્મક સંજ્વલન કષાયનો ઉદય હોવાથી પૂર્ણ નિરાલંબનતા અને પૂર્ણ સમતા નથી. તો પણ તે યત્કિંચિત્, નહિવત્, અલ્પ હોવાથી અને પરદ્રવ્યવિષયક નહીં હોવાથી આલંબન કે વિષમતા ગણાતી નથી. તેથી નિરાલંબનયોગ તથા સમતાયોગ કહી શકાય છે.

વૃત્તિસંક્ષય તો સયોગીકેવલી અને અયોગીકેવલી દશામાં પ્રગટ થાય છે. અને કેવલી આત્માઓને ધ્યાનાન્તરિકા દશા હોય છે. એટલે કોઈ પ્રકારની ધ્યાનદશા હોતી નથી. છતાં અનાલંબન-યોગના ફળરૂપ કેવળજ્ઞાન અને યોગનિરોધની જે પ્રાપ્તિ છે તે પણ કાર્યમાં કારણનો ઉપચાર કરીને અનાલબંનયોગ કહેવાય છે. તેથી વૃત્તિ-સંક્ષયનો અનાલંબન યોગમાં સમાવેશ થાય છે.

આ પ્રમાણે અધ્યાત્માદિ પાંચ યોગો સ્થાનાદિ પાંચ યોગમાં અંતર્ભાવ પામે છે અને તે ચારિત્રવાન્ પુરુષોને જ હોય છે એથી સ્થાનાદિયોગોની પ્રવૃત્તિ પણ દેશથી અને સર્વથી ચારિત્રવાળાને જ સંભવે છે એમ સિદ્ધ થયું.

*ननु यदि देशतः सर्वतश्च चारित्रिण एव स्थानादिर्योगः, तदा देशविरत्यादिगुणस्थानहीनस्य व्यवहारेण श्राद्धधर्मादौ प्रवर्तमानस्य स्थानादिक्रियायाः सर्वथा नैष्फल्यं स्यादित्याशङ्क्य-इतरस्य-देश-सर्वचारित्रिव्यतिरिक्तस्य स्थानादिकं ''इत एव'' देशसर्वचारित्रं विना योगसम्भवाभावादेव ''बीजमात्रं'' योगबीजमात्रं केचिद्-व्यवहार-नयप्रधाना इच्छन्ति ।*

અધ્યાત્માદિ યોગો ચારિત્રપ્રાપ્તિથી જ આરંભાય છે અને તેથી સ્થાનાદિ યોગો પણ ચારિત્રવાનને જ હોય છે. હવે જો સ્થાનાદિ યોગો દેશથી અને સર્વથી ચારિત્રિયા જીવોને જ હોય તો દેશવિરતિ આદિ ગુણસ્થાનક વિનાના અને વ્યવહારથી શ્રાદ્ધ ધર્મ અને સાધુધર્મમાં પ્રવર્તમાન એવા આત્માઓની સ્થાનાદિ ક્રિયા (યોગાત્મક ન હોવાથી) શું નિષ્ફળ જશે? આવી શંકાનો ઉત્તર ગ્રંથકારશ્રી આ શ્લોકના ઉત્તરાર્ધથી આપે છે કે *''इतरस्य''*= દેશ-સર્વચારિત્રથી વ્યતિરિક્ત એવા અપુનર્બંધક અને અવિરત સમ્યગ્દષ્ટિ આત્માઓની જે સ્થાનાદિ ક્રિયા છે તે આ કારણથી જ અર્થાત્ દેશ-સર્વચારિત્ર વિનાના જીવોમાં યોગ સંભવનો અભાવ હોવાથી જ યોગનું બીજમાત્ર છે. પરંતુ યોગ નથી. છતાં વ્યવહારનયની પ્રધાનતાવાળા કેટલાક આચાર્યો તે યોગબીજમાત્રને પણ યોગરૂપે સ્વીકારે છે. વ્યવહારનય અંશમાં અંશીનો ઉપચાર કરે છે. નિશ્ચયનય સૂક્ષ્મદષ્ટિવાળો હોવાથી વાસ્તવિક્તાને સ્વીકારે છે. તેથી અપુનર્બંધક અને અવિરતસમ્યગ્દષ્ટિમાં જે યોગબીજ હોય છે. તેને યોગબીજ જ માને છે. પરંતુ વ્યવહારનય સ્થૂલદષ્ટિવાળો હોવાથી ઉપચારને પણ સ્વીકારે છે તેથી યોગબીજમાં યોગનો ઉપચાર કરીને યોગ છે એમ કહે છે.

*''मोक्षकारणीभूतचारित्रतत्त्वसंवेदनान्तर्भूतत्वेन स्थानादिकं चारित्रिण एव योगः, अपुनर्बन्धकसम्यग्दशोस्तु तद्योगबीजम्'' इति*



*निश्चयनयाभिमतः पन्थाः । व्यवहारनयस्तु योगबीजमप्युपचारेण योगमेवेच्छतीति व्यवहारनयेनापुनर्बन्धकादयः स्थानादियोगस्वामिनः, निश्चयनयेन तु चारित्रिण एवेति विवेकः ॥*

નિશ્ચયનય તત્ત્વગ્રાહી છે. જે વસ્તુ પૂર્ણ હોય તેને પૂર્ણ અને અંશ હોય તેને અંશ માને છે. અને વ્યવહારનય ઉપચારગ્રાહી છે. અંશમાં પણ પૂર્ણ વસ્તુનો ઉપચાર કરી પૂર્ણતા સ્વીકારે છે. ગામની ભાગોળ આવ્યે છતે પણ ગામ આવ્યું એમ કહે છે. કપડાનો છેડો બળે તો પણ કપડું બળ્યું એમ કહે છે. આ પ્રમાણે દષ્ટિભેદ હોવાથી નિશ્ચયનયને માન્ય માર્ગ એવો છે કે મોક્ષના કારણભૂત એવા ચારિત્ર રૂપ તત્ત્વસંવેદનમાં જ સ્થાનાદિ યોગો અંતર્ભૂત થતા હોવાથી તે સ્થાનાદિ યોગો ચારિત્રિયાને જ હોય છે. અને અપુનર્બન્ધક તથા અવિરત સમ્યગ્દષ્ટિ જીવોને તો તે સ્થાનાદિ યોગો યોગના બીજમાત્ર સ્વરૂપ જ હોય છે. પરંતુ વ્યવહારનય યોગના બીજને પણ ઉપચારે યોગ જ ઇચ્છે છે. તેથી વ્યવહાર-નયના મતે અપુનર્બન્ધકાદિ જીવો સ્થાનાદિયોગના સ્વામી કહેવાય છે અને નિશ્ચયનયના મતે ચારિત્રવાન્ જીવો જ યોગના સ્વામી કહેવાય છે. એમ વિવેક કરવો.

*तदिदमुक्तम् :-*''**अपुनर्बन्धकस्यायं, व्यवहारेण तात्त्विकः ।**
**अध्यात्मभावनारूपो, निश्चयेनोत्तरस्य तु ॥''**
**॥ યોગબિંદુ-૩૬૯॥**

*अपुनर्बन्धकस्य उपलक्षणात्सम्यग्दष्टेश्च ''व्यवहारेण'' कारणे कार्यत्वोपचारेण तात्त्विकः, कारणस्यापि कथञ्चित्कार्यत्वात् । ''निश्चयेन'' उपचारपरिहारेण उत्तरस्य तु चारत्रिण एव । सकृद्बन्धकादीनां तु स्थानादिकमशुद्धपरिणामत्वान्निश्चयतो व्यवहारतश्च न योगः, किन्तु योगा-भास इत्यवधेयम् । उक्तं च -*

નિશ્ચયનય અને વ્યવહારનયની પૂર્વોક્ત ભિન્ન માન્યતામાં સાક્ષી આપે છે કે યોગબિંદુમાં તે આ પ્રમાણે કહ્યું છે :-

''અપુનર્બન્ધક (તથા અવિરતસમ્યગ્દૃષ્ટિ) આત્માઓને અધ્યાત્મ અને ભાવનારૂપ એવો આ યોગ વ્યવહારનયથી તાત્ત્વિક હોય છે. અને નિશ્ચયનયથી તેના ઉત્તર ગુણસ્થાનકવર્તી (આગળ વધેલા) ચારિત્રીયાને જ તાત્ત્વિક યોગ હોય છે. ॥ ૩૬૯॥

અપુનર્બન્ધક અને અધ્યાહારથી અવિરતસમ્યગ્દૃષ્ટિ એવા જીવોને વ્યવહારનયની અપેક્ષાએ કારણમાં કાર્યત્વનો ઉપચાર કરીને **''તાત્ત્વિક''** યોગ મનાયેલો છે. *आयुर्घृतम्, पर्जन्यो सुवर्णं वर्षयति,* ઈત્યાદિમાં ઘી આયુષ્યનું અને વરસાદ સુવર્ણપ્રાપ્તિનું કારણ હોવાથી ઘીને જ આયુષ્ય, અને વરસાદને જ સુવર્ણ કહેવાય છે. તેમ યોગાંશ એ પૂર્ણયોગપ્રાપ્તિનું કારણ હોવાથી કારણમાં કાર્યત્વનો ઉપચાર કરીને યોગાંશને જ તાત્ત્વિક યોગ કહેલ છે. કારણ પણ કંઈક અંશે કાર્યરૂપે કહી શકાય છે. આમ વ્યવહારનયનો મત છે. તે ઉપચારગ્રાહી છે.

પરંતુ નિશ્ચયનય ઉપચારનો ત્યાગ કરીને તત્ત્વભૂત વસ્તુને ગ્રહણ કરનાર હોવાથી ઉત્તરગુણસ્થાનકવર્તી એવા દેશ-સર્વ-ચારિત્રીયાને જ તાત્ત્વિક યોગ હોય છે એમ માને છે.

સકૃદ્બન્ધક અને આદિ શબ્દથી દ્વિર્બન્ધક જીવોના તો પરિણામ અશુદ્ધ હોવાથી નિશ્ચય કે વ્યવહાર એમ બંને નયોની અપેક્ષાએ આ સ્થાનાદિ યોગો તે યોગ રૂપ નથી. પરંતુ યોગનો આભાસ[1] માત્ર છે એમ જાણવું. **'યોગબિંદુ'**માં કહ્યું છે કેઃ-

**''सकृदावर्तनादीनामतात्त्विक उदाहृतः ।**
**प्रत्यपायफलप्रायस्तथा वेषादिमात्रतः ॥'' ॥ યોગબિંદુ.૩૭૦॥**

*सकृद् = एकवारमावर्तन्ते उत्कृष्टां स्थितिं बध्नन्ति ये ते*

૧. અહીં કોઈ કોઈ પુસ્તકમાં *योगाभ्यास* લખ્યું છે. પરંતુ *योगाभास* શબ્દ હોવો જોઈએ એમ લાગે છે.



*सकृदावर्तनाः आदिशब्दाद्द्विरावर्तनादिग्रहः, ''अतात्त्विकः'' व्यवहारतो निश्चयतश्चातत्त्वरूपः ॥ ३ ॥*

સકૃદાવર્તનાદિ (સકૃદ્બન્ધકાદિ) જીવોને વેશાદિમાત્ર જ હોવાથી આ યોગ અતાત્ત્વિક છે તથા અનર્થકારી ફળવાળો પ્રાયઃ હોય છે ॥ ૩૭૦॥

મિથ્યાત્વગુણસ્થાનક હોવા છતાં જે આત્માઓ એવી દશાને પામ્યા છે કે મિથ્યાત્વમોહનીયાદિ કર્મોની ૭૦।૩૦।૨૦ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ ફક્ત એક જ વાર બાંધવાના છે. પછી શીઘ્ર અપુનર્બન્ધક થવાના છે. તે **સકૃદાવર્તન** અર્થાત્ **સકૃદ્બન્ધક** કહેવાય છે. તેવી રીતે બે જ વાર ફક્ત ઉત્કૃષ્ટસ્થિતિ બાંધવાના છે. પછી અપુનર્બન્ધક થવાના છે તે **દ્વિરાવર્તન (દ્વિર્બન્ધક)** કહેવાય છે. એટલે કે અપુનર્બન્ધકની પૂર્વાવસ્થા તે સકૃદ્બન્ધક અને તેની પૂર્વાવસ્થા તે દ્વિર્બન્ધક. આવા જીવો (ભલે અનાદિ ગાઢતર મિથ્યાત્વાદિની અપેક્ષાએ કંઈક વિશિષ્ટ હોય તો પણ) અપુનર્બન્ધકાદિ ચાર પ્રકારના યોગભૂમિકાવાળા જીવોની અપેક્ષાએ અશુદ્ધ પરિણામવાળા હોવાથી નિશ્ચયનય અને વ્યવહારનય એમ બંને નયોથી અતાત્ત્વિક એટલે ''અતત્ત્વસ્વરૂપ'' જ યોગ હોય છે. તેઓને બાહ્ય વેષાદિ માત્ર હોવાથી અને શ્રદ્ધાશૂન્યતા હોવાથી કાયોત્સર્ગાદિ સ્થાનયોગ અને સૂત્રોચ્ચારણાદિ ઉર્ણયોગ વગેરે યોગો અહંકાર-આસક્તિ આદિનું કારણ હોવાથી પ્રાયઃ અનર્થફળવાળા હોય છે. માટે આ યોગ પણ નથી અને યોગનું કારણત્વ પણ નથી પરંતુ **''યોગાભાસ''** છે એમ જાણવું.

અહીં ટીકામાં પૂ. મહોપાધ્યાયજીએ **''યોગાભ્યાસ''** શબ્દ લખ્યો છે. તેથી એવો અર્થ પણ સંભવે છે કે સકૃદ્બન્ધકાદિ અવસ્થામાં તાત્ત્વિક યોગ નથી. પરંતુ અપુનર્બન્ધકાદિની પૂર્વભૂમિકા હોવાથી યોગનો અભ્યાસકાળ વર્તે છે. જે દૃઢ-દૃઢતર થતાં યોગાંશરૂપ બનતાં કાળાન્તરે યોગાત્મક બનશે. જેથી ''યોગાભ્યાસ'' શબ્દ પણ ઉપરોક્ત

અર્થ સંગતિને અનુસારે ઉચિત લાગે છે. અને 'યોગબિંદુ' શ્લોક-૩૭૦માં આ ભૂમિકામાં અશુદ્ધપરિણામ હોવાથી આ યોગ પ્રાયઃ અહંકારાદિ-રૂપ અનર્થફળને આપનારો છે એટલે યોગ નથી પરંતુ યોગાભાસ=યોગનો આભાસ માત્ર છે એમ કહેલ છે તે પણ અર્થ સંગત લાગે છે. અપેક્ષાએ વિચારીએ તો બંને અર્થો સંગત લાગે છે. છતાં પરમાર્થ તો કેવલી પરમાત્મા જ જાણે ॥૩॥

*तदेवं स्थानादियोगस्वामित्वं विवेचितम्, अथैतेष्वेव प्रतिभेदानाह-*

આ પ્રમાણે સ્થાનાદિ યોગોનું સ્વામિત્વ સમજાવ્યું. હવે આ સ્થાનાદિયોગોમાં જ તેના પેટાભેદો ગ્રંથકારશ્રી જણાવે છે :-

**''इक्किको य चउद्धा, इत्थं पुण तत्तओ मुणेयव्वो ।**
**इच्छा-पवित्ति-थिर-सिद्धिभेयओ समयनीईए ॥४॥''**

*(एकैकश्च चतुर्धा, अत्र पुनस्तत्त्वतः ज्ञातव्यः ।*
*इच्छाप्रवृत्तिस्थिरसिद्धिभेदतस्समयनीत्या ॥४॥)*

**શ્લોકાર્થ :-** યોગસંબંધી શાસ્ત્રોમાં કહેલી નીતિને અનુસારે વળી આ સ્થાનાદિ પાંચે યોગો અહીં તાત્ત્વિક રીતિએ ઈચ્છા-પ્રવૃત્તિ-સ્થિરતા અને સિદ્ધિ એમ ચાર ચાર પ્રકારે જાણવા ॥૪॥

''**इक्किको य**''*त्ति* । ''**अत्र**''*=स्थानादौ* ''**पुनः**'' *कर्म-ज्ञान-(द्वि)-विभेदाभिधानापेक्षया, भूयः एकैकश्चतुर्द्धा,* ''**तत्त्वतः**'' *सामान्येन दृष्टावपि परमार्थतः,* ''**समयनीत्या**''*= योगशास्त्र-प्रतिपादितपरिपाट्या ''इच्छा-प्रवृत्ति-स्थिर-सिद्धि-भेदतः''=इच्छा-प्रवृत्ति--स्थिरसिद्धिभेदाना-श्रित्य ''मुणेयव्वो''त्ति ज्ञातव्यः ॥४॥*

અહીં મૂળશ્લોકમાં જે *य* = *च* શબ્દ છે તે પૂર્વશ્લોકમાં કહેલા ભેદની સાથે સમુચ્ચય કરનારો છે. પૂર્વશ્લોકમાં સ્થાન-ઉર્ણ એ બે કર્મયોગ અને અર્થ-આલંબન-નિરાલંબન એ જ્ઞાનયોગ એમ



કર્મયોગ તથા જ્ઞાનયોગ એવા વિશેષ ભેદોનું જે કથન કર્યું છે તેની અપેક્ષાએ આ શ્લોકમાં વળી બીજી રીતે સ્થાનાદિ યોગોમાં એકેકના ચાર-ચાર ભેદો થાય છે તે જણાવે છે. અર્થાત્ સ્થાનાદિ પાંચ ભેદોના બે ભેદો જેમ છે તેમ એકેકના ચાર-ચાર ભેદો પણ છે. અહીં ટીકામાં *વિભેદ* શબ્દને બદલે *દ્વિભેદ* શબ્દ હોય તો અર્થ વધારે સંગત થાય છે. કર્મયોગ અને જ્ઞાનયોગ એમ બે ભેદોના કથનની અપેક્ષાએ આ ચાર ભેદ બીજી રીતે સમજાવે છે. છતાં *વિભેદ* શબ્દ પણ કર્મયોગ અને જ્ઞાનયોગ એમ બે ભેદો રૂપ વિશેષભેદોના કથનની અપેક્ષાએ એવો અર્થ કરવાથી બે ભેદના અર્થને જ પ્રતિપાદન કરતો હોવાથી કંઇ અસંગત નથી.

સ્થાનાદિ પાંચે યોગો સામાન્યથી બતાવ્યા હોવા છતાં પણ યોગસંબંધી જે જે શાસ્ત્રો છે તેમાં કહેલી પરિપાટીને અનુસારે તત્ત્વથી એટલે કે પરમાર્થથી ઈચ્છા-પ્રવૃત્તિ-સ્થિરતા અને સિદ્ધિ એવા ભેદોને આશ્રયી એકેક યોગના ચાર-ચાર પ્રકારો પણ જાણવા.

જો કે સામાન્યથી આ યોગોના અર્થ પહેલાં બતાવ્યા છે. તો પણ સૂક્ષ્મ રીતે વિચારતાં એકેકના ચાર-ચાર ભેદો પણ થાય છે તે આ પ્રમાણે :-

(૧) ઈચ્છા. (૨) પ્રવૃત્તિ, (૩) સ્થિરતા, (૪) સિદ્ધિ. જો કે મોહનીય અને જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમની તરતમતાને અનુસારે સ્થાનાદિ યોગોના અસંખ્ય ભેદો થાય છે. તો પણ જાણી શકાય એવી સ્થૂલ બુદ્ધિથી પરિણામોની તરતમતાના આધારે ચૌદ ગુણસ્થાનકની જેમ યોગશાસ્ત્રમાં બતાવેલી રીતિને અનુસારે ચાર ભેદો પાડેલા જણાય છે.

કોઇ વ્યક્તિ સ્થાનાદિ યોગનું માહાત્મ્ય સાંભળીને અથવા જાણીને તે જ પ્રમાણે વર્તવાની તીવ્ર ઉત્કંઠાવાળો થાય. છતાં તથાવિધ શક્તિની વિકલતાના કારણે અથવા સંયોગોની પ્રતિકૂળતાના કારણે તે

પ્રમાણે વર્તી ન શકે. પરંતુ બળવાન ઈચ્છા પ્રવર્તતી હોય તો તે **ઈચ્છાયોગ** કહેવાય છે. જ્યારે શક્તિ અને સંયોગો પ્રાપ્ત થતાં શાસ્ત્રોમાં જે પ્રમાણે યોગનું સ્વરૂપ વિદિત છે તે પ્રમાણે પ્રવૃત્તિ કરે, ત્યારે તે **પ્રવૃત્તિયોગ** બને છે. પ્રવૃત્તિ કરવા છતાં સંજોગોની પ્રતિકૂળતા રૂપ બાહ્ય વિઘ્ન અથવા ઉદ્વેગાદિ રૂપ આંતરિક વિઘ્નો આવે તો પ્રવૃત્તિ ટકી શકતી નથી. માટે આવાં વિઘ્નોનો પરાભવ કરી તે પ્રવૃત્તિ અતિશય સ્થિર ભાવને જ્યારે પામે છે, ત્યારે **સ્થિરતાયોગ** કહેવાય છે. સ્થિર થવા છતાં રૂઢિ પ્રમાણે કાયિક પ્રવૃત્તિમાત્ર હોય તો તે સિદ્ધિભાવને પામતી નથી તેથી તે સ્થિરતા દિન-પ્રતિદિન વૃદ્ધિમદ્ થઈ છતી પ્રકૃતિસ્વરૂપ જ્યારે બને છે ત્યારે **સિદ્ધિયોગ** કહેવાય છે.

આ રીતે યોગની નિષ્પત્તિની તરતમતાના કારણે ચાર પ્રકારો સ્થાનાદિના થાય છે. પરમાર્થથી તો ઈચ્છાયોગ પણ ઈચ્છાની તરતમતા પ્રમાણે અનેકવિધ હોય છે. જેથી અસંખ્ય ભેદો થઈ શકે છે. પરંતુ સ્થૂલવ્યવહારથી ચાર ભેદો જણાવ્યા છે.

*तानेव भेदान् विवरीषुराह-*
ઈચ્છાદિ તે જ ચાર ભેદોનું વિવરણ કરતાં ગ્રંથકારશ્રી જણાવે છેઃ-

**''तज्जुत्तकहापीईइ, संगया विपरिणामिणी इच्छा ।**
**सव्वत्थुवसमसारं, तप्पालणमो पवत्ती उ ॥ ५॥**

**तह चेव एय बाहग-चिंतारहियं थिरत्तणं नेयं ।**
**सव्वं परत्थसाहगरूवं, पुण होइ सिद्धित्ति ॥ ६॥''**

*तद्युक्तकथाप्रीत्या, संगता विपरिणामिनीच्छा ।*
*सर्वत्रोपशमसारं, तत्पालनं प्रवृत्तिस्तु ॥ ५॥*

*तथा चैव एतस्य बाधकचिन्तारहितं स्थिरत्वं ज्ञेयम् ।*
*सर्वं परार्थसाधकरूपं, पुनर्भवति सिद्धिरिति ॥ ६॥*



**શ્લોકાર્થઃ-** તે સ્થાનાદિ યોગથી યુક્ત એવા યોગી મહાત્મા-ઓની કથા કરવામાં અને સાંભળવામાં અતિશય પ્રીતિવાળી એવી અને દિન-પ્રતિદિન અધિકાધિક ઉલ્લાસ વડે વિશેષ પરિણામને વધારતી એવી જે ભાવના તે **ઈચ્છા** કહેવાય છે. સર્વત્ર ઉપશમભાવપૂર્વક સ્થાનાદિ યોગોનું જે સેવન (પાલન) તે બીજો **પ્રવૃત્તિ** યોગ કહેવાય છે. ॥૫॥

તેવી રીતે આ સ્થાનાદિ યોગના બાધક એવાં જે વિઘ્નો, તેની ચિંતા વિનાનું (અથવા બાધક એવી ચિંતાઓ વિનાનું) જે પાલન તે **સ્થિરતાયોગ** કહેવાય છે. તે સર્વે સ્થાનાદિયોગોનું પોતાને જે ફળ પ્રાપ્ત થયું છે તેવા જ ફળનું પરમાં પ્રાપક બની શકે એવું જે સિદ્ધ થયેલું અનુષ્ઠાન **સિદ્ધિયોગ** કહેવાય છે ॥૬॥

*''**तज्जुत्तकहा**'' इत्यादि । तद्युक्तानां-स्थानादियोगयुक्तानां कथायां प्रीत्या अर्थबुभुत्सयाऽर्थबोधेन वा जनितो यो हर्षस्तल्लक्षणया संगता=सहिता ''**विपरिणामिनी**''=विधिकर्तृबहुमानादिगर्भं स्वोल्ला-समात्रा-द्यत्किञ्चिदभ्यासादिरूपं विचित्रं परिणाममादधाना इच्छा भवति, द्रव्य-क्षेत्राद्यसामग्र्येणाङ्गसाकल्याभावेऽपि यथाविहितस्थानादियोगेच्छया यथाशक्ति क्रियमाणं स्थानादि इच्छारूपमित्यर्थः ।*

**ઈચ્છાયોગ**નું લક્ષણ જણાવે છે.

સ્થાનાદિ યોગોથી યુક્ત એવા મહાત્મા પુરુષોની કથા સાંભળવામાં (અતિશય) પ્રીતિથી સંગત (યુક્ત) એવી જે ઈચ્છા. તે **ઈચ્છાયોગ** જાણવો.

જે આત્માઓને ભવ ઉપર હજુ ઉદ્વેગ ઉત્પન્ન થયો નથી અને મોક્ષની રુચિ પ્રગટ થઈ નથી, તેવા જીવો ધર્મ આચરે તો પણ સદ્ગતિ માટે અથવા પુણ્યબંધાદિના ઉદ્દેશથી ધર્મ આચરે છે. પરંતુ જે મહાત્માઓને સંસારનાં સુખો પ્રત્યે નિર્વેદ ઉત્પન્ન થયો છે અને મોક્ષની તાલાવેલી લાગી છે. તેવા મહાત્માઓને મોક્ષના અવન્ધ્ય હેતુભૂત એવા

યોગને વિષે પ્રીતિ થાય છે. મોક્ષના અનન્ય કારણભૂત એવા યોગના સ્વરૂપ (અર્થ)નું મહત્ત્વ સમજાય છે. આવા પ્રકારના યોગાત્મક અર્થને જાણવાની ઈચ્છાવડે અથવા યોગાત્મક અર્થ જેમ જેમ જણાય તેમ તેમ તે અર્થબોધ વડે એમ બંને પ્રકારે (અર્થબુભુત્સા અને અર્થબોધવડે) ઉત્પન્ન થયેલો જે હર્ષ, તે હર્ષાત્મક એવી પ્રીતિથી યુક્ત ઈચ્છા થાય છે. જે જીવો જેના અર્થી હોય છે. તે જીવોને તે વિષયની અને તેના ઉપાયોની તીવ્ર ઉત્કંઠા પ્રવર્તે છે. જેમ કામી જીવ કામવિષયક કથા સાંભળવામાં, ધનાર્થી જીવ ધનવિષયક કથા સાંભળવામાં તથા તે બન્ને પ્રકારના જીવો કામના અને ધનના ઉપાયો મેળવવામાં તીવ્ર ઉત્કંઠાવાળા હોય છે. તેમ યોગાત્મક અર્થનો અર્થી જીવ યોગી પુરુષોની કથા સાંભળવામાં અને તેના ઉપાયો માટે તીવ્ર ઉત્કંઠાવાળો હોય છે.

આવી યોગી પુરુષોની કથા સાંભળવામાં ઉત્કંઠાથી=હર્ષરૂપ પ્રીતિથી યુક્ત એવી વિપરિણામીની જે ઈચ્છા તે ઈચ્છાયોગ કહેવાય છે. વિપરિણામિની=વિશિષ્ટ પરિણામવાળી ઈચ્છા. એટલે કે આવો ઈચ્છારૂપ યોગ જેને વર્તે છે તેવા જીવો પોતે વિધિપૂર્વક આવો શ્રેષ્ઠ યોગ સેવવા ઈચ્છે છે. પરંતુ શરીરાદિ સહકારી કારણોની વિકલતાના કારણે તેવો શ્રેષ્ઠ યોગ સેવી ન શકે તો પણ તેવો વિધિપૂર્વક યોગ સેવનારા મહાત્માઓ પ્રત્યે બહુમાનાદિ (આદિ શબ્દથી વિનય-સેવા-ભક્તિ-વૈયાવચ્ચ વગેરે) વર્તે છે ગર્ભમાં (હૃદયમાં) જેને એવા પરિણામને ધારણ કરનારી ઈચ્છા હોય છે. તથા પોતાના ઉલ્લાસ માત્રથી યત્કિંચિત્ અભ્યાસાદિ રૂપ વિચિત્ર પરિણામને ધારણ કરનારી પણ આ ઈચ્છા વર્તે છે. એટલે કે વિધિપૂર્વક પોતાને યોગ સેવવાની ઈચ્છા છે. પરંતુ શરીરાદિની તથાવિધ શક્તિવિકલતાના કારણે પોતે તેવો યોગ સેવી શકતો નથી. તેથી વિધિપૂર્વક યોગ સેવનારા મહાત્માઓ ઉપર બહુમાનાદિ તથા પોતાની શક્તિ અને ઉલ્લાસને અનુસારે શક્ય તેટલા યોગનો યત્કિંચિત્ અભ્યાસ કરવારૂપ આ અનુષ્ઠાન કરું તે અનુષ્ઠાન કરું



ઈત્યાદિરૂપે ચિત્ર-વિચિત્ર=વિવિધ આત્મપરિણામને ધારણ કરનારી ઈચ્છા પ્રવર્તે છે. **વિશેષ-વિશેષ યોગાભિમુખ જે પરિણામ-તે વિપરિણામ.**

*''અભ્યાસાદિ''*માં જે *આદિ* શબ્દ છે તેનો અર્થ એ છે કે શક્ય તેટલા યોગના અભ્યાસરૂપ ક્રિયા કરે છે. તથા યોગનું સ્વરૂપ જાણવા પૂર્ણ પ્રયત્ન પણ કરે છે. યોગનું સ્વરૂપ સમજાવનારા યોગીઓની ગવેષણા પણ કરે છે.[૧] આવી પરમપ્રીતિવાળી યોગની ઈચ્છા તે **ઈચ્છાયોગ** કહેવાય છે.

આ જ વાત વધુ સ્પષ્ટ સમજાવતાં ટીકાકાર કહે છે કે સ્થાનાદિ પાંચે યોગો ઉત્કૃષ્ટપણે સેવવા છે. પરંતુ દ્રવ્ય-ક્ષેત્રાદિની (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની) અસામગ્રી (પરિપૂર્ણ સામગ્રીનો અભાવ) હોવાના કારણે અંગ સકલતાનો (યોગનાં અંગોની પૂર્ણતાનો) અભાવ હોવા છતાં પણ શાસ્ત્રમાં કહ્યા મુજબ સ્થાનાદિ યોગો સેવવાની જે તીવ્ર ઉત્કંઠા વર્તે છે તે ઉત્કંઠાવડે પોતાની શક્તિને અનુસારે અભ્યાસાદિરૂપે કરાતા જે સ્થાનાદિ યોગો તે ઈચ્છાસ્વરૂપ યોગ છે એમ સમજવું.

સારાંશ કે સંસારી ભાવોનો નિર્વેદ થવાથી, મોક્ષની અભિલાષા તીવ્ર જાગવાથી, તેના ઉપાયભૂત એવા સ્થાનાદિ યોગો સેવવાની તીવ્ર ઈચ્છા હોવા છતાં શરીરબળ, સંઘયણ બળ, સાનુકૂળ સંયોગો આદિની પ્રતિકૂળતાના કારણે તેવો શ્રેષ્ઠ સ્થાનાદિ યોગ સેવી ન શકે તો પણ

૧. પૂ. યશોવિજયજીકૃત **'અધ્યાત્મસાર'** પ્રબંધ ત્રીજાના, ૮૭મા શ્લોકમાં **''अविपरिणामिनी''** લખ્યું છે. યોગને અભિમુખ પરિણામવાળી એવી જે ઈચ્છા, વિપરીત પરિણામ નહિ એવી ઈચ્છા એવો અર્થ કરેલ છે. તેથી **''विपरिणामिनी''** શબ્દ જ્યાં છે ત્યાં યોગાભિમુખ વિશેષ પરિણામવાળી અને **''अविपरिणामिनी''** શબ્દ જ્યાં છે. ત્યાં વિપરીત પરિણામ વિનાની એવા અર્થો કરવાથી બન્ને સ્થાને અર્થની સંગતિ થાય છે.

તેવા યોગી પુરુષોની કથાને વિશે પ્રીતિ હોય, બહુમાનાદિ હોય, યોગીઓ પ્રત્યે સેવા-ભક્તિ-વૈયાવચ્ચાદિ હોય, તથા પોતાની શક્તિને અનુસારે યત્કિંચિત્ સ્થાનાદિયોગની ક્રિયાઓ સેવતો હોય, આવા વિચિત્ર પરિણામને ધારણ કરનારી સ્થાનાદિયોગોની જે તીવ્ર ઇચ્છા તે **ઇચ્છાયોગ** કહેવાય છેઃ-

સ્થાનાદિ યોગો સેવવાની તીવ્ર ઇચ્છા હોવા છતાં અનાદિ-કાલીન મોહના અભ્યાસના લીધે સેવી ન શકે અથવા સેવવા છતાં વિવિધ ક્ષતિઓ આવે તે ચિત્ર-વિચિત્ર એવો અનેકવિધ ઇચ્છાયોગ છે. અને શરીરાદિ સામગ્રીની વિકલતાના કારણે યોગ યથાર્થ સેવી ન શકાય પરંતુ વિધિપૂર્વક સેવવાની તીવ્ર સાચી ઇચ્છા હોય તો તે **પરિશુદ્ધ ઇચ્છાયોગ** છે.

*પ્રવૃત્તિસ્તુ ''**સર્વત્ર**''=સર્વાવસ્થાયાં, ''**ઉપશમસારં**''=ઉપશમપ્રધાનં યથા સ્યાત્તથા, ''**તત્પાલનં**''=યથાવિહિતસ્થાનાદિયોગપાલનમ્ ''**ઓ**''ત્તિ પ્રાકૃતત્વાત્ । વીર્યાતિશયાદ્ યથાશાસ્ત્રમઙ્ગસાકલ્યેન વિધીયમાનં સ્થાનાદિ પ્રવૃત્તિરૂપમિત્યર્થઃ ॥૫॥*

હવે **પ્રવૃત્તિયોગ**નું સ્વરૂપ સમજાવે છે :-

સર્વ અવસ્થાઓમાં સ્થાનાદિ યોગોનું સેવન કરવાની જે પ્રવૃત્તિ કરવી તે. (એટલે કે આદિથી અંત સુધી) ઉપશમપ્રધાન જે રીતે થાય તે રીતે (એટલે કે કષાયોની શાંતિ વધુ ને વધુ થાય તે રીતે) તે સ્થાનાદિ યોગોનું જે પાલન કરવું. શાસ્ત્રમાં જે રીતે સ્થાનાદિ યોગો સેવવાનું કહ્યું છે તે રીતે સ્થાનાદિ યોગોનું પાલન (સેવન) તે પ્રવૃત્તિ યોગ કહેવાય છે.

ઇચ્છાયોગકાળે યોગ સેવવાની તીવ્ર ઇચ્છા હોવા છતાં અનાદિકાલીન મોહના અભ્યાસના વેગથી અથવા અંગવિકલતાથી જોઇએ તેવી યથાર્થ પ્રવૃત્તિ જીવ કરી શકતો ન હતો. જ્યારે પ્રવૃત્તિયોગમાં તો વીર્યવિશેષ સ્ફુરાયમાન હોવાથી (મોહને પણ દબાવીને સ્થાનાદિ યોગોમાં પ્રવૃત્તિ કરાવનારું એવા અતિશયવાળું વીર્ય પ્રગટ થવાથી) તથા અંગોની સકળતાના કારણે (પરિપૂર્ણ



કારણો પ્રાપ્ત થવાના લીધે) શાસ્ત્રમાં કહ્યા મુજબ સેવાતા જે સ્થાનાદિયોગો તે પ્રવૃત્તિયોગ કહેવાય છે.

જો કે ઇચ્છાયોગમાં પણ ઉપશમસારાદિ હોય છે. પરંતુ તે યત્કિંચિત્ હોય છે. અને પ્રવૃત્તિયોગમાં આવેલા આ જીવને સ્થાનાદિ યોગમાં વિશેષે કરીને **ઉપશમપ્રધાન, શાસ્ત્રવિહિત,** અને **વીર્યાતિ-શયપૂર્વક** એમ ત્રણ વિશેષણો યુક્ત પ્રવૃત્તિ કરે છે.

મૂળ શ્લોકમાં *''તપ્પાલણમો''* એ પદમાં છેલ્લો જે *''ઓ''* શબ્દ છે તે પ્રાકૃત હોવાથી વાક્યાલંકારમાં છે, પ્રાસ બેસાડવા માટે છે તેનો કોઇ વિશિષ્ટ અર્થ નથી એમ સમજવું.

*તહ ચેવ ત્તિ ''તથૈવ'' પ્રવૃત્તિવદેવ સર્વત્રોપશમસારં સ્થાનાદિ-પાલનમેતસ્ય-પાલ્યમાનસ્ય સ્થાનાદેર્બાધકચિન્તારહિતં સ્થિરત્વં જ્ઞેયમ્ । પ્રવૃત્તિસ્થિરયોગયોરેતાવાન્ વિશેષઃ-યદુત પ્રવૃત્તિરૂપં સ્થાનાદિયોગવિધાનં સાતિચારત્વાદ્ બાધકચિન્તાસહિતં ભવતિ, સ્થિરરૂપં ત્વભ્યાસસૌષ્ઠવેન નિર્બાધકમેવ જાયમાનં તજ્જાતીયત્વેન બાધકચિન્તાપ્રતિઘાતાચ્છુદ્ધિવિશેષેણ તદનુત્થાનાચ્ચ તદ્રહિતમેવ ભવતીતિ ।*

હવે **સ્થિરતા** યોગનું વર્ણન કરે છે કે :-

પ્રવૃત્તિયોગમાં જેમ સર્વ ઠેકાણે ઉપશમપ્રધાન સ્થાનાદિયોગોનું પાલન છે તે જ રીતે ઉપશમની પ્રધાનતા પૂર્વક પાલન કરાતા એવા આ સ્થાનાદિયોગોનું **બાધક ચિંતા-રહિતપણું** તે જ સ્થિરતા યોગ જાણવો.

પ્રવૃત્તિ યોગમાં આવેલો આત્મા વીર્યાતિશયથી શાસ્ત્રને અનુસારે સ્થાનાદિયોગોમાં ઉપશમપ્રધાન પ્રવૃત્તિ કરે છે. પરંતુ તેમાં આવનારા બાધકદોષો (વિઘ્નો) પોતાના આ અનુષ્ઠાનને મલીન કરી નાખશે, દોષિત કરશે, એવી ભયયુક્ત ચિંતાથી બાધક દોષોથી દૂર રહીને સ્થાનાદિ યોગોમાં પ્રવૃત્તિ કરે છે. એમ સતત પ્રવૃત્તિના કારણે

આ સ્થાનાદિ યોગોની એવી અભ્યાસપટુતા થઇ જાય છે કે ગમે તેવાં વિઘ્નો આવે તો પણ હવે જીવ આ યોગથી ચલિત ન થાય એવી પટુતા જ્યારે પ્રાપ્ત કરે છે. ત્યારે તે **સ્થિરતાયોગ** બને છે.

**પ્રવૃત્તિયોગ** અને **સ્થિરયોગ** આ બંને યોગમાં એટલી જ વિશેષતા છે કે પ્રવૃત્તિ યોગરૂપે સ્થાનાદિ યોગનું જે સેવન છે, તેમાં વીર્યાતિશય, શાસ્ત્રાનુસારિતા, અને અંગસાકલ્યતા હોવા છતાં બાધક દોષોથી આત્માનો પરિણામ ભયભીત હોય છે. વિઘ્નો આવીને મારા આ યોગસેવનને મલીન ન કરી નાખે, તેની સતત ચિંતા માથા ઉપર રહે છે. અને તેવી ભયભીત પ્રકૃતિ હોવાથી બાધક દોષો ન લાગે તે રીતે સ્થાનાદિ યોગોનું સેવન આ જીવ કરે છે. બહારથી આ યોગસેવન શ્રેષ્ઠ દેખાતું હોવા છતાં અંતર પરિણામ દોષોની ચિંતાથી ભરેલું છે, કારણ કે તે કાળે અભ્યાસની પટુતા પ્રાપ્ત થયેલી ન હોવાથી સાતિચારવાળી કક્ષા છે. સામાન્ય સામાન્ય રાગ-દ્વેષાદિનાં નિમિત્તો આવતાં અનુષ્ઠાન મલીન થઇ જાય તેવી કક્ષા તે કાળે છે. આ પ્રમાણે અતિચારો લાગે તેવી ભૂમિકાવાળી કક્ષા હોવાથી સતત બાધક દોષોની ચિંતાથી ચિંતિત હોય છે પરંતુ સ્થિરયોગસ્વરૂપ જે અનુષ્ઠાન છે. તે અભ્યાસની સુંદરતાને લીધે નિર્બાધક જ થયું છતું, તેની (નિર્બાધકતાની) જ જાતિવાળું થવાના કારણે કાંતો બાધક દોષોની ચિંતાનો પ્રતિઘાત (નાશ) થવાથી અથવા શુદ્ધિવિશેષને લીધે તેવા બાધકદોષોની અનુત્પત્તિ થવાના લીધે જ આ સ્થિરયોગાત્મક અનુષ્ઠાન તે બાધકદોષોની ચિંતાથી રહિત જ હોય છે.

સારાંશ કે પ્રવૃત્તિયોગમાં સ્થાનાદિ યોગોનું સેવન કરતાં કરતાં અતિશય અભ્યાસરૂપ તે અનુષ્ઠાન બનતું જાય છે. પ્રથમ-કક્ષામાં બાધક દોષોનો જે ભય હતો તેનો પ્રતિકાર કરી શકે તેવું વીર્યવિશેષ પ્રગટ થવાથી આ અનુષ્ઠાન પ્રથમ નિર્બાધક થાય છે.



અને ત્યારબાદ બીજી કક્ષામાં અધિક અધિક નિર્બાધક થયું છતું નિર્બાધક જાતિનું બનવાથી દોષોનો ભય અને ચિંતા ટળી જાય છે. અથવા અતિશય શુદ્ધિવિશેષ પ્રગટ થવાથી બાધક દોષોની ઉત્પત્તિ જ અટકી જાય છે. જેથી નિરતિચાર અનુષ્ઠાન બની જાય છે. અને દોષોનો ભય જ ટળી જવાથી અત્યંત સ્થિરતાભાવને પામનારું આ અનુષ્ઠાન બને છે. તેને સ્થિરયોગ કહેવાય છે.

સ્થિરયોગની પ્રાથમિક કક્ષા બાધક દોષોના પ્રતિઘાતવાળી હોવાથી નિર્બાધક અને નિરતિચાર હોય છે અને ઉત્તરકક્ષા શુદ્ધિ-વિશેષવાળી હોવાથી બાધક દોષોના અનુત્થાનના કારણે તે નિર્બાધકતાની જ વિશિષ્ટ જાતવાળું નિરતિચાર અનુષ્ઠાન બને છે.

''**सर्वं**''=*स्थानादि स्वस्मिन्नुपशमविशेषादिफलं जनयदेव परार्थ-साधकं स्वसन्निहितानां स्थानादियोगशुद्ध्यभाववतामपि तत्सिद्धिविधानद्वारा परगतस्वसदृशफलसंपादकं पुनः सिद्धिर्भवति ।*

*अत एव सिद्धाहिंसानां समीपे हिंसाशीला अपि हिंसां कर्तुं नालम् । सिद्धसत्यानां च समीपेऽसत्यप्रिया अप्यसत्यमभिधातुं नालम्। एवं सर्वत्रापि ज्ञेयम् ।* ''**इति**''=*इच्छादिभेदपरिसमाप्ति-सूचकः । अत्रायं मत्कृतः संग्रहश्लोकः-*

**''इच्छा तद्वत्कथाप्रीतिः पालनं शमसंयुतम् ।**
**पालनं ( प्रवृत्तिः ) दोषभीहानिः, स्थैर्यं सिद्धिः परार्थता ॥१॥''**

*इति ॥ ६॥*

હવે **સિદ્ધિયોગનું** સ્વરૂપ સમજાવે છે.

આ સાધક વડે સેવાતા સ્થાનાદિયોગો પોતાનામાં **ઉપશમવિશેષ** આદિ ફળને ઉત્પન્ન કરતા છતા જ્યારે પરાર્થસાધક બને, (પરમાં પણ તેવા ફળને આપનાર બને). તથા પોતાની પાસે આવેલા (અથવા રહેલા) એવા તથા સ્થાનાદિ યોગશુદ્ધિ વિનાના જીવોને પણ તેની સિદ્ધિ

કરાવવા દ્વારા પરમાં પણ પોતાના સરખું ફળ આપનારા એવા જે અનુષ્ઠાનાત્મક યોગો તે **સિદ્ધિયોગ** કહેવાય છે.

પ્રવૃત્તિયોગ અને સ્થિરયોગમાં જે અનુષ્ઠાનોનું સેવન છે તેમાં પણ ઉપશમ પ્રધાન છે. પરંતુ સિદ્ધિયોગની અપેક્ષાએ તે એટલું વિશિષ્ટ નથી. જ્યારે સિદ્ધિયોગમાં આત્મા પ્રવેશે છે ત્યારે **વિશિષ્ટ ઉપશમ** ફળ પ્રાપ્ત થાય છે. આત્માની એવી ઉપશાન્ત સ્થિતિ થાય છે કે તેની નજીક ઊભેલા અથવા સમીપ આવેલા જે જીવો, તે સ્થાનાદિ યોગશુદ્ધિના અભાવવાળા હોય તો પણ તેઓમાં પણ ઉપશમાવસ્થા રૂપ પોતાને પ્રાપ્ત થયેલું ફલ પ્રાપ્ત થાય એવી આ આત્માની જે દશા તે સિદ્ધિયોગ કહેવાય છે. જેમ પુષ્પ એવું સુગંધસિદ્ધ હોય છે કે તેની આજુબાજુની હવા કે જે તેવી સુગંધવાળી નથી, તેને પણ સુગંધિત કરે છે. તેમ પ્રભુ મહાવીર એવા સિદ્ધયોગી હતા કે તેમની પાસે આવેલા ઇંદ્રભૂતિ-અગ્નિભૂતિ આદિ પણ માનાદિ કષાયોથી ભરેલા હતા છતાં પણ ઉપશાન્ત થઇ ગયા. સારાંશ કે પોતાનામાં એવા ઉપશમ વિશેષને ઉત્પન્ન કરતું આ સ્થાનાદિ યોગનું સેવન છે. કે જે પરમાં પણ પોતાના સદૃશ ફળસંપાદક બને છે. તેને **સિદ્ધિયોગ** કહેવાય છે.

જે જીવો યોગની સિદ્ધિ માટે પ્રયત્ન કરે છે પરંતુ કર્મોની તીવ્રતાને લીધે સફળતા મેળવી શકતા નથી તેવા જીવો પણ આવા સિદ્ધયોગી મહાત્માના સાન્નિધ્યથી પોતાનાં સોપક્રમી કર્મો તોડીને યોગની સિદ્ધિ મેળવનારા બને છે. જેમ ૧૫૦૦ તાપસો સ્વયં સાધના કરતા હતા, પરંતુ સિદ્ધિ પામ્યા ન હતા. અને સિદ્ધયોગી એવા ગૌતમસ્વામિના સાન્નિધ્યથી સિદ્ધિ પામ્યા. આ પ્રમાણે સિદ્ધયોગી મહાત્માઓનો સિદ્ધયોગ પરાર્થસંપાદક ફળવાળો હોય છે.

આ જ કારણથી સિદ્ધ છે અહિંસા જેઓને એવા મહાયોગી પુરુષોની સમીપે હિંસક સ્વભાવવાળા સિંહ-વાઘ-સર્પાદિ જીવો પણ શાંત થઇ જાય છે અને હિંસા કરવાને સમર્થ બનતા નથી. તથા



સિદ્ધ થયું છે જીવનમાં સત્ય જેને એવા મહાત્મા પુરુષોની સમીપે અસત્ય જ છે પ્રિય જેને એવા જીવો પણ અસત્ય કહેવાને અને આચરવાને સમર્થ થતા નથી. એમ પાંચે વ્રતોમાં જાણવું. આવા મહાત્મા પુરુષોના સાન્નિધ્યથી કાં'તો અસિદ્ધયોગી પણ સિદ્ધયોગી બને છે. અને એવું જ્યાં ન બને ત્યાં પણ હિંસકાદિ પાપી સ્વભાવોની વૃત્તિઓ તો તેમની સમીપે ત્યજીને ઉપશાન્ત તો અવશ્ય થઇ જ જાય છે. આવા પરાર્થફલ સંપાદક યોગની જે પ્રાપ્તિ તે **સિદ્ધિયોગ** કહેવાય છે.

છઠ્ઠી મૂળ ગાથામાં *त्ति=इति* એવો જે શબ્દ છે તે ઇચ્છાદિ ચાર યોગોના ભેદોની સમાપ્તિ સૂચક છે.

ટીકાકાર પૂ. યશોવિજયજી મ. જણાવે છે કે ઇચ્છાદિ ચારે યોગોના અર્થને જણાવનાર સંગ્રહાત્મક શ્લોક મારા વડે કરાયેલો છે. તે આ પ્રમાણે છે :-

''યોગવાળા પુરુષોની કથા પ્રત્યે પ્રીતિ તે **ઇચ્છાયોગ.** ઉપશમ ભાવપ્રધાન પાલન તે **પ્રવૃત્તિયોગ.** બાધક દોષોના ભયોનો ત્યાગ તે **સ્થિરતાયોગ** અને પરફળસંપાદકતા તે **સિદ્ધિયોગ** જાણવો.

ઉપરોક્ત ભાવને સમજાવનારા **'અધ્યાત્મસાર'** પ્રબંધ ત્રીજાના ૮૭/૮૮ એમ બે શ્લોક જાણવા. તે બંને શ્લોકો આ પ્રમાણે છે.

**''इच्छा तद्वत्कथाप्रीतियुक्ताऽविपरिणामिनी ।**
**प्रवृत्तिः पालनं सम्यक्, सर्वत्रोपशमान्वितम् ॥८७॥''**

તે યોગ ધર્મવાળા મહાત્માઓની કથા પ્રત્યે અતિશય પ્રીતિથી યુક્ત એવી, તથા યોગધર્મ તરફ અભિમુખ કરનારી (પણ વિમુખ ન કરનારી) એવી જે ઇચ્છા તે ઇચ્છાયોગ કહેવાય છે. સર્વ ઠેકાણે ઉપશમથી યુક્ત એવી સમ્યગ્ પ્રકારે યોગની પાલના તે પ્રવૃત્તિયોગ કહેવાય છે.

**''सत्क्षयोपशमोत्कर्षादतिचारादिचिन्तया ।**
**रहितं तु स्थिरं सिद्धिः परेषामर्थसाधकम् ॥ ८८॥''**

મોહનીયકર્મના સમ્યગ્ એવા ક્ષયોપશમના ઉત્કર્ષથી અતિચારાદિની ચિંતાથી રહિત એવું જે અનુષ્ઠાન તે સ્થિરયોગ. તથા પરના ઉપકારને કરનારું એવું જે ધર્માનુષ્ઠાન તે સિદ્ધિયોગ કહેવાય છે. ॥૮૮॥

*उक्ता इच्छादयो भेदाः अथैतेषां हेतूनाह-*

યોગના ઈચ્છા આદિ ચારે ભેદો કહ્યા, હવે એનાં કારણો જણાવે છેઃ-

**''एए य चित्तरूवा, तहा खओवसमजोगओ हुंति ।**
**तस्स उ सद्धापीयाइ, जोगओ भव्वसत्ताणं ॥ ७॥''**

*एते च चित्ररूपास्तथा क्षयोपशमयोगतो भवन्ति ।*
*तस्य तु श्रद्धाप्रीत्यादयो योगतो भव्यसत्त्वानाम् ॥ ७॥*

**શ્લોકાર્થ :-** તેવા પ્રકારના ક્ષયોપશમના ભેદોથી ભવ્યજીવોને આ ઈચ્છાદિ યોગો અનેક ભેદવાળા હોય છે. તથા ક્ષયોપશમ વિશેષથી જ તે સ્થાનાદિયોગના શ્રદ્ધા, પ્રીતિ આદિ અનેક ભેદો થાય છે ॥૭॥

*''एए य त्ति''-एते च इच्छादयः ''चित्ररूपा'' परस्परं विजातीयाः स्वस्थाने चासङ्ख्यभेदभाजः, तस्य तु अधिकृतस्य स्थानादियोगस्यैव श्रद्धा-इदमित्थमेवेति प्रतिपत्तिः, प्रीतिः=तत्करणादौ हर्षः, आदिना धृतिधारणादिपरिग्रहस्तद्योगतः ''भव्यसत्त्वानां मोक्षगमनयोग्यानामपुनर्बन्धकादिजन्तूनां'', ''तथाक्षयोपशमयोगतः''=तत्तत्कार्यजननानुकुलविचित्रक्षयोपशमसंपत्त्या भवति इच्छायोगादिविशेषे आशयभेदाभिव्यङ्ग्यः क्षयोपशमभेदो हेतुरिति परमार्थः ।*



*अत एव यस्य यावन्मात्रः क्षयोपशमस्तस्य तावन्मात्रेच्छादिसंपत्त्या मार्गे प्रवर्तमानस्य सूक्ष्मबोधाभावेऽपि मार्गानुसारिता न व्याहन्यत इति संप्रदायः ॥ ७॥*

આ ઈચ્છાદિ ચારે યોગો ચિત્ર-વિચિત્રસ્વરૂપ છે. એટલે કે (૧) પરસ્પર હીનાધિક છે, અને તેથી (૨) પોતપોતાના સ્થાનમાં અસંખ્યભેદોને ભજવાવાળા છે.

ચારિત્રમોહનીય અને વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી આ યોગની પ્રાપ્તિ થાય છે. ઈચ્છાયોગ કરતાં પ્રવૃત્તિયોગમાં ક્ષયોપશમ વધારે હોય છે. તેવી જ રીતે ક્રમશઃ સ્થિરયોગ અને સિદ્ધિયોગમાં ક્ષયોપશમ તીવ્ર તીવ્ર હોય છે. તેના કારણે ઈચ્છાદિ આ ચારે યોગો પરસ્પર વિજાતીય એટલે કે હીનાધિક ક્ષયોપશમવાળા હોય છે. તેથી જ ચિત્ર-વિચિત્ર સ્વરૂપવાળા છે. તથા ઈચ્છા-યોગવાળા જીવોની ઈચ્છા પણ કોઈની મંદતમ, મંદતર, મંદ, મધ્યમતમ, મધ્યમતર, મધ્યમ, તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ ઈત્યાદિ અસંખ્ય ભેદવાળી હોય છે. તેથી ઈચ્છાદિ એકેક યોગો પણ પોતપોતાનામાં ક્ષયોપશમ ભેદને લીધે અસંખ્યાતભેદ યુક્ત હોય છે. આ પ્રમાણે ક્ષયોપશમની કારણતાથી ઈચ્છાદિ ચારે યોગો પણ **''ચિત્ર-સ્વરૂપવાળા''** છે એટલે કે હીનાધિક ક્ષયોપશમવાળા છે. અને તે ઈચ્છાદિ એકેક યોગમાં પણ અસંખ્યાત ભેદો છે.

ભવ્યત્માઓને એટલે કે મોક્ષગમનને યોગ્ય એવા અપુનર્બન્ધકાદિ આત્માઓને *તથા ક્ષયોપશમયોગતઃ*=તે તે ઈચ્છાદિ યોગાત્મક કાર્યને ઉત્પન્ન કરે એવા અનુકૂળ વિચિત્ર પ્રકારના ક્ષયોપશમની સંપત્તિ =પ્રાપ્તિ થવા વડે, પ્રસ્તુત એવા સ્થાનાદિયોગોની જ શ્રદ્ધા-પ્રીતિ-ધૃતિ-ધારણાદિ (આદિ શબ્દથી અનુપ્રેક્ષા અને ધ્યાન)ના યોગથી ઈચ્છાદિ યોગો તરતમતાવાળા અસંખ્ય ભેદ યુક્ત થાય છે.

આ યોગપ્રાપ્તિનો ક્ષયોપશમ ફક્ત ભવ્યજીવોને જ થાય છે. અને તે પણ અપુનર્બન્ધકાદિ વિશિષ્ટાવસ્થાને પામેલા ભવ્યાત્માઓને જ પ્રાપ્ત થાય છે. અભવ્યજીવો, અને દીર્ઘસંસારી ભવ્યજીવોને આવા ક્ષયોપશમની પ્રાપ્તિ થતી નથી. કર્મબહુલતાના કારણે આવા જીવો દ્રવ્યસંયમ પાળી ભોગવાંછાઓના કારણે ગ્રૈવેયક સુધી જાય છે. પરંતુ મોહનીયકર્મના ક્ષયોપશમજન્ય યોગદશાને પ્રાપ્ત કરતા નથી.

મોહનીયકર્મના ક્ષયોપશમથી શ્રદ્ધા-પ્રીતિ-ધૃતિ-ધારણાદિ વધે છે. અને યોગ પ્રત્યેની શ્રદ્ધા-પ્રીતિ વધવાના કારણે ક્ષયોપશમ વધે છે. જેમ જેમ વિશિષ્ટ ક્ષયોપશમ થાય છે. તેમ તેમ ઈચ્છાદિ યોગો તીવ્ર-તીવ્રપણે પ્રગટ થાય છે.

**''આ સ્વરૂપ આમ જ છે.''** એવી જિનેશ્વરપ્રભુના શાસ્ત્રાનુસારી પ્રતિપત્તિ (વિશ્વાસ) તે **શ્રદ્ધા,** યથાશક્તિ યોગસેવન કરવામાં જે હર્ષ વિશેષ તે **પ્રીતિ,** યોગસેવન કાળે વિઘ્નો આવે તો પણ ડગે નહિ, ધૈર્ય રાખે તે **ધૃતિ,** વારંવાર સેવાતા યોગના સંસ્કારો પોતાનામાં દઢીભૂત કરે તે **ધારણા,** મારામાં કેટલી યોગદશા આવી! કેટલી બાકી! કેટલી ભૂલો છે! શું સુધારવા જેવું છે! ઈત્યાદિ ચિંતન તે **અનુપ્રેક્ષા,** તે તે સ્ખલનાઓ દૂર કરી યોગદશામાં વધુ એકાગ્ર થવું તે **ધ્યાન.** ઈત્યાદિ અધિક અધિક યોગદશા આવવાના કારણથી પ્રસ્તુત સ્થાનાદિ યોગની ઈચ્છા-પ્રવૃત્તિ સ્થિરતા અને સિદ્ધિ એમ ચારે ભેદો અસંખ્યાત ભેદોવાળી અવસ્થાને પ્રાપ્ત થાય છે. એટલે કે તે સ્થાનાદિયોગના ઈચ્છા-પ્રવૃત્તિ-સ્થિરતા અને સિદ્ધિ એમ જે ચાર ચાર ભેદો છે. તે સર્વે ભેદોનું ક્ષયોપશમ વિશેષ કારણ છે. અને તરતમતા વાળો એવો તે ભિન્ન-ભિન્ન ક્ષયોપશમ જીવમાં પ્રગટ થયેલી શ્રદ્ધા આદિથી જાણવા યોગ્ય છે.

સારાંશ કે ''શ્રદ્ધાદિ આશય વિશેષોથી **અભિવ્યઙ્ગ્ય** (જણાતો) એવો ક્ષયોપશમ ભેદ એ જ ઈચ્છાદિયોગ વિશેષમાં કારણ છે'' એ પરમાર્થ=રહસ્ય છે.



**શ્રદ્ધા-પ્રીતિ** આદિ આશયવિશેષો (હૈયાના ભાવવિશેષો)થી ક્ષયોપશમનો બોધ થાય છે. અને તે ક્ષયોપશમવિશેષ જ ઈચ્છાદિ યોગોનું કારણ બને છે. શ્રદ્ધા-પ્રીતિ આદિનું જેટલું બળ વધારે તેટલો તેનાથી મોહનો ક્ષયોપશમ વધે છે. અને મોહના ક્ષયોપશમની અધિકતા પ્રમાણે ઈચ્છાદિ યોગોનું બળ વધે છે.

આ કારણથી જ જે જીવને જેટલી માત્રાવાળો ક્ષયોપશમ થાય છે તે જીવને તેટલી માત્રાવાળા ઈચ્છાદિ યોગોની પ્રાપ્તિ થવાના કારણે જૈનમાર્ગમાં પ્રવર્તતા જીવને વધારે, વિશિષ્ટ સૂક્ષ્મબોધ ન હોય તો પણ **''માર્ગાનુસારિતા''** હણાતી નથી, અર્થાત્ હોય જ છે. એમ સંપ્રદાય જણાવે છે.

પૂર્વાચાર્યોની સંપ્રદાયપરંપરા એમ જણાવે છે કે જેમ ભોગી જીવોને પોતપોતાના પ્રિય ભોગોની વાતો ગમે છે. તેમ જેને સંસારનો ઉદ્વેગ ઉત્પન્ન થયો છે, અને મોક્ષની અભિલાષા ઉત્પન્ન થઈ છે તેવા જીવોને મોક્ષના ઉપાયભૂત સ્થાનાદિ યોગો પ્રત્યે ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી તીવ્ર એવી ઈચ્છાદિ પ્રવર્તે છે. તેથી તેઓનું માર્ગાનુસારીપણું હણાતું નથી. પરંતુ ક્રમશઃ વૃદ્ધિ પામે છે.

*इच्छादीनामेव हेतुभेदमभिधाय कार्यभेदमभिधत्ते=*

ઈચ્છાયોગાદિ ચારે યોગોના શ્રદ્ધા આદિથી ગમ્ય એવા **ક્ષયોપશમરૂપ** કારણભેદો જણાવીને હવે કાર્યભેદો (ફળભેદો) જણાવે છે. ઈચ્છાદિ યોગોની પ્રાપ્તિ થવામાં કારણભૂત (પૂર્વાવસ્થાવર્તી) શ્રદ્ધાદિ ભેદોથી ગમ્ય એવો ક્ષયોપશમ ભેદ જણાવ્યો, હવે ઈચ્છાદિ યોગો પ્રાપ્ત થયા પછી તેના ફળસ્વરૂપે (ઉત્તરાવસ્થાવર્તી) જે કાર્યભેદ થાય છે તે જણાવે છે :-

**''अणुकंपा णिव्वेओ, संवेगो होइ तह य पसमु त्ति ।**
**एएसिं अणुभावा, इच्छाईणं जहासंखं ॥ ८॥''**

*(अनुकम्पा निर्वेदस्संवेगो भवति तथा च प्रशम इति ।*
*एतेषामुनभावा इच्छादीनां यथासङ्ख्यम् ॥ ८॥)*

**શ્લોકાર્થ:-** ઈચ્છાયોગાદિ આ ચારે યોગોનાં અનુક્રમે **અનુકંપા, નિર્વેદ, સંવેગ** અને વળી **પ્રશમભાવ** એ ચારે કાર્યો છે. ॥૮॥

*''**अणुकंप**'' त्ति। =''**अनुकम्पा**'' द्रव्यतो भावतश्च यथाशक्ति दु:खितदु:खपरिहारेच्छा, ''**निर्वेद**''=नैर्गुण्यपरिज्ञानेन भवचारकाद्विरक्तता, ''**संवेग:**''=मोक्षाभिलाष: तथा ''**प्रशमश्च**''=क्रोधकण्डूविषयतृष्णोपशम:, इत्येते ''**एतेषां**'' इच्छादीनां योगानां यथासङ्ख्यं ''**अनु**''=पश्चाद् भावा: अनुभावा: कार्याणि भवन्ति ।*

*यद्यपि सम्यक्त्वस्यैवैते कार्यभूतानि लिङ्गानि प्रवचने प्रसिद्धानि, तथापि योगानुभवसिद्धानां विशिष्टानामेतेषामिहेच्छायोगादिकार्यत्वम-भिधीयमानं न विरुध्यत इति द्रष्टव्यम् ।*

(૧) **અનુકંપા:-**એટલે કૃપા-દયા, તે બે પ્રકારની છે. દ્રવ્યથી અને ભાવથી પોતાની શક્તિને અનુસારે દુઃખી જીવોનાં દુઃખો દૂર કરવાની જે ઈચ્છા તે **અનુકંપા,** સંસારી જીવોનાં શારીરિક, કૌટુમ્બિક, આદિ દુઃખો દૂર કરવાની ઈચ્છા તથા તે માટેની યથાશક્ય પ્રવૃત્તિ તે **દ્રવ્યાનુકંપા** અને સંસારરૂપ બંધનમાંથી છોડાવી પરમસુખરૂપ મુક્તિપ્રાપ્તિ કેમ થાય ? તેવી ઈચ્છા તથા તે માટેની પ્રવૃત્તિ તે **ભાવાનુકંપા.**

(૨) **નિર્વેદ:-**કંટાળો-ઉદ્વેગ. આ સંસાર સર્વથા નિર્ગુણ (અસાર-તુચ્છ) છે. એમ સંસારની નિર્ગુણતા જાણવા પૂર્વક સંસારરૂપી બંદીખાનામાંથી નીકળવા માટેનો જે વૈરાગ્ય તે નિર્વેદ.

(૩) **સંવેગ:-** મોક્ષના સુખની આન્તરિક અભિલાષા તે સંવેગ. જો કે સંસારનો નિર્વેદ થવાથી મોક્ષ પ્રત્યે સંવેગ પ્રગટે જ છે. છતાં બંનેને



ભિન્ન સમજાવવાનું કારણ એ છે કે નિર્વેદમાં મુખ્યત્વે સંસારની નિર્ગુણતા ભાસે છે અને સંવેગમાં આત્માના પૂર્ણગુણાત્મક સુખની (મુક્તિની) રુચિ ભાસે છે.

(૪) **શમ:-** ક્રોધરૂપી કંડુ (ખણજ), તથા પાંચ પ્રકારનાં ઈન્દ્રિયોનાં સુખો રૂપી વિષયોની તૃષ્ણા, એ બંનેની અત્યંત ઉપશાન્તિ તે શમ. ક્રોધને ખણજની ઉપમા કેવી રીતે ઘટે? જેમ ખણજ ઉત્પન્ન થાય ત્યારે ખણવાની વૃત્તિ પેદા થાય છે. તેમ માનવી જ્યારે ગુસ્સામાં આવે છે ત્યારે સામેની વ્યક્તિને પૂર્વાપરનું બધું સંભળાવી દેવાની ખણજ જીભમાં ઉત્પન્ન થાય છે. માટે ક્રોધને ખણજ કહી છે. તથા પાંચે ઈન્દ્રિયોના વિષયોની તૃષ્ણા પણ કષાયોને વધારનારી જ છે માટે તેની ઉપશાન્તિને ઉપશમ કહેવાય છે. ક્રોધની ઉપશાન્તિના ઉપલક્ષણથી માન-માયા-લોભની ઉપશાન્તિ પણ સમજી લેવી. અનુકંપામાં પરનાં દુઃખોને દૂર કરવાની પ્રબળ ભાવના (લાગણીરૂપ) રાગકષાય, નિર્વેદમાં સાંસારિક ભાવો પ્રત્યે તિરસ્કારાત્મક દ્વેષરૂપ કષાય, અને સંવેગમાં મોક્ષ પ્રત્યેની પ્રીતિસ્વરૂપ રાગાત્મક કષાય. એમ પ્રથમના ત્રણમાં પ્રશસ્ત એવા પણ કષાયો હોય છે. જ્યારે શમભાવમાં અપ્રશસ્ત કે પ્રશસ્ત કષાયોની શાન્તિ થવારૂપ માત્ર ઉદાસીનતા પ્રબળ હોય છે. તેથી સર્વશ્રેષ્ઠ આ ગુણ છે.

આ અનુકંપાદિ ચારે ભાવો ઈચ્છાદિ ચારે યોગોનાં ક્રમશઃ અનુભાવ=પાછળ ઉત્પન્ન થનારા=અર્થાત્ કાર્યો છે. ઈચ્છાયોગમાંથી અનુકંપા, પ્રવૃત્તિયોગમાંથી નિર્વેદ, સ્થિર યોગમાંથી સંવેગ અને સિદ્ધિયોગમાંથી શમભાવ ઉત્પન્ન થાય છે. તેથી ઈચ્છાદિ યોગો કારણ છે અને અનુકંપાદિ ભાવો ઈચ્છાદિ યોગોનાં કાર્યો છે.

જો કે આ અનુકંપાદિ ચારે ભાવો જિનેશ્વર પ્રભુના પ્રવચનમાં

સમ્યક્ત્વના કાર્યભૂત એટલે કે સમ્યક્ત્વનાં લિંગો (ચિહ્નો) તરીકે કહેલાં પ્રસિદ્ધ છે. તો પણ વિશિષ્ટ એવા યોગના અનુભવથી સિદ્ધ (એટલે પરિપક્વ) થયેલા એવા આ વિશિષ્ટ અનુકંપાદિ ભાવો ઈચ્છાદિના કાર્ય તરીકે અહીં કહેવાતાં કંઇ વિરુદ્ધ નથી. અર્થાત્ યોગ્ય જ છે.

ઉપરની વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે કે-

જૈન પ્રવચનમાં શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા અને આસ્તિકતા એમ પાંચ સમ્યક્ત્વનાં લિંગો=ચિહ્નો કહ્યાં છે. જેને સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે તે જીવને શમાદિ ગુણો પ્રાપ્ત થાય છે. ''સમ્યક્ત્વ'' એ આત્માનો આન્તરિક ગુણ છે. તે સમ્યક્ત્વ પ્રગટ થયું છે. એમ શેનાથી જણાય? શમાદિ બાહ્ય લિંગોથી જણાય છે. જે જીવોમાં શમ-સંવેગાદિ ગુણો (બાહ્ય લક્ષણો) દેખાતાં હોય તો તે જીવોમાં ''સમ્યક્ત્વ'' થયેલું છે એમ અનુમાન કરાય છે. એટલે શમાદિ પાંચ લક્ષણો સમ્યક્ત્વનાં કાર્યો છે. લિંગો છે. આ ગાથામાં અનુકંપાદિ આ ચાર ગુણો ઈચ્છાદિ યોગોનાં કાર્યો કહ્યાં છે તે કેમ સંગત થાય? કારણ કે ઈચ્છાદિ યોગો દેશવિરત તથા ચારિત્રધરને હોય છે. તે આવ્યા પહેલાં ચોથે ગુણઠાણે જ સમ્યક્ત્વનાં લિંગો હોવાથી અનુકંપાદિ તો આવેલાં જ હોય છે!

આ પ્રશ્નનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે **અનુકંપાદિ કાર્યો** બે પ્રકારનાં છે (૧) સામાન્ય અને (૨) વિશેષ. જ્યારે આત્માને સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે ત્યારે સામાન્ય અનુકંપાદિ કાર્યો પ્રગટ થાય છે. અને જ્યારે દેશવિરતિ અથવા સર્વવિરતિ ચારિત્ર પ્રગટ થાય છે ત્યારે ઈચ્છાદિ યોગો અને તેના કાર્યરૂપે વિશેષ અનુકંપાદિ કાર્યો પ્રગટ થાય છે. એટલે સામાન્યાનુકંપાદિ સમ્યક્ત્વ ગુણઠાણે પ્રગટ થયેલાં હોવા છતાં પણ યોગના અનુભાવથી સિદ્ધ થયેલાં એવાં=યોગના પ્રભાવથી અતિશય પરિપક્વ બનેલાં એવાં વિશિષ્ટાનુકંપાદિ કાર્યો એ દેશ અને સર્વ ચારિત્રવાળાને પ્રગટ થાય છે. તેથી ઈચ્છાદિ યોગોનું કાર્ય છે એમ કહેવું તે પણ કંઇ વિરુદ્ધ નથી.



**પ્રશ્ન :** જો અનુકંપાદિ ભાવો ઈચ્છાદિ યોગોનાં કાર્યો હોય અને ઈચ્છાદિ યોગો અનુકંપાદિ કાર્યોમાં હેતુ (કારણ) બનતા હોય તો સમ્યગ્દૃષ્ટિ આત્માઓને ઈચ્છાદિ યોગો ન હોવા છતાં અનુકંપાદિ કાર્યો કેવી રીતે પ્રગટ થાય ?

**ઉત્તર :** સમ્યગ્દષ્ટિને નિશ્ચયનયથી ઈચ્છાદિ યોગો ભલે નથી. પરંતુ વ્યવહારનયથી તો અપુનર્બન્ધકાત્માથી પ્રારંભીને સમ્યગ્દષ્ટિ સુધીના તમામ જીવોને ઈચ્છાદિ યોગો પણ હોય જ છે. અને ઈચ્છા યોગાદિ કારણો હોવાથી અનુકંપાદિ કાર્યો પણ હોય જ છે. પરંતુ તે કાલે જીવની ભૂમિકા ચારિત્રીયા જીવોની અપેક્ષાએ સામાન્ય હોય છે. તેથી ઈચ્છાદિ યોગો રૂપ કારણ પણ સામાન્ય અને અનુકંપાદિ રૂપ કાર્યો પણ સામાન્ય હોય છે. તથા ચારિત્રીયા જીવોની ભૂમિકા વધુ શુદ્ધતર હોય છે તેથી ઈચ્છાદિ યોગો રૂપ કારણ પણ વિશિષ્ટ છે અને અનુકંપાદિ રૂપ કાર્યો પણ વિશિષ્ટ છે. એવો અર્થ જાણવો. તેથી પ્રવચનનાં વચનો સાથે આ ઉક્તિને કોઇ વિરોધ આવતો નથી. તથા નિશ્ચયનયથી અપુનર્બન્ધકથી સમ્યગ્દૃષ્ટિ સુધીના આત્માઓને ભલે ઈચ્છાદિ યોગો હોતા નથી એમ કહ્યું છે. પરંતુ યોગબીજ તો અવશ્ય હોય છે એમ કહ્યું છે. અને **યોગબીજો** એ અંશરૂપ યોગ છે. તેથી અંશરૂપ યોગ હોવાથી અનુકંપાદિ કાર્યો પણ અંશરૂપે હોઇ શકે છે. વ્યવહારનય અંશમાં અંશીનો ઉપચાર કરીને આ યોગબીજના કાળે બીજને જ પૂર્ણતાનો આરોપ કરીને ઈચ્છાદિ યોગો છે એમ કહે છે. માટે બંને નયોની અપેક્ષાએ સામાન્યથી યોગબીજો હોવાથી સામાન્ય અનુકંપાદિ કાર્ય માનવામાં કંઇ વિરોધ નથી. અને **ચારિત્રીયા** જીવોને વિશિષ્ટ-વિશિષ્ટતર ઈચ્છાદિ યોગો હોય છે માટે અનુકંપાદિ કાર્યો પણ વિશિષ્ટ-વિશિષ્ટતર હોય છે એમ જાણવું.

આ જ વાત ટીકાકારશ્રી વધુ સ્પષ્ટ કરતાં જણાવે છે કે-

*वस्तुत: केवलसम्यक्त्वलाभेऽपि व्यवहारेणेच्छादियोगप्रवृत्ते-*

*रेवानुकम्पादिभावसिद्धेः । अनुकम्पादिसामान्ये इच्छायोगादिसामान्यस्य तद्विशेषे च तद्विशेषस्य हेतुत्वमित्येव न्यायसिद्धम् ।*

*अत एव शमसंवेगनिर्वेदानुकम्पाऽऽस्तिक्यलक्षणानां सम्यक्त्व-गुणानां पश्चानुपूर्व्यैव लाभक्रमः, प्राधान्याच्चेत्थमुपन्यास इति सद्धर्म-विंशिकायां प्रतिपादितम् ॥८॥*

વાસ્તવિકપણે વિચારીએ તો ફક્ત એકલા સમ્યક્ત્વના લાભકાળે (ચોથા ગુણઠાણે) પણ વ્યવહારનયથી ઈચ્છાદિ યોગોની પ્રવૃત્તિ હોવાથી જ અનુકંપાદિ ભાવોની સિદ્ધિ પણ થાય જ છે. કારણ કે સામાન્ય એવાં અનુકંપાદિ કાર્યોમાં સામાન્ય એવા ઈચ્છાદિ યોગોનું કારણપણું જાણવું. તથા વિશેષ એવાં તે અનુકંપાદિ કાર્યોમાં વિશેષ એવાં ઈચ્છાદિ યોગોનું કારણપણું જાણવું. આ જ વાત ન્યાયયુક્ત છે.

આ કારણથી જ સમ્યક્ત્વ અને ઈચ્છા-પ્રવૃત્તિ-સ્થિરતા તથા સિદ્ધિ એમ કુલ પાંચે ગુણોના પ્રભાવથી તેઓના કાર્યરૂપે પ્રગટ થતા એવા શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા અને આસ્તિકતા એ પાંચેનો પ્રાપ્તિક્રમ પશ્ચાનુપૂર્વીએ (ઊલટા ક્રમે) થાય છે. સમ્યક્ત્વ પ્રાપ્ત થતાંની સાથે જ પ્રથમ આસ્તિકતા ગુણ પ્રગટ થાય છે. ત્યાર બાદ યોગ સેવવાની ઈચ્છા પ્રબળ બને એટલે અનુકંપા આવે છે. યોગનાં કાર્યોમાં પ્રવૃત્તિ કરે એટલે નિર્વેદ આવે છે. યોગનાં કાર્યોમાં સ્થિર થાય એટલે સંવેગ આવે છે. અને યોગમાં સિદ્ધિ પ્રાપ્ત કરે ત્યારે શમત્વ પ્રાપ્ત કરે છે. આસ્તિકતા એ સમ્યક્ત્વની સાથે અવિનાભાવી છે. અને અનુકંપાદિ ચાર ગુણો ઈચ્છાદિ ચાર યોગોની સાથે અવિનાભાવી છે.

સમ્યગ્દૃષ્ટિ જીવોને સમ્યક્ત્વની સાથે આસ્તિકતા ગુણ આવે છે. તે આવ્યા પછી જ્યારે મોક્ષના હેતુભૂત યોગસેવનની પ્રબળ ઈચ્છા થાય છે પરંતુ અંગવિકલતા આદિના કારણે યોગસેવન થઈ શકતું નથી ત્યારે પણ સંસારી જીવોનાં બાહ્ય દુઃખો ટાળવાની દ્રવ્યાનુકંપા અને સંસારથી તારવાની પરિણતિરૂપ ભાવનુકંપા એમ બે પ્રકારની અનુકંપા પ્રગટ



થાય છે. સમ્યક્ત્વની અને યોગ સેવનની ઈચ્છાની પ્રબળતા અને અભ્યાસ વધતાં યોગસેવનમાં જેમ જેમ પ્રવૃત્તિ થતી જાય છે તેમ તેમ તે પ્રવૃત્તિયોગના કારણે સંસારની અસારતા-તુચ્છતા-નિર્ગુણતા ભાસિત થાય છે. એમ પ્રવૃત્તિયોગના પ્રતાપે તેના કાર્યભૂત નિર્વેદ પ્રગટ થાય છે. ત્યારબાદ વિકાસ વધતાં વિઘ્નોની ચિંતા વિનાનું સ્થિરાનુષ્ઠાન જેમ જેમ આવે છે તેમ તેમ પ્રાપ્ત એવા સ્થિરાનુષ્ઠાનના સંવેદનથી મોક્ષાભિલાષ સ્વરૂપ સંવેગ પ્રગટ થાય છે. સ્થિરયોગની પ્રબળતા થતાં સિદ્ધિયોગ જ્યારે આવે છે ત્યારે સર્વત્ર રાગ-દ્વેષ વિનાના ઉદાસીનભાવ સ્વરૂપ શમત્વ પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન :** જો લાભક્રમની દૃષ્ટિએ પ્રથમ આસ્તિક્તા અને પછી અનુકંપા-નિર્વેદ આદિ આવતાં હોય તો પ્રથમ શમથી ક્રમ કેમ જણાવ્યો? શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિકતા એમ કેમ કહ્યાં છે?

**ઉત્તર :-** લાભક્રમની દૃષ્ટિએ પશ્ચાનુપૂર્વીએ ક્રમ હોવા છતાં પણ પ્રધાનતાની અપેક્ષાએ આ પ્રમાણે (શમત્વના પ્રારંભથી) ક્રમ જણાવ્યો છે. અર્થાત્ પાંચે ગુણોમાં **શમત્વ** ગુણ પ્રધાન છે. અને તેથી જ તે અન્તે પ્રાપ્ત થાય છે. પરંતુ પ્રધાનતાના કારણે આ રીતે ઉપન્યાસ કર્યો છે. આવું ''સદ્ધર્મવિંશિકા'' નામના ગ્રંથમાં કહ્યું છે. પાંચે ગુણોમાં સર્વશ્રેષ્ઠ શમત્વ, શેષ ચાર ગુણોમાં પ્રધાનગુણ સંવેગ, આ બે વિના શેષ ત્રણ ગુણોમાં પ્રધાનગુણ નિર્વેદ અને બાકીના બે ગુણોમાં પ્રધાનગુણ અનુકંપા છે. એમ જાણવું.

પૂજ્ય હરિભદ્રસૂરિજીકૃત **''વિંશતિવિંશિકા''**માં છઠ્ઠી **''સદ્ધર્મવિંશિકા''** છે. તેના અઢારમા શ્લોકમાં ઉપરોક્ત હકીકત કહેલી છે. તે આ પ્રમાણે :-

**''पच्छाणुपुव्विओ पुण, गुणाणमेएसिं होइ लाहकमो ।**
**पाहन्नओ उ एवं, विन्नेओ सिं उवन्नासो ॥''**

શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા અને આસ્તિકતા આ પાંચે

ગુણોનો લાભક્રમ પશ્ચાનુપૂર્વીએ જાણવો. અને તે પાંચે ગુણોનો આ ઉપન્યાસક્રમ પ્રાધાન્યતાથી કરાયેલો જાણવો.

*तदेवं हेतुभेदेनानुभावभेदेन चेच्छादिभेदविवेचनं कृतम्। तथा च स्थानादावेकैकस्मिन्निच्छादिभेदचतुष्टयसमावेशादेतद्विषया अशीतिभेदाः संपन्नाः, एतन्निवेदनपूर्वमिच्छादिभेदभिन्नानां स्थानादीनां सामान्येन योजनां शिक्षयन्नाह–*

તે આ પ્રમાણે કારણભેદોથી અને અનુભાવ (કાર્ય) ભેદોથી ઈચ્છાદિ ભેદોનું વિવેચન કરાયું, અર્થાત્ અસંખ્યાત પ્રકારના ક્ષયોપશમભેદ સ્વરૂપ કારણભેદોને લીધે ઈચ્છાદિભેદો ચિત્ર-વિચિત્ર છે એમ સમજાવ્યું. તથા ઈચ્છાદિ યોગોમાંથી અનુકંપાદિ ક્રમશઃ ચાર અનુભાવભેદો (કાર્યભેદો) પ્રગટ થાય છે એમ પણ સમજાવ્યું. ઈચ્છાદિ યોગોના પૂર્વતરવર્તી ક્ષયોપશમ ભેદ એ કારણભેદ છે. અને પશ્ચાદ્વર્તી અનુકંપાદિ ભેદો તે અનુભાવ ભેદો છે અર્થાત્ કાર્યભેદો છે. આ સઘળી વાત સમજાવી.

આ પ્રમાણે સ્થાન-ઉર્ણ-અર્થ-આલંબન અને નિરાલંબન એમ પાંચ પ્રકારના સ્થાનાદિ યોગોમાં એકેક યોગની અંદર ઈચ્છા વગેરે (ઈચ્છા-પ્રવૃત્તિ-સ્થિરતા અને સિદ્ધિ એમ) ચાર-ચાર ભેદો સંભવતા હોવાથી આ યોગવિષયક ૫×૪=૨૦ ભેદો થાય છે. સ્થાનાદિ એકેક યોગમાં પ્રથમ ઈચ્છા, પછી પ્રવૃત્તિ, પછી સ્થિરતા, અને અંતે સિદ્ધિ એમ ચારે ભેદોનો સમાવેશ હોવાથી વીસ ભેદો થાય છે.

અહીં ટીકામાં *''अशीतिभेदा''* એમ લખ્યું છે. પરંતુ *''विंशतिभेदाः''* એ પ્રમાણે પાઠ હોવો સંભવિત છે. કારણ કે સ્થાનાદિ પાંચમાં ઈચ્છાદિ ચાર ભેદો થવાથી ૫×૪=૨૦ ભેદો થાય છે. પરંતુ શ્રદ્ધાદિ પૂર્વતરવર્તી કારણભેદ કે અનુકંપાદિ પશ્ચાદ્વર્તી કાર્યભેદોનો આ ૨૦ની સાથે ગુણાકાર થતો નથી. કારણ કે પૂર્વતરવર્તી શ્રદ્ધા-પ્રીતિ-ધૃતિ-ધારણા આદિ શબ્દથી અનુપ્રેક્ષા તથા ધ્યાન એમ છ-છ



આશય ભેદો છે. વળી ક્ષયોપશમાત્મક કારણભેદ જે છે તે તરતમભાવે અસંખ્યાત ભેદાત્મક છે. માટે તેનો ગુણાકાર ૮૦ માટે સંભવતો નથી. અનુકંપાદિ (અનુકંપા-નિર્વેદ-સંવેગ-શમત્વ) ચાર ભેદો (અનુભાવભેદો-કાર્યભેદો) છે. વીસને આ ચારે ગુણવાથી એંશીનો આંક બની શકે છે. પરંતુ તે કલ્પના યોગ્ય નથી. કારણ કે ઈચ્છાયોગનું કાર્ય અનુકંપા, પ્રવૃત્તિયોગનું કાર્ય નિર્વેદ, સ્થિરતા-યોગનું કાર્ય સંવેગ, અને સિદ્ધિયોગનું કાર્ય શમત્વ, એમ એકેક યોગના એકેક કાર્યભેદો છે પરંતુ એક ઈચ્છાયોગમાં અનુકંપાદિ ચાર કાર્યો જણાવેલ નથી. તેથી *''विंशति''* પદ હોવું સંભવિત લાગે છે. (છતાં આ વિષય ઉપર વિશિષ્ટ શ્રુતજ્ઞ મહાત્માઓએ વિચાર કરવો. તત્ત્વ કેવલિગમ્ય)

મૂળ ગાથા ૮મીની ટીકાના છેલ્લા ફકરામાં *तदेवं हेतुभेदे-नानुभावभेदेन चेच्छादिभेदविवेचनं कृतम्* । જે પંક્તિ છે. તે જોતાં **શ્રદ્ધા-પ્રીતિ-ધૃતિ-ધારણા** એ સ્વરૂપ પૂર્વતરવર્તી કારણભેદ અને **અનુકંપા-નિર્વેદ-સંવેગ-શમત્વ** સ્વરૂપ પશ્ચાદ્વર્તી કાર્યભેદ સાથે સ્થાનાદિ પાંચ યોગોને ગુણતાં ૪×૫×૪=૮૦ ભેદો થાય. એવો અર્થ સંભવે છે. પરંતુ તેવા અર્થ માટે કોઈ વિશિષ્ટ પ્રમાણ પ્રાપ્ત થતું નથી. પરંતુ બાધા (વિરોધ) પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે—ઈચ્છાયોગનું કાર્ય અનુકંપા, પ્રવૃત્તિયોગનું કાર્ય નિર્વેદ, સ્થિરતા યોગનું કાર્ય સંવેગ અને સિદ્ધિયોગનું કાર્ય શમત્વ એમ જે એકેક કાર્યો કહ્યાં, તેની સાથે આ ચારનો ગુણાકાર કરતાં બાધા આવે. તેથી વિશિષ્ટ ગીતાર્થોને પૂછવું.

વળી નવમી ગાથાની ટીકામાં પણ *''अशीतिभेदो योगः''* એમ કહ્યું છે એમ બે વાર *''अशीति''* શબ્દ હોવાથી ટીકાકારશ્રી ૮૦ ભેદોવાળો જ યોગ જણાવતા હોય એમ પણ દેખાય છે.[૧]

---

**૧. ગાથા ૮ અને ગાથા ૯માં ટીકાકારશ્રીએ જે અશીતિ શબ્દનો બે વાર પ્રયોગ કર્યો છે. તે બરાબર ઉચિત જ લાગે છે. તેનું સંશોધન કરતાં પૂજ્ય ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મ. સા. કૃત જ્ઞાનસારાષ્ટક ઉપર**

કેટલાક ગીતાર્થ મહામુનિઓની પાસેથી એવો ખુલાસો મળેલ છે કે ‘‘આ જ ગ્રંથની ૧૮મી ગાથામાં આવતાં પ્રીતિ-ભક્તિ-વચન અને અસંગ એમ ચાર પ્રકારનાં અનુષ્ઠાનો ઇચ્છાદિ યોગવાળાં હોવાથી સ્થાનાદિ પાંચ યોગોને, ઇચ્છાદિ ચાર વડે, અને તેને પ્રીતિ આદિ ચાર વડે, ગુણતાં ૫×૪×૪=૮૦ ભેદો થાય છે. યોગવાળાં અનુષ્ઠાનનો વિષય હોવાથી આ અર્થ વધારે સંગત લાગે છે. વચ્ચે પ્રાસંગિક વિધિ-અવિધિની ચર્ચા આવવાથી પ્રીતિ આદિ અનુષ્ઠાનોનું વર્ણન દૂરતરવર્તી બન્યું છે.’’ એમ તે ગીતાર્થ મહાત્માઓનું કહેવું છે.

આ પ્રમાણે વિવેચન કરવાપૂર્વક ઇચ્છાદિ યોગોના ભેદોથી ભિન્ન ભિન્ન એવા સ્થાનાદિ પાંચે યોગોની સામાન્યપણે યોજના જણાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે-

**‘‘एयं ठियम्मि तत्ते, नाएण उ जोयणा इमा पयडा ।**
**चिइवंदणेण नेया, नवरं तत्तण्णुणा सम्मं ॥९॥’’**

---

**ખડતરગચ્છીય આચાર્ય મ. સા. શ્રી દીપચંદ્રસૂરિજીના શિષ્ય શ્રી દેવચંદ્રસૂરિજી વડે કરાયેલી જ્ઞાનમંજરીની ટીકામાં ૨૭મા યોગાષ્ટકની છટ્ઠી ગાથાના અંતે અને સાતમી ગાથાના અવતરણમાં નીચે મુજબ સ્પષ્ટ પાઠ મળે છે. તે પાઠ આ પ્રમાણે–**

**एकाग्रयोगस्यैवापरनाम अनालंबन योग इति, एवं स्थानाद्याः पञ्च इच्छादेर्गुणिता विंशतिर्भवन्ति,**

**ते च प्रत्येकमनुष्ठानचतुष्कयोजिता अशीतिप्रकारा भवन्ति, तत्स्वरूपनिरूपणायोपदिशति—**

**સ્થાનાદિ પાંચ યોગોને ઇચ્છાદિ ચારવડે ગુણતાં ૨૦ થાય છે. અને તે ૨૦ ભેદો પ્રીતિ-ભક્તિ-વચન અને અસંગ એમ ચાર પ્રકારના અનુષ્ઠાનો વડે ગુણતાં ૮૦ ભેદો થાય છે. આવા પ્રકારનો સંસ્કૃત પાઠ બરાબર મળે છે.**

---



*(एवं स्थिते तत्त्वे, ज्ञातेन तु योजनेयं प्रकटा ।*
*चैत्यवन्दनेन ज्ञेया, नवरं तत्त्वज्ञेन सम्यक् ॥ ९ ॥)*

**શ્લોકાર્થ** :- આ પ્રમાણે યોગનું તત્ત્વ (સ્વરૂપ) હોતે છતે તત્ત્વજ્ઞ એવા આત્માઓએ ચૈત્યવંદનના દૃષ્ટાંતથી પ્રગટ એવી આ યોગની યોજના સમ્યગ્પ્રકારે જાણવી જોઇએ. ॥૯॥

*‘‘एयं’’ इत्यादि । एवं अमुना प्रकारेणेच्छादिप्रतिभेदैरशीतिभेदो योग:, सामान्यतस्तु स्थानादि: पञ्चभेद इति, ‘‘तत्त्वे’’=योगतत्त्वे ‘‘स्थिते’’=व्यवस्थिते ‘‘ज्ञातेन तु’’=दृष्टान्तेन तु चैत्यवन्दनेन इयं ‘‘प्रकटा’’ क्रियाभ्यासपरजनप्रत्यक्षविषया ‘‘योजना’’ प्रतिनियतविषयव्यवस्थापना, ‘‘नवरं’’= केवलं तत्त्वज्ञेन ‘‘सम्यग्’’ अवैपरीत्येन ज्ञेया ॥*

આ પ્રકારે ઇચ્છાદિ ભેદ-પ્રતિભેદો વડે યોગ અનેક ભેદવાળો અર્થાત્ ૮૦ ભેદવાળો છે. પરંતુ સામાન્યથી મૂળભેદે સ્થાનાદિ પાંચ ભેદવાળો છે એમ જાણવું. આ રીતે યોગતત્ત્વ (યોગનું સ્વરૂપ) વ્યવસ્થિત થયે છતે ચૈત્યવંદનના દૃષ્ટાંત વડે ક્રિયાનુષ્ઠાનના અભ્યાસમાં તત્પર એવા અન્ય મનુષ્યોના પ્રત્યક્ષવિષયરૂપ પ્રગટ એવી આ યોજના (પ્રતિનિયત એવા વિષયની વ્યવસ્થાસ્વરૂપ આ યોજના) જાણવા જેવી છે. પરંતુ આ યોજના તત્ત્વજ્ઞ પુરુષો વડે જ (યોગના સ્વરૂપને યથાર્થ જાણનારાઓ વડે જ) સમ્યગ્પ્રકારે (અવિપરીતપણે) જાણી શકાય તેમ છે.

તાત્પર્યાર્થ એ છે કે યોગના ભેદો ઘણા હોવા છતાં મુખ્યત્વે સ્થાનાદિ પાંચ ભેદો છે. તથા ઇચ્છાદિ પેટાભેદો દ્વારા ૮૦ થાય છે. અને **‘અરિહંત ચેઇઆણં’** સૂત્રમાં આવતા ચૈત્યવંદનના દૃષ્ટાંતથી તે સઘળી યોગની યોજના જાણવા જેવી છે. જે ૧૦/૧૧મી ગાથામાં સમજાવાશે. પરંતુ આ યોજના માત્ર તત્ત્વજ્ઞ (યોગના વિષયમાં અનુભવી) જીવોવડે જ જાણી શકાય તેવી છે. ધાર્મિક ક્રિયાનુષ્ઠાનના અભ્યાસમાં રક્ત બનીને ક્રિયા કરતા એવા જીવોમાં સાક્ષાત્ દેખાતી એવી આ યોજના છે. ‘‘યોજના એટલે પ્રતિનિયતવિષયવ્યવસ્થા,’’ તે જણાવે છે :-

---

*तामेव आह :* તે યોજનાને જ જણાવે છે :-

**''अरिहंतचेइयाणं, करेमि उस्सग्ग एवमाइयं ।**
**सद्धाजुत्तस्स तहा, होइ जहत्थं पयन्नाणं ॥१०॥''**

*अर्हच्चैत्यानां करोम्युत्सगमेवमादिकम् ।*
*श्रद्धायुक्तस्य तथा, भवति यथार्थं पदज्ञानम् ॥१०॥*

**શ્લોકાર્થઃ**-''અરિહંત ચેઈયાણં કરેમિ કાઉસ્સગ્ગં'' (અરિહંત ભગવંતોના ચૈત્યોની આરાધના માટે હું કાઉસ્સગ્ગ કરું છું.) વગેરે પદોનું યથાર્થ જ્ઞાન શ્રદ્ધાયુક્ત એવા આત્માને થાય છે. ॥૧૦॥

*''अरिहंत'' इत्यादि। ''अरिहंत चेइयाणं करेमि काउस्सग्गं'' एवमादि चैत्यवन्दनदण्डकविषयं ''श्रद्धायुक्तस्य''=क्रियास्तिक्यवतः ''तथा'' तेन प्रकारेणोच्चार्यमाणस्वरसंपन्मात्रादिशुद्धस्फुटवर्णानुपूर्वीलक्षणेन ''यथार्थं''=अभ्रान्तं पदज्ञानं भवति, परिशुद्धपदोच्चारे दोषाभावे सति परिशुद्धपदज्ञानस्य श्रावणसामग्री मात्राधीनत्वादिति भावः ॥१०॥*

**''અરિહંત ચેઈયાણં કરેમિ કાઉસ્સગ્ગં''** ઈત્યાદિ સૂત્રો કે જે ચૈત્યવંદનમાં બોલાય છે તે (૫) દંડકસૂત્રો કહેવાય છે. (૧) **શક્રસ્તવ**=નમુત્થુણં, (૨) **ચૈત્યસ્તવ**=અરિહંત ચેઈયાણં, (૩) **નામસ્તવ**=લોગસ્સ, (૪) **શ્રુતસ્તવ**=પુક્ખરવરદી, (૫) **સિદ્ધસ્તવ**= સિદ્ધાણં બુદ્ધાણં આ પાંચ દેવવંદનના મુખ્યાધારભૂત સૂત્રો હોવાથી અને થાંભલાની જેમ લાંબા લાંબાં હોવાથી દંડની (લાકડીની) જેવાં લાંબાં તથા આધારભૂત જે સૂત્રો તે **દંડક-સૂત્રો** કહેવાય છે.

અત્યંત શ્રદ્ધાવાળા તથા ધાર્મિક ક્રિયાનુષ્ઠાનોની અતિશય રસિકતા પૂર્વક અનુભવ યુક્ત **શ્રદ્ધાવાળા** આત્માને તેવી તેવી ઢબે ઉચ્ચારણ કરાતા હ્રસ્વ-દીર્ઘ સ્વર, સંપદા, માત્રા, પદો, સંયુક્ત તથા અસંયુક્ત વ્યંજનો વગેરેનું અતિશય શુદ્ધ અને સ્પષ્ટ ક્રમશઃ વર્ણોનું ઉચ્ચારણ કરતાં ચોક્કસ યથાર્થ (ભ્રમ વિનાનું) પદોનું સાચું જ્ઞાન થાય છે.



તાત્પર્ય એ છે કે અરિહંત ચેઇઆણં વગેરે ચૈત્યવંદનનાં સૂત્રો બોલવાપૂર્વક ધર્મક્રિયા કરતાં હૈયાની અતિશય શ્રદ્ધા હોવાથી, તથા શક્ય એવો ક્રિયાયોગ જીવનમાં વ્યાપ્ત હોવાથી શાસ્ત્રોક્ત વિધિપૂર્વક ઉચ્ચારણ કરાતાં, હ્રસ્વ-દીર્ઘ-સંપદા-માત્રા, જોડાક્ષર, લઘુ અક્ષર વગેરેનું સંપૂર્ણ ધ્યાન રાખવા પૂર્વક ક્રમશઃ બોલાતા વર્ણોથી યથાર્થ **''પદજ્ઞાન''** થાય છે. સૂત્રોનો સ્પષ્ટ મુખપાઠ થાય છે. અશુદ્ધિ હોતી નથી, સૂત્રો બોલતાં ઉપયોગવાળું પદજ્ઞાન વર્તે છે. એકાગ્રતા, તન્મયતા વ્યાપે છે. આ જ અનુષ્ઠાન મુક્તિપ્રાપક છે એમ જણાય છે.

આવું શુદ્ધ પદોચ્ચારણ કરાયે છતે દોષોનો અભાવ હોતે છતે શુદ્ધ પદજ્ઞાન થાય છે. કોઈ વક્તા શુદ્ધ પદોચ્ચારણ કરતો હોય, પરંતુ શ્રોતા શ્રોત્રેન્દ્રિયની ખામીવાળો હોય, અથવા ઉપયોગ-શૂન્ય હોય. અથવા સાંભળવામાં ઘોંઘાટ આદિ કોઈ વ્યાઘાત હોય તો પરિશુદ્ધ પદજ્ઞાન (શુદ્ધ શબ્દોનું જ્ઞાન) થતું નથી. પરંતુ (૧) શ્રોત્રેન્દ્રિયની ખામી, ઉપયોગશૂન્યતા તથા ઘોંઘાટાદિ દોષોનો જો અભાવ હોય તો વક્તાના ઉચ્ચારણથી શ્રોતાને યથાર્થ પદજ્ઞાન અવશ્ય થાય છે. કારણ કે પરિશુદ્ધ પદજ્ઞાન તે માત્ર ''શ્રવણ'' સામગ્રીને જ આધીન છે. એટલે કે સૂત્રોના શુદ્ધ મુખપાઠના શ્રવણની પ્રાપ્તિ થવામાં (૧) **શ્રોત્રેન્દ્રિયની નિર્મળતા, ઉપયોગયુક્તતા,** અને **વ્યાઘાત રહિતતા** ઈત્યાદિ શ્રવણ (કાન) સંબંધી સામગ્રી જ કારણ છે. માટે શ્રદ્ધાયુક્ત, ક્રિયારુચિવાળા આત્માને શ્રવણસામગ્રીથી યથાર્થ પદોચ્ચારણ દ્વારા યથાર્થ પદજ્ઞાન થાય છે.

**''एयं चात्थालंबण, जोगवओ पायमविवरीयं तु ।**
**इयरेसिं ठाणाइसु, जत्तपराणं परं सेयं ॥११॥''**

*(एतच्चार्थालम्बनं योगवतः प्रायमविपरीतं तु ।*
*इतरेषां स्थानादिषु यत्नवतां परं श्रेयः ॥११॥)*

**શ્લોકાર્થઃ**- અર્થયોગ અને આલંબનયોગવાળાને આ પદજ્ઞાન

પ્રાયઃ અવિપરીત (એટલે યથાર્થ) એવા મોક્ષફળને શીઘ્ર આપનારું બને છે. અને સ્થાનાદિ (સ્થાન-ઉર્ણયોગ)માં યત્નપરાયણ એવા ઇતર જીવોને આ પદજ્ઞાન (પરંપરાએ) પરમ શ્રેયઃરૂપ (કલ્યાણનું કારણ) બને છે. ॥૧૧॥

*''एयं च त्ति'' ''एतच्च''=परिशुद्धं चैत्यवन्दनदण्डकपदपरिज्ञानम्, ''अर्थः''=उपदेशपदप्रसिद्धपदवाक्यमहावाक्यैदंपर्यार्थपरिशुद्धज्ञानम्, आलम्बनं च प्रथमे दण्डकेऽधिकृततीर्थकृद्, द्वितीये सर्वे तीर्थकृतः, तृतीये प्रवचनम्, चतुर्थे सम्यग्दृष्टिः शासनाधिष्ठायक इत्यादि, तद्योगवतः-तत्प्रणिधानवतः ''प्रायः'' बाहुल्येन ''अविपरीतं तु'' अभीप्सितपरमफल-सम्पादकमेव अर्थालम्बनयोगयोर्ज्ञानयोगतयोपयोगरूपत्वात् ।*

*तत्सहितस्य चैत्यवन्दनस्य भावचैत्यवन्दनत्वसिद्धेः, भावचैत्य-वन्दनस्य चामृतानुष्ठानरूपत्वेनावश्यं निर्वाणफलत्वादिति भावः।*

''અરિહંત ચેઈયાણં'' ઇત્યાદિ ચૈત્યવંદનનાં સૂત્રો બોલનારા જીવો બે પ્રકારના હોય છે. (૧) કેટલાક આત્માઓ સ્થાન અને ઉર્ણયોગ દ્વારા સૂત્રો સ્પષ્ટ-શુદ્ધ-વર્ણ-પદ-માત્રાદિવાળાં વ્યવસ્થિત કંઠસ્થ કરી, તેના સ્થૂલ અને સૂક્ષ્મ અર્થોનો વ્યવસ્થિત અભ્યાસ કરી ચૈત્યવંદનાદિ ધર્મક્રિયા કરતાં પ્રતિમાદિની સામે એકાકાર બની આલંબનયોગ સાધ્યો છે જેણે તેવા અર્થાત્ અર્થયોગ અને આલંબનયોગની નિપુણતાવાળા હોય છે તથા (૨) કેટલાક આત્માઓ ફક્ત સ્થાનયોગ અને ઉર્ણયોગ દ્વારા સૂત્રોનું શુદ્ધ-સ્પષ્ટ ઉચ્ચારણ કરવાપૂર્વક મુખપાઠ કરી, અમારામાં અર્થયોગ અને આલંબનયોગ ક્યારે આવે તેની પરમસ્પૃહાવાળા હોય છે. ત્યાં આદિમાં પ્રથમ પ્રકારના જીવોને આશ્રયી સમજાવે છે કે :-

અત્યંત શુદ્ધ એવા આ ચૈત્યવંદન નામના દંડક સૂત્રોનું પદ-જ્ઞાન અર્થ અને આલંબન એમ બે યોગવાળાને ઘણું કરીને ઇષ્ટ એવા (મોક્ષરૂપ) પરમપદાત્મક ફળનું સંપાદક જ બને છે.



ઉપદેશપદ નામના ગ્રંથમાં પ્રસિદ્ધ એવાં પદોનો, વાક્યોનો મહાવાક્યોનો જે જે ઐદંપર્યાર્થ હોય, સૂત્રગત તમામ પદો અને વાક્યોનો જે જે સૂક્ષ્માર્થ-ગૂઢાર્થ હોય, તેવા ગૂઢાર્થનું જે જ્ઞાન તે **અર્થયોગ** કહેવાય છે. તથા ચૈત્યવંદનનાં સૂત્રોમાં આવતા તીર્થંકર-પરમાત્માને નમસ્કારાદિનું આલંબન લેવું, તેમાં એકમેક થવું, તન્મય=એકાગ્ર બની જવું. જેમકે પ્રથમ દંડકમાં (પ્રથમ સ્તુતિ વખતે) વિવક્ષિત એક (અથવા પાંચ) તીર્થંકર પરમાત્માનું, બીજા લોગસ્સ દંડકમાં (બીજી સ્તુતિ વખતે) સર્વે તીર્થંકર પરમાત્માનું, ત્રીજા પુક્ખરવરદી-વઢ્ઢે દંડકમાં (ત્રીજી સ્તુતિ વખતે) તીર્થંકર પરમાત્માના પ્રવચનનું, અને ચોથા સિદ્ધાણં બુદ્ધાણં દંડકમાં (ચોથી સ્તુતિ વખતે) શાસનના અધિષ્ઠાયક સમ્યગ્દૃષ્ટિ દેવોનું જે આલબંન, તે **આલંબનયોગ** કહેવાય છે.

આ પ્રમાણે અર્થ અને આલંબન એમ તે બન્ને યોગવાળાને એટલે કે તે બન્ને યોગમાં એકાગ્રતા-ઓતપ્રોતતા પામેલા મહાત્માને આ અનુષ્ઠાન ઘણું કરીને અવિપરીત બને છે અર્થાત્ ઇષ્ટફળ જે પરમપદ (મોક્ષ) છે. તે રૂપ ફળનું શીઘ્ર સંપાદક જ બને છે. કારણ કે અર્થયોગ અને આલંબનયોગ એ જ્ઞાનયોગ છે. અને જ્ઞાનયોગ એ ઉપયોગસ્વરૂપ છે. જ્યારે આત્મા અર્થ અને આલંબનયોગ દ્વારા સૂત્રોમાં જ્ઞાનમય બને છે. અને તેથી ઉપયોગાત્મક (ભાવરૂપે) પરિણામ પામે છે ત્યારે તે અનુષ્ઠાન ઉપયોગપૂર્વકનું હોવાથી અવશ્ય પરમપદના ફળનું શીઘ્ર પ્રાપક જ બને છે, કારણ કે તે ઉપયોગ સહિત કરાયેલું ચૈત્યવંદન જ ભાવચૈત્યવંદનાને પામે છે. અને ભાવચૈત્યવંદન અમૃતાનુષ્ઠાન સ્વરૂપ હોવાથી અવશ્ય શીઘ્ર નિર્વાણદાયક બને છે.

*प्रायोग्रहणं सापाययोगवद्व्यावृत्त्यर्थम् । द्विविधो हि योगः= सापायो निरपायश्च, तत्र निरुपक्रममोक्षपथप्रतिकूलचित्तवृद्धिकारणं प्राक्कालार्जितं कर्म अपायस्तत्सहितो योगः सापायः तद्रहितस्तु निरपाय इति । तथा च सापायार्थालम्बनयोगवतः कदाचित्फलविलम्बसम्भवेऽपि*

*निरपायतद्‌वतोऽविलम्बेन फलोत्पत्तौ न व्यभिचार इति प्रायोग्रहणार्थः ।*

"અર્થયોગ અને આલંબનયોગવાળા મહાત્માઓને પરિશુદ્ધ એવું આ પદજ્ઞાન પ્રાયઃ અવિપરીત (અભીપ્સિત) ફળદાયક થાય છે" આ પ્રમાણે-૧૧મી મૂળ ગાથામાં જે કહ્યું. તેમાં જે "પ્રાયઃ" શબ્દનું ગ્રહણ કરેલ છે. તે સાપાય યોગવાળા જીવોની વ્યાવૃત્તિ માટે છે.

**પ્રશ્ન :** સાપાય યોગ એટલે શું?

**ઉત્તર :-** યોગ બે પ્રકારનો છે. (૧) સાપાય અને (૨) નિરપાય, આત્માએ બાંધેલું જે કર્મ જ્ઞાનાદિ ગુણોની આરાધના કરવા છતાં તોડી ન શકાય, અર્થાત્ ભોગવવું જ પડે. એવા (ચીકણા) કર્મને જૈનશાસ્ત્રોમાં નિકાચિત અથવા નિરુપક્રમ કર્મ કહેવાય છે. આવા નિરુપક્રમ મોહનીયકર્મના ઉદયને લીધે આત્માની ચિત્તવૃત્તિ (માનસિક પરિણતિ) સાંસારિક ભોગસુખો તરફ વૃદ્ધિ પામતી હોવાથી મોક્ષમાર્ગની પ્રતિકુલ કહેવાય છે. તેમાં પૂર્વકાળમાં બાંધેલું (અને હાલ ઉદયમાં આવેલું) તીવ્ર મોહનીયકર્મ કારણ કહેવાય છે. એ મોહનીયકર્મનો ઉદય એ જ **"અપાય"** છે. તે અપાય સહિત જે યોગ તે સાપાય યોગ, અને તે અપાયરહિત જે યોગ તે નિરપાય યોગ કહેવાય છે. સારાંશ કે મોક્ષમાર્ગ સાધવામાં પ્રતિકૂલ બને એવી (સંસારાભિમુખ) ચિત્તવૃત્તિ થવામાં કારણભૂત એવા પૂર્વબદ્ધ કર્મનો જે ઉદય, તેવા નિરુપક્રમ કર્મના ઉદયવાળો જે યોગ તે સાપાય યોગ અને તેવા પ્રકારના કર્મોદય રહિત જે યોગ તે નિરપાયયોગ કહેવાય છે.

સંસ્કૃત ટીકાના પાઠમાં *"तत्र निरुपक्रममोक्षपथप्रतिकूल-चित्तवृद्धिकारणं"* એવો જે પાઠ છે. તેમાં *वृद्धि* શબ્દને બદલે *वृत्ति* શબ્દ હોવાનો સંભવ લાગે છે. તથા *निरुपक्रम* શબ્દને બદલે *निरुपक्रमं* હોય તો આગળ આવતા *प्राक्कालार्जितं कर्म* શબ્દનું સારી રીતે વિશેષણ થઈ શકે છે અને જો *निरुपक्रम* એવો સમાસ યુક્ત



જ શબ્દ રાખીએ તો *"निरुपक्रमं च तद् मोक्षपथप्रतिकूलचित्त-वृत्तिकारणं च"* એવો વિગ્રહ કરી પહેલા પદને બીજા પદનું વિશેષણ બનાવી કર્મધારય સમાસ કરી આખુ સામાસિક પદ *प्राक्कालार्जितं* શબ્દનું વિશેષણ કરવું.

મહાત્મા પુરુષોનો આત્મપરિણામ (ચિત્તવૃત્તિ)અર્થયોગ અને આલંબનયોગને પ્રાપ્ત કરવા છતાં પૂર્વબદ્ધ નિરુપક્રમ કર્મના વિપાકોદયથી મોક્ષમાર્ગ તરફ જવાને બદલે પ્રતિકૂલ માર્ગ તરફ (સંસાર તરફ) પણ હોય છે. આવી મોહમયી ચિત્તવૃત્તિની વૃદ્ધિ થવામાં કારણ મોહનીયકર્મના વિપાકો બને છે. તેથી તેવા આત્માઓનું પતન થાય છે. પતનના કારણે મોક્ષપ્રાપ્તિરૂપ ફળમાં વિલંબ થાય છે. પરંતુ જે મહાત્માઓનું પૂર્વબદ્ધ કર્મ સોપક્રમ છે, જ્ઞાન-દર્શન-ચારિત્રાદિની આરાધના વડે તૂટી શકે તેવું છે. તેવા મહાત્માઓને આ યોગકાળે તે કર્મ અપાય રૂપ બનતું નથી. જેથી મોક્ષપ્રાપ્તિમાં વિલંબ થતો નથી. કારણ કે આરાધનાના બળે અને યોગસામર્થ્યના જોરે સોપક્રમી કર્મ તૂટીને પ્રદેશોદયથી ભોગવાઇ નિર્જરી જાય છે. તેથી તે કાળના યોગને નિરપાયયોગ કહેવાય છે. નિરપાયયોગ તાત્કાલિક મોક્ષફલ આપે છે. પરંતુ સાપાયયોગમાં ફળપ્રાપ્તિની બાબતમાં વિલંબ થાય છે. તેથી સાપાયયોગના વ્યવચ્છેદ માટે મૂળસૂત્રમાં **"પ્રાયઃ"** શબ્દ લખ્યો છે.

સાપાયયોગવાળા કોઈ જીવો તીવ્ર મોહનીયકર્મના ઉદયના કારણે યોગમાર્ગથી પતિત થઈને પુનઃ તે જ ભવમાં નિરપાય યોગ પ્રાપ્ત કરી મોક્ષફળને પ્રાપ્ત પણ કરે છે, જેમ કે નંદિષેણમુનિ સર્વવિરતિધર થઇ પતન પામી પુનઃ સંયમી બની આત્મકલ્યાણસાધક બન્યા. કોઈ જીવો યોગમાર્ગથી પતિત થઇ ઘણા ભવો સંસારમાં રખડી દીર્ઘકાલે નિરપાયયોગવાળા બની આત્મકલ્યાણ-સાધક પણ બને છે. જેમ કે-મરીચિનો જીવ ઋષભદેવ પ્રભુનો યોગ પામી

સંયમાદિ પામ્યો. છતાં મોહના ઉદયથી પતન પામી ઉત્સૂત્રપ્રરૂપણા કરી ચીકણાં કર્મ બાંધી અને કુલમદ કરવા દ્વારા નીચગોત્ર બાંધી ઘણા ભવ રખડી અંતે તીર્થંકર થઇ આત્મકલ્યાણસાધક બન્યા. તથા કોઇ જીવો નિરપાય યોગવાળા હોવા છતાં મોક્ષે જવાની ભવિતવ્યતા કંઇક દૂર હોવાથી સંસારમાં થોડા ભવો કરવા છતાં મોક્ષ માર્ગ તરફનું પ્રયાણ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે. જેમ ગુણસેન અને મયણાસુંદરી વગેરે.

આ પ્રમાણે સાપાય એવા અર્થ અને આલંબનયોગવાળાને કોઇક વખત મોક્ષપ્રાપ્તિરૂપ ફળપ્રાપ્તિનો વિલંબ હોવા છતાં પણ નિરપાય એવા તે (અર્થ અને આલંબન) યોગવાળાને તો વિના વિલંબે ફલોત્પત્તિ થવામાં વ્યભિચાર નથી. તેથી મૂળગાથામાં સાપાય યોગવાળાના વ્યચ્છેદ માટે પ્રાયઃ શબ્દ ગ્રહણ કર્યો છે. એમ જાણવું.

*''इतरेषां''=अर्थालम्बनयोगाभाववतामेतच्चैत्यवन्दनसूत्रपदपरिज्ञानं ''स्थानादिषु यत्नवतां''=गुरूपदेशानुसारेण विशुद्धस्थानवर्णोद्यमपरा-यणानामर्थालम्बनयोगयोश्च तीव्रस्पृहावतां परं=केवलं श्रेयः, अर्थालम्बन-योगाभावे वाचनायां प्रच्छनायां परावर्तनायां वा तत्पदपरिज्ञानस्यानु-प्रेक्षाऽसंवलितत्वेन ''अनुपयोगो द्रव्यम्''=इति कृत्वा द्रव्यचैत्य-वन्दनरूप-त्वेऽपि स्थानोर्णयोगयत्नातिशयादर्थालम्बनस्पृहालुतया च तद्धे-त्वनुष्ठान-रूपतया भावचैत्यवन्दनद्वारा परम्परया स्वफलसाधकत्वादिति भावः ॥११॥*

અર્થયોગ અને આલંબનયોગ જેમને પ્રાપ્ત નથી થયો એવા અને માત્ર સ્થાન તથા ઉર્ણયોગવર્તી જે જીવો છે. તે પ્રથમ કહેલા જીવોથી ઇતર સમજવા.

અર્થ અને આલંબનયોગના અભાવવાળા એવા અન્ય આત્માઓને આ ચૈત્યવંદનસૂત્રોનું પદજ્ઞાન પણ પરમ કલ્યાણ કરનાર બને છે. કારણ કે ગુરુભગવંતોના ઉપદેશને અનુસારે સ્થાનાદિ (સ્થાન



અને ઉર્ણ) યોગોમાં તેઓ પૂરેપૂરા યથાર્થ પ્રયત્નવાળા છે તથા નિર્મળ (વિશુદ્ધ) આસન અને શુદ્ધ વર્ણોચ્ચારનો ઉદ્યમ કરવામાં પરાયણ છે. તથા મારામાં અર્થયોગ અને આલંબનયોગ ક્યારે આવે? એવી અર્થ-યોગ અને આલંબનયોગની તીવ્ર સ્પૃહાવાળા આ મહાત્માઓ છે. તે મહાત્માઓને પ્રથમના બે યોગ માત્ર હોવા છતાં વિશુદ્ધ એવું સૂત્રોનું પદજ્ઞાન પણ છે. અને તે સ્થાનયોગ તથા ઉર્ણયોગ જ આ મહાત્માઓનું પરમ કલ્યાણ કરનાર બને છે.

અર્થજ્ઞાન ન હોવાથી જ્ઞાનયોગ નથી. એટલે ચૈત્યવંદનાદિ સૂત્રોનું ઉચ્ચારણ કરતાં અર્થરમણતા, એકાગ્રતા, ઉપયોગશીલતા આ જીવોને નથી. માટે જ અર્થયોગ અને આલંબનયોગના અભાવમાં પણ ચૈત્યવંદનાદિ સૂત્રોની વાચના લેવામાં, પૃચ્છના કરવામાં અને વારંવાર તે તે મૂળ સૂત્રોનું ઉચ્ચારણ કરવારૂપ પરાવર્તના કરવામાં વર્તતું સૂત્રોનાં પદોનું જ્ઞાન અનુપ્રેક્ષા (ભાવના-ઉપયોગમયતા) રહિત હોવાથી *''अनुपयोगो द्रव्यम्''* એ ન્યાયે આ ચૈત્યવંદનક્રિયા દ્રવ્યચૈત્યવંદનસ્વરૂપ હોવા છતાં પણ પોતાને પ્રાપ્ત થયેલ સ્થાનયોગ અને ઉર્ણયોગમાં અતિશય પ્રયત્ન વિશેષ હોવાથી અને અર્થયોગ તથા આલંબનયોગની સતત તીવ્ર સ્પૃહાલુતા હોવાથી આ ધર્માનુષ્ઠાન તદ્ધેતુ અનુષ્ઠાન કહેવાય છે. એટલે પરંપરાએ પણ-(દીર્ઘકાળે પણ) મોક્ષફળદાયક બને છે.

અર્થયોગ અને આલંબનયોગ એ જ્ઞાનયોગ હોવાથી ઉપયોગ-પૂર્વકની ક્રિયા હોવાથી ભાવચૈત્યવંદનસ્વરૂપે હોવાથી **અમૃતાનુષ્ઠાન** બનવાના કારણે અનંતરપણે પરમકલ્યાણ (મોક્ષફળ)ને આપનાર બને છે. અને અર્થ તથા આલંબનયોગ રહિત માત્ર સ્થાન-ઉર્ણયોગ-વાળાઓની ધર્મક્રિયા એ ક્રિયાયોગ માત્ર હોવાથી **તદ્ધેતુ અનુષ્ઠાન** બનવાના- કારણે કાળાન્તરે ભાવચૈત્યવંદન થવા દ્વારા પરંપરાએ સ્વફળસાધક (મોક્ષફળસાધક) બને છે.

અમૃતાનુષ્ઠાન અનંતરપણે મોક્ષફલદાયક બને છે. અને તદ્ધેતુ

અનુષ્ઠાન પરંપરાએ મોક્ષફળદાયક બને છે. પ્રથમના ચારે યોગવાળાનું અનુષ્ઠાન અર્થયોગ અને આલંબન યોગ આવવાથી જ્ઞાનયોગમય બનવાથી ભાવચૈત્યવંદનરૂપ છે તેથી અમૃતાનુષ્ઠાન બને છે. અને માત્ર પ્રથમના બે યોગવાળા આત્માઓ પાછળના બે યોગની સ્પૃહાવાળા હોવા છતાં જ્ઞાનયોગ ન હોવાથી દ્રવ્યક્રિયાસ્વરૂપ હોવાથી ભાવક્રિયાનો હેતુ હોવાથી **તદ્ધેતુ અનુષ્ઠાન** બને છે. જે પરંપરાએ મોક્ષફળદાયક બને છે.

સારાંશ કે અમૃતાનુષ્ઠાન તાત્કાલિક ફળદાયક બને છે અને તદ્ધેતુ અનુષ્ઠાન પરંપરાએ ફળદાયક બને છે.

*"स्थानादियत्नाभावे च तच्चैत्यवन्दनानुष्ठानमप्राधान्यरूपद्रव्यतामास्कन्दन्निष्फलं वा स्यादिति लेशतोऽपि स्थानादियोगाभाववन्तो नैतत्प्रदानयोग्या इत्युपदिशन्नाह-"*

જે આત્માઓમાં અર્થયોગ અને આલંબનયોગરૂપ જ્ઞાનયોગ તો નથી પરંતુ સ્થાનાદિ યોગોનો પણ પ્રયત્નવિશેષ નથી. તેવા આત્માઓનું ચૈત્યવંદનાદિસૂત્રોનું અનુષ્ઠાન અત્યન્ત અપ્રધાનરૂપ= અસારરૂપ =(તુચ્છરૂપ) બને છે. અર્થાત્ અસાર બન્યું છતું નિષ્ફળ જ થાય છે. માટે લેશથી પણ સ્થાનાદિ યોગો જેનામાં નથી તેવા આત્માઓ આ ચૈત્યવંદનાદિ સૂત્રો આપવાને માટે-ભણાવવા માટે અયોગ્ય છે. એમ ઉપદેશ આપતાં ગ્રંથકારશ્રી જણાવે છે કેઃ-

**"इहरा उ कायवासिय-पायं अहवा महामुसावाओ ।**
**ता अणुरूवाणं चिय, कायव्वो एयविन्नासो ॥ १२ ॥"**

*(इतरथा तु कायवासित (चेष्टित) प्रायमथवा महामृषावादः ।*
*तस्मादनुरूपाणामेव, कर्तव्य एतद्विन्यासः ॥ १२॥)*

**શ્લોકાર્થઃ**- (સ્થાનાદિ કોઈપણ યોગ જેમાં નથી એવા)



ઈતર જીવોનું આ ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન કાયવાસિત પ્રાયઃ (માત્ર કાયાથી જ કરાયેલી તુચ્છ ક્રિયારૂપ તે કાયવાસિત, તે રૂપ પ્રાયઃ) સમજવું. અથવા તેમાં મહામૃષાવાદ દોષ લાગે છે એમ જાણવું. તેથી અનુરૂપ (યોગ્ય) જીવોને જ આ ચૈત્યવંદનસૂત્રનો ન્યાસ (પાઠદાન) કરવું. ॥૧૨॥

*"इहरा उ त्ति" । "इतरथा तु"=अर्थालम्बनयोगाभाववतां स्थानादियत्नाभावे तु तत् चैत्यवन्दनानुष्ठानं, "कायवासितप्रायं"=सम्मूर्च्छनजप्रवृत्तितुल्यकायचेष्टितप्रायं मानसोपयोगशून्यत्वात् उपलक्षणाद् वाग्वासितप्रायमपि द्रष्टव्यं, तथा चाननुष्ठानरूपत्वान्निष्फलमेतदिति भावः॥*

જે મહાત્માઓ અર્થયોગ અને આલંબનયોગવાળા છે તે અમૃતાનુષ્ઠાનવાળા હોવાથી અનંતરપણે ફળને પ્રાપ્ત કરનારા બને છે અને જે સ્થાન તથા ઉર્ણયોગ માત્રમાં પ્રયત્નશીલ છે અને અર્થયોગ તથા આલબંન યોગની સ્પૃહાવાળા છે, તે તદ્ધેતુ અનુષ્ઠાનવાળા હોવાથી પરંપરાએ ફળને પ્રાપ્ત કરનારા બને છે. આ બંને પ્રકારના મહાત્માઓથી ઈતર એવા જીવો, કે જે જીવો અર્થયોગ અને આલંબનયોગના અભાવવાળા તો છે પરંતુ સ્થાનયોગ અને ઉર્ણયોગમાં પણ પ્રયત્નવિશેષવાળા નથી. એમ ચારે યોગ વિનાના જીવો વડે કરાતું તે ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાન **"કાયવાસિત"** માત્ર જ છે. એટલે કે માત્ર કાયચેષ્ટા જ છે. અર્થાત્ સમ્મૂર્ચ્છિમ જીવો વડે કરાયેલી ક્રિયાની તુલ્ય કાયચેષ્ટિત ક્રિયા માત્ર સમજવી. કારણ કે માનસિક ઉપયોગ શૂન્ય હોવાથી કંઈ કામની નથી. ઈષ્ટફળને આપવામાં નિરર્થક છે. ઉપલક્ષણથી આ પ્રમાણે ઉપયોગશૂન્યપણે વચનમાત્રથી બોલાતું ચૈત્યવંદન પણ "વાગ્વાસિતપ્રાયઃ" (વાણીનો વિલાસ માત્ર) જ છે. એમ સમજી લેવું.

આ રીતે ઉપયોગશૂન્યપણે માત્ર કાયા કે વચનથી કરાતું ચૈત્યવંદન "અનનુષ્ઠાન" હોવાથી મોક્ષફળને આપવામાં નિષ્ફળ છે.

કોઇ જીવો આ અનુષ્ઠાન કરતાં કરતાં કદાચ સૂત્રો સ્પષ્ટ બોલાશે એ આશયથી ક્યારેક ચિત્ત સૂત્રોમાં પરોવે, ક્યારેક ચિત્ત સંસારના વિચારોમાં પરોવે. તો પણ તે મનયોગનો વ્યાપાર હોવા છતાં પ્રણિધાન આશયવાળું મન ન હોવાથી તે અનનુષ્ઠાન જ કહેવાય છે.

*''अथवा''= इति दोषान्तरे तच्चैत्यवन्दनानुष्ठानं महामृषावादः ''स्थानमौनध्यानैरात्मानं व्युत्सृजामि'' (ठाणेणं, मोणेणं, झाणेणं, अप्पाणं, वोसिरामि) इति प्रतिज्ञया विहितस्य चैत्यवन्दनकायोत्सर्गादेः स्थानादिभङ्गे मृषावादस्य स्फुटत्वात्, स्वयं विधिविपर्ययप्रवृत्तौ परेषा-मेतदनुष्ठाने मिथ्यात्वबुद्धिजननद्वारा तस्य लौकिकमृषावादादतिगुरुत्वाच्च, तथा च विपरीतफलं तेषामेतदनुष्ठानं सम्पन्नम् ।*

*येऽपि स्थानादिशुद्धमप्यैहिककीर्त्यादीच्छयाऽऽमुष्मिकस्वर्लोकादि-विभूतीच्छया वैतदनुष्ठानं कुर्वन्ति, तेषामपि मोक्षार्थकप्रतिज्ञया विहित-मेतत्तद्विपरीतार्थतया क्रियमाणं विषगरानुष्ठानान्तर्भूतत्वेन महामृषावादानु-बन्धित्वाद् विपरीतफलमेवेति ।*

અર્થાદિ યોગો જેનામાં નથી અને સ્થાનાદિ પ્રાથમિક યોગોમાં પણ જે આત્માનો પ્રયત્નવિશેષ નથી તેવા આત્માઓ વડે કરાતું આ ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાન અસાર-તુચ્છ-ઉપયોગશૂન્ય હોવાથી ઈષ્ટફળને આપવાને આશ્રયી નિષ્ફળ છે. એમ એક દોષ અવતરણિકામાં કહ્યા મુજબ બતાવીને હવે *''अथवा''* શબ્દથી શરૂ થતા ટીકા પાઠમાં બીજો દોષ બતાવે છે. એટલે અથવા શબ્દ દોષાન્તર બતાવવા માટે છે. તે બીજો દોષ એ છે કે આવા આત્માઓ વડે કરાતું તે ચૈત્યવંદનાનુષ્ઠાન મહામૃષાવાદવાળું છે.

ચૈત્યવંદનાનુષ્ઠાન કરતી વખતે ચારે સ્તુતિઓમાં બોલાતા અન્નત્થ સૂત્રમાં **''ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ''**



પાઠ બોલવાપૂર્વક કાઉસ્સગ્ગ કરતાં પહેલાં પ્રતિજ્ઞા કરવામાં આવે છે કે હું કાઉસ્સગ્ગમાં એક જ સ્થાને ઊભો રહીશ, મૌનપણે ઊભો રહીશ, એક જ ધ્યાને ઊભો રહીશ. આ રીતે એક જ સ્થાન-મૌન-ધ્યાન આચરવાપૂર્વક મારા આત્માને વોસિરાવું છું. (મારા આત્માની તમામ ચેષ્ટાઓ ત્યજી દઉં છું.) આવી પ્રતિજ્ઞા વડે કરાયેલા ચૈત્યવંદનસંબંધી કાયોત્સર્ગાદિમાં સ્થાનાદિ યોગો સાચવવા જોઇએ. તેને બદલે આવી પ્રતિજ્ઞા કરીને જો સ્થાનાદિ યોગોમાં પ્રયત્નવિશેષ કરવામાં ન આવે તો સ્થાનાદિ યોગોનો ભંગ થયે છતે બોલીએ કંઇ અને આચરીએ કંઇ એ રીતે મૃષાવાદપણું સ્પષ્ટ જણાય છે. સ્થાન, મૌન અને ધ્યાન રાખવાની પ્રતિજ્ઞા કરીને સ્થાનાદિયોગમાં પ્રયત્નવિશેષ ન કરવો. તે બોલવા કરતાં આચરણ ભિન્ન થવાથી મૃષાવાદ દોષ લાગે છે.

**પ્રશ્ન:-** બોલવા કરતાં આચરણ ભિન્ન હોવાથી મૃષાવાદ દોષ કહીએ તે બરાબર છે. પરંતુ મૂળશ્લોકમાં **''મહામૃષાવાદ''** કહ્યું છે. તેની પાછળ ગ્રંથકારશ્રીનો આશય શું છે?

**ઉત્તર:-** જે આત્માઓ જે પ્રકારનું સૂત્ર બોલે છે. અને તેમાં જેવી પ્રતિજ્ઞા કરે છે. તેના કરતાં આચરણામાં વિધિથી વિપર્યયવાળી પ્રવૃત્તિમાં વર્તે, ત્યારે તેમની તેવા પ્રકારની પ્રવૃત્તિ જોઇને બીજા જોનારાઓના મનમાં એવો ભાસ થાય છે કે આ ક્રિયા આ પ્રમાણે જ કરાતી હશે. એમ આ અનુષ્ઠાનમાં જોનારા એવા પરને મિથ્યાત્વબુદ્ધિ ઉત્પન્ન કરાવવા દ્વારા તે અનુષ્ઠાન લૌકિક મૃષાવાદ કરતાં પણ અતિભયંકર છે. તેથી ગ્રંથકારશ્રીએ તે અનુષ્ઠાનને મૃષાવાદ ન કહેતાં **મહામૃષાવાદ** કહ્યું છે. અને તેથી જ તેવા આત્માઓનું આ અનુષ્ઠાન નિષ્ફળ જ છે એમ નહીં, પરંતુ વિપરીત ફળને આપનારું બને છે. નિષ્ફળ એટલે અનુષ્ઠાન આચરવા છતાં પણ મુક્તિફળ ન મળે તે. અને વિપરીતફળ આપનાર એટલે જન્મ-મરણની પરંપરા

વધારનાર. આ પ્રમાણે અર્થ હોવાથી નિષ્ફળ કરતાં વિપરીત ફળ આપનારૂં અનુષ્ઠાન વધુ ભયંકર છે.

**ભાવાર્થઃ-** આ પ્રમાણે છે કે-જે આત્માઓ મૂળસૂત્રમાં સ્થિર-મૌન-એકાગ્ર રહેવાની કાઉસ્સગ્ગ સંબંધી પ્રતિજ્ઞા કરીને સ્થાનાદિ યોગમાં પ્રયત્નવિશેષ કરતા નથી. તેઓની ક્રિયામાં વિધિ-વિપર્યયવાળી પ્રવૃત્તિ હોવાથી પોતાના માટે તો ઈષ્ટફળ આપવામાં નિરર્થક (નિષ્ફળ) બને છે. તથા તેમની તેવા પ્રકારની ચેષ્ટા જોઈને બીજા જોનારાઓને પણ આ ધર્મક્રિયા આ પ્રમાણે જ કરાતી હશે. એમ પરમાં પણ અનુષ્ઠાનવિધિના વિપર્યયવાળી મિથ્યાત્વબુદ્ધિ ઉત્પન્ન કરનાર બનવાથી ખોટી પરંપરા ચલાવવાના નાયક બનવાથી ઉત્સૂત્ર-ઉન્માર્ગાદિના પોષક બનવાથી લૌકિક અસત્ય કરતાં પણ આ અસત્ય અતિશય ગુરુ છે (ભારે છે), ચીકણાં કર્મ બંધાવનારું છે. તેથી **મહામૃષાવાદ** છે અને મોક્ષફળ ન આપતું હોવાથી નિષ્ફળ તો છે જ, પરંતુ તેનાથી ઊલટું સંસારભ્રમણ વધારનારું હોવાથી વિપરીત ફળને આપનારું છે, માટે મહા મૃષાવાદ છે.

વળી જે આત્માઓ સ્થાનયોગ-ઉર્ણયોગાદિથી શુદ્ધાનુષ્ઠાન કરતા હોય એટલે કાયિક રીતે વિધિપૂર્વક કરતા હોય પરંતુ ઐહિક કીર્તિ (આ ભવમાં યશ-કીર્તિ-પ્રતિષ્ઠા) આદિની ઈચ્છાવડે આ અનુષ્ઠાન કરતા હોય અથવા આમુષ્મિક (પરલોકમાં) સ્વર્ગાદિકની વિભૂતિની ઈચ્છાદિથી આ અનુષ્ઠાન કરતા હોય તે આત્માઓનું પણ આ અનુષ્ઠાન મોક્ષાદિક માટેની પ્રતિજ્ઞાથી અરિહંત ચેઈયાણં સૂત્રમાં કહેવાયેલું હોવા છતાં પણ વિપરીતાર્થપણા વડે સંસાર-સુખહેતુથી કરાતું છતું વિષ અને ગરાનુષ્ઠાનની અંતર્ગત થવાના કારણે મહામૃષાવાદનું અનુબંધી થવાથી વિપરીત ફળવાળું જ બને છે.

સારાંશ એ છે કે જે આત્માઓ સ્થાનાદિ યોગો બરાબર સાચવે છે તેથી ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાનો શુદ્ધ (બહારથી વિધિપૂર્વક)



કરે છે. પરંતુ ચિત્તમાં આ લોક સંબંધી કીર્તિ આદિની ઈચ્છાઓ અથવા પરલોક સંબંધી સ્વર્ગાદિકની વિભૂતિની ઈચ્છાઓ જ્વલંત વર્તે છે. તે ભોગોની ઈચ્છાથી જ આ ધર્માનુષ્ઠાન સેવે છે. તેઓનું આ ધર્માનુષ્ઠાન સૂત્ર બોલતી વખતે ''**बोहिलाभवत्तिआए निरुव-सग्गवत्तिआए**'' શબ્દોચ્ચારણ કાલે સમ્યક્ત્વ ગુણની પ્રાપ્તિ માટે તથા નિરૂપસર્ગ જે સ્થાન (મોક્ષ), તેની પ્રાપ્તિ માટે હું કાઉસ્સગ્ગ કરું છું આ પ્રમાણે આ ચૈત્યવંદન અનુષ્ઠાન મોક્ષાર્થક (મોક્ષ છે પ્રયોજન જેનું એવી) પ્રતિજ્ઞા વડે કરાયેલું છે. છતાં ચિત્તમાં આ લોક-પરલોકના ભોગસુખની ઈચ્છાઓ રાખી તે માટે ધર્માનુષ્ઠાન કરે છે, એટલે વિપરીતાર્થકતાના કારણે (મુખે પ્રતિજ્ઞા મોક્ષની કરે છે અને ચિત્તમાં સંસારવાસના વર્તે છે. આ રીતે વિપરીત છે પ્રયોજન જેનું એવી આ ક્રિયા હોવાના કારણે) કરાતું આ ધર્માનુષ્ઠાન અનુક્રમે વિષ અને ગર-અનુષ્ઠાનમાં અંતર્ભૂત થાય છે.

કરેલી પ્રતિજ્ઞા કરતાં ચિત્તવૃત્તિ ભિન્ન હોવાથી મૃષાવાદ તો છે જ, તથા બીજા જોનારાઓમાં ધર્માનુષ્ઠાન સેવતી વખતે આ લોક-પરલોકના સુખની ઈચ્છાઓ રખાય એમ મિથ્યાબુદ્ધિજનક હોવાથી મૃષાવાદ જ છે એટલું નહીં પરંતુ **મહામૃષાવાદ** છે. તથા પોતાના આત્મામાં ભોગસુખની વૃત્તિઓને પોષનાર હોવાથી આ મહામૃષાવાદ ભવોભવમાં ચીકણાં કર્મોનો અનુબંધ કરાવનાર હોવાથી મૃષાવાદ હોય કે મહામૃષાવાદ હોય, પરંતુ ''મૃષાવાદનું અનુબંધી'' હોવાથી વિપરીત ફળ આપનારું જ છે એટલે કે કેવળ સંસાર વધારનારું જ છે. તેથી આવાં ઉત્તમોત્તમાનુષ્ઠાનો વખતે ઐહિકાદિ ભોગસુખની વૃત્તિઓ ત્યજી દેવી જોઈએ.

આ પ્રમાણે પાંચે પ્રકારના અનુષ્ઠાનોમાં યોગફળ જણાવ્યું.

(૧) **અમૃતાનુષ્ઠાન**-અનંતરપણે મોક્ષદાયક બને છે. (આ અનુષ્ઠાન અર્થયોગ અને આલંબન યોગવાળાને આવે છે.)

(૨) **તદ્ધેતુઅનુષ્ઠાન**-પરંપરાએ મોક્ષદાયક બને છે. (આ અનુષ્ઠાન સ્થાનયોગ અને ઉર્ણયોગવાળા તથા શેષ બે અનુષ્ઠાનોની સ્પૃહાવાળાને આવે છે.)

(૩) **અનનુષ્ઠાન**-નિષ્ફળ છે. મહામૃષાવાદ છે. વિપરીત ફળદ છે. ચારે યોગોથી રહિત ઉપયોગની શૂન્યતા પૂર્વક જે અનુષ્ઠાન કરે છે તેવા જીવોને આ અનુષ્ઠાન હોય છે.

(૪) **ગરાનુષ્ઠાન**-નિષ્ફળ છે મહામૃષાવાદનું અનુબંધી છે. વિપરીત ફળદ છે. (સ્થાનાદિયોગમાં પ્રયત્નવિશેષ હોવા છતાં પારભવિક સુખબુદ્ધિપૂર્વક કરાતા અનુષ્ઠાનવાળા જીવોને આ અનુષ્ઠાન હોય છે.)

(૫) **વિષાનુષ્ઠાન**-નિષ્ફળ છે. મહામૃષાવાદનું અનુબંધી છે. વિપરીત ફળદ છે. (સ્થાનાદિયોગમાં પ્રવર્તવા હોવા છતાં આ ભવના સંસાર-સુખની બુદ્ધિપૂર્વક કરાતા અનુષ્ઠાનવાળા જીવોને આ અનુષ્ઠાન હોય છે.)

*विषाद्यनुष्ठानस्वरूपं चेत्थमुपदर्शितं पतञ्जल्याद्युक्तभेदान् स्वतन्त्रेण संवादयता ग्रन्थकृतैव योगबिन्दौ-*

**''विषं गरोऽननुष्ठानं, तद्धेतुरमृतं परम् ।**
**गुर्वादिपूजानुष्ठानमपेक्षादिविधानतः ॥'' ॥ યોગબિંદુ ૧૫૫ ॥**

*विषं=स्थावरजङ्गमभेदभिन्नम्, ततो विषमिव विषम्. एवं गर इव गरः, परं गरः=कुद्रव्यसंयोगजो विषविशेषः, ''अननुष्ठानं''=अनुष्ठानाभासं, ''तद्धेतुः''=अनुष्ठानहेतुः, अमृतमिवामृतं अमरणहेतुत्वात्, ''अपेक्षा''=इहपरलोकस्पृहा आदिशब्दादनाभोगादेश्च यद् विधानं विशेषस्तस्मात् ॥*

પતંજલિ ઋષિ આદિ યોગીઓએ કહેલા અનુષ્ઠાનના ભેદોને પોતાના શાસ્ત્રની સાથે સંવાદન કરતા= જોડતા અર્થાત્ સમન્વય



કરતા એવા ગ્રંથકાર મહર્ષિ વડે જ યોગબિંદુમાં વિષાદિ અનુષ્ઠાનનું સ્વરૂપ આ પ્રમાણે બતાવાયું છે. (અહીં-ટીકામાં *''स्वतन्त्रेण''* એવો જે શબ્દ છે તેનો અર્થ *स्व*=પોતાના *तन्त्रेण* શાસ્ત્રની સાથે સંવાદન કરતા એવો અર્થ કરવો.)

ઇહલોકના સુખાદિની અપેક્ષાદિ ભેદોથી કરાતું ગુરુ આદિની પૂજાનું અનુષ્ઠાન તે વિષ, ગર, અનનુષ્ઠાન, તદ્ધેતુ અને છેલ્લું અમૃતાનુષ્ઠાન એમ કુલ પાંચ પ્રકારનું અનુષ્ઠાન હોય છે.

ધાર્મિકાનુષ્ઠાન એક જ પ્રકારનું હોવા છતાં પણ ઇહલોક-સુખાપેક્ષા, પરલોકસુખાપેક્ષા ઇત્યાદિ કારણોના ભેદથી તે જ અનુષ્ઠાન પાંચ પ્રકારનું બને છે. વિષ બે પ્રકારનું હોય છે. (૧) સ્થાવર, અને (૨) જંગમ. સ્થાવર જીવો જેમ કે ઔષધિઓ, કિંપાકાદિ ફળો વગેરેનું જે વિષ તે સ્થાવરવિષ, તથા સર્પ-વીંછી વગેરે જે જંગમ (હાલતા-ચાલતા) જીવો, તેઓનું જે વિષ તે જંગમવિષ. આ બંને પ્રકારનું વિષ આરોગતાંની સાથે જ મૃત્યુનું કારણ બને છે. તેવી જ રીતે ઇહલોક સંબંધી સુખની ઇચ્છાથી કરાયેલું ગુરુ આદિના પૂજન રૂપ ધર્માનુષ્ઠાન પણ આત્માને મોહવાસનામાં નાખીને આત્મભાવથી મૃત્યુ કરાવે છે. તેથી આવી ઇહલોકના સુખની અપેક્ષા વિષના જેવી હોવાથી વિષ જ કહેવાય છે. તેથી આવી વાસનાપૂર્વક કરાયેલું ધર્મનું કોઇપણ અનુષ્ઠાન **વિષાનુષ્ઠાન** કહેવાય છે.

પરલોકના સુખની અપેક્ષાથી કરાયેલું અનુષ્ઠાન ગરાનુષ્ઠાન કહેવાય છે. ગર એ પણ એક જાતનું વિષવિશેષ જ છે. કુત્સિત દ્રવ્યોની મિલનથી કરાયેલું જે વિષ તે ગરવિષ કહેવાય છે. જેમકે મહુડાં વગેરેને કોવરાવીને બનાવાતો દારૂ, અફીણ, ગાંજો, તેની જેમ આ પણ વિકારક એવાં કુત્સિત દ્રવ્યોના સંયોગથી કરાયેલું વિષ જાણવું. જેમ વિષ તાત્કાલિક મારે છે અને આ ગરવિષ શરીરમાં

વ્યાપ્ત થયું છતું કાલાન્તરે મારે છે. તેવી જ રીતે ઈહલોકસ્પૃહાથી કરાયેલું અનુષ્ઠાન આત્માને તે જ ભવમાં ભોગસુખમાં પાડીને મારે છે જ્યારે પરલોકની સ્પૃહાથી કરાયેલું અનુષ્ઠાન ભવાન્તરોમાં ભોગસુખમાં પાડીને જીવને મારે છે. માટે પરલોકની સ્પૃહાથી કરાયેલું અનુષ્ઠાન ગરાનુષ્ઠાન કહેવાય છે.

**"અપેક્ષાદિવિધાનતઃ"** આ શબ્દમાં કહેલા **"આદિ"** શબ્દથી અનાભોગ, સદનુષ્ઠાનનો રાગ, અને મોક્ષનો રાગ એમ ત્રણ બાબતો ક્રમશઃ સમજવાની છે એટલે કે અનાભોગપૂર્વક કરાતું જે અનુષ્ઠાન તે અનનુષ્ઠાન છે. અર્થાત્ અનુષ્ઠાનાભાસ છે. સદનુષ્ઠાનના રાગપૂર્વક કરાતું અનુષ્ઠાન તે અમૃતાનુષ્ઠાનનો હેતુ હોવાથી તદ્ધેતુ અનુષ્ઠાન કહેવાય છે. અમૃતના જેવું જે અનુષ્ઠાન તે અમૃતાનુષ્ઠાન કહેવાય છે. જેમ અમૃતનું પાન કરનાર આત્મા અમૃતના પ્રભાવથી અમર બને છે, કારણ કે અમૃત તે અમરણનું કારણ છે, તેમ જે અનુષ્ઠાન આત્માને એવું (મોક્ષ)સ્થાન આપે છે કે જ્યાં કદાપિ મરણ થતું નથી. તેથી અમૃતની જેમ અમરણનું કારણ બને એવું જે અનુષ્ઠાન તે અમૃતાનુષ્ઠાન કહેવાય છે.

મૂળ ગાથામાં *"અપેક્ષાદિભેદતઃ"* એમ જે પાઠ છે. ત્યાં અપેક્ષા એટલે ઈહલોકસુખાપેક્ષા તથા પરલોકસુખાપેક્ષા જાણવી. તથા આદિ શબ્દથી અનાભોગાદિ(અનાભોગ-સદનુષ્ઠાનરાગ તથા મોક્ષ-રાગ)નું પણ ગ્રહણ કરવું. આ પ્રમાણે એક જ પ્રકારના ગુરુપૂજન આદિ ધર્માનુષ્ઠાન કરનારા આત્માઓમાં ઈહલોકસુખાપેક્ષા વગેરે પાંચે કારણભેદોને લીધે પાંચ પ્રકારનો કાર્યભેદ થાય છે. પાંચે પ્રકારનાં કારણો (આશયવિશેષો=ચિત્તના પરિણામો) વિશેષ-વિશેષ અર્થાત્ ભિન્ન-ભિન્ન છે. તે કારણથી કાર્યરૂપ એવાં અનુષ્ઠાનો પણ વિષ-ગરાદિ રૂપે વિશેષ-વિશેષ છે. અહીં વિધાન શબ્દનો અર્થ વિશેષ જાણવો. તથા વિશેષ એટલે ભિન્ન-ભિન્ન એમ અર્થ કરવો. ॥૧૫૫॥



**"विषं लब्ध्याद्यपेक्षातः इदं सच्चित्तमारणात् ।**
**महतोऽल्पार्थनाद् ज्ञेयं, लघुत्वापादनात्तथा ॥" ॥ यो.बिं. १५६॥**

*"लब्ध्यादेः"=लब्धिकीर्त्यादेः=अपेक्षातः स्पृहातः "इदं" अनु-ष्ठानं="विषं," "सच्चित्तमारणात्"= परिशुद्धान्तःकरणपरिणामविनाशात्, तथा महतोऽनुष्ठानस्य "अल्पार्थनात्"=तुच्छलब्ध्यादिप्रार्थनेन लघुत्व-स्यापादनादिदं विषं ज्ञेयम् ॥*

યોગબિંદુના અનુસારે વિષાદિ પાંચ અનુષ્ઠાનોના અર્થ જણાવે છે-"લાભાદિ આ ભવ સંબંધી સાંસારિક વાંછાઓની અપેક્ષાથી કરાતું આ અનુષ્ઠાન સમ્યગ્ચિત્તનો વિનાશ કરનાર હોવાથી, તથા મહાન ફળ આપે તેવાની પાસે અલ્પફળની અભ્યર્થના કરવાથી મોટાની લઘુતા થવાથી આ વિષ અનુષ્ઠાન જાણવું.

જે ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાનો કર્મક્ષયાત્મક નિર્વાણફળ આપ-નારાં છે. તે ચૈત્યવંદનાદિ કરતી વખતે ધનલાભ, યશઃકીર્ત્તિલાભ, અને આદિ શબ્દથી શારીરિક સુખ, દીર્ઘાયુષ્યતા, પુત્ર-પ્રાપ્તિ વગેરે સાંસારિક સુખોની અપેક્ષા રાખવામાં આવે તો આ અનુષ્ઠાન આવી સ્પૃહાથી વિષાનુષ્ઠાન કહેવાય છે. કારણ કે વિષભક્ષણ કરવાથી મનુષ્ય જેમ મૃત્યુ પામે છે. વિષ એ જેમ દ્રવ્યપ્રાણોનો વિનાશ કરે છે. તેમ આવી સ્પૃહાવાળા ચિત્તપૂર્વક કરાયેલા અનુષ્ઠાનથી શુભ-લેશ્યાના પરિણામવાળા સમ્યગ્ ચિત્તનો વિનાશ થાય છે. તેથી આ અનુષ્ઠાન **વિષની જેમ સમ્યગ્ ચિત્તનું વિનાશક હોવાથી વિષ કહેવાય છે.**

તથા જે ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન મોક્ષાત્મક મહાન ફળને આપનાર છે તેવા મહામૂલ્યવાળા આ અનુષ્ઠાન વખતે અલ્પ ફળવાળી અભ્યર્થના કરવાથી એટલે કે તુચ્છ-અસાર અને નાશવંત એવા ધનલાભાદિની પ્રાર્થના કરવાથી મહાન ફળ આપનારા અનુષ્ઠાનની લઘુતા થતી હોવાથી પણ તે અનુષ્ઠાન વિષ છે.

જે મનુષ્યભવ જીવનપર્યન્ત સાંસારિક સુખો ભોગવવાને સમર્થ હતો તથા સ્વાયુષ્ય પ્રમાણ જીવન જીવવાને પણ સમર્થ હતો, તે જ મનુષ્યભવ વિષભક્ષણથી સાંસારિક સુખોના ભોગ માટે પણ લઘુ બને છે તથા અકાલ મરણ આવવાના કારણે પણ લઘુ બને છે. તેમ આ અનુષ્ઠાન મોક્ષાત્મક મહાફળ આપવાને સમર્થ હોવા છતાં પણ ધનલાભ-યશકીર્તિ આદિરૂપ ક્ષણિક-તુચ્છ-અસાર એવા અલ્પ ફળની પ્રાર્થના કરવાથી મૂલ્યવાન હીરાને જેમ કાચના ભાવમાં વેચી નાખીએ તેમ મહામૂલ્યવાન એવા આ અનુષ્ઠાનને બીન કિંમતી વસ્તુઓની પ્રાર્થનામાં વેચી મારવાથી તે મહાન અનુષ્ઠાનની લઘુતા થાય છે.

**પ્રશ્ન :-** ધનલાભદિથી જ્યારે આ અનુષ્ઠાન કરાય ત્યારે ચિત્તમાં ધનલાભાદિની સ્પૃહા હોવાથી ચિત્ત સમ્યગ્ છે જ નહિ, તો આવી સ્પૃહાવાળું અનુષ્ઠાન સમ્યગ્ ચિત્તનું મારક શી રીતે કહેવાય?

**ઉત્તર :-** પ્રભુના ગુણોનું સ્મરણ, ચૈત્યવંદનનાં સૂત્રોનું સ્પષ્ટોચ્ચારણ, અર્થનું ચિંતન-મનન, એ સ્વરૂપે ચિત્ત સમ્યગ્ હોઇ શકે છે. પરંતુ મોહની વાસનાથી આ ચિત્ત ભાંગી જાય છે. વિનષ્ટ બની જાય છે. વળી ધનલાભાદિની સ્પૃહાથી આ અનુષ્ઠાન કરાતું હોવાથી જ્યારે પૂર્વબદ્ધ પુણ્યોદયથી કદાચ ધનલાભાદિ થઇ જાય છે ત્યારે આ અનુષ્ઠાન બંધ થઈ જાય છે. અટકી જાય છે. કારણ કે તે અનુષ્ઠાન તે પૂરતું જ હતું.

આ રીતે સમ્યગ્ ચિત્તનું વિનાશક હોવાથી તથા લઘુતા પ્રાપ્ત કરાવનાર હોવાથી આ અનુષ્ઠાન વિષતુલ્ય હોવાથી વિષાનુષ્ઠાન કહેવાય છે. ॥૧૫૬॥

**''दिव्यभोगाभिलाषेण, गरमाहुर्मनीषिणः ।**
**एतद्विहितनीत्यैव, कालान्तरनिपातनात् ॥ '' ॥ यो. बिं. १५७॥**



*''एतद्'' अनुष्ठानं, ऐहिकभोगनिःस्पृहस्य स्वर्गभोगस्पृहया गरमाहुः ''विहितनीत्यैव''=विषोक्तनीत्यैव केवलं कालान्तरे=भवान्तररूपे निपातनात्-अनर्थसम्पादनात् । विषं सद्य एव विनाशहेतुः गरश्च कालान्तरेणेत्येवमुपन्यासः ॥*

દૈવિક ભોગોની અભિલાષાથી કરાતું આ ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાન આ (વિષાનુષ્ઠાન)માં કહેલી નીતિ પ્રમાણે જ કાલાન્તરે મારક હોવાથી ''**गर**'' અનુષ્ઠાન કહેવાય, એમ મનીષી પુરુષો કહે છે.

વિષાનુષ્ઠાન આ લોકના સુખોની ઈચ્છાથી કરાય છે. અને આ ગરાનુષ્ઠાન આ લોકના ભોગસુખોથી નિઃસ્પૃહ એવા આત્માઓનું છે કે જે સ્વર્ગલોકનાં ભોગસુખોની સ્પૃહાથી કરાય છે તેને પૂર્વાચાર્યો-મનીષી પુરુષો ગરાનુષ્ઠાન કહે છે.

દૈવિક-ભોગસુખોની ઈચ્છાથી અથવા ભવાન્તરમાં ચક્રવર્તી કે રાજાપણું આદિ માનવસુખની ઈચ્છાથી કરાતું આ અનુષ્ઠાન વિષાનુષ્ઠાનમાં કહેલી નીતિવાળું જ હોવાથી એટલે કે વિષાનુષ્ઠાનની જેમ જ સચ્ચિત્તનાશક છે તથા મહાફળદાયકની લઘુતા કરાવનારું છે તેથી વિશિષ્ટ એવા વિષની તુલ્ય જ છે. ફક્ત આ અનુષ્ઠાન કાળાન્તરે અર્થાત્ દીર્ઘકાળે એટલે કે અન્ય ભવોમાં ધર્મબુદ્ધિથી પાડે છે. અનર્થ ઉત્પન્ન કરે છે. સારાંશ કે વિષાનુષ્ઠાન તાત્કાલિક મરણનું કારણ બને છે જ્યારે ગરાનુષ્ઠાન કાલાન્તરે પ્રાણનાશનું કારણ બને છે. તેથી જ આ પ્રમાણે ક્રમ જણાવેલ છે.

સારાંશ કે **''આ અનુષ્ઠાન કર્મક્ષય અને મોક્ષ માટે જ છે''** એવી ધર્મબુદ્ધિરૂપ સચ્ચિત્તનો ઇહલોકના સુખની ઈચ્છાથી કરાતું ધર્માનુષ્ઠાન જેમ નાશ કરે છે. તથા મહાફળને આપનાર હોવા છતાં પણ આ લોકના સુખરૂપી તુચ્છફળ માંગીને તે અનુષ્ઠાનની લઘુતા સંપાદન કરે છે. તે જ ન્યાયને અનુસારે પરલોકના સુખની ઈચ્છાથી

કરાતું ધર્માનુષ્ઠાન પણ કાલાન્તરે (પરભવમાં મનવાંછિત સુખ પ્રાપ્ત થવાથી, કાર્ય પૂર્ણ થઇ જવાથી) ધર્મબુદ્ધિવાળા સચ્ચિત્તનો વિનાશ કરે છે. જે કારણ જે કાર્ય માટે સેવાય, તે કાર્ય સિદ્ધ થયે છતે કારણ ત્યજી દેવામાં આવે છે. તેવી જ રીતે ઇહલોક-પરલોકની ઇચ્છાથી કરાયેલાં અનુષ્ઠાનો પોત-પોતાનું ફળ આપે છતે ધર્મ કરવાની બુદ્ધિ નષ્ટ થાય છે. માટે બંને સચ્ચિત્તનાં નાશક હોવાથી એક જાતનાં વિષ જ છે. તથા મહાફળદાયક પાસે આવી તુચ્છ માગણી કરવાથી મહાનની લઘુતા થાય છે એમ બંને અનુષ્ઠાનોમાં વિષત્વ રહેલું છે. તફાવત માત્ર એટલો જ છે કે એક જલ્દી મારક બને છે. અને બીજું ભવાન્તરે મારક બને છે. ॥૧૫૭॥

**''अनाभोगवतश्चैत-दननुष्ठानमुच्यते ।**
**सम्प्रमुग्धं मनोऽस्येति ततश्चैतद्यथोदितम् ॥'' ॥ यो. बिं. १५८॥**

*''अनाभोगवतः'' कुत्रापि फलादावप्रणिहितमनसः ''एतद्''= अनुष्ठानं ''अननुष्ठानं'' अनुष्ठानमेव न भवतीत्यर्थः । ''सम्'' इति समन्ततः प्रकर्षेण मुग्धं सन्निपातोपहतस्येवानध्यवसायापन्नं मनोऽस्य, ''इति'' पादसमाप्तौ । अत एवं ततो यथोदितं तथैव॥*

આ લોક, પરલોક, કે મોક્ષ, ઈત્યાદિ કોઈપણ જાતના સુખ-ફળના ઉપયોગ વિનાના આત્માનું સંમૂર્છિમની જેમ કરાયેલું આ અનુષ્ઠાન તે અનનુષ્ઠાન કહેવાય છે. જેનું મન સંપ્રમુગ્ધ છે. અર્થાત્ શૂન્ય છે તેથી જ (તે જીવનું) આ અનુષ્ઠાન યથોદિત (અનનુષ્ઠાન) કહેવાય છે. ॥૧૫૮॥

**અનાભોગવતઃ**- એટલે કે આલોકસુખ, પરલોકસુખ કે મોક્ષસુખ એમ કોઈપણ જાતના સુખફળની પ્રાપ્તિમાં સ્થિર નથી મન જેનું એવા શૂન્યમનસ્ક જીવનું દેવપૂજન-ગુરુપૂજન-ચૈત્યવંદનાદિ ધાર્મિક અનુષ્ઠાન સંમૂર્છિમ જીવની ક્રિયાની જેમ ''અનનુષ્ઠાન'' કહેવાય છે



એટલે કે અનુષ્ઠાન હોવા છતાં પણ જાણે અનુષ્ઠાન જ નથી એવો અર્થ જાણવો.

**''સંપ્રમુગ્ધ''** શબ્દમાં *સમ્* ઉપસર્ગ=ચારે બાજુથી, *પ્ર* ઉપસર્ગ=પ્રકર્ષે કરીને, અને *મુગ્ધ* શબ્દ=સન્નિપાત નામના રોગથી પરાભૂત થયેલાનું ચિત્ત જેમ શૂન્ય બની જાય છે તેની જેમ, એવો અર્થ જાણવો. અર્થાત્ ચારે બાજુથી પ્રકર્ષે કરીને ચિત્ત અત્યન્ત મુગ્ધ=શૂન્ય બન્યું છે, સન્નિપાતના રોગથી પરાભવ પામેલાના જેવું અનધ્યવસાયરૂપ બન્યું છે મન જેનું એવા શૂન્યમનસ્ક જીવનું જે અનુષ્ઠાન તે યથોદિત અનનુષ્ઠાન કહેવાય છે. તે અનુષ્ઠાનનું **અનનુષ્ઠાન** એવું જે નામ છે તે બરાબર છે કારણ કે તેવો અર્થ તેનામાં ઘટે છે.

આ અનુષ્ઠાન આચરનારા જીવો શૂન્યમનસ્કે ધર્મ કરતા હોવાથી ઇહલોક-પરલોકના સુખની અપેક્ષા પણ નથી. તથા ચિત્તમાં ધર્મભાવના વ્યાપી ન હોવાથી મોક્ષાભિલાષ પણ નથી. માટે પ્રથમના બે અનુષ્ઠાનથી કંઇક અધિક છે અને પાછળનાં બે અનુષ્ઠાનોથી હીન છે.

*इति* શબ્દ મૂળશ્લોકમાં જે છે તે પાદપૂર્તિ માટે છે. આ અનુષ્ઠાન જે કારણથી શૂન્યમનસ્ક છે તે કારણથી યથોદિત (ઉપરોક્ત સ્વરૂપવાળું નામ પ્રમાણે- ગુણવાળું) આ અનનુષ્ઠાન જાણવું. ॥૧૫૮॥

**''एतद्रागादिदं हेतुः, श्रेष्ठो योगविदो विदुः।**
**सदनुष्ठानभावस्य, शुभभावांशयोगतः ॥'' यो. बिं. १५९॥**

*''एतद्रागात्''=सदनुष्ठानबहुमानात् ''इदं''=आदिधार्मिक-कालभावि देवपूजाद्यनुष्ठानं ''सदनुष्ठानभावस्य''=तात्त्विकदेवपूजाद्या-चारपरिणामस्य मुक्त्यद्वेषेण मनाग् मुक्त्यनुसारेण (मुक्त्यनुरागेण) वा शुभभावलेशयोगात् ''श्रेष्ठो''=अवन्ध्यो हेतुरिति योगविदो ''विदुः''= जानते ॥*

આ (ઉત્તમોત્તમ સદનુષ્ઠાન રૂપ) અમૃતાનુષ્ઠાન પ્રત્યેના અતિશય રાગથી (બહુમાનથી) ધર્મપ્રાપ્તિવાળા પ્રારંભ કાળમાં કરાતું આ અનુષ્ઠાન કંઈક અંશે શુભ ભાવનાના અંશયુક્ત હોવાથી તથા કાળાન્તરે સદનુષ્ઠાનનું પરમ (અવન્ધ્ય) કારણ બને છે તેથી યોગવિદ્ પુરુષો તેને તદ્ધેતુ અનુષ્ઠાન કહે છે. ॥૧૫૯॥

હવે તદ્ધેતુ અનુષ્ઠાન સમજાવે છે. જ્યારે આત્માને સંસારના વિષયો પ્રત્યેનો રાગ મંદ થાય છે. ભોગસુખાદિ તુચ્છ-અસાર લાગે છે. ત્યારે મોક્ષ પ્રત્યે અદ્વેષબુદ્ધિ અથવા કંઈક રાગ બુદ્ધિ થાય છે. તેથી મોક્ષના ઉપાયભૂત એવા અમૃતાનુષ્ઠાન પ્રત્યે ઘણું બહુમાન-પ્રેમ-રાગ હૈયામાં પ્રગટ થાય છે, ધર્માનુષ્ઠાન પ્રત્યે અહોભાવ પ્રાપ્ત થાય છે. ત્યારે કરાતું આદિધાર્મિકકાલ-ભાવિ દેવ-ગુરુનું પૂજાદિ અનુષ્ઠાન તે તદ્ધેતુ અનુષ્ઠાન કહેવાય છે. ધર્મના સંસ્કારો હૃદયમાં પ્રાપ્ત થાય ત્યારે આદિ=પ્રથમ ધાર્મિક કાળ કહેવાય છે. તે કાળે શાસ્ત્રોક્ત વિધિપૂર્વકનું અનુષ્ઠાન સંભવતું નથી. કારણ કે તેવું વિશિષ્ઠ શ્રુતજ્ઞાન હજુ થયું નથી. પરંતુ વિધિપૂર્વકના અનુષ્ઠાન પ્રત્યેના રાગથી કંઈક ત્રુટિત (ખામી વાળી) અવસ્થા યુક્ત કરાતું આ પ્રથમકાળભાવિ જે ધર્માનુષ્ઠાન તે ભાવિમાં વિધિપૂર્વકના અનુષ્ઠાનનું કારણ બને તેવું હોવાથી તદ્ધેતુ અનુષ્ઠાન જાણવું.

આ અનુષ્ઠાન આચરતી વખતે કંઈક અંશે શુભલેશ્યાનો (આત્માના શુભપરિણામનો) યોગ હોવાથી મુક્તિ પ્રત્યે અદ્વેષભાવ હોવાથી (અત્યાર સુધી મિથ્યાત્વની તીવ્રતા હોવાથી મુક્તિ પ્રત્યે ઘણો જ દ્વેષ હતો તે હવે મિથ્યાત્વ મંદ-અતિમંદ થવાથી દ્વેષ ચાલ્યો જવાના કારણે અદ્વેષભાવ થવાથી) તથા કંઈક કંઈક અંશે મુક્તિ પ્રત્યે અનુરાગ થવાના કારણે દિન-પ્રતિદિન પરિણામની ધારા ઉજ્જ્વળ બનવાથી, શાસ્ત્રોક્ત વિધિનું જેમ જેમ જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેમ તેમ વિધિપૂર્વક અનુષ્ઠાનની વૃદ્ધિ થવાથી કરાતું આ અનુષ્ઠાન તાત્ત્વિક આત્મપરિણામ



સ્વરૂપ અમૃતાનુષ્ઠાનનું અવન્ધ્ય (નિશ્ચિત) કારણ બને છે. એમ યોગવિદ્ પુરુષો જણાવે છે. ॥૧૫૯॥

હવે અમૃતાનુષ્ઠાન સમજાવે છે :-

**''जिनोदितमिति त्वाहुर्भावसारमदः पुनः ।**
**संवेगगर्भमत्यन्तममृतं मुनिपुङ्गवाः ॥'' ॥ यो. बिं. १६०॥**

*जिनोदितमित्येव ''भावसारं''=श्रद्धाप्रधानं, ''अदः'' अनुष्ठानं ''संवेगगर्भं''=मोक्षाभिलाषसहितं, ''अत्यन्तं''=अतीव अमरणहेतुत्वाद-मृतसंज्ञमाहुः, ''मुनिपुङ्गवाः'' गौतमादिमहामुनयः ॥*

*एतेषु त्रयं योगाभासत्वादहितम् । द्वयं तु सद्योगत्वाद्धितमिति तत्त्वम् । यत एवं स्थानादियत्नाभाववतोऽनुष्ठाने महादोषः, ''तत्'' तस्मात्, ''अनुरूपाणामेव''=योग्यानामेव ''एतद्विन्यासः''=चैत्यवंदनसूत्र-प्रदानरूपः कर्तव्यः ॥ १२॥*

મોક્ષપ્રાપ્તિના હેતુભૂત આ અનુષ્ઠાનો અનંત ઉપકારી એવા તીર્થંકર ભગવંતોએ બતાવેલાં છે આ પ્રમાણેના ભાવપૂર્વક (અતિશય શ્રદ્ધાપૂર્વક) તથા વળી અત્યંત સંવેગ ગર્ભિત (તીવ્ર મોક્ષાભિલાષ-પૂર્વક) કરાતું આ અનુષ્ઠાન તે અમૃતાનુષ્ઠાન છે એમ મુનિપુંગવો કહે છે. ॥૧૬૦॥

**''જિનોદિત''** જિનેશ્વર ભગવંતોએ જેમ કહ્યું છે તેમ વિધિપૂર્વક તથા શ્રદ્ધાપ્રધાન, વળી અતિશય સંવેગભાવગર્ભિત એવું આ અનુષ્ઠાન ''અમરણ''નો હેતુ હોવાથી ''અમૃત'' અનુષ્ઠાન કહેવાય છે. એમ ગૌતમગણધરાદિ મુનિપુંગવ પુરુષો જણાવે છે.

જો કે તદ્ધેતુ અનુષ્ઠાનમાં પણ મુક્તિનો અદ્વેષ અને ઈષદ્ રાગભાવ વર્તે છે તો પણ અમૃતાનુષ્ઠાન આદરનારને મોક્ષનો અત્યંત અભિલાષ વર્તે છે. સંસાર નિર્ગુણ-અસાર-તુચ્છ લાગે છે. આત્માની

મોક્ષાવસ્થા એ જ સારભૂત લાગે છે. એટલે જ મોક્ષની રુચિ (સંવેગભાવના) અત્યંત વૃદ્ધિ પામી છે. ચિત્ત મોક્ષ પ્રત્યે અત્યંત શ્રદ્ધાવાળું બન્યું છે. ઉપેય એવા મોક્ષની રુચિ વધવાથી તેના ઉપાયભૂત એવાં ચૈત્યવંદનાદિ ધાર્મિક અનુષ્ઠાનો પ્રત્યે પણ તીવ્ર રુચિ વધી છે. અને તેથી જ જિનેશ્વર ભગવંતોએ જેમ કહ્યું છે તેમ સ્પષ્ટોચ્ચારણ અને કાયિક મુદ્રા આદિ સાચવવા સાથે વિધિપૂર્વક-શ્રદ્ધાયુક્ત આ અનુષ્ઠાન હોય છે. એમ ગણધર ભગવંતો કહે છે.

આ પાંચ અનુષ્ઠાનોમાં વિષ-ગર અને અનનુષ્ઠાન એમ પ્રથમનાં ત્રણ અનુષ્ઠાનો યોગાભાસરૂપ હોવાથી (યથાર્થ યોગ ન હોવાથી) અહિતકારી છે. તથા તદ્ધેતુ અને અમૃત એમ પાછલાં બે અનુષ્ઠાનો સદ્યોગ (ઉત્તમયોગ) હોવાથી હિતકારી=કલ્યાણકારી છે. એમ ઉપરની ચર્ચાનો સાર જાણવો. પ્રથમનાં ત્રણ અનુષ્ઠાન વખતે કાયિક ચેષ્ટાપ્રવૃત્તિ હોવા છતાં પણ મોક્ષને અનુકૂળ પ્રણિધાનાદિ આશયરૂપ ચિત્ત ન હોવાથી અહિતકર છે. અને તેથી તેને યોગાભાસ કહેલ છે. પાછળનાં બે અનુષ્ઠાનો આત્માને મોક્ષની સાથે જોડે એવા પરિણામવાળાં હોવાથી સદ્યોગરૂપ છે તેથી હિતકર છે. એમ સાર જાણવો.

જે કારણથી વસ્તુસ્વરૂપ આ પ્રમાણે છે તેથી સ્થાનાદિ યોગોમાં પ્રયત્નવિશેષના અભાવવાળા જીવોને આ અનુષ્ઠાનમાં મહાદોષ છે તે કારણથી અનુરૂપ જીવોને એટલે કે યોગ્ય જીવોને જ ચૈત્યવંદનસૂત્ર આપવાનો વિન્યાસ કરવો. અયોગ્યને આપવાથી મહાદોષ લાગે છે તે વાત પૂર્વે કહી ગયા છીએ ॥૧૨॥

*के एतद्विन्यासानुरूपा इत्याकाङ्क्षायामाह–*

આ ચૈત્યવંદનસૂત્રના પ્રદાનરૂપ વિન્યાસ કરવાને અનુરૂપ જીવો કયા કયા હોય છે? આવી આકાંક્ષા થયે છતે ગ્રંથકારશ્રી જણાવે છે કેઃ-



**''जे देसविरइजुत्ता, जम्हा इह वोसिरामि कायं ति ।**
**सुच्चइ विरइए इमं, ता सम्मं चिंतियव्वमिणं ॥ १३ ॥''**

*(ये देशविरतियुक्ता यस्मादिह व्युत्सृजामि कायमिति ॥*
*श्रूयते विरताविदं, तस्मात्सम्यच्चिन्तयितव्यमिदम् ॥ १३ ॥)*

**શ્લોકાર્થ** :- જે જીવો દેશવિરતિથી યુક્ત છે. તે જીવો આ પ્રદાન(વિન્યાસ)ને અનુરૂપ (યોગ્ય) છે. કારણ કે **( ठाणेणं, मोणेणं, झाणेणं, अप्पाणं, वोसिरामि )** આ પાઠમાં કાયાને વોસિરાવું છું એવું સંભળાય છે. કાયા આદિની ચેષ્ટાનો ત્યાગ વિરતિ હોતે છતે સંભવી શકે છે. તેથી **''દેશવિરતિ વિના કાયવ્યુત્સર્જન ન સંભવી શકે''** આ વિચાર સમ્યગ્પ્રકારે કરવો જોઈએ. ॥૧૩॥

*''जे'' इत्यादि । ये ''देशविरतियुक्ताः'' पञ्चमगुणस्थानपरिणतिमन्तः ते इह अनुरूपा इति शेषः । कुतः! इत्याह–यस्मात् ''इह'' चैत्यवन्दनसूत्रे ''व्युत्सृजामि कायम्'' इति श्रूयते, इदं च विरतौ सत्यां सम्भवति, तदभावे कायव्युत्सर्गासम्भवात्, तस्य गुप्तिरूपविरतिभेदत्वात्, ततः सम्यक् चिन्तितव्यमेतद् यदुत ''कायं व्युत्सृजामि'' इति प्रतिज्ञाऽन्यथाऽनुपपत्त्या देशविरतिपरिणामयुक्ता एव चैत्यवन्दनानुष्ठानेऽधिकारिणः, तेषामेवागमपरतन्त्रतया विधियत्नसंभवेनामृतानुष्ठानसिद्धेरिति ॥*

જે આત્માઓ દેશવિરતિ યુક્ત છે, એટલે કે પંચમ ગુણ-સ્થાનકના પરિણામવાળા છે તે જીવો અહીં (ચૈત્યવંદનસૂત્રના પ્રદાનને) યોગ્ય છે. *''ते इह अनुरूपाः''* આ ત્રણ પદો મૂળ ગાથામાં નથી. પરંતુ *જે* ઇત્યાદિ ઉદ્દેશવાચી પદો હોવાથી *તે* ઇત્યાદિ વિધેયવાચી પદો શેષથી એટલે અધ્યાહારથી સમજી લેવાં.

૧. *चिन्तितव्यम्* ને બદલે *चिन्तयितव्यम्* હોવું જોઈએ કારણ કે *अनिट्* પ્રત્યય પર છતાં જ *णि*નો લોપ થાય છે. અહીં તો *सेट्* પ્રત્યય છે.

અહીં પંચમગુણસ્થાનકની પરિણતિવાળા જીવો એમ કહ્યું છે. તેથી સમ્યક્ત્વ અને દેશવિરતિ લોક સમક્ષ ઉચ્ચરેલાં માત્ર હોય. પરંતુ હૃદયસ્પર્શી ન હોય તેવા દ્રવ્ય દેશવિરતિવાળા જીવો ન લેવા. પરંતુ સંસારની અસારતા પૂર્ણપણે ભાસિત થઇ હોય. અને મોક્ષ જ ઉપાદેય છે તેમ સ્પષ્ટ ભાસ્યું હોય અને તેના કારણે જ તે મોક્ષના ઉપાયભૂત સર્વવિરતિ પ્રત્યે પૂર્ણ રુચિ-પ્રીતિ હોય. પરંતુ સ્વીકારવાની તમન્ના હોવા છતાં પ્રતિબંધક ભાવોથી તે સ્વીકારી શકાઇ ન હોય અને તેના ઉપાયરૂપે દેશવિરતિ સ્વીકારી હોય. પોતાની શક્તિને અનુસારે પરિણામપૂર્વક પાલનવિધિ કરતા હોય તેવા ભાવ દેશ-વિરતિવાળા જ જીવો આ સૂત્રોના પ્રદાનને યોગ્ય છે.

**પ્રશ્ન :-** આવા જીવો જ સૂત્રપ્રદાનને યોગ્ય છે- એમ કયા કારણથી તમે કહો છો?

**ઉત્તર :-** જે કારણથી આ ચૈત્યવંદનસૂત્રમાં હું મારી કાયાને વોસિરાવું છું એવો સૂત્રપાઠ સંભળાય છે. આ કાયવ્યુત્સર્ગ વિરતિ હોતે છતે સંભવિત છે. વિરતિના અભાવમાં કાયાનો વ્યુત્સર્ગ અસંભવિત છે. કારણ કે તે કાયવ્યુત્સર્ગ કાયગુપ્તિરૂપ વિરતિનો જ ભેદ છે.

સારાંશ એ છે કે કાયચેષ્ટાનો ત્યાગ કરી કાઉસ્સગ્ગમાં સ્થિર થઇ જવું એ પણ એક પ્રકારની કાયગુપ્તિ છે. અને કાયગુપ્તિ એ વિરતિનો અંશ છે. માટે વિરતિવાળાને જ કાયગુપ્તિ=કાયવ્યુત્સર્ગ સંભવી શકે છે. તેથી વિરતિવાળા જીવો જ આ પ્રદાનને યોગ્ય છે. તેથી આ વિષય સૂક્ષ્મબુદ્ધિપૂર્વક વિચારવો. કારણ કે **"હું મારી કાયાને વોસિરાવું છું"** આવી પ્રતિજ્ઞા દેશવિરતિના પરિણામ વિના ઘટતી નથી. તેથી દેશવિરતિના પરિણામયુક્ત એવા ભાવ દેશ-વિરતિવાળા જીવો જ ચૈત્યવંદનસૂત્રમાં પ્રદાનના અધિકારી છે.

**પ્રશ્ન :-** દેશવિરતિ પરિણામવાળા જીવો જ પ્રદાનને યોગ્ય છે એટલે કે તે પરિણામ વિનાના જીવો પ્રદાનના અનધિકારી છે



એવો અર્થ થાય છે તો શું આવા ભાવથી દેશવિરતિના પરિણામ વિનાના જીવો સૂત્રપ્રદાનને યોગ્ય નથી?

**ઉત્તર :-** જે જીવો દેશવિરતિના પરિણામયુક્ત છે તે જ જીવો આગમથી વ્રતોનું સમ્યગ્ જ્ઞાન પ્રાપ્ત કરે છે. વ્રતોનું સમ્યગ્ જ્ઞાન મેળવીને પછી વ્રતો સ્વીકારે છે. આગમના અનુસારે જ્ઞાનપૂર્વક સમ્યક્ પ્રકારે પાલન કરે છે. આ પ્રમાણે આગમની પરતંત્રતા હોવાથી, તથા સદ્ગુરુ પાસે આગમાનુસારે ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનની વિધિ જાણીને તે વિધિમાં પ્રયત્નવિશેષ કરવાનો યોગ સંભવતો હોવાથી આવા આત્માઓના આ અનુષ્ઠાનને જ કાળાન્તરે ''અમૃતાનુષ્ઠાન''પણાની સિદ્ધિ થાય છે.

જે આત્માઓને દેશવિરતિનો પરિણામ ઉત્પન્ન થયો નથી તે આત્માઓ દ્રવ્યથી વ્રત ઉચ્ચરતા હોવા છતાં વિધિ જાણવા, વિધિનું પાલન કરવા, અને તે માટે આગમ ગ્રંથો ભણવા, કે સદ્ગુરુ પાસે સાંભળવા એટલા ઉત્સાહિત હોતા નથી. તથા તેવો પ્રયત્નવિશેષ પણ કરતા નથી. માટે પંચમગુણસ્થાનકની પરિણતિ વિનાના જીવો આ સૂત્રના પ્રદાનના અનધિકારી જાણવા.

*एतच्च मध्यमाधिकारिग्रहणं तुलादण्डन्यायेनाद्यन्तग्रहणार्थम् । तेन परमामृतानुष्ठानपराः सर्वविरतास्तत्त्वत एव । तद्धेत्वनुष्ठानपराः अपुनर्बन्धका अपि च व्यवहारादिहाधिकारिणो गृह्यन्ते । कुग्रहविरह-सम्पादनेनापुनर्बन्धकानामपि चैत्यवन्दनानुष्ठानस्य फलसम्पादकतायाः पञ्चाशकादिप्रसिद्धत्वादित्यवधेयम् ।*

*ये त्वपुनर्बन्धकादिभावमप्यस्पृशन्तो विधिबहुमानादिरहिता गतानुगतिकतयैव चैत्यवन्दनाद्यनुष्ठानं कुर्वन्ति, ते सर्वथाऽयोग्या एवेति व्यवस्थितम् ॥ १३॥*

આ ચૈત્યવંદન સૂત્રના પ્રદાનને યોગ્ય **"દેશવિરિતિ"**વાળા છે. એમ જે પૂર્વે કહ્યું છે. તે આ મધ્યમ અધિકારીનું ગ્રહણ કરેલ છે. એમ જાણવું અને તે તુલાદંડના ન્યાયે આદિ-અંતના ગ્રહણ માટે છે. જેમ ત્રાજવાની દાંડીના મધ્યભાગને ઊંચે કરવાથી (ગ્રહણ કરવાથી) દાંડીના બંને બાજુના છેડા ગ્રહણ થાય જ છે. તે રીતે ચૈત્યવંદનના સૂત્રપ્રદાનને યોગ્ય જે દેશવિરતિધર કહ્યા છે તેની અપેક્ષાએ આદિ-અંતમાં રહેલા એટલે કે દેશવિરતિની પૂર્વે રહેલા એવા અપુનર્બન્ધક અને દેશવિરતિની પાછળ રહેલા એવા સર્વવિરતિવાળા પણ લઈ લેવા. તથા અપુનર્બન્ધક લીધેલા હોવાથી ઉપલક્ષણથી સમ્યગ્દષ્ટિ પણ સમજી લેવા, આ રીતે (૧) **અપુનર્બન્ધક,** (૨) **સમ્યગ્દષ્ટિ,** (૩) **દેશવિરતિધર** અને (૪) **સર્વવિરતિધર** એમ ચારે પ્રકારના જીવો આ સૂત્રપ્રદાનને યોગ્ય સમજવા. પરંતુ તેમાં આટલી વિશેષતા છે કે :-

જે સર્વવિરતિધર છે (સર્વવિરતિના પરિણામથી યુક્ત એવી ભાવથી સર્વવિરતિ ધારણ કરે છે) તેઓ મોક્ષ પ્રત્યે તીવ્રતર રુચિવાળા હોવાથી પરમ એવા અમૃતાનુષ્ઠાનમાં પરાયણ છે. તેઓ તત્ત્વથી એટલે નિશ્ચયદષ્ટિથી સૂત્રપ્રદાનને યોગ્ય છે. તેઓની ભાવપરિણતિ પ્રકૃષ્ટતમ હોવાથી આગમની પરતંત્રતા તથા વિધિમાં પ્રયત્નવિશેષ તેઓનો ઉત્કટ કોટિનો હોય છે.

દેશવિરતિધર (દેશવિરતિના પરિણામથી યુક્ત એવા) જીવો આ સૂત્રપ્રદાનને યોગ્ય છે. તે તો પૂર્વે આ જ ગાથામાં કહી જ ગયા છીએ.

હવે જે અપુનર્બન્ધક તથા સમ્યગ્દષ્ટિ જીવો છે. તેઓમાં પણ જે તદ્ધેતુ અનુષ્ઠાનમાં પરાયણ છે. તે જીવો વ્યવહારનયથી અહીં સૂત્રપ્રદાનને યોગ્ય છે.



*"परमामृतानुष्ठानपराः"*=**"પરમ અમૃત અનુષ્ઠાનમાં તત્પર"** એવું સર્વવિરતિધરનું વિશેષણ ટીકામાં છે તેનાથી એ ફલિત થાય છે કે દેશવિરતિધર આત્માઓ **અમૃતાનુષ્ઠાન**માં તત્પર હોય છે અને સર્વવિરતિધર આત્માઓ **પરમ અમૃતાનુષ્ઠાન**માં તત્પર હોય છે કારણ કે ઉત્કૃષ્ટ દેશવિરતિધરને પણ દુવિહં તિવિહેણંનું જ પચ્ચક્ખાણ છે અને સર્વવિરતિધરને તિવિહં તિવિહેણંનું પચ્ચક્ખાણ છે. એટલે દેશવિરતિધરમાં અમૃતાનુષ્ઠાન હોય છે અને સર્વ-વિરતિધરમાં પરમ અમૃતાનુષ્ઠાન હોય છે. તેથી તે બન્ને પ્રકારના જીવો તત્ત્વથી (વાસ્તવિકપણે) સૂત્રપ્રદાનના અધિકારી છે. તથા અપુનર્બન્ધક અને સમ્યગ્દષ્ટિમાં તદ્ધેતુ અનુષ્ઠાનમાં તત્પર એવું વિશેષણ છે. તેથી જેઓ અપુનર્બન્ધક અથવા સમ્યગ્દષ્ટિ છે તેઓ વ્યવહારનયથી સૂત્રપ્રદાનના અધિકારી છે. પરંતુ જેઓ તદ્ધેતુ અનુષ્ઠાનમાં પણ તત્પર નથી કિન્તુ ઇહલોક-પરલોકના સુખાદિની વાંછાથી અનુષ્ઠાનમાં તત્પર છે એવા જીવો વ્યવહારથી પણ સૂત્રપ્રદાનને યોગ્ય નથી. તથા અપુનર્બન્ધકથી નીચલી કક્ષામાં વર્તનારા જીવો તો ગાઢ મિથ્યાત્વી હોવાથી જ સૂત્રપ્રદાનને યોગ્ય નથી.

જેઓ અપુર્બન્ધકાવસ્થામાં આવ્યા છે તેઓ પણ (મિથ્યાત્વી હોવા છતાં) મંદમિથ્યાત્વી હોવાથી ચૈત્યવંદનનાં સૂત્રોનું પ્રદાન થવાથી વાસ્તવિક પરમાત્માને ઓળખવાથી પરમાત્મા પ્રત્યે રુચિ-શ્રદ્ધા વધવાથી મિથ્યાત્વ મંદ-મંદતર-મંદતમ થવાથી તેઓમાં કદાગ્રહોનો વિરહ થાય છે. તેથી સમ્યક્ત્વાભિમુખતાની વૃદ્ધિ થવાથી આ અનુષ્ઠાનની ફળ-સંપાદકતા હોઈ શકે છે. આ પ્રમાણે પૂ. હરિભદ્રસૂરિજી મ. કૃત એવા પંચાશકાદિ ગ્રંથોમાં કહેલું છે જે પ્રસિદ્ધ છે એમ જાણવું.

વળી જે જીવો અપુનર્બન્ધકાવસ્થાને પણ સ્પર્શ્યા નથી. ગાઢ મિથ્યાત્વી છે. ચૈત્યવંદનાદિ સૂત્રો પ્રત્યે, તેનાં અનુષ્ઠાનો પ્રત્યે, તીર્થંકર

પરમાત્માદિ પ્રત્યે, તથા વિધિયુક્તતા અને બહુમાનાદિ ભાવો પ્રત્યે શ્રદ્ધા-પ્રેમાદિથી જેઓ રહિત છે. માત્ર ગતાનુગતિકપણે જ (ગાડરીયા પ્રવાહપણે જ) ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનો આચરે છે તેઓ આ સૂત્રપ્રદાનને માટે સર્વથા અયોગ્ય જ છે એમ વ્યવસ્થિત થયું. ॥૧૩॥

*नन्वविधिनाऽपि चैत्यवन्दनाद्यनुष्ठाने तीर्थप्रवृत्तिरव्यवच्छिन्ना स्यात्, विधिरेवान्वेषणे तु द्वित्राणामेव विधिपराणां लाभात् क्रमेण तीर्थोच्छेदः स्यादिति तदनुच्छेदायाविध्यनुष्ठानमप्यादरणीयमित्याशङ्कायामाह-*

**પ્રશ્ન :** અવિધિએ પણ ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાનો કરવાનું સ્વીકારવામાં આવે તો જ જૈન તીર્થની (જૈનશાસનની) પ્રવૃત્તિ અખંડિત (પાંચમા આરાના છેડા સુધી) સિદ્ધ થશે. જો એમ સ્વીકારવામાં નહીં આવે અને વિધિમાત્રની જ અપેક્ષા રાખવામાં આવશે તો વિધિમાં તત્પર અર્થાત્ વિધિયુક્ત ધર્મ આચરનારા આત્માઓ બે-ત્રણ જ (અર્થાત્ બહુ ઓછા) મળવાથી અનુક્રમે તીર્થનો ઉચ્છેદ થઇ જશે. માટે તીર્થના અનુચ્છેદ માટે (તીર્થની અખંડિતતા સારુ) અવિધિવાળું અનુષ્ઠાન પણ સ્વીકારવું જોઇએ. આવી કોઇ શિષ્યોને શંકા થયે છતે ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે.

**''तित्थस्सुच्छेयाइ वि, नालंबणमित्थ जं स एमेव ।**
**सुत्तकिरियाइ नासो, एसो असमंजसविहाणा ॥ १४॥''**

*(तीर्थस्योच्छेदाद्यपि, नालम्बनमत्र यत् स एवमेव ।*
*सूत्रक्रियाया नाशः एष असमञ्जसविधानात् ॥ १४॥)*

**શ્લોકાર્થ :-** અવિધિએ પણ અનુષ્ઠાન ચલાવી લેવું જોઇએ અન્યથા **"તીર્થનો ઉચ્છેદ થઇ જશે"** ઇત્યાદિ યુક્તિઓ પણ અવિધિ અનુષ્ઠાન ચલાવવામાં આલબંનરૂપ (પુરાવા સ્વરૂપ) સમજવી નહિ. કારણ કે તેમ કરવાથી અસ્ત-વ્યસ્ત વિધાનો કરવાથી સૂત્રાનુસારી ક્રિયાનો વિનાશ થાય છે. તે જ ખરેખર સાચો તીર્થોચ્છેદ છે. ॥૧૪॥



*तित्थस्स इत्यादि । ''अत्र''=अविध्यनुष्ठाने, ''तीर्थोच्छेदाद्यपि नालम्बनं'' तीर्थानुच्छेदायाविध्यनुष्ठानमपि कर्तव्यमिति नालम्बीनयम् । ''यद्''=यस्मात्, ''एवमेव''= अविध्यनुष्ठाने क्रियमाण एव, ''अस-मञ्जसविधानात्''=विहितान्यथाकरणादशुद्धपारम्पर्यप्रवृत्त्या सूत्रक्रियाया विनाशः, ''स''=एषः तीर्थोच्छेदः ॥*

*न हि तीर्थनाम्ना जनसमुदाय एव तीर्थम्, आज्ञारहितस्य तस्यास्थिसंघातरूपत्वप्रतिपादनात्, किन्तु सूत्रविहितयथोचितक्रियाविशिष्ट-साधु-साध्वी-श्रावक-श्राविका-समुदायः, तथा चाविधिकरणे सूत्रक्रियाविनाशात् परमार्थतस्तीर्थविनाश एवेति तीर्थोच्छेदालम्बनेनाविधि-स्थापने लाभमिच्छतो मूलक्षतिरायातेत्यर्थः ॥ १४॥*

અહીં અવિધિએ ધર્માનુષ્ઠાન કરનારા જીવો બે પ્રકારના હોય છે. (૧) વિધિ સાપેક્ષ અને (૨) વિધિનિરપેક્ષ. ત્યાં જે મહાત્માઓને આ ધર્મ ગમ્યો છે. રુચ્યો છે. તીર્થંકરાદિ પ્રત્યે, તેમના શાસન પ્રત્યે અનન્ય રાગ છે, બહુમાન છે, તેમના શાસ્ત્રમાં કહ્યા મુજબ વિધિપૂર્વક ધર્માનુષ્ઠાન કરવાની ઉત્કટ ભાવના છે. વિધિપૂર્વક કરનારાઓ પ્રત્યે ઘણો પૂજ્યભાવ છે પરંતુ શરીરબળ, સંઘયણબળ, સંયોગબળ સાનુકૂળ ન હોવાથી વિધિપૂર્વક ધર્માનુષ્ઠાન થઇ શકતું નથી. અવિધિ-અતિચાર થઇ જાય છે. તથા તેની શુદ્ધિ કરવાની પણ પૂરેપૂરી તાલાવેલી છે. એવા જીવો વિધિની અપેક્ષાવાળા હોવાથી **વિધિસાપેક્ષ અવિધિકર્તૃક** કહેવાય છે. આવા જીવો અવિધિએ ધર્માનુષ્ઠાન કરે તો પણ સદ્ગુરુ પ્રાપ્ત થતાં, વિધિ સમજાતાં, શારીરિક બળ સાનુકૂળ થતાં વિધિમાર્ગમાં આવી જાય છે. કારણ કે તેને વિધિની પૂરેપૂરી અપેક્ષા છે. તથા અવિધિની પરંપરા ચલાવતા નથી. પોતે અવિધિ આચરતા છતા બીજાને અવિધિનો ઉપદેશ આપતા નથી. મૂળસૂત્ર -અર્થ અને તેની પરંપરા જાળવી રાખે છે, તેનો ઉચ્છેદ થવા દેતા નથી. તેથી તે યોગ્ય છે.

પરંતુ જે જીવો અવિધિએ ધર્માનુષ્ઠાન કરે છે, વિધિને ઉત્થાપે છે, સૂત્ર-અર્થને મરડીને પણ પોતાની અવિધિને વિધિ બતાવે છે. ચાલતી પ્રણાલિકાનો ઉચ્છેદ કરે છે **જે જીવો કંઇ જ નથી કરતા તેનાથી તો અમે સારા છીએ.** એમ કહી માન વહન કરે છે. વિધિમાર્ગની ઉપેક્ષા જ કરે છે. તેઓ બીજાની બુદ્ધિમાં આ અવિધિ એ જ વિધિ હશે એવી બુદ્ધિ ઉત્પન્ન કરતા છતા અવિધિની જ પરંપરા ચલાવનારા બનવાથી મૂળસૂત્ર-અર્થના ઉચ્છેદક બનવાથી શાસનના ખરેખર વિડંબક જીવો છે. તે આ જીવો **વિધિનિરપેક્ષ અવિધિ કરનાર** જાણવા.

આ બંનેમાં ઘણું અંતર છે. એકનું હૃદય ભાવપરિણતિવાળું હોવાથી આરાધક બને છે અને બીજાનું હૃદય ભાવપરિણતિશૂન્ય તથા માત્ર માનાદિ કષાયપોષક જ હોવાથી અને ઉન્માર્ગપોષક હોવાથી વિરાધક છે. અવિધિ આચરનારા આ બંને જીવોનો સ્પષ્ટ ભેદ જાણ્યા વિના કોઇ શિષ્ય ગ્રંથકાર પ્રત્યે શંકા કરે છે કે=જો અવિધિએ પણ ધર્માનુષ્ઠાન થાય એવો માર્ગ તમે નહીં ચલાવો તો વિધિયુક્ત ધર્મ કરનારા જીવો બે-પાંચ એમ પરિમિત હોવાથી કાલાન્તરે તેઓ ન હોય ત્યારે તીર્થનો ઉચ્છેદ થઇ જશે. માટે ગમે તેમ અવિધિ કરે તો પણ ચલાવી લેવું જોઇએ. જેથી ભગવાને કહેલું શાસન પાંચમા આરાના છેડા સુધી ટકી શકે. એટલે કે **"તીર્થના અનુચ્છેદ માટે અવિધિવાળું ધર્માનુષ્ઠાન પણ ચલાવી લેવું જોઇએ."** આવી યુક્તિ અવિધિ-રસિક એવા જીવો જે આપે છે તે આલંબનીય નથી. અર્થાત્ આવી દલીલ યુક્તિયુક્ત નથી. કારણ કે અવિધિપૂર્વકનું અનુષ્ઠાન કરાયે છતે જેને જેમ યોગ્ય લાગે તેમ અનુષ્ઠાન આચરે. તેથી અસમંજસ વિધાન થવાથી=સૌ સૌના મનને યોગ્ય લાગે તેમ ભિન્ન-ભિન્ન આચરણાઓ ચલાવવાથી શાસ્ત્રમાં કહેલ જે મૂળ માર્ગ, તેને અન્યથા કરવાથી અશુદ્ધ માર્ગની



પરંપરાની પ્રવૃત્તિ થવાથી તીર્થંકર ભગવંતો વડે કહેવાયેલો મૂળસૂત્ર અને તેને અનુસરનારી ક્રિયાનો વિનાશ થશે. અને ખરેખર તે જ સાચો તીર્થોચ્છેદ છે.

શાસન એટલે, તીર્થ, અને તીર્થ એટલે સૂત્ર અને સૂત્રોક્ત ક્રિયા, જો આ મૂળમાર્ગ જ વિચ્છેદ થઇ જાય તો અસમંજસ આચરણાવાળા જનસમૂહથી તીર્થ કેમ ચાલે? જનસમૂહ તે તીર્થ નથી, પરંતુ શાસ્ત્રોક્ત સૂત્ર-ક્રિયાનુસારે વર્તનાર ચતુર્વિધ શ્રીસંઘ તે તીર્થ છે. માટે તીર્થના અનુચ્છેદ માટે પણ અવિધિએ ધર્માનુષ્ઠાન ચલાવી લેવું જોઇએ આ દલીલ બરાબર નથી.

જૈનસમાજમાં જે **"તીર્થ"** એવું નામ પ્રસિદ્ધ છે, તેનો અર્થ ફક્ત **"જનસમુદાય તે તીર્થ"** એવો નથી. કારણ કે તીર્થંકર ભગવંતની આજ્ઞા વિનાનો તે જનસમુદાય તો **"હાડકાંનો માળો"** છે, એમ જ્ઞાની પુરુષોએ પ્રતિપાદન કરેલું છે. માટે જનસમુદાય માત્ર તીર્થ નથી, પરંતુ પ્રવચન-સૂત્રોમાં કહેલી યથોચિત (વિધિ-પૂર્વકની અથવા વિધિસાપેક્ષ) ક્રિયાથી યુક્ત એવા સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાનો સમુદાય તે તીર્થ કહેવાય છે. માટે અવિધિ આચરવામાં, અવિધિ ચલાવી લેવામાં, અવિધિનો ઉપદેશ આપવામાં અને ક્ષેત્ર-કાળ આદિના બહાને મનફાવે તેમ શાસનમાં આચરણાઓ સ્વતંત્રપણે બદલવાથી ઉન્માર્ગની પુષ્ટિ થવાથી પ્રવચનોક્ત સૂત્ર-ક્રિયાનો વિનાશ થાય છે અને તે જ પારમાર્થિક=સાચો તીર્થનાશ છે.

તે કારણથી **"જો અવિધિવાળું અનુષ્ઠાન નહીં ચલાવો તો તીર્થનો ઉચ્છેદ થઇ જશે"** આવી ખોટી યુક્તિઓનું આલંબન લઇને અવિધિના પક્ષનું સ્થાપન કરવામાં અને તેને ટેકો આપવામાં ખરેખર લાભને ઇચ્છતાં મૂળમાર્ગનો વિનાશ થવા રૂપ ક્ષતિ જ આવશે. ઘણા લોકો ધર્માનુષ્ઠાનમાં જોડાય એવો લાભ વિચારતાં

અસમંજસ અને અસ્તવ્યસ્ત માર્ગ ચલાવવાથી ઉન્માર્ગની પ્રરૂપણા-પુષ્ટિ થવાના કારણે ભગવાનનો કહેલો મૂળમાર્ગ જ નાશ કરવારૂપ મહાક્ષતિ આવશે. ॥૧૪॥

*सूत्रक्रियाविनाशस्यैवाहितावहतां*[૧] *स्पष्टयन्नाह-*

**"સૂત્ર અને ક્રિયાનો વિનાશ"** એ જ ખરેખર અહિતકારી છે. તેથી સાચો તે જ તીર્થ ઉચ્છેદ છે. એમ સ્પષ્ટ સમજાવતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

**"सो एस वंकओ चिय, न य सयमयमारियाणमविसेसो ।**
**एयं पि भावियव्वं, इह तित्थुच्छेयभीरुहिं ॥ १५ ॥"**

*(स एष वक्र एव, न च स्वयं मृतमारितयोरविशेषः ।*
*एतदपि भावयितव्यमिह तीर्थोच्छेदभीरुभिः ॥ १५ ॥)*

**શ્લોકાર્થઃ-** તે આ સૂત્રક્રિયાનો વિનાશ એ વક્ર (બહુ દુઃખદાયી) જ છે. સ્વયં મૃત્યુ પામે, અને મારવામાં આવે આ બંને અવિશેષ(સમાન) નથી. તેથી તીર્થના ઉચ્છેદથી ભીરુ આત્માઓએ આ બાબતમાં આ વાત પણ વિચારવી જોઈએ. ॥ ૧૫॥

*"सो एस त्ति"='स एष' सूत्रक्रियाविनाशः "वक्र एव" तीर्थोच्छेदपर्यवसायितया दुरन्तदुःखफल एव । ननु शुद्धक्रियाया एव पक्षपाते क्रियमाणे शुद्धायास्तस्या अलाभादशुद्धायाश्चानङ्गीकारादानुस्रोतसिक्या वृत्त्याऽक्रियापरिणामस्य स्वत उपनिपातात्तीर्थोच्छेदः स्यादेव, यथा-कथञ्चिदनुष्ठानावलम्बने च जैनक्रियाविशिष्ट जनसमुदायरूपं तीर्थं न व्यवच्छिद्यते न कर्तुरविधिक्रियया गुरोरुपदेशकस्य कश्चिद्दोषः अविधि-*

---

૧. અહીં *"अहितावहतां"* શબ્દમાં *अहित+आ+वह+तां* પદો જોડાઈને બનેલું છે. *आ* ઉપસર્ગપૂર્વક *आवह्* ધાતુથી ભાવમાં કૃદન્તનો *अ* પ્રત્યય લાગીને *आवह* શબ્દ બનેલ છે. તેને ભાવમાં તદ્ધિતનો *ता* પ્રત્યય લાગી *अहितस्य आवहता इति अहितावहता, तान्-अहितावहताम्* એમ ષષ્ઠી તત્પુરુષ સમાસ થયેલ છે.



*क्रियाकर्तुस्तस्य स्वपरिणामाधीनप्रवृत्तिकत्वात्, केवलं क्रियाप्रवर्तनेन गुरोस्तीर्थव्यवहाररक्षणाद् गुण एवेत्याशङ्कायामाह :-*

તે આ **સૂત્રક્રિયાનો વિનાશ એ વક્ર જ છે.** તીર્થનો ઉચ્છેદ કરવામાં જ પર્યવસાન પામનાર છે. અને એટલે જ દુરન્ત એવાં દુઃખો આપનાર છે.

તાત્પર્યાર્થ એ છે કે સૂત્ર, સૂત્રોના અર્થ, અને સૂત્રાનુસારિણી ધર્મ ક્રિયા આ સર્વે અસ્ત-વ્યસ્ત, મન ફાવે તેમ કરવાથી, અને તેમ ચલાવી લેવાથી તે ઉન્માર્ગની પુષ્ટિ થતાં મૂળભૂત એવા સૂત્ર-ક્રિયાનો વિનાશ થાય છે. ખરેખર તો તે જ સાચો તીર્થોચ્છેદ બને છે. કારણ કે મૂળભૂત માર્ગનો લોપ થતાં થતાં કાળાન્તરે સર્વથા મૂળમાર્ગ ભૂંસાઈ જાય છે. તેથી યથાર્થ માર્ગે ચાલનાર ચતુર્વિધ સાચા સંઘરૂપ તીર્થ અને દ્વાદશાંગીરૂપ તીર્થ વિચ્છેદ પામે છે. એટલે જ આ સૂત્ર-ક્રિયાનો વિનાશ કાળાન્તરે તીર્થોચ્છેદમાં પર્યવસાન પામે છે. તેનાથી મૂળમાર્ગ પ્રત્યે અનાદર અને અબહુમાન વૃદ્ધિ પામવાથી અનંત ભવોની પરંપરા વધે એવું ચીકણું કર્મ બંધાય છે. અને આ આત્માને સંસારમાં રઝળાવે છે તેથી **અતિશય વક્ર** જ છે.

**પ્રશ્ન :-** શુદ્ધક્રિયાનો જ આટલો બધો પક્ષપાત જો તમે કરશો તો તેવી તે શુદ્ધ ક્રિયાનો અલાભ થવાથી, અને અશુદ્ધક્રિયા સ્વીકારેલી ન થવાથી **"આનુશ્રોતસિકી"** વૃત્તિ વડે સ્વતઃ અક્રિયા પરિણામ જ ઉત્પન્ન થવાથી તીર્થોચ્છેદ થશે જ.

સારાંશ કે જો તમે શુદ્ધ જ ક્રિયા કરવી જોઈએ એમ ભારપૂર્વક શુદ્ધક્રિયાનો જ પક્ષપાત કરશો તો તેવી સૂત્રોક્તવિધિ-પૂર્વકની શુદ્ધક્રિયા થવી અશક્ય છે. કારણ કે સંઘયણબળ શરીરબળ, સંયોગબળ નથી અને **"શુદ્ધ જ ક્રિયા કરવી જોઈએ"** એમ અવધારણથી અશુદ્ધ ક્રિયાનો અનંગીકાર થવાથી શ્રોતાઓના મનમાં

થશે કે આપણાથી શુદ્ધ ક્રિયા થવાની નથી અને અશુદ્ધ ક્રિયા કરવાની ગુરુજી ના પાડે છે એટલે ધર્મક્રિયા કરવાની રહેતી જ નથી. એમ અક્રિયા પરિણામ પ્રગટ થશે. કારણ કે આ જીવ અનાદિકાળથી ધર્મ ન કરવાના જ પરિણામવાળો છે. ધર્મ કરવાના પરિણામ તો પરિમિત કાલથી જ પ્રાપ્ત થયા છે. એટલે અનાદિ-કાળથી પ્રવાહરૂપે ચાલ્યો આવતો **"ધર્મ ન કરવાનો પરિણામ"** જ વૃદ્ધિ પામશે. આ પ્રમાણે આનુશ્રોતસિકી વૃત્તિ (એટલે કે અનાદિ કાળના પ્રવાહથી ચાલી આવતી ધર્મ ન કરવાની વૃત્તિ)થી અક્રિયા-પરિણામ જ સ્વયં જીવમાં ઉત્પન્ન થશે. આ પ્રમાણે દરેક જીવોને અક્રિયા-પરિણામ થવાથી ખરેખર કોઈપણ પ્રકારનું ધર્માનુષ્ઠાન આચરનાર કોઈપણ જીવ રહેશે જ નહી. તેથી સાચે જ તીર્થનો ઉચ્છેદ થઈ જશે, તેને બદલે યથાકથંચિત્ અનુષ્ઠાનનું આલંબન લેવામાં આવે (એટલે ગમે તેમ અવિધિએ પણ ધર્માનુષ્ઠાન કરે તો તે ચલાવી લેવામાં આવે) તો જૈનધર્મની ક્રિયા કરવારૂપ ક્રિયાથી યુક્ત એવો જનસમુદાયરૂપ તીર્થ વ્યવચ્છેદ પામશે નહિ. કારણ કે જનસમુદાયના ચિત્તમાં આવી ક્રિયા કરવાનો ઉત્સાહ વધશે. ક્રિયામાં જોડાશે, જનસંખ્યા પણ વધશે. અને ઊલટું તીર્થનું રક્ષણ કરવા રૂપ બનશે. માટે અવિધિએ થતી ધર્મક્રિયા ચલાવી લેવી જોઈએ. કારણ કે તે તીર્થનું રક્ષણ કરનાર છે.

કદાચ અહીં કોઈ એમ પ્રશ્ન કરે કે જો ગુરુજી ક્રિયા કરનારની અવિધિક્રિયા ચલાવી લે તો કર્તાની તે અવિધિક્રિયા વડે ઉપદેશક એવા ગુરુજીને દોષ લાગે. તો તે પ્રશ્ન પણ બરાબર નથી. અર્થાત્ ઉપદેશક એવા ગુરુજીને કંઈ પણ દોષ લાગતો નથી. કારણ કે ગુરુજી તો માત્ર ક્રિયા કરવાનો જ ઉપદેશ આપે છે. તેમજ શાસ્ત્રને અનુસારે વિધિ પણ બતાવે છે. ફક્ત વિધિનો આગ્રહ રાખતાં નથી. એટલે ગુરુજીનો ક્રિયા કરવાનો ઉપદેશ



સાંભળીને કોઈ શ્રોતા મનમાં એમ વિચારે કે આ ક્રિયા સંસારમાં ડૂબેલા આપણાથી નહિ થાય. એ અક્રિયાપરિણામ જેમ તેને સ્વતઃ આવે છે તેમ ગુરુજીનો ઉપદેશ સાંભળીને કોઈ એમ વિચારે કે આપણાથી તેવી વિધિપૂર્વકની ક્રિયા તો શક્ય નથી. પરંતુ જેટલી થાય તેટલી અને જેમ થાય તેમ ક્રિયા કરીએ. એમ અવિધિએ પણ ક્રિયા કરવાનો પરિણામ તેને સ્વતઃ જ થાય છે. માટે અક્રિયા-પરિણામની જેમ અવિધિક્રિયાપરિણામ પણ શ્રોતાને પોતાના પરિણામને આધીન જ પ્રવૃત્તિવાળો હોવાથી ગુરુને કંઈપણ દોષ લાગતો નથી. ઉલટું યેનકેન પ્રકારેણ જનસમૂહને ક્રિયામાં પ્રવર્તાવવા વડે સાચેસાચ (ક્રિયાત્મક) તીર્થના વ્યવહારનું સંરક્ષણ કરવાથી ગુરુને તો તીર્થરક્ષા કરવા રૂપ ગુણ જ થાય છે (લાભ જ થાય છે) કારણ કે ગુરુજીએ તો ધર્મક્રિયા અને માત્ર વિધિ જ જણાવી છે. અવિધિ તો તે જીવ સ્વતઃ જ કરે છે. આવી કોઈ શિષ્યની શંકા થયે છતે ગુરુજી ઉત્તર આપે છે કે :-

''**न च स्वयं मृतमारितयोरविशेषः**''=*किन्तु विशेष एव, स्वयं मृते स्वदुष्टाशयस्यानिमित्तत्वात् मारिते च मार्यमाणकर्मविपाक-समुपनिपातेऽपि स्वदुष्टाशयस्य निमित्तत्वात् तद्वदिह स्वयमक्रियाप्रवृत्तं जीवमपेक्ष्य गुरोर्न दूषणम्, तदीयाविधिप्ररूपणमवलम्ब्य श्रोतुरविधिप्रवृत्तौ च तस्योन्मार्गप्रवर्तनपरिणामादवश्यं महादूषणमेव, तथा च श्रुतकेवलिनो वचनम् :-*

**''जह शरणमुवगयाणं, जीवाण सीरो निकिंतए जो उ ।**
**एवं आयरिओ वि हु उस्सुत्तं पण्णवेंतो य ॥ उपदेशमाला ॥५१८॥''**

કોઈ જીવ પોતાનું આયુષ્ય પૂર્ણ થવાથી સ્વયં મૃત્યુ પામે, અને કોઈ જીવ બીજા વડે મારવામાં આવે. આ બંને (**મૃત અને મારિત**)માં અવિશેષતા એટલે સદૃશતા નથી અર્થાત્ સમાનતા નથી. પરંતુ વિશેષતા જ છે. જે આત્મા પોતાનું આયુષ્ય પૂર્ણ થવાથી

સ્વયં મૃત્યુ પામે છે તેમાં પોતાનો (મરવાનો કે આપઘાત કરવાનો કે આત્માને મારી નાખવાનો) દુષ્ટ પરિણામ નિમિત્ત નથી. પરંતુ જ્યાં એક જીવ બીજા જીવ વડે મારવામાં આવે છે ત્યાં મરાતા (મૃત્યુ પમાડાતા, જીવનું મૃત્યુ પ્રાપ્ત કરવા સંબંધી કર્મ ઉદયમાં આવેલું હોવા છતાં પણ મારનારા (ઘાતક) આત્માનો પોતાનો દુષ્ટ આશય તેમાં નિમિત્ત છે. એટલે કે કોઇ જીવ આયુષ્ય પૂર્ણ થાય અને સ્વયં મરે તો કંઇ દોષ ન લાગે કારણ કે મૃત્યુ-પ્રાપ્તિમાં કોઇનો પણ દુષ્ટાશય નિમિત્ત નથી. પરંતુ કોઇ જીવને જો મારવામાં આવે તો મારનારના ચિત્તમાં હત્યા કરવાનો દુષ્ટ આશય નિમિત્ત છે. માટે દોષ લાગે જ છે. તેથી મૃત અને મારિતમાં સમાનતા નથી.

તેવી રીતે અહીં પણ કોઇ જીવ સ્વયં અક્રિયામાં પ્રવર્તે અર્થાત્ ધર્મક્રિયામાં ન પ્રવર્તે, તો તે ધર્મક્રિયામાં ન પ્રવર્તાવવા રૂપ પરિણામ ગુરુજીનો ન હોવાથી તેવા જીવને આશ્રયી ગુરુને કંઇ દોષ લાગતો નથી. પરંતુ વિધિપૂર્વકની ધર્મક્રિયા અતિદુષ્કર છે. એમ મનમાં સમજી કોઇ ઉપદેશક તે શ્રોતાઓને અવિધિની પ્રરૂપણા કરે, શ્રોતાઓ ગમે તેમ અવિધિ સેવે તો પણ ચલાવી લે, તથા ધર્મક્રિયા ન કરનારા જીવો કરતાં તો આ જીવો ઘણા સારા છે એમ કહી અવિધિ કરનારાને ઉત્તેજન આપે તથા આ કલિયુગમાં તો આમ જ ચાલે, બહુ ચર્ચા કરવા વડે સર્યું. એવું કહેનારા ગુરુજીને અવિધિની પ્રરૂપણાને આશ્રયી અને શ્રોતાઓને અવિધિમાં પ્રવર્તાવવાને આશ્રયી ઉન્માર્ગ પ્રરૂપણા કરવાનો તે ગુરુજીનો પરિણામ હોવાથી અવશ્ય મહાદૂષણ લાગે જ છે.

આ વાતને સ્પષ્ટ સમજાવતું શ્રુતકેવલીનું વચન આ પ્રમાણે છે.

શરણે આવેલા જીવોનો જે (શરણ આપનાર) શિરચ્છેદ કરે તેને જેમ મહાદોષ લાગે, તેમ ઉત્સૂત્રની પ્રરૂપણા કરતા આચાર્યને પણ મહાદોષ લાગે છે. **'ઉપદેશમાલા'** ગાથા-૫૧૮



આ વાતની સાક્ષી પૂરતી પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજની (શ્રી યશોવિજયજી મહારાજની) સાડા ત્રણસોના સ્તવનની ગાથા આ પ્રમાણે છે :-

**ચાલે સૂત્ર વિરુદ્ધાચારે, ભાખે સૂત્ર વિરુદ્ધ,**
**એક કહે અમે મારગ રાખું, તેમ કેમ માનું શુદ્ધ રે. ૨**

**આલંબન કૂડાં દેખાડી, મુગ્ધ લોકને પાડે,**
**આણાભંગ તિલક તે કાળું, થાપે આપ નિલ્લાડે રે. ૩**

**વિધિ જોતાં કલિયુગમાં હોવે, તીરથનો ઉચ્છેદ,**
**જિમ ચાલે તિમ ચલવે જઇએ, એહ ધરે મતિભેદ. ૪**

**ઈમ ભાષી તે મારગ લોપે, સૂત્ર ક્રિયા સવિ પીસી,**
**આચરણા શુદ્ધિ આચરીયે, જોઈ યોગની વીસી રે. ૫**

**પંચમે આરે જિમ વિષ મારે, અવિધિ દોષ તિમ લાગે,**
**ઈમ ઉપદેશપદાદિક દેખી, વિધિ રસિઓ જન જાગે રે. ૬**

**ઢાળ પહેલી, ગાથા ૨ થી ૬**

*न केवलमविधिप्ररूपणे दोषः किन्त्वविधिप्ररूपणाभोगेऽविधि-निषेधासम्भवात् तदाशंसानुमोदनापत्तेः फलतस्तत्प्रवर्तकत्वाद्दोष एव । तस्मात् ''स्वयमेतेऽविधिप्रवृत्ता नात्रास्माकं दोषो, वयं हि क्रियामेवो-पदिशामो न त्वविधिम्'' एतावन्मात्रमपुष्टालम्बनमवलम्ब्य नोदासितव्यं परहितनिरतेन धर्माचार्येण, किन्तु सर्वोद्यमेनाविधिनिषेधेन विधावेव श्रोतारः प्रवर्तनीयाः, एवं हि ते मार्गे प्रवेशिताः, अन्यथा तून्मार्गप्रवेशनेन नाशिताः।*

અવિધિની પ્રરૂપણા કરવામાં જ દોષ છે એટલું જ નહિ, પરંતુ કોઇ ઉપદેશક શબ્દોથી અવિધિની પ્રરૂપણા ન કરતા હોય અને ફક્ત વિધિની જ પ્રરૂપણા કરતા હોય. પરંતુ આ પંચમકાળ છે. વિધિ પાળવી અશક્ય છે. વિધિનો જ પક્ષ રાખીશું તો

આરાધકોની સંખ્યા ઘટી જશે તેથી તીર્થનો વિચ્છેદ થઇ જશે. માટે કંઇક અવિધિ હોય તો પણ ચલાવી લેવી જોઇએ. ન મામા કરતાં તો કાણા મામા પણ સારા છે. આ ન્યાયથી ક્રિયા ન કરનારા કરતાં તો અવિધિવાળા સારા છે ઇત્યાદિ વિચારો મનમાં ઘૂમતા હોવાથી અવિધિની પ્રરૂપણા કરવાનો આભોગ (ઉપયોગ-આશય) હૃદયમાં વર્તતો હોવાથી મુખે ભલે વિધિની જ પ્રરૂપણા થતી હોય પરંતુ અવિધિ હોય તો પણ ચાલે, એ વિચારો હૃદયગત હોવાથી કંઠથી અવિધિનો નિષેધ થવો અસંભવિત જ છે. તેથી તે અવિધિનું કથન ન હોવા છતાં અવિધિના કથનનું અનુમોદન લાગે જ છે. એટલે તે ઉપદેશક ફળથી અવિધિના પ્રવર્તક જ હોવાથી મુખે અવિધિ ન બોલતા હોવા છતાં પણ દોષવાળા જ છે.

ખરેખર ઉપદેશકે શ્રોતાને યથાર્થ સમ્યગ્ બોધ કરાવવો એ જ તેઓનું કર્તવ્ય છે. તેથી વિધિની પ્રરૂપણાથી કોઇ શ્રોતા અવિધિનો નિષેધ સમજી પણ જાય. પરંતુ સર્વ શ્રોતા સમજી શકે નહિ, તેથી વિધિની પ્રરૂપણાની જેમ અવિધિનો નિષેધ પણ જોરશોરથી ગુરુજીએ કરવો જ જોઇએ. એ અવિધિનો નિષેધ જો ઉપદેશક ન કરે અને જો ઉપેક્ષાવૃત્તિ સેવે તો પણ અવિધિના માર્ગનું અનુમોદન થવાથી ઉન્માર્ગના પ્રવર્તક જ કહેવાય એટલે દોષ લાગે જ છે. તેથી પરોપકારમાં પરાયણ એવા ધર્માચાર્યે ''આ અવિધિ કરનારાઓ સ્વયં અવિધિમાં પ્રવર્ત્યા છે, તેમાં અમારો કોઇ દોષ નથી (અમે તેઓને અવિધિમાં પ્રવર્તાવ્યા નથી.) અમે તો ફક્ત ક્રિયા જ બતાવી છે. પરંતુ અવિધિનો ઉપદેશ આપ્યો નથી.'' આટલું માત્ર અપુષ્ટ નિર્બળ અર્થાત્ તુચ્છ આલંબનનું અવલંબન લઇને ઉદાસ રહેવું જોઇએ નહિ. ઉપેક્ષા કરવી જોઇએ નહિ. પરંતુ સર્વ પ્રકારના ઉદ્યમ વડે જોરશોરથી અવિધિનો નિષેધ કરવા પૂર્વક શ્રોતાઓને વિધિમાં જ પ્રવર્તાવવા જોઇએ.



સારાંશ કે માત્ર અવિધિના નિષેધથી અને વિધિના કથનથી સંતોષ ન માનતાં સૂક્ષ્મબુદ્ધિથી વારંવાર આ વાત સમજાવવી જોઇએ તથા અવિધિમાં દોષો અને વિધિમાં ગુણો બતાવવા જોઇએ. ભૂતકાળમાં થઇ ગયેલા જીવોમાં અવિધિથી અનર્થ પામેલા અને વિધિથી કલ્યાણ પામેલાનાં દૃષ્ટાંતો-દલીલો વારંવાર સમજાવી શ્રોતાઓના મનમાંથી અવિધિનો પક્ષ જ દૂર કરી નાખવો જોઇએ. કારણ કે ઉપદેશક જો એમ કરે તો જ તે શ્રોતાઓ માર્ગમાં પ્રવેશિત થયેલા બને છે. જો આમ ન કરવામાં આવે તો ઉન્માર્ગમાં શ્રોતાઓને પ્રવેશાવવા દ્વારા શ્રોતાઓનો (ધર્મમાર્ગથી) વિનાશ જ કર્યો છે એમ જાણવું.

*एतदपि भावयितव्यमिह तीर्थोच्छेदभीरुभिः । विधिव्यवस्थापनेनैव ह्येकस्यापि जीवस्य सम्यग् बोधिलाभे चतुर्दशरज्ज्वात्मकलोकेऽमारिपटहवादनात्तीर्थोन्नतिः, अविधिस्थापने च विपर्ययात्तीर्थोच्छेद एवेति । यस्तु श्रोता विधिशास्त्रश्रवणकालेऽपि न संवेगभागी तस्य धर्मश्रावणेऽपि महादोष एव, तथा चोक्तं ग्रन्थकृतैव षोडशके-*

અવિધિએ પણ ધર્મ કરનારા હશે તો તીર્થ રહેશે, અન્યથા તીર્થનો ઉચ્છેદ થશે એમ માનનારાઓએ ''મૃત-મારિતમાં'' સમાનતા નથી એ વાત પૂર્વે ચર્ચ્યા મુજબ જેમ વિચારવી જોઇએ. તેમ તીર્થના ઉચ્છેદથી ભીરુ એવા તે ઉપદેશકોએ આ પણ વિચારવું જોઇએ કે ઉપદેશ આપતી વખતે જો વિધિની જ સ્થાપના કરવામાં આવે અને એવકારથી અવિધિનો નિષેધ જ કરવામાં આવે તો શ્રોતાજન-સમૂહમાંથી વિધિરસિક એક પણ જીવને સમ્યગ્ એવા બોધિબીજનો લાભ થાય અર્થાત્ સમ્યક્ત્વ પામે તો ક્રમશઃ આગળ વધતાં તે દેશવિરતિ- અને સર્વવિરતિ પામતાં ષટ્કાયનો સંપૂર્ણ રક્ષક બનતાં ચૌદ રજ્જ્વાત્મક એવા આ લોકમાં **''અમારિ પડહ''** વગડાવવાથી મારાથી કોઇ જીવને કંઇ પણ દુઃખ-ઉપદ્રવ થવાં જોઇએ નહિ એવી ભાવનાથી ઊંચા ગુણસ્થાનકોમાં ચઢે છે. તેના

સંપર્કથી બીજા પણ અનેક મહાત્માઓને આવો **"અમારી પડહ"** સર્વવિરતિના માર્ગે વાળે છે. ખરેખર સાચી તે જ તીર્થોન્નતિ છે. અવિધિમાર્ગનો ઉપદેશ આપવાથી અને તેની વિશેષ સ્થાપના કરવાથી અથવા અવિધિ ચલાવી લેવાથી વિધિથી થતા લાભ કરતાં વિપર્યય થાય છે. બોધિબીજનો નાશ થાય છે. અવિધિ પ્રત્યે રુચિ વધે છે. વિધિ પ્રત્યે ઉપેક્ષાભાવ આવે છે. તેથી શ્રોતાવર્ગમાં જે જીવ સમ્યક્ત્વાદિ ગુણને અભિમુખ હતો તે પણ વિમુખ બને છે. તેથી ખરેખર ધર્મ-પરિણામવાળો જીવ અધર્મ તરફ વળે છે. તે જ સાચો તીર્થોચ્છેદ છે.

વળી જે શ્રોતા વિધિવાળાં શાસ્ત્રો સાંભળતી વખતે સંવેગભાગી. (વૈરાગ્યવાન અને મોક્ષાભિલાષી) નથી તેવા જીવને ધર્મ સંભળાવવામાં પણ મહાદોષ જ છે.

ભાવાર્થ એ છે કે શ્રોતા જ્યારે ધર્મ સાંભળવા અભિમુખ થાય છે અને ઉપદેશક સુંદર શૈલીથી ધર્મ સમજાવે છે. જન્મ-જરા-મરણાદિનાં દુઃખો, સંયોગ-વિયોગનાં દુઃખો, શારીરિક-માનસિક આધિ-વ્યાધિનાં દુઃખોથી આ સંસાર અસાર-નિર્ગુણ અને તુચ્છ છે. જીવની દુઃખમુક્ત સુખકારી જો કોઈ અવસ્થા હોય તો તે સર્વકર્મમુક્ત-નિરંજન-નિરાકાર-શુદ્ધ-બુદ્ધ-મુક્ત એવી મુક્તાવસ્થા જ છે. તેથી સ્વાભાવિક અનંત સુખમય મોક્ષ જ પ્રાપ્તવ્ય છે. ઈત્યાદિ ઉપદેશ સાંભળી સંસાર ઉપર નિર્વેદ અને મોક્ષ પ્રત્યે રુચિસ્વરૂપ સંવેગ પરિણામ શ્રોતાના હૃદયમાં ઉત્પન્ન થાય છે. અને મોક્ષ પ્રત્યે રુચિ થવાથી તેના ઉપાયભૂત ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાનો પ્રત્યે પણ રુચિ થાય છે. આવા ઉત્તમ જીવોને જ ધર્મ સંભળાવવામાં બીજાધાનાદિ દ્વારા ઉત્તરોત્તર લાભ છે.

પરંતુ જે શ્રોતાઓને ધર્મશ્રવણકાલે પણ મોક્ષ પ્રત્યે સંવેગ પરિણામ થતો નથી. સંસાર પ્રત્યે નિર્વેદ થતો નથી અને તેના



કારણે મોક્ષના ઉપાયભૂત ચૈત્યવંદનાદિ પ્રત્યે જિજ્ઞાસા પણ થતી નથી. તેવા જીવોને સામેથી ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાનોનું શ્રવણ કરાવવામાં પણ મહાદોષ છે. એટલે કે ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાનો કરાવવામાં તો મહાદોષ છે જ પરંતુ તેનું વર્ણન સંભળાવવામાં પણ મહાદોષ છે. એમ *अपि* શબ્દનો અર્થ જાણવો.

આ જ વાત ગ્રંથકારશ્રીએ જ ષોડશકમાં કહી છે. તે આ પ્રમાણે છે.

**''शृण्वन्नपि सिद्धान्तं, विषयपिपासातिरेकतः पापः ।**
**प्राप्नोति न संवेगं, तदापि यः सोऽचिकित्स्य इति ॥ १॥''**

**''नैवंविधस्य शस्तं, मण्डल्युपवेशनप्रदानमपि ।**
**कुर्वन्नेतद् गुरुरपि, तदधिकदोषोऽवगन्तव्यः ॥ २॥''**

**(૧૦મું ષોડશક, શ્લોક ૧૪-૧૫)**

*मण्डल्युपवेशनं=सिद्धान्तदानेऽर्थमण्डल्युपवेशनम् । ''तदधिक-दोषः''=अयोग्यश्रोतुरधिकदोषः, पापकर्तुरपेक्षया तत्कारयितुर्महादोषत्वात् ।*

*तस्माद्विधिश्रवणरसिकं श्रोतारमुद्दिश्य विधि-प्रापणेनैव गुरु-स्तीर्थव्यवस्थापको भवति, विधिप्रवृत्त्यैव च तीर्थमव्यवच्छिन्नं भवतीति सिद्धम् ॥ १५॥*

સિદ્ધાંતશાસ્ત્રને સાંભળવા છતાં પાંચ ઈન્દ્રિયોના વિષયોની પિપાસાના અતિરેકથી પાપી (પાપ પરિણતિવાળો) એવો જે શ્રોતા તે કાળે પણ સંવેગ પરિણામને પામતો નથી તે આત્મા (ભારે કર્મી હોવાથી) અચિકિત્સ્ય છે.

આવા (ભારે કર્મી) જીવને અર્થપ્રદાનની માંડલીમાં પ્રવેશ પ્રદાન પણ ઉચિત નથી. છતાં માંડલીમાં પ્રવેશપ્રદાન કરતા ગુરુ પણ તે શ્રોતા કરતાં અધિક દોષવાળા સમજવા. ॥ ષોડશક ૧૦, ગાથા ૧૪-૧૫ ॥

જે આત્મા ઇન્દ્રિયજન્ય સંસારસુખના અતિરાગી છે. અને તેના કારણે મોક્ષ અને મોક્ષના ઉપાયો પ્રત્યે ઉદાસીન છે, સંવેગ પરિણામ વિનાના છે. તે આત્મા સૂત્રપ્રદાનને માટે અયોગ્ય છે કારણ કે સંસાર પ્રત્યે નિર્વેદ અને મોક્ષ પ્રત્યે સંવેગ પરિણામ હોવો અત્યંત જરૂરી છે. તેથી સંસાર સુખનો રાગી એવો આત્મા સૂત્રપ્રદાન માટે અયોગ્ય છે. તથા અર્થપ્રદાનની માંડલીમાં આવા જીવને પ્રવેશ પણ ન આપવો જોઇએ. જો ગુરુ અયોગ્યને માંડલીમાં પ્રવેશ આપે તો શ્રોતા કરતાં ગુરુને અધિક દોષ લાગે. પાપ કરનાર પોતે પાપ કરે છે તે પોતાના પૂરતો દોષિત છે. અને ગુરુ અયોગ્યને સૂત્ર-અર્થ ભણાવે તો અનર્થકારી એવી પરંપરા ચાલે. અયોગ્યને ઉત્તેજન મળે. માટે અયોગ્યને સૂત્રપ્રદાન અને અર્થપ્રદાન કરતા એવા ગુરુ શિષ્ય કરતાં અધિક દોષિત બને છે. તેથી વિધિ સાંભળવામાં રસિક એવા શ્રોતાને ઉદ્દેશીને વિધિની પ્રરૂપણા કરવા વડે જ ગુરુ સાચા તીર્થના વ્યવસ્થાપક બને છે. અને વિધિપૂર્વકની પ્રવૃત્તિથી જ તીર્થ અખંડિત થાય છે. આ પ્રમાણે સિદ્ધ થયું.

સાર એ છે કે અવિધિરસિક એવી અધિક જનસંખ્યાથી તીર્થ અવ્યવચ્છિન્ન (અખંડિત) બનતું નથી. પરંતુ વિધિરસિક એવા અલ્પ જીવો હોય તો પણ તીર્થ અખંડિત અને સુશોભિત બને છે. ॥૧૫॥

*ननु किमेतावद्गूढार्थगवेषणया? यद् बहुभिः जनैः क्रियते तदेव कर्तव्यं ''महाजनो येन गतः स पन्थाः'' इति वचनात्, जीत-व्यवहारस्यैवेदानीं बाहुल्येन प्रवृत्तेस्तस्यैव आतीर्थकालभावित्वेन तीर्थ-व्यवस्थापकत्वादित्याशङ्कायामाह-*

આટલી બધી ગૂઢ અર્થવાળી એવી ગવેષણા (ચર્ચા) (અર્થાત્ સૂક્ષ્મ ચર્ચા) કરવા વડે શું? ચર્ચા કરવા વડે સર્યું. **''બહુ જીવો વડે જે કરાતું હોય તે જ કરવું જોઇએ''** એવો માર્ગ દેખાય છે. શાસ્ત્રોમાં પણ ''મહાજનો (જનસમુદાય) જે તરફ જાય



તે જ માર્ગ કહેવાય'' એવું વચન હોવાથી બહુ ઊંડી ચર્ચા કરવા વડે સર્યું.

વળી અત્યારે જીતવ્યવહાર જ બહુલતાએ પ્રવર્તતો હોવાથી તે જીતવ્યવહાર જ યાવત્ તીર્થકાલભાવિ (જ્યાં સુધી તીર્થ રહેશે ત્યાં સુધી રહેવાવાળો) હોવાથી ખરેખર તે જીતવ્યવહાર જ તીર્થનો વ્યવસ્થાપક છે. માટે ''બહુલોકો કરે તેમ કરવું'' એ જ માર્ગ છે. આવી શિષ્યોની શંકા હોતે છતે ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

**''मुत्तूण लोगसन्नं, उड्ढूण य साहुसमयसब्भावं ।**
**सम्मं पयट्टियव्वं, बुहेण मइनिउणबुद्धिए ॥ १६ ॥''**

*मुक्त्वा लोकसंज्ञां, ऊढ्वा च साधुसमयसद्भावं ।*
*सम्यक् प्रवर्तितव्यं, बुधेन मतिनिपुणबुद्ध्या ॥ १६ ॥*

**શ્લોકાર્થ :-** (આવી શાસ્ત્રનિરપેક્ષ) લોકસંજ્ઞાનો ત્યાગ કરીને સુંદર એવાં શાસ્ત્રોનાં રહસ્યોને જાણીને પંડિતપુરુષે અતિશય નિપુણ-બુદ્ધિપૂર્વક સમ્યગ્ પ્રકારે વિધિમાં પ્રયત્ન કરવો જોઇએ. ॥૧૬॥

*''मुत्तूण त्ति''=मुक्त्वा लोकसंज्ञां=''लोकः एव प्रमाणं'' इत्येवं-रूपां शास्त्रनिरपेक्षां मतिं, ''उड्ढूण य'' त्ति [૧]वोढ्वा च, (ऊढवा च) ''साधुसमयसद्भावं''=समीचीनसिद्धान्तरहस्यं, ''सम्यग्''=विधिनीत्या प्रवर्तितव्यं चैत्यवन्दनादौ, ''बुधेन''=पण्डितेन, ''अतिनिपुणबुद्ध्या''= अतिशयितसूक्ष्मभावानुधाविन्या मत्या । साधुसमयसद्भावश्चायम् ।*

**''બહુ લોકો કરે તે જ કરવું''** આવા પ્રકારની અથવા **''લોક એ જ પ્રમાણ છે''** એવા સ્વરૂપવાળી શાસ્ત્રથી નિરપેક્ષ મતિનો ત્યાગ કરીને, સાધુ એવાં (એટલે કે આત્મહિતકારી એવાં) શાસ્ત્રોના રહસ્યને વહન કરીને (અધ્યયન કરીને) સમ્યગ્ વિધિપૂર્વક પંડિતપુરુષે ચૈત્યવંદનાદિ ધર્મક્રિયામાં અતિશય નિપુણ બુદ્ધિ દ્વારા

૧. અહીં *वोढवा*ને બદલે *ऊढवा* હોવું જોઇએ. લહીયાની ભૂલ થઇ હોય તેમ લાગે છે.

(અત્યંત સૂક્ષ્મ ભાવોને પણ જાણનારી એવી મતિ દ્વારા) પ્રયત્ન કરવો જોઇએ.

તાત્પર્યાર્થ એ છે કે **"ઘણા કરતા હોય તે કરવું જોઇએ."** એવા પ્રકારની મતિ તે શાસ્ત્રનિરપેક્ષ મતિ છે. તેને છોડી દેવી જોઇએ. કારણ કે આ સંસારમાં અનાર્યો કરતાં આર્યો, આર્યોમાં પણ જૈન, જૈનોમાં પણ પરિણામી જૈનો હંમેશાં થોડા જ હોય છે. તેથી જો બહુજનવાળો જ માર્ગ સાચો કહેવાતો હોય તો મિથ્યાત્વ-મતિવાળાના માર્ગને જ માર્ગ કહેવો પડશે. માટે આવી બહુજનની મતિ તે શાસ્ત્રનિરપેક્ષ છે. આવી જૂઠી મતિનો ત્યાગ કરવો જોઇએ.

તથા આત્માના હિતને કહેનારાં એવાં શાસ્ત્રો=આગમોના રહસ્યનો સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક અભ્યાસ કરવો જોઇએ. શાસ્ત્રોમાં લખેલા ઉત્સર્ગ-અપવાદ વિધિ-નિષેધ, હેય-ઉપાદેય આદિ ભાવોનું સ્વરૂપ સૂક્ષ્મ બુદ્ધિથી જાણવું જોઇએ. શાસ્ત્રોનું સૂક્ષ્મ અધ્યયન-ચિંતન-મનન કરવું જોઇએ.

આવા પંડિત પુરુષે શાસ્ત્રાનુસારી સમ્યગ્ વિધિપૂર્વક આત્મહિત થાય તે રીતે ચૈત્યવંદનાદિ ધર્મક્રિયામાં સમ્યગ્ પ્રયત્ન કરવો જોઇએ.

આ જ અર્થને જણાવતાં પૂજ્ય ઉ. શ્રીયશોવિજયજી મહારાજશ્રી સાડાત્રણસો ગાથાના સ્તવનમાં જણાવે છે કેઃ-

**" કોઇ કહે જિમ બહુ જન ચાલે, તિમ ચલીએ શી ચર્ચા,**
**મારગ મહાજન ચાલે ભાખ્યો, તેહમાં લહીએ અર્ચા રે. ૭**
**એ પણ બોલ મૃષા મન ધરીએ, બહુ જન મત આદરતાં,**
**છેહ ન આવે બહુલ અનારય, મિથ્યામતમાં ફિરતાં રે. ૮**
**થોડા આર્ય અનાર્ય જનથી, જૈન આર્યમાં થોડા રે,**
**તેમાં પણ પરિણત જન થોડા, શ્રમણ અલ્પ બહું મુંડા રે. ૯**



**ભદ્રબાહુ ગુરુવદન વચન એ, આવશ્યકમાં લહીએ,**
**આણા શુદ્ધ મહાજન જાણી, તેહની સંગે રહીએ. ૧૦**
**અજ્ઞાની નવિ હોવે મહાજન, જો પણ ચલવે ટોળું,**
**ધર્મદાસ ગણિ વચન વિચારી, મન નવિ કીજે ભોળું. ૧૧**
**સાડાત્રણસોનું સ્તવન, ઢાળ પહેલી ગાથા. ૭ થી ૧૧**

આત્મહિતકારી એવાં શાસ્ત્રોનું રહસ્ય આ પ્રમાણે છેઃ-

**"लोकमालम्ब्य कर्तव्यं, कृतं बहुभिरेव चेत् ।**
**तथा मिथ्यादृशां धर्मो, न त्याज्यः स्यात्कदाचन ॥"**
**॥ જ્ઞાનસાર ૨૩-૪ ॥**

"બહુ લોકો વડે જે કરાયું તે જ કર્તવ્ય છે." એમ જો લોક-સંજ્ઞાનું આલંબન લઇને કાર્ય કર્તવ્ય બનતું હોત તો મિથ્યાદૃષ્ટિઓનો ધર્મ કદાપિ ત્યાજ્ય બનત નહિ, (જ્ઞાનસારાષ્ટક શ્લોક- ૨૩-૪)

**"स्तोका आर्या अनार्येभ्यः स्तोका जैनाश्च तेष्वपि ।**
**सुश्राद्धास्तेष्वपि स्तोकाः स्तोकास्तेष्वपि सत्क्रियाः ॥"**

અનાર્ય જીવો કરતાં આર્ય જીવો થોડા છે. તે આર્યોમાં પણ જૈનો થોડા છે. તે જૈનોમાં પણ ઉત્તમ શ્રદ્ધાવાળા જીવો ઓછા છે. અને તે ઉત્તમ શ્રદ્ધાવાળાઓમાં પણ સમ્યગ્ ક્રિયાચરણવાળા જીવો થોડા છે.

**"श्रेयोऽर्थिनो हि भूयांसो, लोके लोकोत्तरे च न ।**
**स्तोका हि रत्नवणिजः, स्तोकाश्च स्वात्मशोधकाः ॥" ॥૨૩-૫॥**

લૌકિક ને લોકોત્તર એમ બન્ને ધર્મકાર્યોમાં કલ્યાણના અર્થી જીવો બહુ હોતા નથી. જેમ રત્નના વેપારી ઓછા હોય છે. તેમ પોતાના આત્માનું હિત શોધનારા જીવો પણ ઓછા જ હોય છે. (જ્ઞાનસારાષ્ટકઃ શ્લોક ૨૩-૫)

**"एकाऽपि शास्त्रनीत्या यो, वर्तते स महाजनः ।**
**किमज्ञसार्थैः ? शतमप्यन्धानां नैव पश्यति ॥"**

શાસ્ત્રોક્ત નીતિને અનુસારે જે વર્તે તે વ્યક્તિ એક હોય તો પણ **''મહાજન''** કહેવાય છે. જેમ અંધ પુરુષો સો હોય તો પણ દેખી શકતા નથી તેમ અજ્ઞાનીઓનાં ટોળાં વડે પણ શું લાભ?

**''यत्संविग्नजनाचीर्णं, श्रुतवाक्यैरबाधितम् ।**
**तज्जीतं व्यवहाराख्यं, पारम्पर्यविशुद्धिमत् ॥''**

(૧) જે સંવેગી (મોક્ષાભિલાષી) આત્માઓએ આચર્યો હોય. (૨) જે શાસ્ત્રવાક્યોની સાથે અબાધિત હોય, (૩) વળી જે વ્યવહાર પરંપરાએ પણ આત્મશુદ્ધિને કરનારો હોય. તેવા વ્યવહારને જ જીતવ્યવહાર કહેવાય છે. (પરંતુ અજ્ઞાનીઓનાં ટોળાંએ ચલાવેલો વ્યવહાર તે બહુજન વડે સેવાયેલો હોવા છતાં પણ જીતવ્યવહાર કહેવાતો નથી.)

**''यदाचीर्णमसंविग्नैः श्रुतार्थानवलम्बिभिः ।**
**न जीतं व्यवहारस्तदन्धसन्ततिसम्भवम् ॥''**

શાસ્ત્રોના અર્થોનું અવલંબન નહિ લેનારા એવા અસંવેગી (વિષયાભિલાષી) આત્માઓ વડે જે આચરણ કરાયું હોય તે આચરણ (જ્ઞાનીની અપેક્ષાએ) અંધ પુરુષોના ટોળાએ કરેલા આચરણની જેમ ''જીતવ્યવહાર'' કહેવાતો નથી.

**''आकल्पव्यवहारार्थं, श्रुतं न व्यवहारकम् ।**
**इतिवक्तुर्महत्तन्त्रे, प्रायश्चित्तं प्रदर्शितम् ॥''**

કલ્પ સુધી (એટલે પાંચમા આરાના છેડા સુધી) ધર્મવ્યવહાર માટે (માત્ર જીતવ્યવહાર જ પ્રમાણ છે. પરંતુ) શ્રુતવ્યવહાર પ્રમાણ નથી. આવું કહેનારાને શાસ્ત્રમાં મોટું પ્રાયશ્ચિત્ત બતાવેલું છે.

**''तस्माच्छ्रुतानुसारेण, विध्येकरसिकैर्जनैः ।**
**संविग्नजीतमालम्ब्यमित्याज्ञा पारमेश्वरी ॥''**



તેથી વિધિમાં જ એક રસિક એવા (વિધિપાક્ષિક એવા) મહાત્માઓએ શ્રુતને (શાસ્ત્રને) અનુસારે જ સંવેગી પુરુષોએ આચરેલા એવા જીતવ્યવહારનું આલંબન લેવું અર્થાત્ શ્રુતવ્યવહાર સાપેક્ષ એવા જ જીતવ્યવહારનું આલંબન લેવું એવી પરમેશ્વરપ્રભુની આજ્ઞા છે.

સારાંશ એ છે કે જે મહાત્માઓ સંવેગી છે, વૈરાગી છે આત્માર્થી છે શાસ્ત્રને અનુસરનારા છે એવા મહાપુરુષોએ શાસ્ત્રને અનુસારે જે જીતવ્યવહાર ચલાવ્યો હોય તે જ જીતવ્યવહાર પ્રમાણ બને છે. પરંતુ કલિયુગના નામે વિષયાભિલાષી અને મોહાન્ધ એવા આત્મા-ઓએ શાસ્ત્રનિરપેક્ષ સ્વમતિકલ્પનાથી કલ્પિત જે વ્યવહાર ચલાવ્યો હોય તે તો સો આંધળા માણસોએ આચરેલી આચરણાની જેમ ત્યાજ્ય છે. ઉપાદેય નથી. પરંતુ હેય જ છે.

*ननु यद्येवं सर्वादरेण विधिपक्षपातः क्रियते, तदा-*

**''अविहिकया वरमकयं, असूयवयणं भणंति सव्वन्नू ।**
**पायच्छित्तं जम्हा, अकए गुरुयं कए लहुअं ॥ १ ॥''**

*इत्यादिवचनानां का गतिः? इति चेत्, नैतानि वचनानि मूलत एवाविधिप्रवृत्तिविधायकानि, किन्तु विधिप्रवृत्तावप्यनाभोगादिना अविधि-दोषश्छद्मस्थस्य भवतीति तद्भिया न क्रियात्यागो विधेयः । प्रथमा-भ्यासे तथाविधज्ञानाभावादन्यदापि वा प्रज्ञापनीयस्याविधिदोषो निरनुबन्ध इति तस्य तादृशानुष्ठानमपि न दोषाय, विधिबहुमानाद् गुर्वाज्ञायोगाच्च तस्य फलतो विधिरूपत्वादित्येतावन्मात्रप्रतिपादनपराणीति न कश्चिद्दोषः॥*

અવિધિપાક્ષિક જીવોની યુક્તિઓનું નિરસન કરતાં ટીકા-કારશ્રીએ 'જ્ઞાનસારાષ્ટક'ની સાક્ષી આપીને ''બહુજનમત'' ''અજ્ઞાની-પક્ષ'' અને જીતવ્યવહારના નામે ચાલતી-ચલાવાતી અવિધિપ્રવૃત્તિનું ખંડન કર્યું છે. જીતવ્યવહાર પણ તે માન્ય છે કે જે શ્રુતવ્યવહાર સાપેક્ષ હોય, અજ્ઞાનીઓએ યથા-તથા ચલાવેલો જીતવ્યવહાર ઉપકારક થતો

નથી. જીતવ્યવહારના નામે મોહપોષક એવી અવિધિ માર્ગની પ્રરૂપણા કરવી કે અવિધિ માર્ગ ચલાવી લેવો તે ઉન્માર્ગની પુષ્ટિના જ સર્વે સંકેતો છે. જે કોઇપણ રીતે ઉપકારક નથી.

સંવેગ પરિણામી, આત્માર્થી, ગૂઢગીતાર્થી આત્માઓએ શાસ્ત્રને સામે રાખીને ચલાવેલા વ્યવહારો જ મોહનાશક હોવાથી જીતવ્યવહાર કહેવાય છે. તેથી આ કલિયુગમાં શાસ્ત્રવ્યવહાર (શ્રુતવ્યવહાર) શક્ય જ નથી એમ કહેનારાઓને પ્રાયશ્ચિત્ત આવે છે (દોષ લાગે-દોષશુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત કરવું પડે), એમ શાસ્ત્રોમાં કહેલું છે. શાસ્ત્રોની આવી વાતો સૂક્ષ્મ અને નિપુણ બુદ્ધિથી સમજવી જોઇએ.

અવિધિના પક્ષપાતી જીવના પક્ષનું ગ્રંથકારે અનેક યુક્તિ-ઓથી પૂર્વે ખંડન કર્યું. તો પણ તે અવિધિપાક્ષિક જીવ બીજી રીતે પ્રશ્ન કરે છે કે-

**નનુ** શબ્દથી કોઇ પૂર્વપક્ષવાદી શિષ્ય શંકા કરે છે કે અત્યાર સુધી પૂર્વેની ગાથાઓમાં જણાવી ગયા તેમ તમે અતિશય આદર વડે વિધિવાળા પક્ષનું જ સ્થાપન કરો છો તો નીચે જણાવેલી ગાથાઓનાં વચનોની શી ગતિ થશે? કારણ કે નીચે જણાવાતી ગાથાઓનાં વચનો તમે સમજાવો છો તેનાથી ઊલટાં છે. તમે એમ જણાવો છો કે વિધિપૂર્વક જ ધર્મક્રિયા કરવી- કરાવવી જોઇએ, જો અવિધિએ કરે તો કરનાર પણ દોષિત અને કરાવનાર ગુરુ મહાદોષિત થાય છે. સૂત્રદાન, મંડલીપ્રવેશદાન પણ અયોગ્યને ન કરવું. જ્યારે નીચેની ગાથાઓનાં વચનો એમ જણાવે છે કે વિધિપૂર્વક ધર્મકાર્ય કરવું તે પ્રથમ (ઉત્તમ) માર્ગ છે પરંતુ કાળ-સંઘયણાદિના પ્રભાવે વિધિપૂર્વક થવું શક્ય ન હોય તો અવિધિએ પણ કરવું કારણ કે તે પણ ન કરવા કરતાં સારું છે. ન કરનારાને મોટું પ્રાયશ્ચિત્ત આવે છે અને અવિધિએ પણ ધર્મકાર્ય કરનારાને લઘુપ્રાયશ્ચિત્ત આવે છે. તે ગાથાનાં વચનો આ પ્રમાણે–



''અવિધિએ ધર્માનુષ્ઠાનો કરવા કરતાં ન કરવાં તે સારાં'' આવું જે વક્તા બોલે છે, તે અશ્રુતવચન (ઉત્સૂત્રવચન) છે. જેઓએ જૈન શાસ્ત્રો નથી સાંભળ્યાં તેવા અજ્ઞાનીઓનું આ વચન છે એમ સર્વજ્ઞ પુરુષો કહે છે. કારણ કે ધર્માનુષ્ઠાન ન કરે તો ગુરુ પ્રાયશ્ચિત્ત આવે છે અને (અવિધિએ) પણ ધર્માનુષ્ઠાન કરે તેને લઘુપ્રાયશ્ચિત્ત આવે છે.

આવાં શાસ્ત્રોક્ત વચનોની શું ગતિ થશે? જો તમારી વાત સાચી હોય તો ઉપરોક્ત શાસ્ત્રવચન મિથ્યા ઠરશે. અને જો શાસ્ત્રવચન બરાબર હોય તો તમોએ કહેલી વાત મિથ્યા ઠરશે? આવી પૂર્વપક્ષવાદીની શંકા છે.

તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે **''अविहि-कया''** ઇત્યાદિ જે શાસ્ત્રવચન છે. તે મૂળથી અવિધિપૂર્વકની ક્રિયા-પ્રવૃત્તિનાં વિધાયક નથી. પરંતુ વિધિપૂર્વક ક્રિયામાં પ્રવર્તવા છતાં પણ અનાભોગાદિના કારણે (અનુપયોગ દશાદિના કારણે) છદ્મસ્થ આત્માને જો કોઇ અવિધિદોષ થઇ જાય તો તે દોષોના ભયથી ક્રિયાત્યાગ કરવો તે ઉચિત નથી. એવા અર્થને આ ગાથા ઘોષિત કરે છે. ફલિતાર્થ એ છે કે અવિધિએ ક્રિયા કરનારા જીવો બે પ્રકારના હોય છેઃ (૧) વિધિસાપેક્ષ અને (૨) વિધિનિરપેક્ષ.

જેના હૈયામાં શાસ્ત્રવચન રમ્યું છે, ભગવંતનું શાસન ગમ્યું છે, મોહાદિ દુર્ગુણોને છેદનારી ભગવંતે બતાવેલી ચૈત્યવંદનાદિ ધર્મક્રિયામાં જેને અત્યંત રુચિ છે વિધિપૂર્વક કરવાનો અત્યંત ઉત્સાહ વર્તે છે કોઇ અવિધિ દોષ બતાવી વિધિમાર્ગે વાળે તો અતિશય આનંદ થાય છે અને તેના કારણે ગીતાર્થોની નિશ્રા પ્યારી છે. એવા વિધિસાપેક્ષ જીવો વડે છદ્મસ્થપણાને લીધે અનુપયોગદશાથી કોઇ અવિધિ સેવાઇ જાય અથવા ચિત્ત બીજા વિષયોમાં ઉપયોગવાળું બનવાથી ભૂલથી કોઇ અવિધિ સેવાઇ જાય તો તે દોષ અતિચારરૂપ

જ માત્ર બને છે. પ્રાયશ્ચિત્તાદિથી શુદ્ધીકરણને યોગ્ય છે. તેના ભયમાત્રથી ધર્મક્રિયા ત્યજી દેવી જોઈએ નહિ. આવા વિધિપાક્ષિક, અધ્યાત્મી, વૈરાગી આત્માઓને અવિધિદોષ ટાળવાપૂર્વક વિધિમાં પ્રવર્તાવવા દ્વારા ક્રિયાની પુષ્ટિ માટે ઉપરોક્ત ગાથાવચનો છે. અર્થાત્ આ વચનો વિધિસાપેક્ષ એવા અવિધિકર્તૃકને આશ્રયી છે.

પૂર્વપક્ષવાદીએ આ સર્વે વચનો વિધિનિરપેક્ષ જીવોમાં જોડ્યાં છે. તે બરાબર નથી. જે આત્માઓ વિધિથી તદ્દન નિરપેક્ષ છે. આ કલિયુગમાં વિધિ અતિશય દુષ્કર છે, જેમ ચાલે તેમ ચલાવી લેવું જોઈએ. જેમ તેમ પણ ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાન તો કરે છે ને? ગમે તેમ અવિધિએ પણ ધર્માનુષ્ઠાન તો થાય છે ને? એમ કહી વિધિમાર્ગનો ઉચ્છેદ કરી અવિધિમાર્ગોની પુષ્ટિ જે આત્માઓ કરે છે તેઓને માટે આ વચનો નથી. છતાં જે અર્થકરનારાઓ આવા વિધિનિરપેક્ષ અવિધિકર્તૃકમાં આ વચનો જોડે છે. અને તેઓ પક્ષની પુષ્ટિ અર્થે ઉપરની ગાથાનાં વચનોનો જે ઉપયોગ કરે છે. તે યથાર્થ નથી. તદ્દન ખોટું છે-ઉત્સૂત્ર છે.

યોગવિંશિકાકારશ્રી આવા અવિધિના જ રસિક, વિધિનિરપેક્ષ, અવિધિએ ધર્મક્રિયા કરી માન-અભિમાન કરનારા જીવોને આશ્રયી જણાવે છે કે આવું કાર્ય કરનારા અને કરાવનારા ઉન્માર્ગના પોષક હોવાથી મહાદોષિત છે અને ''*अविहिकया*'' ઈત્યાદિ શાસ્ત્રવચનો વિધિપાક્ષિક, સહૃદય, સજ્જન, અધ્યાત્મી જીવોને અનાભોગાદિથી કદાચ અવિધિ સેવાઈ જાય તો તેવા ભયથી ક્રિયાત્યાગ ન કરવો. પરંતુ અવિધિકૃત અતિચારવાળા દોષની નિંદા-ગર્હા કરી આત્મશુદ્ધિ કરવી. માટે ન કરનારાને ગુરુપ્રાયશ્ચિત્ત અને અનુપયોગાદિથી અવિધિએ કરનારને લઘુપ્રાયશ્ચિત્ત બતાવેલ છે.

આવા વિધિપાક્ષિક જીવો ક્રિયા કરવાના પ્રથમ અભ્યાસકાળે તેવા પ્રકારનું વિશિષ્ટ જ્ઞાન ન હોવાથી, અથવા કાળાન્તરે



પ્રજ્ઞાપનીય (એટલે કે સમજાવી શકાય તેવા સરળ-સહૃદય-અવક્ર) જીવને આ અવિધિદોષ નિરનુબન્ધ બને છે. ગાઢ કર્મબંધ કરાવે તેવા અનુબંધવાળો હોતો નથી. માટે તેવા વિધિપાક્ષિક જીવનું, તેવું =અવિધિવાળું ધર્માનુષ્ઠાન ગાઢ દોષ માટે થતું નથી. કારણકે તે જીવને વિધિપ્રત્યે અતિશય બહુમાન હોવાથી તથા ગુરુભગવંતોની આજ્ઞાને અનુસરવાપણું હોવાથી તે જીવનું તે અનુષ્ઠાન દ્રવ્યથી અવિધિરૂપે હોવા છતાં પણ ફળથી વિધિરૂપ જ છે.

આવા અર્થમાત્રને પ્રતિપાદન કરવામાં જ તત્પર એવાં ''*अविहिकया*'' ઈત્યાદિ ગાથાનાં વચનો છે.

વિધિપાક્ષિક આત્માઓને અનાભોગથી જે અવિધિ દોષ સેવાઈ જાય તે માત્ર કાયિકક્રિયાકૃત દોષ હોવાથી **નિરનુબન્ધ** છે. અને વિધિનિરપેક્ષ અવિધિમાત્રમાં જ રસિક, ગમે તેમ ક્રિયા કરનારા અને તેનો પક્ષ થાપનારા જીવો ઉન્માર્ગપોષક હોવાથી અને ભગવાનનાં વચનો પ્રત્યે અનાદર ભાવ હોવાથી તે દોષ **સાનુબન્ધ** છે.

આ પ્રમાણે શાસ્ત્રનાં વાક્યોને યથાર્થપણે સંગત કરવાં જોઈએ.

*अवोचाम चाध्यात्मसारप्रकरणे :-*

ટીકાકાર પૂ. ઉ. શ્રીયશોવિજયજી મહારાજશ્રી જણાવે છે કે અધ્યાત્મસાર પ્રકરણ નામના (અમારા બનાવેલા) ગ્રંથમાં અમે જ કહ્યું છે કે:-

**''अशुद्धापि हि शुद्धायाः क्रिया हेतुः सदाशयात् ।**
**ताम्रं रसानुवेधेन, स्वर्णत्वमुपगच्छति ॥''** **॥ શ્લોક ૨-૧૬॥**

**શ્લોકાર્થ :-** જેમ રસના સ્પર્શમાત્રથી તાંબું પણ સુવર્ણપણાને પામે છે, તેમ વિધિની અપેક્ષાવાળા જીવની અનાભોગના કારણે થયેલી અશુદ્ધ એવી પણ ધર્મક્રિયા ઉત્તમાશયવાળી હોવાથી

શુદ્ધક્રિયાનો હેતુ બને છે. (અહીં મૂળ શ્લોકમાં લખેલો *ક્રિયા* શબ્દ પ્રથમા એકવચન અને વિશેષ્ય છે. અને *અશુદ્ધાપિ* એ શબ્દ *ક્રિયા* શબ્દનું વિશેષણ છે. પરંતુ *હેતુ* શબ્દની સાથે *ક્રિયા* શબ્દનો ષષ્ઠી તત્પુરુષ સમાસ ન સમજવો. જો ષષ્ઠી સમાસ લઈએ તો *''શુદ્ધાયાઃ''* પદની સાથે સંબંધ ઘટી શકે નહિ).

*यस्तु विध्यबहुमानादविधिक्रियामासेवते तत्कर्तुरपेक्षया विधि-व्यवस्थापनरसिकस्तदकर्ताऽपि भव्य एव, तदुक्तं योगदृष्टिसमुच्चये ग्रन्थकृतैव-*

**''तात्त्विकः पक्षपातश्च, भावशून्या च या क्रिया ।**
**अनयोरन्तरं ज्ञेयं, भानुखद्योतयोरिव ॥''    ॥ श्लोक २२३॥**

જે આત્મા વિધિ પ્રત્યે અબહુમાનવાળો હોવાથી અને બેફિકરાઈથી રસપૂર્વક અવિધિક્રિયા કરે છે, તેવી ક્રિયા કરનારા જીવની અપેક્ષાએ વિધિની જ વ્યવસ્થામાં રસિક=વિધિપાક્ષિક જીવો ધર્મક્રિયા ન કરતો હોય તો પણ સારો જ છે.

ગ્રંથકારશ્રીએ જ યોગદૃષ્ટિસમુચ્ચયમાં તે વાત જણાવી છે.

''એક જીવને તત્ત્વનો (વિધિનો) જ પક્ષપાત હોય, અને બીજો જીવ ભાવશૂન્ય દ્રવ્ય ક્રિયા માત્ર જ કરતો હોય આ બંને જીવોની વચ્ચે સૂર્ય અને આગિયા સમાન અન્તર છે.''

આગિયો જેમ અકિંચિત્કર છે તેમ અવિધિરસિકની ક્રિયા અકિંચિત્કર છે.

*न चैवं तादृशषष्ठसप्तमगुणस्थानपरिणतिप्रयोज्यविधिव्यवहारा-भावादस्मदादीनामिदानीन्तनमावश्यकाद्याचरणमकर्तव्यमेव प्रसक्तमिति शङ्क-नीयम् । विकलानुष्ठानानामपि ''जा जा हविज्ज जयणा, सा सा से णिज्जरा होई'' । इत्यादिवचनप्रामाण्यात्, यत्किञ्चिद्विध्यनुष्ठानस्येच्छा-*



*योग-संपादकतदितरस्यापि बालाद्यनुग्रहसम्पादकत्वेनाकर्तव्यत्वासिद्धेः इच्छायोगवद्भिर्विकलानुष्ठायिभिर्गीतार्थैः सिद्धान्तविधिप्ररूपणे तु निर्भरो विधेयस्तस्यैव तेषां सकलकल्याण-सम्पादकत्वात्, उक्तं च गच्छाचार-प्रकीर्णके-*

મૂળ શ્લોકમાં ગ્રંથકારશ્રીએ જણાવ્યું છે કે ''લોકસંજ્ઞાને છોડીને, સમગ્ર-પ્રકારે શાસ્ત્રોના પરમાર્થને વહન કરીને અતિનિપુણ પ્રજ્ઞાપૂર્વક પંડિત પુરુષોએ ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાન કરવું જોઈએ.''

આ શ્લોકના અર્થની સામે પૂર્વપક્ષવાદીએ *''अविहिकया''* ગાથાથી પ્રશ્ન ઉઠાવ્યો, તેનું ટીકાકારશ્રીએ નિરાકરણ કર્યું અને અન્તે સ્થાપિત કર્યું કે ''સર્વ યત્નપૂર્વક વિધિમાં જ પ્રયત્ન કરવો જોઈએ એમ ફલિત અર્થ સિદ્ધ થયો.

આ ફલિતાર્થની સામે કોઈ પ્રશ્નકાર હવે પ્રશ્ન ઉઠાવે છે કે... તેવા પ્રકારની અતિશય વિધિપૂર્વકની ઉત્કૃષ્ટ ક્રિયા તો ભાવથી (નિશ્ચયથી) જે મહાત્માઓને છઠ્ઠું-સાતમું ગુણસ્થાનક સ્પર્શ્યું હોય તેવાઓને જ સંભવી શકે. અમે તો પંચમ આરારૂપ કાળદોષ, સંઘયણ દોષ તથા બુદ્ધિ-ધૈર્ય-સ્થિરતા- અને મેધાદિની હીનતા રૂપ દોષો ઈત્યાદિ ભાવોને લીધે ઘણા જ નિર્બળ છીએ. દ્રવ્યથી છઠ્ઠું-સાતમું ગુણસ્થાનક પામેલા છીએ અને સાધુ આચારનું સેવન પણ છે. પરંતુ એટલી ઊંચી પરિણતિ નથી. તેથી અવિધિ દોષ સેવાઈ જ જવાનો છે. માટે અમારે તો આવશ્યકાદિની આચરણા અકર્તવ્ય જ બનશે.

ભાવાર્થ એ છે કે તેવા પ્રકારની ભાવથી છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકની પરિણતિને યોગ્ય (ઉત્કૃષ્ટ) વિધિપૂર્વકની ક્રિયાનો વ્યવહાર અમારામાં કાળ-દોષાદિના કારણે ન હોવાથી અમારે તો અત્યારની પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયા પણ અકર્તવ્ય જ બનશે. કારણ કે તમે વિધિપૂર્વક જ ક્રિયાનો પક્ષપાત જણાવો છો. અને

અવિધિએ ક્રિયા કરનારને મહામૃષાવાદાદિ દોષ લાગે છે એમ કહો છો. અને અમારામાં એટલી ઊંચી ભાવપરિણતિ ન હોવાથી અવિધિ થવાનો સંભવ છે જ. તેથી તમારા કહેવા પ્રમાણે અત્યારના કાળે અવિધિદોષનો સંભવ હોવાથી અમારા જેવા માટે ધાર્મિકાચરણા અકર્તવ્ય જ બનશે.

ટીકાકારશ્રી ઉત્તર આપે છે કે આવી શંકા કરવી નહિ.

વિકલ (ઓછું) અનુષ્ઠાન આચરનારા છતાં વિધિનો પક્ષપાત કરનારા જીવોમાં પણ જે જે જયણાનો પરિણામ છે તે તે જયણા જ તે જીવોને નિર્જરા (કર્મક્ષયના કારણ)રૂપ બને છે. આવું શાસ્ત્રવચન પ્રમાણ હોવાથી તથા (કાળાદિ દોષોથી) યત્કિંચિત્ અવિધિવાળું પણ અનુષ્ઠાન પરિપૂર્ણ વિધિયુક્ત અનુષ્ઠાન કરવાની ઈચ્છાયોગનું સંપાદક હોવાથી, તથા પરિપૂર્ણ વિધિવાળું અનુષ્ઠાન ભલે જીવનમાં હજુ ન આવ્યું હોય તો પણ તેની અપેક્ષાએ ઈતર એવું કંઈક અવિધિદોષવાળું વિધિપાક્ષિકનું અનુષ્ઠાન પણ બાલાદિ જીવોમાં અનુગ્રહ સંપાદન કરનાર હોવાથી વર્તમાન ક્રિયામાં **"અકર્તવ્યતા"**ની અસિદ્ધિ છે.

તાત્પર્યાર્થ એ છે કે કાળદોષોથી સંઘયણાદિના બળની હીનતાના કારણે વિકલ અનુષ્ઠાન આચરનારા વર્તમાનકાળના જીવોનું આવશ્યકાદિ ધર્મક્રિયાનું આચરણ યત્કિંચિત્ અવિધિવાળું હોવા છતાં પણ નીચેનાં કારણોથી "અકર્તવ્ય" બનતું નથી. અર્થાત્ અકર્તવ્યતાની અસિદ્ધિ છે. અકર્તવ્ય માનવું નહિ પરંતુ કર્તવ્ય જ છે. એમ જાણવું. તેનાં કારણો આ પ્રમાણે છે -

(૧) જે આત્મા વિધિપૂર્વક ક્રિયા કરવાની ઈચ્છાવાળો છે પરંતુ કરી શકતો નથી, તે આત્મામાં **જયણા**નો જે પરિણામ છે તે પરિણામ જ તેને કર્મક્ષય કરાવનાર બને છે. જયણા જ નિર્જરારૂપ બને છે. આવું શાસ્ત્રવચન હોવાથી.



(૨) આ યત્કિંચિત્ અવિધિવાળું અનુષ્ઠાન પરિપૂર્ણ વિધિવાળા અનુષ્ઠાનની ઈચ્છાનું સંપાદક હોવાથી. કારણ કે આ જીવ સંઘયણાદિના બળની હાનિના કારણે ભલે કદાચ યત્કિંચિત્ અવિધિ સેવે છે. પરંતુ તેનું લક્ષ્ય વિધિયોગમાં જ છે. અને તેથી જ વિધિ સમજાવનાર-કરાવનાર ગુરુની પણ શોધમાં જ હોય છે. સેવાતી અવિધિનું પણ મનમાં દુ:ખ હોય છે. નિંદા-ગર્હા-પ્રાયશ્ચિત્તાદિ કરી શુદ્ધીકરણ કરે છે. આ પ્રમાણે પરિપૂર્ણ વિધિયુક્ત અનુષ્ઠાનની ઈચ્છાના યોગનું સંપાદક હોવાથી.

(૩) *તદિતરસ્યાપિ*=તે પરિપૂર્ણ વિધિવાળું જે અનુષ્ઠાન, તેનાથી ઈતર એવું જે વિકલાનુષ્ઠાન, તે પણ ઈચ્છાયોગનું સંપાદક હોવાથી, બાલાદિના અનુગ્રહને કરનાર હોવાથી, એટલે કે પરિપૂર્ણ વિધિવાળું અનુષ્ઠાન મને ક્યારે પ્રાપ્ત થાય એવી તીવ્ર ઈચ્છાવાળા જીવનું તે પરિપૂર્ણ વિધિયુક્તાનુષ્ઠાનથી ઈતર=યત્કિંચિત્ અવિધિવાળું અનુષ્ઠાન પણ તે ભૂમિકાથી નીચી કક્ષાના બાલાદિ જીવોને (બાલ-મધ્યમ જીવોને) ઉપકાર કરનારું બને છે. તે કારણથી.

અહીં *'અપિ'* શબ્દનો અર્થ એમ સમજવો કે પરિપૂર્ણ વિધિવાળું અનુષ્ઠાન તો બાલાદિને ઉપકારક બને જ છે. પરંતુ આવું વિકલાનુષ્ઠાન પણ બાલાદિને ઉપકારક બને છે.

બાલાદિમાં જે આદિ શબ્દ છે તેનો અર્થ એવો છે કે જે પંડિત-વિદ્વાન પુરુષ છે તે તો સ્વપ્રજ્ઞાથી જ નિપુણ યત્ન કરે છે. પરંતુ તેવી પ્રજ્ઞા વિનાના બાલ અથવા યત્કિંચિત્ પ્રજ્ઞાવાળા મધ્યમ જીવોને આ વિધિપાક્ષિક ક્રિયા કરતો જીવ ઉપકારક બને છે. તે કારણથી પરિપૂર્ણ વિધિયુક્તાનુષ્ઠાનની ઈચ્છા યોગવાળા પરંતુ સંઘયણબળાદિના કારણે તેવી આચરણા નહિ કરી શકવાના કારણે વિકલાનુષ્ઠાવાળા હોય તો પણ ગીતાર્થ પુરુષોએ જ્યારે સિદ્ધાન્તની વિધિની પ્રરૂપણા કરવાનો પ્રસંગ આવે ત્યારે (પોતે હીનક્રિયાવાળા

હોવા છતાં પણ)વિધિની જ પ્રરૂપણા કરવાનો નિર્ભર=અત્યંત આગ્રહ રાખવો જોઈએ, કારણ કે પોતે હીન હોવાથી આ કાળે અવિધિ પણ ચાલે, દ્રવ્ય-ક્ષેત્ર-કાળને સમજીને આમ પણ ચલાવી લેવું જોઈએ એવી પ્રરૂપણા જો કરે તો પોતે પણ વિધિપ્રત્યેના મંદ પક્ષપાતી બને, સાંભળનારાઓને પણ વિધિ પ્રત્યે તીવ્ર રુચિની **અનુત્પત્તિ** થાય, સન્માર્ગનો કાળાન્તરે નાશ થાય, પોતાને અવિધિનો રસ વધતો જાય, ઈત્યાદિ ઘણા દોષો લાગે. માટે પ્રરૂપણા વખતે વિધિમાર્ગની જ પ્રરૂપણાનો અતિશય આગ્રહ રાખવો. જેથી પોતાની પણ રુચિ વિધિ પ્રત્યે વિશિષ્ટ-વિશિષ્ટતર બને. શ્રોતાને પણ વિધિનો પક્ષપાત વધે. વિધિવાળાઓ પ્રત્યે બહુમાન વધે. અને પોતાના વડે સેવાતો અવિધિદોષ પોતાને ખટકે. તેથી વક્તાનો નિરસપણે સેવાતો ‘‘અવિધિદોષ’’ નિરનુબંધ બને.

તે કારણથી *તસ્યૈવ*=વિધિની જ પ્રરૂપણા કરવાનો જે આગ્રહ છે. તે જ યત્કિંચિત્ અવિધિદોષયુક્ત છટ્ઠા-સાતમા ગુણઠાણાવાળા વર્તમાનકાલીન જીવોને સર્વકલ્યાણનો સંપાદક બને છે. માટે પોતે કદાચ હીનવિધિયુક્ત હોય તો પણ પ્રરૂપણા વિધિની જ કરવી. તે જ સાચો કલ્યાણનો માર્ગ છે.

આ કારણથી ગચ્છાચાર પ્રકીર્ણકમાં (ગચ્છાચાર પયન્નામાં) કહ્યું છે કેઃ-

**‘‘जइ वि ण सक्कं काउं, सम्मं जिणभासियं अणुट्ठाणं ।**
**तो सम्मं भासिज्जा, जह भणियं खीणरागेहिं ॥ १॥**
**ओसन्नो वि विहारे, कम्मं सोहेइ सुलभबोही य ।**
**चरणकरणं विशुद्धं, उवबूहंतो परूविंतो ॥ २॥’’**
**गाथा ३२-३४ इति ।**

*ये तु गीतार्थाज्ञानिरपेक्षा विध्यभिमानिनः इदानीन्तन-व्यवहार-मुत्सृजन्ति अन्यं च विशुद्धं व्यवहारं सम्पादयितुं न शक्नुवन्ति ते*



*बीजमात्रमप्युच्छिन्दन्तो महादोषभाजो भवन्ति । विधिसम्पादकानां विधि-व्यवस्थापकानां च दर्शनमपि प्रत्यूहव्यूहविनाशमिति वयं वदामः ॥ १६॥*

‘‘સંવેગપરિણામી એવો આ આત્મા જિનેશ્વરભાષિત ધર્માનુષ્ઠાન કરવાને કદાચ શક્ય ન હોય તો પણ પ્રરૂપણા સમ્યગ્ જ કરવી જોઈએ. જેમ વીતરાગ પરમાત્માઓ વડે કહેવાયું છે તેમ-

‘‘પોતે વિહારમાં (ચારિત્રાચરણમાં કદાચ) શિથિલ હોય તો પણ વિશુદ્ધ એવા ચારિત્ર અને ક્રિયાની પ્રશંસા કરતો અને શુદ્ધ પ્રરૂપણા કરતો જીવ સુલભબોધિ થાય છે. અને કર્મોનો વિનાશ કરે છે.

આ બંને ગાથાના અર્થથી સ્પષ્ટ સમજાય જ છે કે વીત-રાગ પરમાત્માએ જેવી ધર્મવિધિ પ્રકાશિત કરી છે તેવી જ ધર્મ-વિધિની પ્રરૂપણા કરવાનો આગ્રહ રાખવો. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના નામે શિથિલાચારની પોષક, પોતાના દોષોની આવારક, શાસ્ત્રના અર્થો મરડીને થતી અશુદ્ધ પ્રરૂપણા કદાપિ કરવી નહિ.

જે ગીતાર્થ મહાત્મા હોય અને સંઘયણ બળ આદિના કારણે કંઈક હીનાચારવાળા હોય તો પણ તેઓએ પ્રરૂપણા શુદ્ધ જ કરવી. એ પ્રમાણે ઉપર જે સમજાવ્યું, તેનાથી એ અર્થ ફલિત થાય છે કે જેઓ સ્વયં પોતે ગીતાર્થ નથી અને ગીતાર્થની આજ્ઞાથી પણ નિરપેક્ષ છે. મરજી મુજબ વિધિ આચરનારા છે તેઓની મરજી મુજબ આચરણ કરાતી વિધિ તે પણ અવિધિ કહેવાય છે તથા પોતે અવિધિ-માર્ગમાં વિધિનું અભિમાન કરનારા જે આત્માઓ વર્તમાન-કાલીન વ્યવહારમાર્ગનો ત્યાગ કરે છે અને અન્ય વિશુદ્ધ વ્યવહારને સંપાદન કરી શકતા નથી તે આત્માઓ પોતાનામાં આવેલા બીજમાત્રનો પણ ઉચ્છેદ કરતા છતા મહાદોષવાળા બને છે.

તાત્પર્ય અર્થ આ પ્રમાણે છે કે જેઓ પોતે ગીતાર્થ નથી, ગીતાર્થની નિશ્રા પણ નથી. પરિપૂર્ણ વિધિપૂર્વક જ ધર્માનુષ્ઠાન કરવું

જોઈએ એવી દલીલનો જ આગ્રહ કરીને વર્તમાનકાળમાં સંઘયણાદિની હીનતાના કારણે કંઈક અતિચારવાળી વિધિના વ્યવહારનો જેઓ ત્યાગ કરે છે અને તદ્દન નિર્દોષ એવું ઉત્તમાચરણ આચરી શકતા નથી તેઓ ઉભયભ્રષ્ટ થયા છતા પોતાનામાં સંયમ પ્રત્યે આવેલો અહોભાવ-બહુમાનરૂપ જે બીજ તેનો પણ ઉચ્છેદ કરે છે, સંયમ અને વિધિ પ્રત્યે બહુમાનરૂપ બીજ જો નાશ પામી જાય તો આ જીવ દુર્લભબોધિ થયો છતો અનંત સંસારી બને છે. આવા પ્રકારના મહાદોષવાળો તે જીવ બને છે.

હવે આ ચર્ચાનો સારાંશ જણાવે છે કે-

જે મહાત્માઓ પરિપૂર્ણપણે વિધિપૂર્વકનું અનુષ્ઠાન પોતે આચરે છે. એવા વિધિસંપાદક મહાત્માઓનું તથા જેઓ પરિપૂર્ણ વિધિ આચરી શકતા નથી, પરંતુ વિધિની જ પ્રરૂપણા કરવા વડે શ્રોતાઓમાં વિધિનું જ સ્થાપન કરે છે તેવા વિધિમાર્ગના જ સ્થાપક મહાત્માઓનું દર્શન પણ વિઘ્નોના સમૂહનું નાશક છે. એમ અમે કહીએ છીએ.

*પ્રત્યૂહ*=વિઘ્નો *વ્યૂહ*=સમૂહ *વિનાશકમ્*=નાશ કરનાર.

*अथेमं प्रसक्तमर्थं संक्षिपन् प्रकृतं निगमयन्नाह-*

હવે પ્રાસંગિક એવા આ અર્થને ટૂંકાવતા અને પ્રસ્તુત સાર જાહેર કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

**''कयमित्थ पसंगेणं, ठाणाइसु जत्तसंगयाणं तु ।**
**हियमेयं विन्नेयं, सदणुट्ठाणत्तणेण तहा ॥ १७॥''**

*(कृतमत्र प्रसङ्गेन, स्थानादिषु यत्नसंगतानां तु ।*
*हितमेतद् विज्ञेयं, सदनुष्ठानत्वेन तथा ॥ १७॥)*

**શ્લોકાર્થ**= અહીં પ્રાસંગિક આ ચર્ચા વડે સર્યું. સારાંશ એ છે



કે સ્થાનાદિયોગોમાં પ્રયત્નવાળા મહાત્માઓનું આ ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન પરંપરાએ-એટલે ચૈત્યવંદનાદિમાં સ્થાનાદિ યોગો પ્રાપ્ત થવા દ્વારા હિતકારી (મોક્ષહેતુ) બને છે. તથા સદનુષ્ઠાન=ઉત્તમાનુષ્ઠાન હોવાથી અનન્તરપણે પણ હિતકારી (મોક્ષહેતુ) બને છે. ॥૧૭॥

*''कयमित्थ'' त्ति। ''कृतं''=पर्याप्तं, अत्र प्रसङ्गेन प्ररूपणीय-मध्ये स्मृतार्थविस्तारणेन ''स्थानादिषु''=प्रदर्शितयोगभेदेषु ''यत्नसंगतानां तु'' प्रयत्नवतामेव, ''एतत्'' =चैत्यवन्दनाद्यनुष्ठानं ''हितं''=मोक्ष-साधकं विज्ञेयम् । चैत्यवन्दनगोचरस्थानादियोगस्य मोक्षहेतुत्वे तस्यापि तत् प्रयोजकत्वादिति भावः ।*

*''तथा'' इति प्रकारान्तरसमुच्चये । ''सदनुष्ठानत्वेन''=योग-परिणामकृतपुण्यानुबन्धिपुण्यनिक्षेपाद् विशुद्धचित्तसंस्काररूपया प्रशान्त-वाहितया सहितस्य चैत्यवन्दनादेः स्वातन्त्र्येणैव मोक्षहेतुत्वादिति भावः। प्रकारभेदोऽयं नयभेदकृत इति न कश्चिद्दोषः ॥ १७॥*

અહીં આ પ્રાસંગિક ચર્ચા વડે હવે સર્યું. એટલે પ્રરૂપણા કરવાલાયક અર્થાત્ મૂલ બીજી ગાથાથી સમજાવવાના વિષય તરીકે સ્વીકારેલા એવા સ્થાનાદિ યોગોની મધ્યે જે કંઇ સારા સારા અર્થો=ભાવો સ્મરણમાં આવેલા હતા, તેવા અર્થનો વિસ્તાર કરવા વડે હવે સર્યું. આ વાક્યનો તાત્પર્ય અર્થ એ છે કે સ્થાન-ઉર્ણ-અર્થાદિ યોગોનું વર્ણન પ્રસ્તુત હતું. તેના પ્રસંગમાં ઇચ્છાદિ (ઇચ્છા-પ્રવૃત્તિ-સ્થિરતા અને સિદ્ધિયોગ) સમજાવ્યા. ત્યારબાદ તેના શ્રદ્ધાદિ કારણભેદ અને અનુકંપાદિ કાર્યભેદો સમજાવ્યા. આ ભેદ-પ્રતિભેદોને સમજાવા અરિહંતચેઈયાણં સૂત્ર ઉપર ચૈત્યવંદનનું દષ્ટાંત આપ્યું. સ્થાનાદિ યોગયુક્ત જીવોનું ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન મોક્ષહેતુ છે. અને શેષ જીવોનું કાયવાસિત છે અને મહામૃષાવાદ છે. એ જણાવી વિધિ-અવિધિપૂર્વક કરાતા ધર્માનુષ્ઠાનની ચર્ચા સવિશેષ સમજાવવા જેવી છે એવું ગ્રંથકારશ્રીને સ્મરણમાં આવ્યું. તે ચર્ચાને પ્રશ્ન-ઉત્તર

રૂપે ગાથા ૧૪-૧૫-૧૬માં સવિશેષ ચર્ચી. હજુ આ વિષયની વધારે વિસ્તૃત ચર્ચા થઈ શકે તેમ છે. પરંતુ ગ્રંથગહનતા અને ગ્રંથ-ગૌરવના ભયથી તેને સંક્ષેપતાં જણાવે છે કે આ પ્રરૂપણા યોગનો વિષય લખતાં લખતાં સ્મરણમાં આવેલ વિધિ-અવિધિના અર્થની ચર્ચાના વિસ્તારવડે હવે સર્યું.

ઉપરોક્ત યોગના સ્થાનાદિ ભેદોમાં પ્રયત્નવાળા મહાત્માઓનું જ આ ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાન હિતકારક (મોક્ષસાધક) જાણવું. કારણ કે ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાનમાં સંક્રાન્ત થયેલા સ્થાનદિ યોગો વાસ્તવિક મોક્ષહેતુ હોતે છતે તે ધર્માનુષ્ઠાન પણ તે (મોક્ષ)નું પ્રયોજક (સાધક) છે. અર્થાત્ તે અનુષ્ઠાન પણ મોક્ષસાધક છે. તાત્પર્યાર્થ એ છે કે ઘણા આત્માઓ સ્થાનાદિ યોગોની ઉપેક્ષા કરી પ્રણિધાન-પ્રવૃત્તિ આદિ આશયો વિના ગતાનુગતિકપણે અથવા માન-મોભાદિને પોષવા બાહ્યથી ધર્માનુષ્ઠાન આચરે છે તે ધર્માનુષ્ઠાન મોક્ષસાધક બનતું નથી, પરંતુ જે ધર્માનુષ્ઠાન પ્રણિધાનાદિ આશય-પૂર્વક અને સ્થાનાદિ યોગોના ઉપયોગયુક્ત કરાય છે તેજ અનુષ્ઠાન મોક્ષસાધક બને છે. તેમાં પણ વધારે સૂક્ષ્મ વિચાર કરીએ તો આચરણ કરાતાં ધર્માનુષ્ઠાનોમાં રહેલા જે સ્થાનાદિ યોગોનું સેવન છે. તે જ ખરેખર મોક્ષહેતુ છે. તથાપિ સ્થાનાદિ યોગો મોક્ષહેતુ હોવાથી તે યોગોવાળું ધર્માનુષ્ઠાન પણ મોક્ષહેતુ કહેવાય છે. અનન્તરપણે યોગો મોક્ષહેતુ છે. એટલે પરંપરાએ ધર્માનુષ્ઠાન પણ મોક્ષહેતુ છે એમ જાણવું.

*''તથા''* શબ્દ પ્રકારાન્તરના સમુચ્ચય માટે છે. અર્થાત્ ચૈત્યવંદનાદિ જે ધર્માનુષ્ઠાન છે. તે પણ સ્થાનાદિ યોગોથી યુક્ત છે માટે મોક્ષહેતુ છે. તે એક કારણ જણાવ્યું. હવે તે જ વિષયમાં બીજું કારણ પણ બતાવે છે. એમ બે કારણના સમુચ્ચય અર્થમાં *તથા* શબ્દ સમજવો.



*''સદનુષ્ઠાનત્વેન''* ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાન એ ઉત્તમ અનુષ્ઠાન હોવાથી **સ્વતંત્રપણે પણ મોક્ષહેતુ છે.** કારણ કે યોગના પરિણામથી કરાયેલા પુણ્યાનુબંધી પુણ્યનો નિક્ષેપ (બંધ) થવાથી, નિર્મળ ચિત્તના સંસ્કારરૂપ પ્રશાન્તવાહિતાથી યુક્ત એવાં આ ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનો સ્વતંત્રપણે પણ મોક્ષહેતુ છે એમ સમજવું.

શ્રી યોગદષ્ટિસમુચ્ચયમાં **''સદનુષ્ઠાનનું લક્ષણ''** આ પ્રમાણે કરેલું છે.

**''आदरः करणे प्रीतिरविघ्नः सम्पदागमः ।**
**जिज्ञासा तज्ज्ञसेवा च, सदनुष्ठानलक्षणम् ॥ १२३॥''**

અનુષ્ઠાનો પ્રત્યે આદર-બહુમાન, તેને આચરવામાં પ્રીતિ, નિર્વિઘ્નતા, સંપત્તિની પ્રાપ્તિ, જિજ્ઞાસા, અનુષ્ઠાનોના જાણકારોની સેવા, અને અનુષ્ઠાનોના અનુભવીઓની કૃપાદષ્ટિ એ સદનુષ્ઠાનનું લક્ષણ છે.

**(શ્રી યોગદષ્ટિ. સ. ॥૧૨૩॥)**

ભાવાર્થ આ પ્રમાણે છે કે સદ્ગૃહસ્થે જ્યારથી જિનમંદિર જવાનો, પ્રભુનાં દર્શન-વંદન-પૂજન કરવાનો પરિણામ કર્યો છે. તથા ભગવંત પ્રત્યેના અતિશય અહોભાવથી સ્થાનાદિ યોગો સાચવવાપૂર્વક ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાનોમાં જે જોડાયો છે ત્યારથી તેનું ચિત્ત ધર્મ તરફ વધારે ને વધારે ઉલ્લસિત થાય છે. વીતરાગ પ્રભુનાં દર્શન-પૂજન કરતાં પણ સંસારનો નિર્વેદ, મોક્ષનો સંવેગ-પરિણામ વધતો જ જાય છે. આવો ધર્મ-પરિણામ આત્માને મોક્ષની સાથે જોડનાર હોવાથી યોગ-પરિણામ કહેવાય છે. આ ધર્માનુષ્ઠાનો સદ્-અનુષ્ઠાન (ઉત્તમ આચારવિશેષ) હોવાથી આવા પ્રકારના યોગવાળા પરિણામથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. જે આ આત્માને પ્રતિ ભવે મોક્ષની આસન્ન કરે છે. તથા ધર્મના પરિણામોથી ચિત્ત રંગાયેલું હોવાથી તે ચિત્ત અતિશય સંસ્કારવાળું બને છે. ક્રોધ-

માનાદિ કષાયો રહિત વિશુદ્ધ બને છે. અને વિકાર-વાસના વિનાનું સ્વચ્છ બને છે. તેના કારણે ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાનો પ્રશાન્ત-વાહિતાથી યુક્ત બને છે. એટલે આત્મા અત્યન્ત પ્રશાન્ત સ્વભાવમાં ઝુલતો બની જાય છે. આ પ્રકારનું ગુણકારી ધર્માનુષ્ઠાન થવાથી આ ચૈત્યવંદનાદિ ધર્મક્રિયા પોતે જ સ્વતંત્રપણે જ મોક્ષહેતુ બને છે.

આ શ્લોકના પૂર્વાર્ધમાં ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાનો સ્થાનાદિ યોગયુક્ત છે માટે મોક્ષહેતુ છે એટલે યોગના પરતંત્રપણે મોક્ષહેતુ છે. સ્થાનાદિ યોગોવાળું છે માટે મોક્ષહેતુ છે. એમ જણાવ્યું હતું અને આ ઉત્તરાર્ધમાં આ ધર્માનુષ્ઠાન સદનુષ્ઠાન હોવાથી, પુણ્યાનુબંધી પુણ્યનું નિક્ષેપક હોવાથી, વિશુદ્ધ ચિત્ત સંસ્કારવાળી એવી પ્રશાન્તવાહિતાવાળું હોવાથી સ્વતંત્રપણે પણ મોક્ષહેતુ છે એમ જણાવ્યું.

આ પ્રમાણે જુદી જુદી રીતે સમજાવવામાં નયભેદ જ કારણ છે. ભિન્ન-ભિન્ન નયોની વિવક્ષાથી આમ સમજાવેલ છે. તેથી આ બાબતમાં કંઇ દોષ સમજવો નહિ.

*સદનુષ્ઠાનભેદાનેવ પ્રરૂપયંશ્ચરમતદ્ભેદે ચરમયોગભેદમન્તર્ભાવયન્નાહ-*

ઉત્તમાનુષ્ઠાનના (પ્રીતિ-ભક્તિ-વચન-અસંગ એમ) ચારભેદોને જ સમજાવતા એવા ગ્રંથકારશ્રી તેના ચરમભેદમાં (અસંગાનુષ્ઠાનમાં) સ્થાનાદિયોગોનો જે ચરમભેદ (નિરાલંબનયોગ), તેનો અન્તર્ભાવ થાય છે. તે જણાવે છે :-

**''एयं च पीइ-भत्तागमाणुगं, तह असंगयाजुत्तं ।**
**नेयं चउव्विहं खलु एसो चरमो हवइ जोगो ॥ १८॥''**

**શ્લોકાર્થ** :- આ ઉત્તમાનુષ્ઠાન (સદનુષ્ઠાન) પ્રીતિ, ભક્તિ, આગમ (શાસ્ત્રવચન)ને અનુસરનારું તથા અસંગતાયુક્ત એમ ચાર



પ્રકારનું જાણવું. તેમાં આ અસંગાનુષ્ઠાન તે જ ચરમયોગ (નિરાલંબનયોગ) હોય છે. ॥૧૮॥

*''एयं च त्ति''। ''एतच्च''=सदनुष्ठानं प्रीतिभक्त्यागमाननुगच्छति तत् प्रीतिभक्त्यागमानुगं=प्रीत्यनुष्ठानं भक्त्यनुष्ठानं वचनानुष्ठानं चेति त्रिभेदं, तथाऽसङ्गतया युक्तं असङ्गानुष्ठानमित्येवं चतुर्विधं ज्ञेयम्। एतेषां भेदानामिदं स्वरूपम्=''यत्रानुष्ठाने'' प्रयत्नातिशयोऽस्ति, परमा च प्रीतिरुपत्पते, शेषत्यागेन च यत्क्रियते तत्प्रीत्यनुष्ठानम् । आह च-*

**''यत्रादरोऽस्ति परमः, प्रीतिश्च हितोदया भवति कर्त्तुः ।**
**शेष-त्यागेन करोति यच्च, तत्प्रीत्यनुष्ठानम्'' ॥ षोड०१०-३॥**

ઉપરના સત્તરમા શ્લોકમાં કહ્યું કે **''સદનુષ્ઠાન''** હોવાથી મોક્ષહેતુ છે ત્યાં શંકા થાય છે કે સદનુષ્ઠાન એટલે શું? તે આ સદનુષ્ઠાન કેટલા પ્રકારનું છે? અને દરેક ભેદોના અર્થો શું? તે આ શ્લોકમાં સમજાવે છે. પ્રીતિ-ભક્તિ અને આગમને જે અનુષ્ઠાન અનુસરે તે પ્રીતિ-ભક્તિ-આગમાનુગ અનુષ્ઠાન કહેવાય છે. અર્થાત્ પ્રીતિને અનુસરનારું જે અનુષ્ઠાન તે પ્રીત્યનુષ્ઠાન. ભક્તિને અનુ-સરનારું જે અનુષ્ઠાન તે ભક્ત્યનુષ્ઠાન. અને આગમને અનુસરનારું જે અનુષ્ઠાન તે આગમાનુષ્ઠાન જાણવું આ પ્રમાણે આ ત્રણ ભેદો સમજવા. તથા અસંગતાથી યુક્ત એવું જે અનુષ્ઠાન તે અસંગાનુ-ષ્ઠાન ચોથું જાણવું. (૧) પ્રીત્યનુષ્ઠાન (૨) ભક્ત્યનુષ્ઠાન, (૩) વચનાનુષ્ઠાન, અને (૪) અસંગાનુષ્ઠાન. આ ચારે અનુષ્ઠાન-ભેદોનું સ્વરૂપ આ પ્રમાણે છે :-

''જે અનુષ્ઠાનમાં (૧) અતિશય આદર=પ્રયત્નવિશેષ કરાતો હોય, (૨) અતિશય પ્રીતિવિશેષ થતી હોય, (૩) શેષકાર્યો ત્યજીને પણ જે કરાતું હોય તે **પ્રીત્યનુષ્ઠાન.**

જે આત્માને સંસાર નિર્ગુણ ભાસે છે તેને જ આત્માની ભવાતીત અવસ્થા પ્રત્યે અને તેના ઉપાયભૂત ધર્માનુષ્ઠાનો પ્રત્યે રુચિ પ્રાપ્ત થાય છે. સંસારસુખો કદર્થનારૂપ છે. શરીર-કર્મ-પરિવાર એ સર્વે બંધનરૂપ છે. ઈષ્ટાનિષ્ટના સંયોગ-વિયોગમાં કલેશનાં જ કારણો છે. તેથી આ સર્વબંધનોથી રહિત આત્માની નિર્મળ અવસ્થા જ પ્રાપ્તવ્ય છે. આવા પ્રકારનો આશય આ જીવોમાં પ્રવર્તે છે. તેથી તેના ઉપાયભૂત ધર્માનુષ્ઠાનોમાં સૌથી વધુ પ્રયત્ન વિશેષ આ જીવ પ્રથમ કરે છે. તેનાથી જેમ જેમ સંસારનો રાગ ઘટતો જાય અને મોક્ષનો રાગ વધતો જાય, તેમ તેમ તેના ઉપાયો પ્રત્યે આદર-પ્રીતિ-બહુમાન વધતું જાય છે. એટલે ''પરમ પ્રીતિ'' ઉત્પન્ન થાય છે. પરમપ્રીતિ થવાથી સંસારનાં બીજાં બીજાં કામો ત્યજી જ્યારે જ્યારે અવકાશ મળે છે ત્યારે ત્યારે દોડી દોડીને આ ધર્માનુષ્ઠાનોમાં આ જીવ જોડાઈ જાય છે. જેમ કોઈ તમાશો, નાટક કે સરકસ જોવામાં રાગ હોવાથી બીજું છોડીને ત્યાં દોડી જાય છે, તેમ ધર્મકાર્યોમાં આત્મા ઓતપ્રોત-એકમેક બને છે. તે **પ્રીત્યનુષ્ઠાન** કહેવાય છે.

આ વાતની પુષ્ટિ અર્થે **''ષોડશક''**જીની સાક્ષી આપે છે.

''જ્યાં પરમ આદર છે. કર્તાના હિતને આપનારી પરમ-પ્રીતિ છે અને બીજું કાર્ય ત્યજીને જે કાર્ય કરાય છે તે પ્રીત્યનુષ્ઠાન જાણવું.''

સંક્ષેપમાં પ્રીત્યનુષ્ઠાનનાં ત્રણ લક્ષણો છે. (૧) અનુષ્ઠાનને વિશે પ્રયત્નવિશેષ, (૨) પરમપ્રીતિ, (૩) શેષકાર્યોના ત્યાગપૂર્વક આ કાર્યનું વધારે સેવન, આ ત્રણ લક્ષણોવાળું જે અનુષ્ઠાન તે પ્રીત્યનુષ્ઠાન જાણવું.

*एतत्तुल्यमप्यालम्बनीयस्य पूज्यत्वविशेषबुद्ध्या विशुद्धतरव्यापारं भक्त्यनुष्ठानम्। आह च-*



**''गौरवविशेषयोगाद् बुद्धिमतो यद्विशुद्धतरयोगम् ।**
**क्रिययेतरतुल्यमपि, ज्ञेयं तद्भक्त्यनुष्ठानम् ॥ षो. १०-४॥''**

*प्रीतित्व-भक्तित्वे संतोष्यपूज्यकृत्यकर्तव्यताज्ञानजनितहर्षगतौ जातिविशेषौ, आह च-*

**''अत्यन्तवल्लभा खलु, पत्नी तद्वद्धिता च जननीति ।**
**तुल्यमपि कृत्यमनयोर्ज्ञातं स्यात्प्रीतिभक्तिगम् ॥ षो.१०-५॥''**

*''तुल्यमपि कृत्यम्''=भोजनाच्छादनादि ''ज्ञातं''=उदाहरणम् ॥*

આ પ્રીત્યનુષ્ઠાનની સાથે (બાહ્યાચારથી) જે તુલ્ય આચાર-વાળું છે પરંતુ આલંબનયોગ્ય અનુષ્ઠાનો પ્રત્યે પૂજ્યત્વ એવા ભાવ વિશેષની બુદ્ધિ થવાથી વધારે વિશુદ્ધતર વ્યાપારવાળું જે અનુષ્ઠાન તે **ભક્ત્યનુષ્ઠાન** જાણવું.

પ્રીત્યનુષ્ઠાનમાં જેમ અનુષ્ઠાનો પ્રત્યે પ્રીતિવિશેષ તથા પ્રયત્નવિશેષ આચરે છે, શેષ કાર્યો ત્યજીને આ ધર્મક્રિયા કરે છે. તેમ ભક્ત્યનુષ્ઠાનમાં પણ પ્રીવિશેષ પ્રયત્નવિશેષ તથા શેષત્યાગ વડે આ ધર્મક્રિયાનું સેવન તુલ્ય જ હોય છે. પરંતુ પ્રીત્યનુષ્ઠાન-કાળે મોક્ષના રાગથી તેના ઉપાયભૂત ધર્માનુષ્ઠાનો પ્રત્યે પણ રાગવિશેષ થવાથી તે ધર્માનુષ્ઠાનો કરવામાં પરમપ્રીતિ હોય છે. પરંતુ જેમ જેમ ધર્મગુરુનો યોગ મળતો જાય, તત્ત્વ સમજાતું જાય છે. આ ધર્માનુષ્ઠાનો જ સંસારથી તારક છે. આદરણીય છે. સેવનીય છે. ઈત્યાદિ સમજાતું જાય. અને તેના કારણે તે તે અનુષ્ઠાનો પ્રત્યે પૂજ્યત્વની બુદ્ધિ-વિશેષ પ્રગટ થતી જાય અને તેથી પૂજ્યત્વની બુદ્ધિપૂર્વક વધારે ને વધારે વિશુદ્ધતર એવો વ્યવહાર ક્રિયામાં વધતો જાય તે ભક્ત્યનુષ્ઠાન કહેવાય છે.

આ વાતની પુષ્ટિ અર્થે **''ષોડશક''**ની સાક્ષી આપે છે કેઃ-

''ક્રિયા વડે (બાહ્યાચાર વડે) ઈતરાનુષ્ઠાન (પ્રીત્યનુષ્ઠાન)ની સાથે અનુષ્ઠાનપણે તુલ્ય હોવા છતાં જે અનુષ્ઠાન પ્રત્યે (પૂજ્યભાવ

સ્વરૂપે) બહુમાન વિશેષ હોવાથી વધારે વિશુદ્ધતર યોગવાળું એવું બુદ્ધિમંત આત્માનું જે અનુષ્ઠાન તે ભક્ત્યનુષ્ઠાન કહેવાય છે. (ષોડશકઃ ૧૦-૪)

પ્રીત્યનુષ્ઠાનમાં બોધ સામાન્ય હોય છે. તેથી અનુષ્ઠાન પ્રત્યે પ્રીતિ જન્મે છે. પરંતુ વિશિષ્ટ ભક્તિભાવ જન્મતો નથી. જ્યારે ધુર્મગુરુ આદિના યોગથી તેમાં બોધ વિશેષ-વિશેષ વધતો જાય છે. **''આ જ અનુષ્ઠાનો તારક છે''** એવો ભાવ સમજાતો જાય છે ત્યારે તેના પ્રત્યે ''પૂજ્યભાવ=ભક્તિનો ભાવ'' જન્મે છે તેથી બંને અનુષ્ઠાનો બાહ્ય આચરણથી તુલ્ય દેખાતાં હોવા છતાં અંતરંગ આત્મપરિણામથી ભિન્ન હોય છે. પ્રીત્યુષ્ઠાન કરતાં ભક્ત્યનુષ્ઠાન વધારે ને વધારે વિશુદ્ધતર અંતરંગ પરિણતિવાળું હોય છે. લગભગ વચનાનુષ્ઠાનની આસન્નભૂમિકાવાળું થતું જાય છે.

ન્યાયની ભાષામાં આ બંને અનુષ્ઠાનોનો અર્થ સમજાવે છે કેઃ-પ્રીતિત્વ અને ભક્તિત્વ આ બંને ઘટત્વ-પટત્વની જેમ જાતિ-વિશેષ છે. એટલે કે ભિન્ન-ભિન્ન જાતિ છે.

**संतोष्यकृत्यकर्तव्यताज्ञानजनितहर्षत्वम् प्रीतित्वम् तथा पूज्यकृत्यकर्तव्यताज्ञानजनितहर्षत्वम् भक्तित्वम्-**

તે બંને પંક્તિના અર્થ આ પ્રમાણે છે સ્ત્રી-પરિવાર-નોકર-વગેરે પાત્રો સંતોષ્ય કહેવાય છે. જેઓને વસ્ત્ર-આહાર-ધન આદિ આપવા વડે સંતોષ ઉત્પન્ન કરવાનો છે. પોષવાનાં છે. તેઓ સંતોષ્ય કહેવાય છે. તેવા સંતોષ્ય પત્ની આદિને વસ્ત્રાદિ આપવું તે કૃત્ય છે. તે કૃત્ય જ્યારે આત્મા કરે છે ત્યારે તે કૃત્યની કર્તવ્યતાનું જ્ઞાન થવાથી પોતાના હૈયામાં જે હર્ષવિશેષ જન્મે છે તેને પ્રીતિત્વ કહેવાય છે. સંતોષ આપવા લાયક સ્ત્રી-પુત્રાદિને વસ્ત્રાદિના દાનરૂપ કૃત્યની કર્તવ્યતા જણાવાથી જે હર્ષ થાય છે તે પ્રીતિત્વજાતિ સમજવી.



માતા-પિતા-ધર્મગુરુ-દાદા-દાદી આદિ વડીલ પરિવાર તે પૂજ્ય કહેવાય છે. જેઓએ આપણા ઉચ્છેરમાં અનેકવિધ દુઃખો સહ્યાં છે તે પૂજ્ય ગણાય છે. તેવી પૂજ્ય વ્યક્તિઓ વસ્ત્રાદિ વડે પૂજનીય છે. તેવી પૂજ્ય વ્યક્તિઓની ભક્તિ કરવારૂપ જે કૃત્ય તે જેમ જેમ કરીએ તેમ તેમ તેની કર્તવ્યતાનું જ્ઞાન થવાથી થયેલ હર્ષવિશેષ તે ભક્તિત્વ કહેવાય છે. આ પ્રમાણે આ બંને અનુષ્ઠાનો અંતરંગ પરિણામની તરતમતાથી ભિન્ન છે. ષોડશકની સાક્ષી જણાવે છે કેઃ-

''પત્ની ખરેખર અત્યંત વલ્લભ (અતિશય પ્રીતિનું પાત્ર) હોય છે. અને માતા પણ તેની જેમ પ્રીતિનું (માતા તરીકેની પ્રીતિનું) પાત્ર તો છે જ. તદુપરાંત ''*हिता च*'' આ મારી માતા મારું હિત કરનારી છે એમ પણ મનમાં હોય છે. આ બંનેને ખાવા-પીવા-પહેરવા આપવા માટેનું કૃત્ય તુલ્ય હોય છે. પરંતુ અંતરંગ પરિણામ એક પ્રીતિનો અને બીજો ભકિતનો છે. આ પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાન ગત દૃષ્ટાંત સમજવું.

ભોજન-આચ્છાદન (વસ્ત્ર)નું આપવું તે બંને પ્રત્યે તુલ્ય છે. પરંતુ હૃદયગત ભાવમાં તફાવત છે. આ પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાન માટે ઉદાહરણ જાણવું.

*शास्त्रार्थप्रतिसंधानपूर्वा साधोः सर्वत्रोचितप्रवृत्तिर्वचनानुष्ठानम्, आह च-*

**''वचनात्मिका प्रवृत्तिः, सर्वत्रौचित्ययोगतो या तु ।**
**वचनानुष्ठानमिदं, चारित्रवतो नियोगेन'' ॥ षो. १०-६॥**

શાસ્ત્રાર્થના પ્રતિસંધાનપૂર્વક સર્વ ઠેકાણે ચારિત્રવાળા આત્માની જે ઉચિત પ્રવૃત્તિ તે વચનાનુષ્ઠાન જાણવું. પ્રથમ બે અનુષ્ઠાનવર્તી જીવોમાં અનુષ્ઠાનપ્રત્યે પ્રીતિ-ભક્તિ હોવા છતાં શાસ્ત્રસંબંધી સ્થૂલબોધ

છે. સૂક્ષ્મબોધ નથી. તેથી શાસ્ત્રાર્થનું પ્રતિસંધાન નથી. કદાચ વધારે બોધ હોય તો પણ ક્રિયાકાળે તેટલો ઉપયોગવિશેષ નથી. પરંતુ જ્યારે આત્મા શાસ્ત્રોના સૂક્ષ્મ અર્થોનો જ્ઞાતા બને, તેનું વારંવાર પરિશીલન કરે, તેને અનુસારે ધર્મક્રિયા કરવાનું ચિત્ત થાય, તેથી સર્વ અનુષ્ઠાનોમાં શાસ્ત્રોના અર્થોનું પ્રતિસંધાન (જોડાણ) કરે, તેની પરવશતાએ જ વર્તે તથા શાસ્ત્રાર્થ ઉપરના અતિબહુમાનને લીધે સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરે, સમિતિ- ગુપ્તિની વૃદ્ધિ થાય, અને સંયમની વૃદ્ધિ થાય તેવું જ કાર્ય કરે-**તે વચનાનુષ્ઠાન** કહેવાય છે.

''જૈનશાસ્ત્રોનાં વચનોને અનુસારે સર્વ ઠેકાણે ઉચિતયોગ-પૂર્વકની સાધુની જે પ્રવૃત્તિ તે આ વચનાનુષ્ઠાન કહેવાય છે. અને તે અનુષ્ઠાન નિશ્ચે ચારિત્રવાન્ આત્માને જ હોય છે (ષોડશક: ૧૦-૬) એમ ષોડશકમાં કહ્યું છે.

*''व्यवहारकाले वचनप्रतिसंधाननिरपेक्षं दृढतरसंस्कारा-च्चन्दनगन्धन्यायेनात्मसाद्भूतं जिनकल्पिकादीनां क्रियासेवनमसङ्गानु-ष्ठानम्, आह च-''*

**''यत्त्वभ्यासातिशयात्, सात्मीभूतमिव चेष्टयते सद्भिः ।**
**तदसङ्गानुष्ठानं, भवति त्वेतत्तदावेधात्'' ॥ षो. १०-७॥**

*''तदावेधात्''=यथाद्यं चक्रभ्रमणं दण्डव्यापारादुत्तरं च तज्ज-नितकेवलसंस्कारादेव, तथा भिक्षाटनादिविषयं वचनानुष्ठानं, वचन-व्यापाराद्, असंगानुष्ठानं च केवलतज्जनितसंस्कारादिति विशेषः, आह च-*

**''चक्रभ्रमणं दण्डात्तदभावे चैव यत्परं भवति ।**
**वचनासङ्गानुष्ठानयोस्तु तज्ज्ञापकं ज्ञेयम् ॥'' षो.१०-८ इति॥**

વ્યવહારકાલે (ક્રિયાપ્રવૃત્તિકાલે) શાસ્ત્રોનાં વચનોની પરવશતાથી નિરપેક્ષ, અત્યંત દઢતર સંસ્કારના બળથી જ ચંદન-ગન્ધન્યાય વડે



પોતાને આત્મસાત્ થયેલું, જિનકલ્પિકાદિ મુનિઓનું જે ક્રિયાસેવન તે અસંગાનુષ્ઠાન કહેવાય છે. વચનાનુષ્ઠાનકાલે શાસ્ત્રોનાં વચનોનું પ્રતિસંધાન (અનુસરવાપણું) હતું અને તેનાથી શાસ્ત્રવચનો પ્રત્યે અત્યંત રાગ હતો. તે રાગપૂર્વકનાં શાસ્ત્રવચનોને અનુસરવાથી સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ હતી. પરંતુ જ્યારે આત્મા અસંગાનુષ્ઠાનવાળો બને છે ત્યારે સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ તો હોય જ છે. પરંતુ અસંગદશા હોવાથી કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ઉપર સંગ હોતો નથી. તેથી ભગવાનનાં વચનોનો પણ સંગ હોતો નથી. તેથી શાસ્ત્રવચનના પ્રતિસંધાનથી નિરપેક્ષ અનુષ્ઠાન હોય છે. તેમનું ચિત્ત સહજપણે સર્વત્ર ઉચિત પ્રવૃત્તિવાળું બની જાય છે.

વળી પૂર્વના અનુષ્ઠાનોના સતત આચરણ વડે, અને વારંવાર તેમના સ્મરણ વડે આ ધર્માનુષ્ઠાનો એવાં દઢતર સંસ્કારવાળાં બની જાય છે કે ચંદન જેમ સહજ સુગંધિત છે તેની જેમ (અર્થાત્ તે ન્યાયે) આ આત્માઓને ધર્માનુષ્ઠાન આત્મસાત્ બની જાય છે. આમ કરૂં કે તેમ કરૂં? એવા સંકલ્પપૂર્વકનાં કે શાસ્ત્રોનાં વચનો સામે રાખીને તેના અનુસરણપૂર્વકનાં આ અનુષ્ઠાન હોતાં નથી. આવું ઉત્તમાનુષ્ઠાન જિનકલ્પિકાદિ મહામુનિઓને હોય છે. તે મહાત્માઓનું જે ક્રિયાનું આસેવન તે અસંગાનુષ્ઠાન કહેવાય છે. ષોડશકની સાક્ષી આપે છે :-

''વળી અભ્યાસના અતિશયથી સાત્મીભૂત (આત્મસાક્ષાત્કાર) થયેલાની જેમ સાધુપુરુષો વડે જે ચેષ્ટા કરાય છે તે અસંગાનુષ્ઠાન કહેવાય છે. આ અસંગાનુષ્ઠાન તે (પૂર્વના અનુષ્ઠાનો)ના સંસ્કારથી આવે છે. **(ષો. ૧૦-૭)**

આ ષોડશકના મૂળ શ્લોકમાં ''*एतत्तदावेधात्*'' શબ્દ છે. તેનો અર્થ એવો જાણવો કે આ (અસંગાનુષ્ઠાન) તે (વચનાનુષ્ઠાનના) સંસ્કારથી થાય છે. *આવેધ* એટલે સંસ્કાર. ઘટ બનાવતી વખતે દંડનો

સંયોગ હોય ત્યાં સુધી દંડના સંયોગથી તો ચક્રભ્રમણ થાય જ છે. પરંતુ દંડ લઈ લીધા પછી પણ તેના ઉત્તરકાળે પૂર્વભ્રમણથી ઉત્પન્ન થયેલા ભ્રમણના સંસ્કારથી દંડ વિના પણ ચક્રભ્રમણ થાય છે. અર્થાત્ આદ્ય ચક્રભ્રમણ દંડ-વ્યાપારથી થાય છે અને ઉત્તર (બીજું) ચક્રભ્રમણ તે પૂર્વ ભ્રમણથી ઉત્પન્ન થયેલ સંસ્કારમાત્રથી જ થાય છે. તેની જેમ ભિક્ષાટનાદિવિષયક ધર્માનુષ્ઠાન પ્રથમ જે હતાં તે વચનાનુષ્ઠાનના વ્યાપારથી થતાં હતાં અર્થાત્ તેના આલંબનથી થતાં હતાં. અને હવે અસંગાનુષ્ઠાન કાળે ભિક્ષાટનાદિ ધર્માનુષ્ઠાનો ફક્ત પૂર્વે વારંવાર અનુભવેલા અનુષ્ઠાનોથી ઉત્પન્ન થયેલા સંસ્કારથી સહજપણે પ્રવર્તે છે. આટલી આ બંને અનુષ્ઠાનોમાં વિશેષતા છે.

ષોડશકમાં કહ્યું છે કેઃ-

''આદ્ય ચક્રભ્રમણ દંડથી થાય છે. અને તેની પછીનું ચક્રભ્રમણ દંડ વિના થાય છે. વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાનને જણાવનારું આ દ્રષ્ટાંત જાણવું. **(ષોડશકઃ ૧૦-૮)**

*''खलु'' इति निश्चये । ''एतेष्वनुष्ठानभेदेषु'' ''एष:'' एतदः समीपतरवृत्तिवाचकत्वात् समीपाभिहितासङ्गानुष्ठानात्मा चरमो योगोऽनालम्बनयोगो भवति, सङ्गत्यागस्यैवानालम्बनलक्षणत्वादिति भावः ॥१८॥*

મૂળ શ્લોકમાં કહેલો *''खलु''* શબ્દ અવ્યય હોવાથી નિશ્ચય અર્થમાં છે. ઉપરોક્ત પ્રીત્યાદિ ચાર ભેદોવાળું જ અનુષ્ઠાન છે. અર્થાત્ અનુષ્ઠાનના વધારે ભેદ નથી.

તથા અનુષ્ઠાનના પ્રીત્યાદિ આ ચાર ભેદોમાં *''एषः''* એટલે ગુજરાતીમાં ''આ'' *एतत्* શબ્દ સમીપમાં રહેલી વસ્તુનો જ વાચક હોવાથી ''આ'' એટલે છેલ્લેથી તદ્દન નજીકનું એવું જે અનુષ્ઠાન એટલે કે અસંગાનુષ્ઠાન, તે જ (સ્થાનાદિ પાંચ યોગોમાં)



ચરમ યોગ=અર્થાત્ અનાલંબન યોગ કહેલો છે. અર્થાત્ અસંગાનુષ્ઠાન એ જ અનાલંબનયોગસ્વરૂપ છે. કારણ કે સંગનો ત્યાગ એ જ અનાલંબનનું લક્ષણ છે.

*आलम्बनविधयैवानालम्बनस्वरूपमुपदर्शयन्नाह-*

આલંબનના બે પ્રકારો (ભેદો) પાડવા વડે જ અનાલંબન-યોગનું સ્વરૂપ જણાવે છે.

**''आलंबणं पि एयं, रूवमरूवी य इत्थ परमु त्ति ।**
**तग्गुणपरिणइरूवो, सुहूमो अणालंबणो नाम ॥ १९॥''**

*(आलम्बनमप्येतद् रूप्यरूपी चात्र परम इति ।*
*तद्गुणपरिणतिरूपस्सूक्ष्मोऽनालम्बनो नाम ॥ १९॥)*

**શ્લોકાર્થ :-** આ યોગસંબંધી વિચારોના પ્રકરણમાં સમવસરણસ્થ જિનપ્રતિમાદિસ્વરૂપ રૂપી અને સિદ્ધ પરમાત્મા સ્વરૂપ અરૂપી એમ બે પ્રકારનું આલંબન હોય છે. ત્યાં સિદ્ધ પરમાત્માના ગુણો જે કેવળજ્ઞાનાદિ છે. તેની સાથે એકાકારતા રૂપ જે પરિણતિવિશેષ તે સૂક્ષ્મ એવો (એટલે કે અતીન્દ્રિય એવો) અનાલંબનયોગ છે. ॥૧૯॥

*''आलंबणं पि त्ति'' । आलम्बनमपि ''एतत्''=प्राकरणिकबुद्धिसंनिहितं, ''अत्र''=योगविचारे, ''रूपि'' समवसरणस्थजिनरूपतत्प्रतिमादिलक्षणम्, च=पुनः ''अरूपी परमः''=सिद्धात्मा इत्येवं द्विविधम् । तत्र तस्य अरूपिपरमात्मलक्षणस्यालम्बनस्य ये गुणाः केवलज्ञानादयस्तेषां परिणतिः=समापत्तिलक्षणा, तया रूप्यत इति तद्गुणपरिणतिरूपः सूक्ष्मोऽतीन्द्रियविषयत्वाद् अनालम्बनो नाम योगः, अरूप्यालम्बनस्येषदालम्बनत्वेन अलवणा यवागुः ''इत्यत्रेवात्र नञ्पदप्रवृत्तेरविरोधात् ।''*

આ ગાથાના અવતરણમાં જણાવે છે કે આલંબનયોગના બે પ્રકાર જણાવવા વડે અનાલંબનયોગને સમજાવે છે. તેનો અર્થ એવો છે કે અનાલંબન-યોગ સર્વથા આલંબનના અભાવરૂપ નથી. પરંતુ આલંબન બે પ્રકારનું છે. રૂપી અને અરૂપી. તેમાં અરૂપી આલંબનવાળો જે યોગ તે અનાલંબનયોગ. એમ આલંબનના જ રૂપી-અરૂપી બે ભેદો બતાવી અનાલંબનયોગ સમજાવે છે :-

*અત્ર=યોગવિચારે* અહીં એટલે યોગના વિચારમાં અર્થાત્ સાંસારિક બાબતોની આ વાત નથી. પરંતુ આત્માને મોક્ષની સાથે જોડી આપે એવો જે યોગ છે. તેના સ્વરૂપના વિચારમાં *''एतद्''= प्राकरणिकबुद्धिसन्निहितं* હાલ જેનું પ્રકરણ ચાલે છે તે. હાલ અનાલંબન યોગનું આ પ્રકરણ ચાલે છે. તે અનાલંબનયોગ અરૂપીના આલંબન રૂપ છે. તેથી અનાલંબન યોગના પ્રકરણ સંબંધી બુદ્ધિથી સન્નિહિત થયેલું આ આલંબન દ્વિવિધ છે. (૧) રૂપી અને (૨) અરૂપી.

સમવસરણમાં બિરાજમાન જિનસ્વરૂપ અર્થાત્ વીતરાગતામય એવી તે જિનેશ્વર પરમાત્માની પ્રતિમાદિ રૂપ જે આલંબન તે રૂપી આલંબન જાણવું. અર્થાત્ સમવસરણમાં રહેલા વીતરાગસ્વરૂપ જિનેશ્વર પરમાત્માને (એટલે કે તેમની વીતરાગાવસ્થાવાળી આકૃતિને) સાક્ષાત્ જોવી તે રૂપી આલબંન. અહીં ટીકામાં *''प्रतिमादि''* શબ્દ છે. ત્યાં આદિ શબ્દથી એવો અર્થ જાણવો કે જે આત્માએ પ્રથમ વીતરાગપ્રભુને સાક્ષાત્ જોયા છે. પછી કાળાન્તરે માત્ર સ્મરણથી પણ સમવસરણસ્થ અને જિનસ્વરૂપ એવી જિનેશ્વરની પ્રતિમાને યાદ કરી તેનું આલંબન લે છે. તે પણ રૂપી આલંબન જાણવું.

च એટલે વળી, અરૂપી આલંબન આ પ્રમાણે જાણવું. પરમ એવો જે આત્મા તે સર્વ કર્મરહિત સિદ્ધપરમાત્મા, તેમનું આલંબન લઈને જે યોગમાં વર્તે તે અરૂપીનું આલંબન કહેવાય. એમ આલંબન રૂપી-અરૂપી વિષયક હોવાથી બે ભેદવાળું જાણવું.



*तत्र तस्य=* ત્યાં બે પ્રકારના આલંબનમાં જે બીજા નંબરનું અરૂપી આલંબન છે, તેનું સ્વરૂપ જણાવે છે કે- અરૂપી એવા સિદ્ધ પરમાત્માના સ્વરૂપનું જે આલંબન, તેઓના કેવળજ્ઞાનાદિ જે ગુણો છે તે ગુણોની જે પરિણતિ એટલે સિદ્ધપરમાત્માના કેવળજ્ઞાનાદિ ગુણોનું સ્વરૂપ વિચારતાં વિચારતાં તેની સાથે જે એકમેકતા= એકરૂપતા તે *तद्गुणपरिणतिरूप* અનાલંબનયોગ સમજવો. પ્રથમ શ્રુતજ્ઞાનના આધારે અરૂપી એવા સિદ્ધપરમાત્માના ગુણોનું ચિંતન કરે છે. તેનો અભ્યાસ સતત વૃદ્ધિ પામતાં જ્યારે આત્મા તેના ધ્યાનમાં એકાકાર બની જાય, તેની સાથે **સમાપત્તિ=એકલીનતા** પ્રાપ્ત કરે છે. ત્યારે તે અરૂપીના આલંબનના વિષયવાળો જે યોગ તે અનાલંબનયોગ કહેવાય છે. આ યોગ સૂક્ષ્મ અને અતીન્દ્રિય હોવાથી અનાલંબન કહેવાય છે. અર્થાત્ સમવસરણસ્થ જિનપ્રતિમાનું દર્શન તે સ્થૂલ છે અને ચક્ષુ આદિ ઈન્દ્રિયોથી ગોચર છે. માટે રૂપીવિષયક આલંબનયોગ સ્થૂલ અને ઈન્દ્રિયગોચર હોય છે કિન્તુ સિદ્ધપરમાત્માના સ્વરૂપ સંબંધી અરૂપી વિષયક યોગ આન્તરપરિણતિ રૂપ હોવાથી સમાપત્તિસ્વરૂપ હોવાથી સૂક્ષ્મ છે. અને અતીન્દ્રિય-વિષયક હોવાથી અરૂપી એવા ગુણો આલંબનરૂપ હોવા છતાં પણ તે યત્કિંચિત્ હોવાથી અને બાહ્યદૃષ્ટિએ આલંબનસ્વરૂપ ન હોવાથી અનાલંબનયોગ કહેવાય છે.

અહીં પ્રશ્ન થશે કે અરૂપી એવું પણ સિદ્ધપરમાત્માના સ્વરૂપનું **આલંબન** તો છે. તો પછી તેને અનાલંબન યોગ કેમ કહ્યો? તેનો ઉત્તર આપે છે કે અરૂપીનું આલંબન તે ઈષત્ આલંબન હોવાથી *''अलवणा यवागुः''* યવાગુમાં લવણ નાખેલું હોવા છતાં પણ અલ્પ હોવાથી નથી એમ જ બોલાય છે. તેમ અહીં આલંબન હોવા છતાં પણ અરૂપી અને અતીન્દ્રિયવિષયક

હોવાથી ઈષદ્=અલ્પ છે. તેથી નથી જ એમ કહી શકાય છે. આ દૃષ્ટાન્તની જેમ જ અહીં *નञ्* પદની (અલ્પ અર્થમાં) પ્રવૃત્તિ અવિરુદ્ધ છે અર્થાત્ બરાબર છે.

*''सुहूमो आलंबणो नाम''त्ति क्वचित्पाठस्तत्रापि सूक्ष्मालम्बनो नामैष योगस्ततोऽनालम्बन एवेति भाव उन्नेयः उक्तं चात्राधिकारे चतुर्दशषोडशके ग्रन्थकृतैव-*

**''सालम्बनो निरालम्बनश्च योगः परो द्विधा ज्ञेयः ।**
**जिनरूपध्यानं, खल्वाद्यस्तत्तत्वगस्त्वपरः ॥ १॥''**

*''सहालम्बनेन''= चक्षुरादिज्ञानविषयेण प्रतिमादिना वर्तत इति सालम्बनः । ''आलम्बनात्''=विषयभावापत्तिरूपान्निष्क्रान्तः निरा-लम्बनः, यो हि छद्मस्थेन ध्यायते न च स्वरूपेण दृश्यते तद्विषयो निरालम्बन इति यावत् ।*

*''जिनरूपस्य''= समवसरणस्थस्य ध्यानं खलु ''आद्यः''= सालम्बनो योगः । तस्यैव जिनस्य तत्त्वं=केवलजीवप्रदेशसंघातरूपं केवलज्ञानादिस्वभावं तस्मिन् गच्छतीति तत्तत्त्वगः, ''तुः'' एवार्थे, ''अपरः''=अनालम्बनः, अत्रारूपितत्त्वस्य स्फुटविषयत्वाभावादना-लम्बनत्वमुक्तम् ॥*

યોગવિંશિકાના મૂળ ૧૯મા શ્લોકના ઉત્તરાર્ધમાં છેલ્લું પદ *''सुहुमो अणालंबणो नाम''* એ પાઠને બદલે કોઈ કોઈ પ્રતોમાં *''सुहुमो आलंबणो नाम''* એવો પણ પાઠ જોવા મળે છે. પરંતુ તેવા પાઠમાં પણ સૂક્ષ્મ આલંબન નામનો આ અનાલંબનયોગ જ લેવો. કારણ કે આ અનાલંબનયોગમાં સૂક્ષ્મ એવું સિદ્ધ પરમાત્માનું અતીન્દ્રિયસ્વરૂપ આલંબનરૂપ હોવાથી તેની આલંબન તરીકે વિવક્ષા કરીને ''આલંબનયોગ'' કહેલ છે. *''सुहुमो आलंबणो नाम''* એવો જે પાઠ છે. તે પણ ઈષદ્વિષય હોવાથી અનાલંબન રૂપ જ સમજવું.



તેથી તે અનાલંબનયોગ જ જાણવો. આ જ વિષયના અધિકારમાં ષોડશક પ્રકરણમાં ચૌદમા ષોડશકમાં ગ્રંથકારશ્રીએ જ કહ્યું છે કે :-

''પરમ યોગ (પ્રધાન એવો આ યોગ) સાલંબન અને નિરાલંબન એમ બે પ્રકારનો છે. સમવસરણમાં બિરાજમાન એવા જિનેશ્વરના રૂપનું જે ધ્યાન તે આદ્ય=પ્રથમ=સાલંબનયોગ સમજવો. અને તેમના તત્ત્વને (અરૂપી એવા કેવળજ્ઞાનાદિ ગુણોને) અનુસરનારું જે ધ્યાન તે બીજો અનાલંબનયોગ સમજવો.'' (ષોડશક ૧૪-૧)॥

અર્થાત્ ચક્ષુ આદિ બાહ્ય ઈન્દ્રિયોના જ્ઞાનના વિષયભૂત એવાં પ્રતિમાદિની સાથે જે યુંજન તે સાલંબનયોગ કહેવાય છે. જેમાં ઈન્દ્રિયોના વિષયભૂત પ્રતિમાદિ સ્પષ્ટ દેખાય છે, ઈન્દ્રિયોની સાથે એકાકારતા થાય છે તે સાલંબનયોગ જાણવો. જે ઈન્દ્રિયોના વિષયભાવની આપત્તિરૂપથી નિષ્ક્રાન્ત છે એટલે કે જ્યાં ઈન્દ્રિયોનો વિષય નથી તે અનાલંબનયોગ જાણવો. સારાંશ કે જેમાં ઈન્દ્રિયોનો વિષય નથી. ઈન્દ્રિયોથી જે જોઈ- જાણી શકાતું નથી, કેવળ છદ્મસ્થાત્માઓ વડે મનથી ધ્યાન કરાય છે પરંતુ સ્વરૂપે ઈન્દ્રિયોથી ગ્રહણ થઈ શકતું નથી. તેવા સિદ્ધ પરમાત્માના સ્વરૂપના વિષયવાળો જે યોગ તે અનાલંબનયોગ જાણવો.

સાર એ છે કે *''जिनरूपस्य''*= એટલે કે સમવસરણમાં બિરાજમાન એવા જિનેશ્વર ભગવંતનાં પ્રતિમાદિના વિષયનું જે ધ્યાન તે ખરેખર આદ્ય એટલે કે પ્રથમ સાલંબનયોગ કહેવાય છે. અને તે જ જિનેશ્વરપ્રભુના તત્ત્વનો વિચાર એટલે કે તેમના આત્મામાં ફક્ત જે અરૂપી એવા જીવપ્રદેશોના સમૂહાત્મક જે આત્મસ્વરૂપ છે એટલે કે તેમાં કેવળજ્ઞાનાદિ ગુણમય આત્માનો જે સ્વભાવ છે. તે અરૂપી વિષયમાં વર્તનારું જે ધ્યાન તે *तत्तत्त्वगः*=તેમના (જિનેશ્વરના) તત્ત્વના વિષયવાળું જે ધ્યાન તે અનાલંબનયોગ છે.

અહીં ષોડશકના મૂળ શ્લોકમાં લખેલો *તુ* શબ્દ *एवकार* અર્થમાં છે. તે જિનેશ્વરના અરૂપી તત્ત્વનું જે ધ્યાન તે જ અનાલંબન નામનો બીજો યોગ જાણવો.

આ ધ્યાનમાં જે અરૂપીતત્ત્વ વિચારાય છે તે ઇન્દ્રિયો દ્વારા ઘટ-પટની જેમ સ્ફુટ વિષયવાળું ન હોવાથી અનાલંબનપણું કહેલું છે. જો કે અનાલંબનયોગમાં અરૂપી તત્ત્વનું આલંબન છે જ. પરંતુ તે ઇષદ્(અલ્પ) હોવાથી, છે છતાં નથી એમ માનીને અનાલંબન છે એમ યોગવિંશિકામાં કહ્યું છે. અને ઇન્દ્રિયગોચર વિષયની જેમ સ્ફુટ વિષય ન હોવાથી અનાલંબન છે એમ ષોડશકમાં કહ્યું છે. બન્ને શાસ્ત્રોનું તાત્પર્ય એક જ છે. માત્ર કારણમાં ભેદ જણાવેલ છે. યોગવિંશિકામાં અનાલંબન કહેવાનું કારણ આલંબનની અલ્પતા છે અને ષોડશકમાં અનાલંબન કહેવાનું કારણ ઇન્દ્રિયના વિષયનો અભાવ છે. એમ કારણ ભિન્ન-ભિન્ન જણાવ્યાં છે.

*अधिकृतग्रन्थागाथायां च विषयतामात्रेण तस्यालम्बनत्वमनूद्यापि तद्विषययोगस्येषदालम्बनत्वादनालम्बनत्वमेव प्रासाधीति फलतो न कश्चिद्विशेष इति स्मर्तव्यम्। अयं चानालम्बनयोग :-*

**''शास्त्रसंदर्शितोपायस्तदतिक्रान्तगोचरः ।**
**शक्त्युद्रेकाद्विशेषेण सामर्थ्याख्योऽयमुत्तमः ॥''  यो.द.स.५ ॥**

*इति श्लोकोक्तस्वरूपक्षपकश्रेणीद्वितीयापूर्वकरणभाविक्षायोपशमिकक्षान्त्यादिधर्मसन्न्यासरूपसामर्थ्ययोगतो-निसङ्गानवरतप्रवृत्ता या परतत्त्वदर्शनेच्छा तल्लक्षणो मन्तव्यः । आह च-*

તાત્પર્યાર્થ એ છે કે અધિકૃતગ્રંથની (યોગવિંશિકાની) ગાથામાં ''અરૂપીતત્ત્વ'' એ અનાલંબનયોગનો વિષય છે. કારણ કે ધ્યાનનો કોઇને કોઇ વિષય હોવો જોઇએ. તેથી વિષયપણાના સંબંધ માત્ર વડે તે અરૂપી તત્ત્વનું આલંબનપણું જણાવીને પણ તે અરૂપીતત્ત્વના



વિષયવાળા યોગને ઇષદ્ આલંબન હોવાથી અનાલંબન જ યોગ કહેવાય એમ (સાધ્યું છે)=સિદ્ધ કર્યું છે. જેમ કોઇ ગામમાં લાખો માણસો રહેતાં હોય પરંતુ કાળાન્તરે વેપાર-ધંધા તૂટી જવાથી અથવા રાજકીયાદિ ભયો આવવાથી ઘણા માણસો જ્યારે સ્થળાન્તર થઇ જાય અને ગામ લગભગ ખાલી થઇ જાય ત્યારે અલ્પવસ્તી હોવા છતાં પણ ગામ ખાલી થઇ ગયું એમ કહેવાય છે. તેમ અહીં જાણવું. પરંતુ ફળથી=તાત્પર્યથી કંઇ ભેદ નથી. એમ સમજવું.

યોગદૃષ્ટિસમુચ્ચય શ્લોક પાંચમાં અનાલંબન યોગનું સ્વરૂપ આ પ્રમાણે જણાવે છે કે ''શાસ્ત્રમાં બતાવેલા ઉપાયોવાળો તથા વિશેષ શક્તિ પ્રગટ થવાથી શાસ્ત્રના આલંબનથી અતિક્રાન્ત થયેલો એવો આ યોગ તે ઉત્તમ સામર્થ્યયોગ જાણવો.

આ અનાલંબનયોગનું જ બીજું નામ સામર્થ્યયોગ છે. આત્માની વિશેષ શક્તિ પ્રગટ થવાથી આ યોગ પ્રગટ થાય છે. તે અનાલંબનયોગ અર્થાત્ સામર્થ્યયોગ સ્વરૂપથી કેવો હોય છે? તો તે જણાવે છે કે શાસ્ત્રમાં જણાવેલા ઉપાયોવાળો અને શાસ્ત્રના વિષયને અતિક્રાન્ત થયેલો એવા સ્વરૂપવાળો આ યોગ હોય છે. ગુણસ્થાનકથી તે યોગ ક્યાં હોય છે? તો જણાવે છે કે ક્ષપકશ્રેણી સંબંધી બીજા અપૂર્વકરણથી આ યોગ આવે છે. અનાદિ મિથ્યાત્વી જીવ સમ્યક્ત્વ પામતાં ગ્રંથિભેદ વખતે જે અપૂર્વકરણ કરે છે. તે પ્રથમ અપૂર્વકરણ છે. અને ક્ષપકશ્રેણીમાં આરૂઢ આત્મા આઠમે ગુણઠાણે જે અપૂર્વકરણ કરે છે. તે બીજું અપૂર્વકરણ છે. આ અનાલંબનયોગ આઠમા ગુણઠાણાથી શરૂ થાય છે અને બારમા ગુણઠાણા સુધી હોય છે. આ અનાલંબનયોગનું કાર્ય (ફળ) શું? એમ જો ફળથી વિચારીએ તો ક્ષાયોપશમિકભાવના ક્ષમા-માર્દવતા-આર્જવતા-નિઃસ્પૃહતા ઇત્યાદિ જે ગુણો આત્મામાં પ્રગટ થયેલા છે કે જેમાં મંદ એવો પણ મોહનો

ઉદય ચાલુ છે તેનો સંપૂર્ણતઃ ત્યાગ કરી ક્ષાયિકભાવના ક્ષમાદિ ગુણોની પ્રાપ્તિ કરવી તે આ યોગનું ફળ છે.

આ પ્રમાણે ક્ષપકશ્રેણીમાં દ્વિતીય અપૂર્વકરણમાં આવનારો એવો અને ક્ષાયોપશમિક ભાવના ક્ષમાદિ ધર્મોના સંન્યાસ (ત્યાગ)સ્વરૂપ એવો જે સામર્થ્યયોગ છે તેનાથી નિઃસંગપણે સતત પ્રવર્તેલી એવી આત્માની **''પરતત્ત્વને જોવાની''** જે ઈચ્છા તે સ્વરૂપવાળો આ અનાલંબનયોગ જાણવો.

આત્માનું જે અરૂપીતત્ત્વ છે, કર્મરહિતસ્વરૂપ છે, કેવળ જ્ઞાનાદિમય ગુણાત્મક સ્વરૂપ છે, સહજસ્વરૂપ છે, તે આત્માનું **''પરતત્ત્વ''**= અર્થાત્ **પરમતત્ત્વ** કહેવાય છે. તે કેવું છે? મને ક્યારે મળે? તેને જોવાની પરમ ઘેલછા લાગે છે. તે ઘેલછા પણ મોહનો ક્ષય થયેલ હોવાથી નિઃસંગભાવે પ્રવર્તે છે. આ અવસ્થામાં મોક્ષ અને સંસાર, શત્રુ અને મિત્ર, કંચન અને લોઢું, દુઃખ અને સુખ બંને સમાન લાગે છે. કોઈપણ પ્રત્યે ઈષ્ટાનિષ્ટ બુદ્ધિ હોતી નથી. આવી સંગ વિનાની સતત પ્રવર્તતી એવી જે પરતત્ત્વદર્શનની પ્રબળ ઈચ્છા એ જ અનાલંબનયોગ સમજવો :-

ષોડશક પ્રકરણમાં પંદરમા ષોડશકના આઠમા શ્લોકમાં કહ્યું છે કેઃ-

''**सामर्थ्ययोगतो या, तत्र दिदृक्षेत्यसङ्गशक्त्याढ्या ।**
**साऽनालम्बनयोगः, प्रोक्तस्तददर्शनं यावत् ॥'' (षोड.१५-८॥)**

ત્યાં આત્માના પોતાના સામર્થ્યયોગના બળથી જ અસંગ શક્તિથી યુક્ત એવી, પરમ એવું જે આત્મતત્ત્વસ્વરૂપ છે. તેને જોવાની જે ઈચ્છા, તે ઈચ્છા જ અનાલંબન યોગ કહેવાય છે. અને જ્યાં સુધી તે (પરમાત્મતત્ત્વનું) દર્શન ન થાય ત્યાં સુધી આ યોગ કહેલો છે.



*''तत्र''=परतत्त्वे द्रष्टुमिच्छा दिदृक्षा, ''इति''=''एवंस्वरूपा'' ''असङ्गशक्त्या''=निरभिष्वङ्गाविच्छिन्नप्रवृत्त्या, ''आढ्या''=पूर्णा, ''सा''= परमात्मदर्शनेच्छा अनालम्बनयोगः, परतत्त्वस्यादर्शनं=अनुपलम्भं यावत्, परमात्मस्वरूपदर्शने तु केवलज्ञानेनानालम्बनयोगो न भवति, तस्य तदालम्बनत्वात् ।*

*अलब्धपरतत्त्वस्तल्लाभाय ध्यानरूपेण प्रवृत्तो ह्यनालम्बनयोगः, स च क्षपकेण धनुर्धरेण क्षपकश्रेण्याख्यधनुर्दण्डे लक्ष्यपरतत्त्वाभिमुखं तद्वेधाविसंवादितया व्यापारितो यो बाणस्तत्स्थानीयः, यावत्तस्य न मोचनं तावदनालम्बनयोगव्यापारः, यदा तु ध्यानान्तरिकाख्यं तन्मोचनं तदाऽसंवादितत्पतनमात्रादेव लक्ष्यवेध इतीषुपातकल्पः सालम्बनः केवलज्ञानप्रकाश एव भवति, न तु अनालम्बनयोगव्यापारः, फलस्य सिद्धत्वादिति निर्गलितार्थः । आह च-*

ષોડશક પ્રકરણ પંદરમાના આઠમા શ્લોકના શબ્દોનો અર્થ કરતાં ટીકાકારશ્રી જણાવે છે કે *तत्र*=ત્યાં એટલે કે આત્માનું કર્મરહિત જે શુદ્ધસ્વરૂપ છે. તે પરતત્ત્વ=પરમતત્ત્વ=યથાર્થસ્વરૂપ, તેને વિશે જોવાની જે પ્રબળ ઈચ્છા તે, *दिदृक्षा, इति*=આવા સ્વરૂપવાળી હોય છે. *''असङ्गशक्त्या''*=આસક્તિવિનાની અને અવિચ્છિન્નપ્રવૃત્તિથી *आढ्या*=પૂર્ણ એટલે સતતપ્રવૃત્તિથી યુક્ત, આવા પ્રકારના સ્વરૂપવાળી, પરમાત્મતત્ત્વ જોવાની ક્ષપકશ્રેણીના કાળથી સતત પ્રવર્તતી એવી જે પ્રબળ ઈચ્છા તે અનાલંબનયોગ કહેવાય છે.

પરંતુ જ્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય અને કેવળજ્ઞાન વડે પરમાત્મતત્ત્વનું દર્શન થાય ત્યારે અનાલંબનયોગ હોતો નથી. કારણ કે તે પરમાત્મતત્ત્વનું દર્શન થયું. એ જ કેવળજ્ઞાનનું આલંબન છે. *तस्य* એટલે દૃશ્ય એવું પરમાત્મતત્ત્વનું જે દર્શન, તે જ *तदाल-म्बनत्वात्*=કેવળજ્ઞાનના આલંબનરૂપ છે.

તાત્પર્ય અર્થ એ છે કે ક્ષપકશ્રેણીમાં આરૂઢ થયેલા આત્મામાં આત્માનું જે પરમશુદ્ધસ્વરૂપ છે તે પરતત્ત્વને જોવાની પ્રબળ ઈચ્છા દ્વિતીયાપૂર્વકરણથી પ્રગટ થાય છે તેને જ સામર્થ્યયોગ અથવા અનાલંબનયોગ કહેવાય છે. તે ઈચ્છા કેવી છે? (૧) અસંગા=કોઈપણ ભાવના સંગ વિનાની, સંસાર-મોક્ષ, સુખ-દુઃખ પ્રત્યે પણ સંગ વિનાની, આત્માના શુદ્ધ એવા પરમાત્મતત્ત્વ વિશે પણ મોહજન્યસંગ વિનાની એવી પ્રબળ ઉત્કંઠા વર્તે છે. ઈચ્છા-ઉત્કંઠા-આશંસા ઘેલછા વગેરે શબ્દપ્રયોગો પણ વસ્તુતત્ત્વને સમજાવવા પૂરતા જ છે. હકીકતથી મોહ ક્ષીણ થતો જતો હોવાથી અનાસક્તિ ભાવ જ વૃદ્ધિ પામતો જાય છે. તેથી મોહના ઘરની ઈચ્છા ઉત્કંઠા કે ઘેલછા ન સમજવી.

વળી તે આત્મસ્વરૂપને જોવાની ઈચ્છા કેવી વર્તે છે? *અવિચ્છિન્નપ્રવૃત્ત્યા-આઢ્યા*=સતત પ્રવૃત્તિથી પરિપૂર્ણ. કારણ કે જીવ જ્યારથી સમ્યક્ત્વ પામ્યો ત્યારથી જ તેને આત્મતત્ત્વનું પરમસ્વરૂપ જોવાની ઈચ્છા વર્તે છે. પરંતુ તે વખતે મોહની પ્રબળતા હોવાથી ક્યારેક દિદક્ષાનું બળ વધે અને ક્યારેક મોહનું જોર વધે. એટલે દિદક્ષાની પ્રવૃત્તિ સતત હોતી નથી. પરંતુ ગુણસ્થાનકોમાં ઉપર ઉપર આરોહણ કરતાં મોહ મંદ બનતાં ક્ષપકશ્રેણી જેવા ઊંચા સ્થાનમાં જીવ આવે ત્યારે આ દિદક્ષા પ્રબળ બને છે અને તેથી સતત તેમાં જ પ્રવૃત્તિ કરે છે. જે બારમા ગુણઠાણે પર્યવસાન પામે છે. આવી નિરભિષ્વંગ (આસક્તિ વિનાની) અને સતત પ્રવૃત્તિથી પરિપૂર્ણ એવી જે પરમાત્મતત્ત્વ જોવાની દિદક્ષા એ જ સામર્થ્યયોગ અર્થાત્ અનાલંબનયોગ છે. તે આઠમા ગુણસ્થાનકથી બારમા ગુણસ્થાનક સુધી ક્ષપકશ્રેણીમાં હોય છે. જ્યાં સુધી પરાત્મતત્ત્વનું દર્શન થતું નથી (એટલે કે સાક્ષાત્ ઉપલંભ થતો નથી) ત્યાં સુધી જ આ યોગ હોય છે. પરંતુ જ્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે તે કેવલજ્ઞાન વડે આત્મતત્ત્વ સાક્ષાત્ દેખાતે છતે દિદક્ષા હોતી નથી. તેથી



અનાલંબનયોગ પણ હોતો નથી. કારણ કે જ્યાં સુધી દર્શન ન થાય ત્યાં સુધી જ દિદક્ષા હોય છે. જ્યારે પ્રગટ દર્શન થાય છે ત્યારે તે પરતત્ત્વનું દર્શન જ કેવળજ્ઞાનનો વિષય (આલંબન) બને છે.

*"અલબ્ધપરતત્ત્વ"*= જે આત્માએ આ પરતત્ત્વ હજુ પ્રાપ્ત નથી કર્યું. પરંતુ પરતત્ત્વની દિદક્ષા વર્તે છે. અને તે પણ આસંગ વિનાની અને સતત પ્રવૃત્તિસ્વરૂપ દિદક્ષા વર્તે છે. ત્યારે ક્ષપકશ્રેણીમાં આવી દિદક્ષાવાળો, અને અલબ્ધપરતત્ત્વવાળો એવો આત્મા તે પરતત્ત્વ મેળવવા માટે ધ્યાનરૂપે જે પ્રવૃત્તિ કરે છે તે અનાલંબનયોગ કહેવાય છે. આ આખો પ્રસંગ એક દૃષ્ટાન્તથી સમજાવે છે. (૧) ક્ષપકશ્રેણીમાં રહેલો આત્મા તે ધનુર્ધર સમજવો. (૨) ક્ષપકશ્રેણી એ ધનુષનો દંડ સમજવો. (૩) પ્રાપ્ત કરવા લાયક પરતત્ત્વ એ લક્ષ્ય સમજવું. (૪) અનાલબંનયોગ એ બાણ જાણવું. (૫) પરતત્ત્વની પ્રાપ્તિ તે લક્ષ્યવેધ સમજવો. (૬) ધ્યાનાન્તરિકાદશા એ બાણમોચન-ઈષુપાત સમજવો. આ પ્રમાણે ઉપનય સમજવો.

ભાવાર્થ આ પ્રમાણે છે :- જેમ કોઈ કુશળ ધનુર્ધર ધનુષદંડ ઉપર બરાબર લક્ષ્ય વીંધાય તે રીતે અવિસંવાદિપણે બાણ ગોઠવે છે અને પરિપૂર્ણ સંજોગ દેખાતાં બાણ છોડે છે તેના વડે લક્ષ્ય વીંધે છે. **ઈષુપાત** અને **લક્ષ્યવેધ** થતાં જ તે કાર્યથી ધનુર્ધર વિરામ પામે છે તેવી રીતે ક્ષપક એવો આત્મા ક્ષપકશ્રેણીમાં પરતત્ત્વ પ્રાપ્ત કરવા માટે તેને અભિમુખ અવિસંવાદિપણે અનાલંબન યોગ ગોઠવે છે. જ્યાં સુધી પરતત્ત્વ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અનાલંબન યોગનો વ્યાપાર ચાલે છે. જ્યારે ધ્યાનાન્તરિકાદશાની પ્રાપ્તિરૂપ બાણમોચન થાય છે તે જ વખતે અવિસંવાદિ એવા ધ્યાનાન્તરિકા દશા સ્વરૂપ ઈષુપાતમાત્રથી જ લક્ષ્યવેધ= પરતત્ત્વની પ્રાપ્તિ થાય છે.

જેમ ઈષુપાત લક્ષ્યવેધસ્વરૂપ ફળને આપનાર છે, તેમ ધ્યાનાન્તરિકાદશા એ સાલમ્બન એવા કેવલજ્ઞાનના પ્રકાશરૂપ ફળને

આપનાર છે. જ્યારે કેવળજ્ઞાનનો પ્રકાશ થાય છે ત્યારે આત્માના પરમતત્ત્વનું દર્શન થવું એ જ તે કેવળજ્ઞાનનું આલંબન બને છે. પરંતુ હવે અનાલંબનયોગ હોતો નથી. જે પરમાત્મતત્ત્વના દર્શનરૂપ ફળ પ્રાપ્ત કરવું હતું તે સિદ્ધ થઇ ચૂક્યું છે માટે દિદૃક્ષાથી આ આત્મા વિરામ પામે છે.

**''तत्राऽप्रतिष्ठितोऽयं, यतः प्रवृत्तश्च तत्त्वतस्तत्र ।**
**सर्वोत्तमानुजः खलु, तेनानालम्बनो गीतः ॥ षोड.१५-९॥''**
**''द्रागस्मात्तद्दर्शनमिषुपातज्ञातमात्रतो ज्ञेयम् ।**
**एतच्च केवलं तत्, ज्ञानं यत्तत्परं ज्योतिः ॥ षोड.१५-१०॥''**

જ્યારથી (ક્ષપકશ્રેણીના ૮-૯મા ગુણસ્થાનકથી) આ આત્મા તાત્ત્વિક રીતે પ્રવર્ત્યો છે પરંતુ હજુ જ્યાં સુધી ત્યાં (પરમાત્મ-દર્શનમાં) પ્રતિષ્ઠિત થયો નથી, અર્થાત્ પહોંચ્યો નથી ત્યાં સુધી (એટલે કે ક્ષપકશ્રેણીના ૮-૯-૧૦-૧૨ ગુણસ્થાનકોમાં) આ અનાલંબનયોગ હોય તે કેવો છે? તો જણાવે છે કે જેની પાછળ સર્વોત્તમ એવો (અયોગી-ગુણસ્થાનકભાવી) યોગ નક્કી થવાનો છે. ॥ ૯॥

આ અનાલંબનયોગથી તે પરમાત્મતત્ત્વનું દર્શન જલદી જલદી થાય છે. એમ ઇષુપાતના દૃષ્ટાંત માત્રથી સમજી લેવું. આ પરમાત્મતત્ત્વનું જે દર્શન છે તે જ કેવલજ્ઞાન છે. અને ખરેખર તે કેવલજ્ઞાન જ પરમજ્યોતિરૂપ છે. ॥૧૦॥

*''तत्र''=परतत्त्वे, ''अप्रतिष्ठितः''=अलब्धप्रतिष्ठः, ''सर्वोत्तमस्य योगस्य''=अयोगाख्यस्य, ''अनुजः''=पृष्ठभावी ॥ ''तद्दर्शनम्''= परतत्त्वदर्शनं, ''एतच्च''=परतत्त्वदर्शनं, ''केवलं''=संपूर्णं, ''तत्''= प्रसिद्धं, यत् तत् केवलज्ञानं, ''परं''=प्रकृष्टं ज्योतिः ॥*

ષોડશકજીના ઉપર લખેલા ૯-૧૦ એમ બે શ્લોકમાં આવેલા કેટલાક પદોનો અર્થ દુર્ગમ હોવાથી ટીકાકારશ્રી જ જણાવે છે કે :-



*तत्र*=પરમ એવા આત્મતત્ત્વ દર્શનમાં. *अप्रतिष्ठितः*=આ આત્મા પરમાત્મતત્ત્વના દર્શનમાં હજુ જ્યાં સુધી પ્રતિષ્ઠિત= સ્થિર થયો નથી ત્યાં સુધી. *सर्वोत्तम*=સર્વોત્કૃષ્ટ એવો ''અયોગી=શૈલેશીકરણ'' નામનો જે યોગ, *अनुजः*=પાછળ થવાનો જ છે જેને, અર્થાત્ અવશ્યપૃષ્ઠભાવી. (અયોગી નામના યોગના આગળના કાળમાં થનારો) *तद्दर्शनम्*=તે પરમ આત્મ તત્ત્વનું દર્શન, (*द्राग्*=જલદી-જલદી) *''एतच्च''*=આ પરમ આત્મતત્ત્વદર્શન, એ જ પૂર્ણ પ્રસિદ્ધ એવું કેવળજ્ઞાન કહેવાય છે અને આ કેવળજ્ઞાન એ જ પરમ આત્મજ્યોતિ છે.

*स्याद् अत्र कस्यचिदाशङ्का=इषुपातज्ञातात्परतत्त्वदर्शने सति केवलज्ञानोत्तरमनालम्बनयोगप्रवृत्तिर्मा भूत्, सालम्बनयोगप्रवृत्तिस्तु विशिष्टतरा काचित्स्यादेव, केवलज्ञानस्य लब्धत्वेऽपि मोक्षस्याद्यापि योजनीयत्वात् ?*

*मैवं केवलिनः स्वात्मनि मोक्षस्य योजनीयत्वेऽपि ज्ञाना-काङ्क्षाया अविषयतया ध्यानानालम्बनत्वात्क्षपकश्रेणीकालसम्भवविशि-ष्टतरयोगप्रयत्नाभावादावर्जीकरणोत्तरयोगनिरोधप्रयत्नाभावाच्च अर्वाक्तन-केवलिव्यापारस्य ध्यानरूपत्वाभावादुक्तान्यतरयोगपरिणतेरेव ध्यान-लक्षणत्वात् । आह च महाभाष्यकारः-*

અહીં કોઇ શંકાકાર શંકા ઉઠાવે છે કે :-

ઇષુપાતના દૃષ્ટાંતથી પરતત્ત્વનું દર્શન પ્રગટ થયે છતે કેવળજ્ઞાનની ઉત્પત્તિ થયા પછી અનાલંબનયોગ ભલે ન હો. પરંતુ કંઇક વધારે વિશિષ્ટતર એવી સાલંબનપ્રવૃત્તિ (રૂપ યોગદશા) હોવી જોઇએ, કારણ કે કેવળજ્ઞાન પ્રગટ થવા છતાં પણ હજુ તે આત્મામાં મોક્ષનું યુંજન કરવાનું (બાકી) છે. મોક્ષ પ્રાપ્તિ બાકી છે.

તાત્પર્ય અર્થ એ છે કે જેમ ધનુર્ધર ઇષુપાત કરે એટલે લક્ષ્યવેધ અવશ્ય થાય. તેમ ક્ષપક આત્મા અનાલંબનયોગરૂપ ઇષુને

બરાબર ગોઠવીને ધ્યાનાન્તરિકા દશારૂપ ઈષુપાતના દૃષ્ટાન્તથી પરતત્ત્વનું દર્શન થવા સ્વરૂપ લક્ષ્યવેધ પામી જાય છે. એટલે હવે અનાલંબનયોગ ન હોય તે બરાબર છે. પરંતુ કેવળજ્ઞાન પામેલા આત્માઓને પણ હજુ ચાર અઘાતી કર્મો ખપાવવાનાં, યોગનો નિરોધ કરવાનો, અને મોક્ષ પ્રાપ્ત કરવાનો બાકી છે. તેથી ક્ષપક શ્રેણીની પૂર્વે તેની ભૂમિકા પ્રમાણે ગુણસ્થાનકોને અનુસારે ઉત્તરોત્તર વૃદ્ધિમંત જેવો સાલંબનયોગ હતો. તેનાથી વધુ વિશુદ્ધિ ક્ષપકશ્રેણીમાં આવવાથી વિશિષ્ટતર અનાલંબનયોગ ત્યાં (૮થી૧૨) ગુણસ્થાનકોમાં પ્રાપ્ત થયો. પરંતુ કેવલી અવસ્થામાં તેઓની ભૂમિકાને અનુસારે અતિવિશુદ્ધતર મોક્ષપ્રાપ્તિ માટેનો તેવો કોઈ સાલંબનયોગ હોવો જોઈએ. તમે તે કેવલી ભગવંતોને ધ્યાનાન્તરિકાદશા કેમ જણાવો છો? તે કેવલી ભગવંતોને પણ મોક્ષપ્રાપ્તિનું લક્ષ્ય રાખીને કરાતી ધર્મદેશના અને વિહારાદિની પ્રવૃત્તિ તે સાલંબનયોગ (સાલંબનધ્યાન) હોઈ શકે છે. તેને બદલે ધ્યાનાન્તરિકા દશા કેમ કહો છો?

**ઉત્તર :-** *મૈવં*=આવો પ્રશ્ન કરવો નહિ. કેવલી ભગવંતોને પોતાના આત્મામાં મોક્ષ હજુ જોડવાનો (બાકી) હોવા છતાં પણ પરતત્ત્વને જોવા સ્વરૂપ જ્ઞાનની આકાંક્ષાનો વિષય હવે ન હોવાના કારણે ધ્યાનનું અનાલંબનપણું હોવાથી ક્ષપકશ્રેણીના કાળમાં સંભવિત એવો વિશિષ્ટ પ્રયત્નનો અહીં અભાવ હોવાથી, તથા આવર્જિતકરણના ઉત્તરકાળમાં કરાતો યોગનિરોધનો પ્રયત્ન પણ અત્યારે નહિ હોવાથી આવર્જિતકરણના પૂર્વકાળવર્તી કેવલી આત્માઓની પ્રવૃત્તિ ધ્યાનસ્વરૂપ બનતી નથી. કારણ કે ઉપરોક્ત બે લક્ષણોમાંથી કોઈપણ એક લક્ષણવાળી પરિણતિને જ ધ્યાન કહેવાય છે. અર્થાત્ એ જ ધ્યાનનું લક્ષણ છે.

ભાવાર્થ આ પ્રમાણે=કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યારથી આરંભી જ્યાં સુધી યોગનિરોધ ન કરે ત્યાં સુધીના કાળમાં કેવળી



આત્માઓને જો કે મોક્ષ મેળવવાનો બાકી છે, છતાં પણ ધ્યાનનાં જે બે લક્ષણો શાસ્ત્રોમાં છે. તે બેમાંથી કોઈ પણ લક્ષણ ઘટતું ન હોવાથી સાલંબન કે નિરાલંબન કોઈપણ પ્રકારનું ધ્યાન હોતું નથી. માત્ર ધ્યાનાન્તરિકા દશા જ હોય છે. કેવલી ભગવાન છદ્મસ્થ અવસ્થારહિત વીતરાગ છે. છતાં સર્વ કર્મરહિત નહિ હોવાથી તેઓને પણ પોતાના આત્મામાં સર્વકર્મરહિત એવી મોક્ષ અવસ્થા યોજનીય છે. (મેળવવાની છે.) અને તેથી જ તે મોક્ષ માટે તેઓને પણ કોઈપણ પ્રકારના ધ્યાનની આવશ્યકતા રહે એવી શંકા થાય, પરંતુ પરતત્ત્વનું દર્શન થઈ ચૂકેલ હોવાથી તેને જોવાની આકાંક્ષા (દિદક્ષા) તેઓને હોતી નથી. તેથી ધ્યાનમાં ચિંતવવા યોગ્ય કોઈ વિષય તેઓને હોતો નથી. અર્થાત્ છદ્મસ્થ જીવોને ક્ષપકશ્રેણીમાં પણ દિદક્ષા હતી. તે ધ્યાનનો વિષય બનતો હતો તેથી ઈષદ્ આલંબનવાળો એટલે કે અનાલંબનયોગ પણ હતો. પરંતુ કેવલી પરમાત્મા તો પરતત્ત્વના દર્શનને પામી ચૂકેલા છે તેથી દિદક્ષારૂપ જ્ઞાનની આકાંક્ષા ન હોવાથી ધ્યાનનો કોઈ વિષય નથી. માટે અવિષયપણાના કારણે ધ્યાનનું કોઈ આલંબન કેવળીને હોતું નથી. આ કારણથી ક્ષપકશ્રેણીના કાળમાં આ આત્મા પરતત્ત્વદર્શન નહિ પામેલો હોવાથી તેને મેળવવા માટે સંભવિત જે જે વિશિષ્ટતર પ્રયત્ન હતો, તે તે પ્રયત્ન તે જીવ કરતો હતો, પરંતુ તેવો પ્રયત્ન કેવળી ભગવાનને હોતો નથી. તેથી ધ્યાનનું આ એક લક્ષણ દિદક્ષાના અને વિશિષ્ટતર પ્રયત્નના અભાવે ઘટતું નથી.

તથા આવર્જિતકરણ પછી થનારો યોગનિરોધ ધ્યાનનું બીજું લક્ષણ છે. પરંતુ અર્વાક્તનકાલવર્તી કેવલી ભગવંતોમાં યોગિનરોધ કરવારૂપ પ્રયત્નનો પણ અભાવ છે. કારણ કે ત્રણે યોગો યથાયોગ્ય રીતે ચાલુ જ છે. તેથી યોગનિરોધરૂપ ધ્યાનનું લક્ષણ પણ ઘટતું નથી.

જૈનશાસ્ત્રોમાં (શુક્લધ્યાનરૂપ) ધ્યાનનાં બે લક્ષણો આવે છે.

(૧) જેમ ધનુર્ધર લક્ષ્ય વીંધવારૂપ સાધ્ય માટે સાધ્યની સાથે એકાકાર=તન્મય થાય છે. તેમ પરતત્ત્વના દર્શન માટે અરૂપી એવા સિદ્ધ પરમાત્માના ધ્યાનમાં દ્રવ્ય-ગુણ-પર્યાયથી આત્માના શુદ્ધસ્વરૂપને ચિંતવવામાં દિદક્ષાપૂર્વક એકાકાર એકમય બની જવું તે. આ ધ્યાન પૃથક્ત્વવિતર્કસવિચાર અને એકત્વ વિતર્ક અવિચાર કહેવાય છે તે કેવળીને હોતું નથી. પરતત્ત્વનું દર્શન થયેલ હોવાથી દિદક્ષાના અભાવે આવા વિશિષ્ટતર પ્રયત્નનો અભાવ છે. **"વિશિષ્ટતર પ્રયત્ન કરવો"** એ ધ્યાનનું પ્રથમ લક્ષણ છે. તે કેવલીમાં નથી. કારણકે પ્રાપ્ત કરવા લાયક પરતત્ત્વદર્શન તે પામી ચુકયા છે.

(૨) **"યોગનો નિરોધ"** તે ધ્યાનનું બીજું લક્ષણ છે. તેના સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી અને વ્યુચ્છિન્નક્રિયા અપ્રતિપાતી એમ બે ભેદ છે. આ બંને ભેદો તેરમાના છેડે યોગનિરોધકાળે અને ચૌદમે ગુણઠાણે આવે છે. પરંતુ અર્વાક્તન કેવલી અવસ્થામાં આ બન્ને ભેદો આવતા નથી. કારણ કે યથાયોગ્ય યોગપ્રવૃત્તિ ચાલુ છે.

ઉપરોક્ત બે લક્ષણો પૈકી ગમે તે એક લક્ષણનો પણ સમન્વય થાય તો ધ્યાન કહેવાય છે. પરંતુ આવર્જિતકરણથી અર્વાક્તન કેવલી ભગવંતોને ઉપરોક્ત બંને ધ્યાનનાં લક્ષણો લાગુ પડતાં ન હોવાથી હવે સાલંબન કે નિરાલંબન એમ એક પણ ધ્યાન હોતું નથી, પરંતુ કેવળ ધ્યાનાન્તરિકા દશા જ હોય છે. એમ સિદ્ધ થયું. **વિશેષાવશ્યકભાષ્ય** કે જે **પૂ. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણજી**એ બનાવેલ છે તેને મહાભાષ્ય કહેવાય છે. તે મહાભાષ્ય ગાથા **૩૦૭૧**માં કહ્યું છે કેઃ-

**''सुदढप्पवत्तवावारणं, णिरोहो व विज्जमाणाण ।**
**झाणं करणाण मयं, ण उ चित्तणिरोहमित्तागं ॥''**



(કેવળજ્ઞાનની પ્રાપ્તિના પૂર્વકાલે) અતિદઢપણે પ્રવર્તાવેલો જે યોગવ્યાપાર, અને (કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી તેરમાના અંતે) વિદ્યમાન એવો કરણત્રયનો જે નિરોધ, તે બંનેને ધ્યાન કહેવાય છે. પરંતુ ચિત્તનિરોધમાત્રને ધ્યાન કહેવાતું નથી. ॥૩૦૭૧॥

સારાંશ કે પરતત્ત્વ જોવાની મહેચ્છા અને તેના માટે કરાતો **સુદઢ પ્રવૃત્તિવાળો વ્યાપાર** તે ધ્યાનનું પ્રથમ લક્ષણ છે. અને વિદ્યમાન એવા ત્રણ યોગોનો નિરોધ એ ધ્યાનનું બીજું લક્ષણ છે. કેવલીભગવંતોને કેવળજ્ઞાનની પ્રાપ્તિથી આરંભીને આવર્જિતકરણના પૂર્વકાળ સુધીમાં યોગનાં ઉપરોક્ત ઉભય લક્ષણોમાંથી એક પણ લક્ષણ ન હોવાથી ધ્યાન હોતું નથી. પરંતુ ધ્યાનાન્તરિકા દશા માત્ર જ હોય છે.

*''स्यादेतत्''=यदि क्षपकश्रेणीद्वितीयापूर्वकरणभावी सामर्थ्य-योग एवानालम्बनयोगो ग्रंथकृताऽभिहितस्तदा तदप्राप्तिमतामप्रमत्तगुण-स्थानानामुपरतसकलविकल्पकल्लोलमालानां, चिन्मात्रप्रतिबन्धोप-लब्धरत्नत्रयसाम्राज्यानां जिनकल्पिकादीनामपि निरालम्बनध्यानमसंगता-भिधानं स्यादिति ?*

*मैवं-यद्यपि तत्त्वतः परतत्त्वलक्ष्यवेधाभिमुखस्तदविसंवादी सामर्थ्ययोग एव निरालम्बनस्तथापि परतत्त्वलक्ष्यवेध-प्रगुणता-परिणति-मात्रादर्वाक्तनं परमात्मगुणध्यानमपि मुख्यनिरालम्बनप्रापकत्वादेक-ध्येयाकारपरिणतिशक्तियोगाच्च निरालम्बनमेव ॥*

**પ્રશ્ન :** અહીં કોઈ શંકાકારને આવી શંકા થાય છે કે જો ક્ષપકશ્રેણીના અપૂર્વકરણમાં આવનારો એવો સામર્થ્યયોગ જ અનાલબંનયોગ ગ્રંથકારને અભિમત હોય તો તે ક્ષપકશ્રેણીગતાના-લંબનયોગ ન પામેલા અને અપ્રમત્તગુણસ્થાનકે વર્તનારા, તદ્દન

શાન્ત થઇ ગઇ છે મોહના સકલ વિકલ્પો રૂપી કલ્લોલોની માળા જેઓની એવા મહાત્માઓની ચેતના ગુણમાત્રમાં જ પ્રતિબંધિત થવાથી પ્રાપ્ત કર્યું છે રત્નત્રયીનું સામ્રાજ્ય જેઓએ એવા જિનકલ્પિક આદિ મહામુનિઓને પણ નિરાલંબન ધ્યાન હોય છે એવું જે શાસ્ત્રમાં અભિધાન છે. તે અસંગત થશે.

પ્રશ્નકારનો આશય એવો છે કે પરતત્ત્વદર્શનની ઇચ્છારૂપ જે અનાલંબન યોગ છે તે જો ક્ષપકશ્રેણીગત જીવોને જ હોય છે. તો તેનો અર્થ એવો પ્રાપ્ત થયો કે નિરાલંબન ધ્યાન ક્ષપકશ્રેણીગત જીવોને જ હોઇ શકે છે. તેથી પ્રશ્ન થાય છે કે જે આત્માઓ હજુ ક્ષપકશ્રેણીમાં આરૂઢ થયા નથી, પરંતુ અપ્રમત્તગુણસ્થાનકવર્તી છે, છતાં મોહના સકલ વિકલ્પોના કલ્લોલોની માળાઓ જેમની શાન્ત થઇ ગઇ છે, અને તેથી જ ઉત્કૃષ્ટ રત્નત્રયીના સામ્રાજ્યવાળા બન્યા છે તેવા જિનકલ્પિક આદિ મહાત્માઓને શાસ્ત્રોમાં નિરાલંબન ધ્યાનનું જે કથન કર્યું છે તે કથન અસંગત થશે.

*મૈવમ્*=આમ કહેવું નહિ. જો કે તત્ત્વથી એટલે પરમાર્થથી= નિશ્ચયદૃષ્ટિથી વિચારીએ તો ''પરતત્ત્વ'' રૂપ લક્ષ્યને મેળવવાને અભિમુખ એટલે કે પરતત્ત્વ દર્શનરૂપ લક્ષ્યને પ્રાપ્ત કરવાને અભિમુખ એવો એટલે તેનો અવિસંવાદી અર્થાત્ અવશ્ય પરતત્ત્વદર્શન આપે જ, એવો ક્ષપકશ્રેણીગત જે સામર્થ્યયોગ છે. તે જ વાસ્તવિક અનાલંબન-યોગ છે. તો પણ ''પરતત્ત્વદર્શન''રૂપ લક્ષ્યને પ્રાપ્ત કરાવવા માટેની પ્રગુણતા (ઉત્કૃષ્ટતા) લાવનારી એવી પરિણતિમાત્ર જિનકલ્પિકાદિમાં હોવાથી ક્ષપકશ્રેણીગત સામર્થ્યયોગના પૂર્વકાલવર્તી એવું પરમાત્માના ગુણોનું ધ્યાન પણ મુખ્ય એવા નિરાલંબન યોગનું પ્રાપક (કારણ) હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને નિરાલંબન ધ્યાન જ જિનકલ્પિક આદિને કહેવાય છે.



ક્ષપકશ્રેણીગત સામર્થ્યયોગને પ્રાપ્ત કરાવનારૂં, તથા તેમાં પ્રગુણતા=ઉત્કૃષ્ટતા લાવનારૂં એવું પરમાત્માના ગુણોનું જે ધ્યાન છે, તે અપ્રમત્તગુણસ્થાનકવર્તી જિનકલ્પિકાદિ મહાત્મા જીવોને હોય છે. તેથી તે ધ્યાન મુખ્યતાએ નિરાલંબન ધ્યાન નથી. તથાપિ ક્ષપક-શ્રેણિગત નિરાલંબન ધ્યાનનું પ્રાપક હોવાથી નિરાલંબન ધ્યાન જ કહેવાય છે. પૂર્વકાલવર્તી કારણમાં ઉત્તરકાલવર્તી કાર્યનો ઉપચાર કરવાથી આ પણ ધ્યાન નિરાલંબન ધ્યાન છે એમ કહી શકાય છે.

**પ્રશ્નઃ-** જો વાસ્તવિક નિરાલંબનયોગ ક્ષપકશ્રેણીમાં જ હોય અને પૂર્વકાલવર્તી અપ્રમત્તગુણઠાણે જિનકલ્પિકાદિ મુનિઓને કારણમાં કાર્યનો ઉપચાર કરીને પૂર્વવર્તી હોવાથી ઔપચારિક નિરાલંબન યોગ કહો, તો તેનાથી પણ દૂરતરવર્તી પ્રમત્ત-દેશવિરતિ- અવિરત-સમ્યગ્દૃષ્ટિ જીવોને પણ **પરમાત્માના ગુણોનું ધ્યાન** પરંપરાએ વાસ્તવિક સામર્થ્યયોગનું (નિરાલંબન યોગનું) કારણ બને જ છે તો તેને પણ ઉપચાર કરીને અનાલંબનયોગ કહેવો જોઇએ? આવા પ્રશ્નને અહીં અવકાશ છે.

**ઉત્તરઃ-** તેનો ઉત્તર આપતાં કહે છે કે *''एकध्येयाकार-परिणतिशक्तियोगात्''* ક્ષપકશ્રેણીગત જે વાસ્તવિક સામર્થ્યયોગ છે અને અપ્રમત્તગુણસ્થાનકવર્તી જિનકલ્પિકાદિમાં જે ઔપચારિક સામર્થ્ય યોગ (નિરાલંબનયોગ) છે તે બંનેનું ધ્યેય એક જ છે. એટલે કે એક જ ધ્યેયના આકારની પરિણતિની શક્તિનો યોગ હોવાથી તે બન્નેમાં તાત્ત્વિકપણે અને ઔપચારિકપણે પણ નિરાલંબન જ યોગ છે.

ક્ષપકશ્રેણીગત મહાત્માઓ પરતત્ત્વદર્શનની ઇચ્છા સેવે છે. અરૂપી એવા સિદ્ધપરમાત્માના સ્વરૂપને જેવું છે તેવું વિચારે છે. તે જ ઇચ્છા અને તે જ સ્વરૂપનો વિચાર અપ્રમત્ત એવા જિન-કલ્પિકાદિ

મુનિઓમાં પણ હોય છે. અપ્રમત્તગુણઠાણે આ વિચારો દૃઢ હોય છે અને ક્ષપકશ્રેણીમાં આ જ વિચારો વધારે દૃઢતર હોય છે. પરંતુ બન્નેમાં એક જ વિષયસંબંધી પરિણતિની શક્તિ હોવાથી ત્યાં કારણમાં કાર્યનો ઉપચાર થાય છે. પરંતુ પ્રમત્ત-દેશવિરતિ આદિ દૂરતરવર્તી ગુણસ્થાનકોમાં આવી વિશિષ્ટ એક જ વિષય સંબંધી પરિણતિ વિશેષ સ્વરૂપ ધ્યાનયોગ નહિ હોવાથી ત્યાં કારણમાં કાર્યનો ઉપચાર કરીને પણ અનાલંબન યોગ કહેવાતો નથી. જેમ ગામની ભાગોળ આવે ત્યારે ગામ આવ્યું એમ કહેવાય છે. પરંતુ ભાગોળની પૂર્વવર્તી ખેતરો અને દૂર-દૂરવર્તી ખેતરો આવે છતે ગામ આવ્યું એમ કહેવાતું નથી, તેમ નિકટમાં આરોપ થાય છે. પરંતુ દૂરમાં આરોપ થતો નથી. તેથી જ અપ્રમત્તગુણસ્થાનકવર્તી મહામુનિઓને શુક્લધ્યાનનો અંશ હોય છે એમ શાસ્ત્રોમાં કહ્યું છે. પરંતુ અતિદૂરતરવર્તી ગુણસ્થાનકોની અંદર કારણમાં કાર્યનો ઉપચાર થતો નથી.

*અત એવાવસ્થાત્રયભાવને રૂપાતીતસિદ્ધગુણપ્રણિધાનવેલાયામ-પ્રમત્તાનાં શુક્લધ્યાનાંશો નિરાલમ્બનોऽનુભવસિદ્ધ એવ । સંસાર્યાત્મનોऽપિ ચ વ્યવહારનયસિદ્ધમૌપાધિકં રૂપમાચ્છાદ્ય શુદ્ધનિશ્ચયનયપરિકલ્પિત-સહજાત્મગુણવિભાવને નિરાલમ્બનધ્યાનં દૂરપહ્નવમેવ, પરમાત્મતુલ્યતયા-ऽऽત્મજ્ઞાનસ્યૈવ નિરાલમ્બન-ધ્યાનાંશત્વાત્ તસ્યૈવ ચ મોહનાશકત્વાત્ । આહ ચ-*

**''जो जाणइ अरिहंते, दव्वत्त-गुणत्त-पज्जयत्तेहिं ।**
**सो जाणइ अप्पाणं, मोहो खलु जाइ तस्स लयं ॥'' प्र.सा.१-८०॥**

*तस्माद् रूपिद्रव्यविषयं ध्यानं सालम्बनं, अरूपिविषयं च निरालम्बनमिति स्थितम् ॥ १९॥*

નિકટ અર્વાક્તન ગુણસ્થાનકવર્તી મહાત્માઓમાં વર્તતું પરમાત્માના ગુણનું ધ્યાન પણ નિરાલંબન યોગ કહેવાય છે. આ



કારણથી જ અપ્રમત્તગુણસ્થાનકવર્તી મુનિઓને પિંડસ્થ-પદસ્થ અને રૂપાતીત એમ ત્રણ અવસ્થાઓની ભાવના ભાવવાના કાળમાં રૂપાતીત અવસ્થા ભાવતાં અરૂપી એવા સિદ્ધપરમાત્માના ગુણોનું ચિંતન કરવાની વેલામાં શુક્લધ્યાનના અંશરૂપ નિરાલંબનયોગ અનુભવસિદ્ધ જ છે. કારણ કે અપ્રમત્તગુણસ્થાનકવર્તી મુનિઓ પરમાત્માની ત્રણ અવસ્થાની ભાવનાઓ ભાવે છે તેમાં રૂપાતીત અવસ્થા પણ આવે જ છે. સિદ્ધ પરમાત્માનું કેવળજ્ઞાનાદિ અરૂપી સ્વરૂપ આ મુનિઓ પણ ચિંતવે છે. આ ભાવના ભાવતાં ભાવતાં જ્યારે મુનિઓ અરૂપી એવા કેવલજ્ઞાનાદિ ગુણાત્મક સ્વરૂપના ચિંતનમાં ચિત્તની એકા-ગ્રતાવાળા બને છે ત્યારે તેઓને પણ શુક્લધ્યાનનો અંશ કહેવાય છે. અને તે જ નિરાલંબનયોગ છે. માટે અપ્રમત્તે પણ જિનકલ્પિક આદિ મહાત્માઓને નિરાલંબન યોગ હોય છે.

તથા નિગોદથી માંડીને પંચેન્દ્રિય સુધીના તમામ સંસારી જીવોનું કર્મજન્ય નરક-તિર્યંચ-મનુષ્ય-દેવાદિરૂપ જે ઔપાધિક સ્વરૂપ છે. તે વ્યવહારનયની અપેક્ષાએ છે તે ઔપાધિક સ્વરૂપને *આચ્છાદ્ય*=ગૌણ કરીને શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ કલ્પાયેલું સિદ્ધ પરમાત્માની તુલ્ય આત્માનું સ્વાભાવિક ગુણાત્મક જે શુદ્ધસ્વરૂપ છે તેનો વિચાર જ્યારે આ મુનિઓ કરતા હોય છે ત્યારે પણ નિરાલંબન ધ્યાન હોય છે, તે છુપાવવું દુષ્કર જ છે. અર્થાત્ સંસારી આત્માઓ પણ સત્તાની અપેક્ષાએ સિદ્ધસમાન છે. અનંત જ્ઞાનાદિ ગુણોવાળા છે. સહજાનંદી-સિદ્ધસ્વરૂપી છે. હું પણ સિદ્ધ પરમાત્માની તુલ્ય સહજ ગુણમય સ્વરૂપવાળો છું. ઇત્યાદિ વિભાવનકાળે પણ અરૂપી સ્વરૂપનું ધ્યાન હોવાથી અને તે અરૂપી સ્વરૂપના આલંબનવાળું હોવાથી સાલંબન હોવા છતાં પણ તે ઈષદ્ (અલ્પ) હોવાથી નિરાલંબન ધ્યાન જ કહેવાય છે.

અહીં એક વાત સૂક્ષ્મદૃષ્ટિએ સમજવાની એ છે કે સિદ્ધ પરમાત્માનું કે સંસારી આત્માનું જ્યારે સત્તા ગત એવું અરૂપી સ્વરૂપ વિચારીએ ત્યારે તે ઉપકારક જરૂર છે, પરંતુ શુદ્ધ સ્વરૂપ તો પર એવા સિદ્ધમાં છે. મારામાં નથી તેથી પરપ્રત્યયિક છે. પરના નિમિત્તવાળું છે. એવું સમજીને પોતાનામાં જો જોડવામાં ન આવે તો આત્મોપકારક બનતું નથી. માટે ''હું સિદ્ધ પરમાત્માની તુલ્ય અનંત જ્ઞાનાદિ ગુણવાળો છું. સંસારી સર્વે જીવો નિશ્ચયનયથી જેવા સિદ્ધ ભગવંત શુદ્ધ સ્વરૂપી છે તેવો જ હું છું-મારે તે સ્વરૂપ પ્રાપ્ત કરવાનું છે. ઈત્યાદિ ભાવે પરમાત્માની સાથે તુલ્યપણાના ભાવન વડે સ્વનું =આત્માનું જ્ઞાન કરે છે. તે જ નિરાલંબનયોગનો અંશ કહેવાય છે. કારણ કે જેમ સિદ્ધપરમાત્મા અનંત જ્ઞાનાદિગુણવાળા છે તેમ હું પણ સત્તાથી તેવો જ છું. મને કર્મોનાં આવરણો વળગેલાં છે. જે મારે ત્યજવાં જોઈએ. તેના માટે મારે પુરુષાર્થ ફોરવવો જ જોઈએ. મને ફરી ફરી આવો અવસર અને ઉત્તમ ભવ નહિ મળે. ઈત્યાદિ ભાવે જો આત્મજ્ઞાન કરે તો જ આત્મકલ્યાણ થાય. માટે પરમાત્માના ગુણોનું જ્ઞાન કરી પરમાત્માની સાથે તુલ્યતા વડે આત્માનું જ્ઞાન કરવું એ જ નિરાલંબન યોગનો અંશ છે, કારણ કે તેવું આત્મજ્ઞાન જ મોહનો નાશ કરનાર છે. વાસ્તવિક આત્મભાન થાય તો જ આત્મા મોહના નાશ તરફ પ્રવૃત્તિ કરે. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ-

''જે આત્મા અરિહંત ભગવંતોને દ્રવ્ય-ગુણ-પર્યાયો વડે જાણે છે તે જ આત્મા પોતાના આત્માને (તેમના સમાનપણે) જાણે છે અને તેનો જ મોહ નાશ પામે છે.''

**તેથી રૂપી દ્રવ્ય વિષયક જે ધ્યાન તે સાલંબન છે અને અરૂપી દ્રવ્ય-વિષયક જે ધ્યાન તે ઈષદ્(અલ્પ) વિષયક હોવાથી નિરાલંબન છે એમ નક્કી થયું.**



*अथ निरालम्बनध्यानस्यैव फलपरम्परामाह-*

હવે નિરાલંબન ધ્યાનમાત્રથી પ્રાપ્ત થનારી ફળોની પરંપરા ગ્રંથકારશ્રી જણાવે છે.

**''एयम्मि मोहसागरतरणं, सेढी य केवलं चेव ।**
**तत्तो अजोगजोगो, कमेण परमं च निव्वाणं ॥ २० ॥''**

*(एतस्मिन् मोहसागरतरणं, श्रेणी च केवलं चैव ।*
*तस्मादयोगयोगः, क्रमेण परमं च निर्वाणम् ॥२०॥)*

**શ્લોકાર્થઃ**- આ નિરાલંબન ધ્યાન આવે છતે (૧) મોહ-સાગરને તરવાનું, (૨) ક્ષપકશ્રેણી પૂર્ણ કરવાનું, અને (૩) કેવળ-જ્ઞાન પ્રાપ્ત કરવાનું કાર્ય સિદ્ધ થાય છે. તે (કેવળજ્ઞાન) થવાથી (૪) અયોગી અવસ્થાનો યોગ, અને અનુક્રમે (૫) પરમ એવું નિર્વાણપદ પ્રાપ્ત થાય છે. ॥૨૦॥

*''एयम्मि त्ति='' एतस्मिन् निरालम्बनध्याने लब्धे मोहसागरस्य दूरन्तरागादिभावसंतानसमुद्रस्य तरणं भवति । ततश्च ''श्रेणिः''= क्षपकश्रेणिर्निर्व्यूढा भवति, सा ह्यध्यात्मादियोगप्रकर्षगर्भिताशयविशेष-रूपा। एष एव सम्प्रज्ञातः समाधिस्तीर्थान्तरीयैः गीयते, एतदपि सम्यग्-यथावत्, प्रकर्षेण-सवितर्कनिश्चयात्मकत्वेनात्मपर्यायाणामर्थानां च [1]द्विपादीनामिह ज्ञायमानत्वादर्थतो नानुपपन्नम्, ततश्च ''केवलमेव'' केवलज्ञानमेव भवति । अयं चासम्प्रज्ञातः समाधिरिति परैर्गीयते, तत्रापि अर्थतो नानुपपत्तिः केवलज्ञानेऽशेषवृत्त्यादिनिरोधाल्लब्धात्मस्वभावस्य मानसविज्ञानवैकल्यादसम्प्रज्ञातत्वसिद्धेः।*

આ નિરાલંબન યોગ આવે છતે ઉત્તરોત્તર શું શું ફળ પ્રાપ્ત થાય છે? તે ફળોની પરંપરા જણાવે છે. અર્થાત્ નિરાલંબનયોગથી

જે ફળ પ્રાપ્ત થાય છે. તેની ઉત્તરમાં શું ફળ? તેની પછી શું ફળ? એમ અંતિમ શું ફળ? ઈત્યાદિ ફળ પંરપરા જણાવે છે :-

આ નિરાલંબન ધ્યાન પ્રાપ્ત થયે છતે (ક્ષપકશ્રેણી સંબંધી દ્વિતીયાપૂર્વકરણ-અષ્ટમગુણસ્થાનકથી આ યોગ આવે છતે) સૌથી પ્રથમ મોહસાગરનું તરણ (તરવાનું) થાય છે. તે મોહરૂપી સાગર કેવો છે? તો જણાવે છે કે- જેનો અંત દુઃખે કરી શકાય એવા રાગાદિ (રાગ-દ્વેષ-કષાય વગેરે) ભાવોની પરંપરારૂપ સમુદ્ર છે. એટલે કે અનાદિ કાળથી આત્માને રાગ-દ્વેષ અને કષાયાદિ રૂપ મોહના ભાવો લાગેલા છે. દૃઢ છે. નિબિડ છે. તેથી તેનો સમૂલોચ્છેદ ઘણો જ દુષ્કર છે. છતાં આ નિરાલંબનયોગના બળે દશમા ગુણઠાણાના અંત સુધીમાં મોહસાગર તરાય છે.

ત્યારબાદ બારમા ગુણઠાણે અર્થાત્ બારમાના અંતે ક્ષપકશ્રેણી સમાપ્ત થાય છે. આ ક્ષપકશ્રેણી એટલે કે અધ્યાત્માદિ યોગોના પ્રકર્ષથી યુક્ત એક પ્રકારના વિશિષ્ટ આશય સ્વરૂપ છે. આ શ્રેણી પ્રાપ્ત થઈ તેની પહેલાનાં ગુણસ્થાનકમાં અધ્યાત્માદિ યોગો હતા. પરંતુ અપકર્ષવાળા હતા. આ ગુણસ્થાનકમાં અતિશય પ્રકર્ષને પામેલા એવા યોગો-ધ્યાન-ભાવના વગેરે વિશેષ વિશેષ હોય છે. તે જ આશયવિશેષ-પરિણામવિશેષ છે. તેને જ જૈનદર્શનમાં **ક્ષપકશ્રેણી** કહેવાય છે. અન્યદર્શનકારો વડે આવા પ્રકારના પ્રકર્ષ પ્રાપ્ત આશયવિશેષને જ **''સમ્પ્રજ્ઞાતસમાધિ''** કહેવાય છે. અહીં ટીકામાં *''एषः''* જે પુલ્લિંગ શબ્દપ્રયોગ કર્યો છે. તે સમાધિના વિશેષણ તરીકે જાણવો. ખરેખર તો આ *''एतद्''* શબ્દથી ઉપરોક્ત ક્ષપકશ્રેણીનો પરામર્શ પણ થાય છે. તથાપિ વિધેયવાક્યરૂપે સમાધિનું વિશેષણ બને છે તેથી તેની પ્રધાનતાએ પુલ્લિંગનો પ્રયોગ કરેલ છે.

૧. અહીં *द्विपादीनामिह* ને બદલે *द्वीपादीनामिह* હોવું જોઈએ.



અન્યદર્શનકારો આ ક્ષપકશ્રેણીને **''સંપ્રજ્ઞાત સમાધિ''** જે કહે છે તે પણ અર્થથી અનુપપન્ન (અઘટમાન) નથી. અર્થાત્ અર્થથી બરાબર છે. અહીં *सम्* ઉપસર્ગનો અર્થ *सम्यग्*=યથાવત્, જે પદાર્થો જેમ છે તે પદાર્થોને તેમ જાણવા તે, *प्र* ઉપસર્ગ છે તેનો અર્થ પ્રકર્ષે કરીને એટલે વિચાર વિશેષોથી નિશ્ચયાત્મકપણે, અર્થાત્ સવિતર્ક સવિચાર અને એકત્વ અવિચાર નામના શુક્લધ્યાનના પ્રથમ બે પાયા સ્વરૂપે *''ज्ञात''*= આત્માના પર્યાયો તથા દ્વીપ, સમુદ્રાદિ જ્ઞેય પદાર્થોનું જ્ઞાયમાનપણું હોવાથી શબ્દથી ભલે ભિન્ન હોય. જૈનમાં ક્ષપકશ્રેણી અને ઈતરમાં સંપ્રજ્ઞાતસમાધિ ભલે કહેવાય, તથાપિ અર્થથી તેમાં કંઈ પણ અઘટિત નથી. સમાન છે.

ત્યારબાદ તે ક્ષપકશ્રેણીથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે. આ કેવલજ્ઞાનને જ પરદર્શનકારો વડે *''असम्प्रज्ञातसमाधि''* કહેવાય છે. ત્યાં પણ અર્થથી કંઈ પણ અઘટિતતા નથી. કારણ કે કેવળજ્ઞાન ઉત્પન્ન થયે છતે તે અશેષવૃત્તિ આદિનો નિરોધ થવાથી લબ્ધઆત્મ-સ્વભાવવાળા કેવળીને માનસવિજ્ઞાનની વિકલતા હોવાથી *''असं-प्रज्ञातसमाधित्व''* પણ સિદ્ધ થાય છે.

સારાંશ એ છે કે કેવળજ્ઞાન પ્રગટ થયે છતે અશેષ (સઘળી) ઈન્દ્રિયો અને માનસજન્ય જે વૃત્તિઓ છે એટલે ઈન્દ્રિયો તથા મનોજન્ય જે જ્ઞાન છે તે અને તે જ્ઞાન સંબંધી જે વિકલ્પો છે તે તમામનો ક્ષીણમોહી અને કેવળજ્ઞાની આત્માઓને ક્ષય થયેલો હોવાથી, તેના દ્વારા પ્રાપ્ત કર્યું છે રાગ-દ્વેષ-મોહ-અજ્ઞાનરહિત શુદ્ધ આત્મસ્વરૂપ જેમણે એવા કેવળજ્ઞાની ભગવંતોને માનસિક જ્ઞાનની (સંકલ્પ-વિકલ્પાત્મક-વિચારધારારૂપ જ્ઞાન)ની વિકલતા હોવાથી **''અસંપ્રજ્ઞાત સમાધિપણું''** ઘટી શકે છે.

અહીં અસંપ્રજ્ઞાતસમાધિનો અર્થ એવો કરવો કે ઈન્દ્રિય અને

મનોજન્ય જ્ઞાન દ્વારા થતી સર્વ વૃત્તિઓ જેમાં નથી તે સમાધિ. આવો અર્થ હોવાથી અસંપ્રજ્ઞાત સમાધિ કહેવામાં પણ અર્થથી બરાબર જ છે.

*अयं चासम्प्रज्ञातः समाधिर्द्विधा=सयोगिकेवलिभावी, अयोगि-केवलिभावी च । आद्यो मनोवृत्तीनां विकल्पज्ञानरूपाणामत्यन्तो-च्छेदात्सम्पद्यते । अन्त्यश्च परिस्पन्दरूपाणाम्, अयं च केवलज्ञानस्य फलभूतः । एतदेवाह-*

*''ततश्च''=केवलज्ञानलाभादनन्तरं च ''अयोगयोगः''=वृत्तिबीज-दाहायोगाख्यः समाधिर्भवति, अयं च ''धर्ममेघः'' इति पातञ्जलैर्गीयते, ''अमृतात्मा'' इत्यन्यैः, ''भवशत्रुः'' इत्यपरैः, ''शिवोदयः'' इत्यन्यैः, ''सत्त्वानन्दः'' इत्येकैः, ''परश्च'' इत्यपरैः, ''क्रमेण''= उपदर्शित-पारम्पर्येण ततोऽयोगयोगात् ''परमं''=सर्वोत्कृष्टफलं निर्वाणं भवति ॥*

આ અસંપ્રજ્ઞાતસમાધિ બે પ્રકારની છે. (૧) સયોગી કેવલિભાવી અને (૨) અયોગીકેવલીભાવી. તેમાં પ્રથમ સયોગી કેવલિ સંબંધી અસંપ્રજ્ઞાત સમાધિ માનસિકવૃત્તિઓ રૂપ સંકલ્પ-વિકલ્પજ્ઞાનોના અત્યન્ત ઉચ્છેદથી થાય છે. કેવળજ્ઞાન પ્રાપ્ત થવાથી ઉપદેશ આપવા સ્વરૂપ વચનયોગ અને આહાર-નિહાર-વિહારાદિ રૂપ કાયયોગ અવશ્ય હોય છે. પરંતુ મનમાં સંકલ્પ-વિકલ્પો કરવા= વિચારવિશેષો કરવા રૂપ મનયોગ હોતો નથી. તેથી તેવી માનસિક વૃત્તિઓના ક્ષયથી પહેલી સમાધિ તેરમા ગુણઠાણે પ્રાપ્ત થાય છે.

તથા અયોગીકેવલિરૂપ બીજી અસમ્પ્રજ્ઞાતસમાધિ જે છે, તે પરિસ્પન્દરૂપ યોગાત્મક વૃત્તિઓનો ક્ષય થવાથી પ્રગટ થાય છે. કારણ કે તે ગુણઠાણે જીવ અયોગી હોવાથી પરિસ્પન્દરૂપ કાયિકાદિ યોગ પણ હોતા નથી. આ જ અવસ્થાની પ્રાપ્તિ થવી એ જ કેવલજ્ઞાનના ફળસ્વરૂપ છે-એ જ વાત ગ્રંથકારશ્રી જણાવે છે-



તે કારણથી એટલે કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી આ જીવ **''અયોગાવસ્થાના યોગરૂપ''** સમાધિને પ્રાપ્ત કરે છે. એટલે કે અયોગી અવસ્થાના સંયોગને પામે છે. અર્થાત્ મન-વચન અને કાયા દ્વારા થતી પરિસ્પન્દનાત્મક યોગસ્વરૂપ વૃત્તિઓ રૂપી કર્મબંધના હેતુભૂત બીજનો દાહ થવા સ્વરૂપ **અયોગી** નામની આ અવસ્થા છે.

આ અસંપ્રજ્ઞાત સમાધિસ્થ આત્મા મન-વચન-કાયાના યોગોથી રહિત છે. તેથી પૂર્ણતઃ પુદ્ગલભાવરહિત છે. સર્વથા કર્મબંધરહિત છે. અનાશ્રવભાવ અને પૂર્ણ સંવરભાવને પ્રાપ્ત થયેલા છે. આ અવસ્થા જ મુક્તિપ્રાપ્તિનું અનંતર કારણ છે. એટલે કે પ્રધાનતમ કારણ છે.

આ અયોગી અવસ્થા જ **''ધર્મમેઘ''** છે. એમ પતંજલિ ઋષિના અનુયાયી આદિ યોગીઓ વડે કહેવાય છે. પૂર્ણપણે ધર્મપ્રાપ્તિ થવામાં મેઘતુલ્ય છે. જેમ મેઘ વરસવાથી ધાન્યાદિ થાય છે. તેમ મોક્ષાત્મક ધાન્યાદિની પ્રાપ્તિ માટે અયોગી અવસ્થા મેઘતુલ્ય છે.

બીજા કેટલાક દર્શનકારો વડે **''અમૃતાત્મા''** કહેવાય છે. જ્યારે આત્મા મોક્ષ પામે છે. ત્યારે ''અમરણ'' મરણ વિનાનો બને છે. અમરણનું કારણ જેમ ''અમૃત'' છે તેમ અમરણાવસ્થારૂપ મોક્ષનું કારણ અયોગી અવસ્થા છે. માટે અયોગી અવસ્થા અમૃત-સ્વરૂપ=અમૃતરૂપ=અમૃતાત્મા કહેવાય છે.

બીજા કેટલાક દર્શનકારો વડે **''ભવશત્રુ''** કહેવાય છે. ભવ એટલે જન્મ-મરણની પરંપરારૂપ સંસાર, અથવા તેના બીજભૂત અષ્ટવિધકર્મ. આ બંનેનો ચૌદમે ગુણઠાણે ઉચ્છેદ થતો હોવાથી આ અયોગીઅવસ્થા જાણે ભવનો શત્રુ હોય શું? એમ સમજી ''ભવશત્રુ'' કહેવાય છે.

બીજા કેટલાક દર્શનકારો વડે **''શિવોદય''** કહેવાય છે શિવ એટલે પૂર્ણસુખ અથવા પૂર્ણકલ્યાણ, તેનો ઉદય (પ્રાપ્તિ) ચૌદમે ગુણઠાણે થાય છે. માટે અયોગી અવસ્થા શિવોદય કહેવાય છે.

બીજા કેટલાક દર્શનકારો વડે **''સત્ત્વાનંદ''** કહેવાય છે. સત્ત્વ એટલે આત્મા, તેનો જે પરમ આનંદ તે રૂપ અયોગી અવસ્થા છે. માટે અયોગી અવસ્થા ''સત્ત્વાનંદ'' પણ કહેવાય છે.

બીજા કેટલાક દર્શનકારો **''પર''** કહે છે. પર એટલે પ્રકૃષ્ટાવસ્થા. આ અયોગી અવસ્થા અત્યંત પ્રકર્ષવાળી હોવાથી ''પર'' પણ કહેવાય છે.

આ પ્રમાણે નિરાલંબનયોગ-ક્ષપકશ્રેણી-કેવળજ્ઞાન અને અયોગી અવસ્થાની પ્રાપ્તિ કરવારૂપ ઉપર બતાવેલા ક્રમ વડે છેલ્લી પ્રાપ્ત થયેલી અયોગી અવસ્થા, તેના યોગથી (પ્રાપ્તિથી) આ જીવ પરમ= સર્વોત્કૃષ્ટ સ્વરૂપ નિર્વાણ=મોક્ષપદ પ્રાપ્ત થાય છે.

*इति महोपाध्याय श्री कल्याणविजयगणिशिष्य मुख्य पण्डित श्री जीतविजयगणि सतीर्थ्यपण्डित श्री नयविजयगणिचरणकमलचञ्चरीक पण्डितश्री पद्मविजयगणिसहोदरोपाध्याय श्रीजसविजयगणि समर्थितायां विंशिकाप्रकरणव्याख्यायां योगविंशिका-विवरणं सम्पूर्णम्*

આ પ્રમાણે મહોપાધ્યાય શ્રી કલ્યાણવિજયજીગણિના શિષ્ય, મુખ્યપંડિત શ્રી જીતવિજયજીગણિ તથા તેમના ગુરુભાઈ પંડિત શ્રી નયવિજયજીગણિના ચરણકમળમાં ભ્રમરતુલ્ય પંડિત શ્રી પદ્મવિજયગણિના ગુરુભાઈ એવા ઉપાધ્યાય શ્રી યશોવિજયજીગણિએ બનાવેલી વિંશિકાપ્રકરણની ટીકામાં

**યોગવિંશિકા નામના પ્રકરણનું વિવરણ સમાપ્ત થયું.**
**ગુજરાતી અનુવાદ પણ સમાપ્ત થયો.**



# શ્રીમદ્ હરિભદ્રસૂરિજી-સંગ્રથિત તથા મહોપાધ્યાયશ્રી યશોવિજયજી વિરચિત ટીકાયુક્ત શ્રી યોગવિંશિકાના અર્થનો સારાંશ

આપણા આત્માને મોક્ષની સાથે જોડી આપે એવો જે કોઈ ધર્મવ્યવસાય તે જૈનદર્શનમાં **''યોગ''** કહેવાય છે. આવા યોગવાળા મહાત્મા પુરુષોને **''યોગી''** કહેવાય છે.

**''પ્રણિધાનાદિ''** પાંચ આશયવાળો યોગ હોય તો તે શુદ્ધયોગ કહેવાય છે. તે મોક્ષહેતુ છે. પરંતુ આ પાંચ આશય વિનાની કરાતી ધર્મક્રિયા તે દ્રવ્યક્રિયા છે. યોગ સ્વરૂપ નથી, માટે જ મુક્તિનો હેતુ બનતી નથી, પુણ્યબંધનો હેતુ અને સ્વર્ગાદિ સંપત્તિનો હેતુ બને છે. અને જ્ઞાનીઓ તેને તુચ્છક્રિયા કહે છે. જે નિરુપાધિક ફળ મેળવી આપે તેવી ધર્મક્રિયા સોપાધિક ફળ આપીને વિરામ પામે, તેથી તે તુચ્છ-ક્રિયા કહેવાય છે.

(૧) **પ્રણિધાન,** (૨) **પ્રવૃત્તિ,** (૩) **વિઘ્નજય,** (૪) **સિદ્ધિ,** (૫) **વિનિયોગ** એમ કુલ પાંચ આશયભેદો છે.

પોતાનાથી ઓછા ગુણવાળા ઉપર દ્વેષ ન કરવો, પરોપકાર કરવાની ભાવના રાખવી, પોતાને જે ધર્મસ્થાન પ્રાપ્ત થયું હોય તેમાં **''આ જ મારું કર્તવ્ય છે''** એવા ઉપયોગપૂર્વક પ્રવર્તવું તે **''પ્રણિધાન''** કહેવાય છે.

પ્રાપ્ત ધર્મસ્થાનમાં વધુ વિકાસ કેમ થાય? તેને ઉદ્દેશી અનેક ઉપાયોમાં વધુ પ્રયત્ન કરવો, જલદી ક્રિયા કેમ પૂર્ણ થાય! એવી ઉત્સુકતા રાખવી નહિ, આવો ઉપયોગપૂર્વકનો વધુ પ્રયત્નવિશેષ તે જ **''પ્રવૃત્તિ''** કહેવાય છે.

ધર્મના કાર્યોમાં જોડાયા પછી તેમાં નાનાં-મોટાં કોઈ વિઘ્નો-વિક્ષેપો આવે, તેને જીતવા માટેની તૈયારીવાળો જે આત્માનો દૃઢ પરિણામવિશેષ તે જ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ત્રણ જાતનો **"વિઘ્નજય"** કહેવાય છે.

કાંટાવાળો માર્ગ પસાર કરવો દુષ્કર છે. કાંટા વિનાનો માર્ગ પસાર કરવો સુકર છે. તેમ શીત-ઉષ્ણ-ક્ષુધા-પિપાસાદિ પરિષહોથી પરાભવ પામવા કરતાં તેને યથાશક્તિ સહન કરી અનાકુળ (આકુળ-વ્યાકુળતા વિનાની) પ્રવૃત્તિ કરવી તે **''કંટકવિઘ્નજય''** નામનો પ્રથમ જઘન્ય **વિઘ્નજય** કહેવાય છે.

**"તાવ"** આદિ શારીરિક રોગો ધર્મમાં અંતરાય કરનારા છે. એમ સમજી શરીરમાં રોગો જ ઉત્પન્ન ન થાય તે રીતે પથ્ય, પરિમિત, અને નીરસ જ આહાર કરવો, અને કર્મવશાત્ રોગ થાય તો ''આ રોગો મારા કર્મનો જ ઉદય છે. દેહના જ બાધક છે. આત્મસ્વભાવના ઘાતક નથી,'' ઈત્યાદિ વિચારી ભાવનાપૂર્વક સ્થિર થવું. તે **જ્વરવિઘ્નજય** નામનો મધ્યમ વિઘ્નજય છે.

ગ્રામાન્તર જતાં થયેલો દિશાઓનો ભ્રમ જેમ રખડાવે છે. તે ભ્રમથી જીવો જંગલોમાં અહીં-તહીં ભટકે છે, થાકે છે, અને તે ભ્રમ કોઈ માર્ગ જાણકાર પાસેથી ટળી જાય છે ત્યારે ઉત્સાહિત થયો છતો યથેષ્ટ ગામ ભણી જલદી ચાલે છે. તેમ મિથ્યાત્વમોહના ઉદયથી હેય-ઉપાદેયનો ભ્રમ થવાથી જીવ અધર્મમાં ધર્મ સમજી રખડે છે. જ્ઞાની ગુરુના યોગે યથાર્થ સમજી સમ્યક્ત્વ પામી મોક્ષમાર્ગ તરફ દોડે છે. તે **મોહજય** અથવા **મોહવિઘ્નજય** નામનો ત્રીજો ઉત્કૃષ્ટ વિઘ્નજય કહેવાય છે.

આપણા કરતાં અધિક ગુણવાન્ પુરુષો પ્રત્યે વિનય-વૈયાવચ્ચ-ભક્તિ-બહુમાન કરવા પૂર્વકનું, આપણાથી હીન ગુણવાળા



પુરુષો પ્રત્યે કરુણા, દાન, દુઃખોચ્છેદ કરવા પૂર્વકનું અને સમાનની સાથે પરસ્પરોપકાર કરવા પૂર્વકનું જે આપણામાં પ્રાપ્ત થયેલું ધર્મસ્થાન તે **"સિદ્ધિ"**નામનો ચોથો આશય છે.

પ્રાપ્ત થયેલા ધર્મસ્થાનોનો વિવિધ ઉપાયો વડે પરમાં તેનો વિનિયોગ કરવો અને તેમ કરવાથી વારંવાર પરને આપવા વડે પોતાના આત્મામાં દૃઢતર બને, ભવાન્તરમાં ધર્મપ્રાપ્તિનું અવન્ધ્યકારણ બને, એવું પરને વિષે ધર્મનું દાન, તે **"વિનિયોગ"** નામનો પાંચમો આશય છે.

''પ્રણિધાનાદિ'' પાંચ આશયવાળો ધર્મ આ (યોગ) આત્મામાં પુષ્ટિ (પુણ્યબંધ) અને શુદ્ધિ (પૂર્વબદ્ધ કર્મક્ષય) કરાવનારો છે. અને શુદ્ધ એવો આ યોગ ભવોભવમાં ઉત્તરોત્તર વધુ ઉત્કૃષ્ટ યોગ પ્રાપ્તિનું અવન્ધ્ય કારણ બને છે.

સામાન્યથી ઉપરોક્ત પાંચ પ્રકારના આશયવાળો સર્વે પણ ધર્મવ્યવહાર ''યોગ'' હોવા છતાં જૈન-જૈનેતરશાસ્ત્રોમાં પ્રસિદ્ધ એવા **સ્થાનાદિ** પાંચ ભેદવાળા યોગને જ વિશેષે કરી **યોગ** કહેવાયેલ છે. (૧) સ્થાનયોગ, (૨) ઉર્ણયોગ, (૩) અર્થયોગ, (૪) આલંબનયોગ, (૫) નિરાલંબનયોગ.

ઈષ્ટધર્મકાર્યમાં કાયાને સ્થિર કરવી, તેનાં આસનો સાચવવાં, વધારાનું હલન-ચલન બંધ કરવું તે **સ્થાનયોગ.** ક્રિયાના સૂત્રોના ઉચ્ચારો શુદ્ધ કરવા તે **ઉર્ણયોગ.** તે સૂત્રોના અર્થો પણ શુદ્ધ અને સંગત વિચારવા તે **અર્થયોગ.** ચિત્તને પ્રતિમાદિ ઉત્તમાલંબનમાં સ્થિર કરવું તે **આલંબનયોગ.** બાહ્યાલંબન વિના જ્ઞાન માત્રમાં જ લીન થઈ જવું તે **"નિરાલંબન"** યોગ. આ પાંચે યોગો મોક્ષપ્રાપ્તિનું અસાધારણ કારણ છે માટે **મુખ્ય યોગ** છે.

જૈનેતરદર્શનમાં કહેલા **"યમ-નિયમ"** આદિ યોગનાં આઠ અંગો મોક્ષનાં પરંપરાએ કારણ છે. મોક્ષનું કારણ સ્થાનાદિ, અને સ્થાનાદિનું કારણ યમાદિ છે. માટે **ઉપચરિતયોગ** છે.

સ્થાનાદિ પાંચ યોગોમાં પ્રથમના બે યોગો ક્રિયાત્મક હોવાથી ''કર્મયોગ છે'' (અર્થાત્ ક્રિયાયોગ) છે. અને પાછળના ત્રણ ચિંતન-મનનાત્મક હોવાથી ''જ્ઞાનયોગ'' છે એમ પાંચ યોગો બે ભાગમાં વહેંચાયેલા છે.

આ પાંચે પ્રકારનો યોગ દેશચારિત્ર અને સર્વચારિત્રવાળાને જ હોય છે. અને ઈતરને (એટલે અપુનર્બંધક અને અવિરત-સમ્યગ્દૃષ્ટિને) બીજમાત્ર રૂપે હોય છે. એમ નિશ્ચયનય કહે છે. કારણ કે નિશ્ચયનય તત્ત્વગ્રાહી છે. અને વ્યવહારનય ઈતરને (એટલે અપુનર્બંધકાદિને) પણ **યોગ** જ હોય છે એમ કહે છે. કારણ કે તે ઉપચારગ્રાહી છે. કારણભૂત એવું યોગનું બીજ પણ યોગ જ છે. એમ માને છે. કારણમાં કાર્યનો ઉપચાર કરીને કારણને પણ કાર્ય કહે છે.

અધ્યાત્મ, ભાવના, આધ્યાન, સમતા, અને વૃત્તિસંક્ષય, આવા યોગબિંદુમાં કહેલા યોગના બીજી રીતે પાંચ ભેદો પણ ચારિત્રવાન્ને જ હોય છે. (૧) ત્રણે યોગની ઉચિત પ્રવૃત્તિવાળા એવા દેશ-સર્વ ચારિત્રવાળા મહાત્માઓનું મૈત્રી આદિ ચાર ભાવનાપૂર્વક તત્ત્વચિંતન તે **અધ્યાત્મયોગ.** (૨) અશુભ ભાવોને રોકવાપૂર્વક આ જ અધ્યાત્મનો વધુ દૃઢતર અભ્યાસ તે **ભાવનાયોગ.** (૩) મોક્ષાદિ ઉપાદેય ભાવોના વિચારવાળું, વાયુ વિનાના સ્થિર દીપક જેવું, ત્રિપદી આદિ અતિસૂક્ષ્મ ભાવોના ઉપયોગથી યુક્ત જે ચિંતન-મનન તે **આધ્યાન** યોગ. (૪) અનાદિ કાળની અવિદ્યાથી થયેલ ઈષ્ટત્વ-અનિષ્ટત્વ ત્યજી સર્વે પણ શુભ-અશુભ ભાવોને વિષે જે સમવૃત્તિ તે **સમતાયોગ.** (૫) અન્યદ્રવ્યના સંયોગે થતી માનસિક અને કાયિક વૃત્તિઓનો ફરીથી ન આવે તે ભાવે તેનો નાશ કરવો તે



**વૃત્તિ-સંક્ષય યોગ.** એમ બીજી રીતે પણ પાંચ યોગો છે. જુઓ યોગબિન્દુ ગાથા-૩૫૭ વગેરે.

અધ્યાત્મયોગ અને ભાવનાયોગ આ બે યોગ સ્થાન, ઉર્ણ-અર્થ એમ ત્રણ યોગમાં સમાવેશ પામે છે. આધ્યાન યોગ તે આલંબનયોગમાં સમાવેશ પામે છે. અને સમતા તથા વૃત્તિસંક્ષય યોગ છેલ્લા નિરાલંબનયોગમાં સમાવેશ પામે છે. માટે આ બન્ને રીતે પાંચે પ્રકારના યોગો દેશ-સર્વ ચારિત્રવાળાને જ હોય છે.

**પ્રશ્ન :-** જો દેશ-સર્વચારિત્રવાળાને જ સ્થાનાદિ યોગો હોય તો અપુનર્બંધક અને અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જીવો જે ધર્મક્રિયા કરે છે. તે તો નિષ્ફળ જ ગણાશેને?

**ઉત્તર :-** એમ નથી, કારણ કે અપુનર્બંધક અને અવિરત સમ્યગ્દૃષ્ટિ એવા આ બે જીવોની ધર્મક્રિયા નિશ્ચયનયથી યોગનું બીજ છે. અને વ્યવહારનયથી યોગ છે. નિશ્ચયનય તે તત્ત્વગ્રાહી છે. અને વ્યવહારનય ઉપચારગ્રાહી છે.

સકૃદ્બંધક અને દ્વિર્બંધક એવા મિથ્યાદૃષ્ટિ જીવોમાં જે સ્થાનાદિયોગોની ક્રિયા છે, તે યોગ નથી. કારણ કે અશુદ્ધભૂમિકા છે. પરંતુ યોગનો આભાસમાત્ર છે.

સ્થાનાદિ પાંચ યોગોના ઈચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ એમ ચાર ચાર ભેદો છે. યોગી મહાત્માઓની કથા સાંભળવામાં અત્યંત પ્રીતિ, કથા કરનારાઓ પ્રત્યે ભક્તિ-બહુમાન, આવી કથાનો અભ્યાસ કરવામાં હર્ષવિશેષ તે **ઈચ્છાયોગ.** જીવનમાં ઉપશમભાવ કેમ વધે? તે રીતે વીર્યવિશેષપૂર્વક યોગનાં તમામ અંગો સંભાળી સ્થાનાદિમાં જે પ્રવર્તવું તે **પ્રવૃત્તિયોગ.** તે પ્રવૃત્તિમાં બાધક થતા દોષોને ટાળી નિરતિચાર પાલન તે **સ્થિરતા.** પોતાનામાં એવા અતિ ઉત્કટ ઉપશમભાવની પ્રાપ્તિ થાય કે જે પરાર્થસાધક બને અર્થાત્

જેના સાન્નિધ્યથી પર પ્રાણી હિંસક હોવા છતાં પણ ઉપશાન્ત થઈ જાય તે **સિદ્ધિયોગ.** એમ ઈચ્છાદિ ચારના અર્થો સમજવા.

આ ઈચ્છાદિ ચાર ભેદોમાં ચારિત્રમોહનીય અને વીર્યાન્તરાયનો ક્ષયોપશમ કારણ છે. તે ક્ષયોપશમ ચિત્ર-વિચિત્ર તરતમભાવે અસંખ્ય ભેદવાળો છે. માટે ઈચ્છાદિના પણ અસંખ્યભેદો છે. કોઈ જીવની ઈચ્છા મંદ, મંદતર, અને મંદતમ, તથા કોઈ જીવની ઈચ્છા તીવ્ર, તીવ્રતર, અને તીવ્રતમ પણ હોય છે. તથા શ્રદ્ધા-પ્રીતિ-ધૃતિ અને ધારણા વડે આ ક્ષયોપશમ અનેક ભેદવાળો થાય છે. ઈચ્છાદિનું કારણ ક્ષયોપશમ છે. અને ક્ષયોપશમનું લિંગ શ્રદ્ધાદિ છે.

(૧) આસ્થાવિશેષ તે શ્રદ્ધા.

(૨) હર્ષવિશેષ તે પ્રીતિ.

(૩) સ્થિરતાવિશેષ તે ધૃતિ. અને

(૪) તન્મયતાવિશેષ તે ધારણા. આ ચારેથી ચિત્ર-વિચિત્ર ક્ષયોપશમ જણાય છે. અને ક્ષયોપશમને અનુસારે ઈચ્છાદિ થાય છે.

ઈચ્છા-પ્રવૃત્તિ-સ્થિરતા-સિદ્ધિ આ ચારેમાં કારણ ક્ષયોપશમની તરતમતા જણાવી. હવે તે ઈચ્છાદિ ચારેનાં કાર્યો જણાવે છે. આ ચારેનાં કાર્યો અનુક્રમે અનુકંપા-નિર્વેદ-સંવેગ અને પ્રશમભાવ છે. ઈચ્છાયોગનું કાર્ય અનુકંપા. પ્રવૃત્તિયોગનું કાર્ય નિર્વેદ. સ્થિરતાયોગનું કાર્ય સંવેગ, અને સિદ્ધિયોગનું કાર્ય પ્રશમભાવ જાણવો.

યથાશક્તિ દુઃખી જીવોનાં દ્રવ્યદુઃખ અને ભાવદુઃખો દૂર કરવાની જે ઈચ્છા તે **અનુકંપા.**

સંસારને સર્વથા નિર્ગુણ સમજીને બંદીખાનાની જેમ તેમાંથી નીકળવાની જે તમન્ના તે **નિર્વેદ.**

મોક્ષ સુખની હાર્દિક જે રુચિ-અભિલાષા તે **સંવેગ.**



વિષયતૃષ્ણા અને ક્રોધાદિ કષાયોની જે **ઉપશાન્તિ** તે પ્રશમ.

આ અનુકંપાદિ જો કે સમ્યક્ત્વનાં પણ કાર્યો છે. પરંતુ સમ્યક્ત્વકાલે આ અનુકંપાદિ કાર્યો સામાન્ય હોય છે. અને ચારિત્રકાલે ઈચ્છાદિયોગો વિશેષ હોય છે. માટે અનુકંપાદિ કાર્યો પણ વિશેષ હોય છે.

સમ્યક્ત્વનાં કુલ પાંચ લક્ષણો છે. તેનો શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા અને આસ્તિક્તા એ ક્રમ પ્રધાનતાની દૃષ્ટિએ છે. એટલે પાંચમાં પ્રધાન **શમ** છે. માટે પહેલું શમ, બાકીના ચારમાં પ્રધાન **સંવેગ** છે. માટે બીજું સંવેગ, એમ બાકીના ત્રણમાં પ્રધાન **નિર્વેદ** ઈત્યાદિ જાણવું. અને તેઓની પ્રાપ્તિનો ક્રમ પશ્ચાનુપૂર્વીએ જાણવો.

આ પ્રમાણે સ્થાન-ઉર્ણ-અર્થ-આલંબન અને નિરાલબંન એમ પાંચ યોગના ઈચ્છા-પ્રવૃત્તિ-સ્થિરતા અને સિદ્ધિ ચાર ચાર ભેદો થતાં ૨૦, અને તે વીશ ભેદોના પ્રીતિ-ભક્તિ-વચન અને અસંગ એમ ચાર ચાર ભેદો થતાં અથવા અનુકંપા-સંવેગ-નિર્વેદ અને શમત્વ એમ ચાર ચાર કાર્ય ભેદો ગણતાં કુલ યોગના ૮૦ ભેદો થાય છે. આ સ્થાનાદિ યોગો ‘‘અરિહંત ચેઈયાણં’’ આદિ દંડક-સૂત્રોના દૃષ્ટાંતથી સમજવા જેવા છે.

અરિહંત ચેઈયાણં ઈત્યાદિ દંડકસૂત્રોનું યથાર્થ પદજ્ઞાન (સૂત્રો સ્પષ્ટ બોલવાં, હ્રસ્વ-દીર્ઘ સ્વરનું ઉચ્ચારણ, સંપદા-માત્રા-પદો-સંયુક્ત-અસંયુક્ત વ્યંજનોનું ઉચ્ચારણ ઈત્યાદિ સ્પષ્ટ પદજ્ઞાન) શ્રદ્ધાવાળા જીવને થાય છે. આ યથાર્થ પદજ્ઞાન અને અર્થજ્ઞાન તે અર્થયોગ-વાળા અને આલંબનયોગવાળા મહાત્માઓને પ્રાયઃ તુરત મોક્ષફળ આપનાર બને છે. અને સ્થાનયોગ-ઉર્ણયોગવાળા (પણ અર્થયોગ અને આલબંનયોગની સ્પૃહાવાળા) એવા જીવોને થોડા દીર્ઘકાલે પણ મોક્ષફળ આપનાર બને છે.

અર્થયોગ અને આલંબન યોગવાળા જીવો પણ જો ‘‘સાપાય’’ યોગવાળા (તીવ્ર મોહનીયકર્મવાળા) હોય તો પદજ્ઞાન અને અર્થજ્ઞાન પણ તેઓને અલ્પકાળને બદલે દીર્ઘકાળે ફળ આપે છે.

સ્થાનયોગાદિ ચારે યોગવાળા મહાત્માનું આ ચૈત્યવંદન તે ભાવક્રિયા હોવાથી **‘‘અમૃતાનુષ્ઠાન’’** કહેવાય છે. અને સ્થાનયોગાદિ બે યોગવાળા અને બાકીના બે યોગોની સ્પૃહાવાળા જીવોનું આ ચૈત્યવંદન તે દ્રવ્યક્રિયા હોવા છતાં ‘‘તદ્હેતુ’’ અનુષ્ઠાન કહેવાય છે. અમૃતાનુષ્ઠાન તુરત મોક્ષદાયક બને છે. અને તદ્હેતુ અનુષ્ઠાન કાલાન્તરે મોક્ષદાયક બને છે.

જે જીવોમાં સ્થાનાદિ ચારેમાંનો એક પણ યોગ નથી, માત્ર કાયાથી ચૈત્યવંદન કરે છે અથવા વચનથી બોલે છે પણ ઉપયોગની શૂન્યતા જ છે તે ચૈત્યવંદન તદ્દન અસાર-તુચ્છ દ્રવ્યચૈત્યવંદન છે. અને તે ‘‘અનનુષ્ઠાન’’ કહેવાય છે. મોક્ષફળ આપવામાં નિષ્ફળ છે. તેવા જીવો આવા ચૈત્યવંદન માટે ‘‘અયોગ્ય’’ છે વળી આવા જીવો **ठाणेणं मोणेणं झाणेणं** વગેરે બોલીને સ્થાનાદિ યોગ પણ ન સાચવે માટે તેઓને મહામૃષાવાદ દોષ લાગે. તેઓની આવી ક્રિયા છે. જોનારા એવા બીજાને અવિધિ દોષની પોષક બને છે. માટે મોક્ષફળ આપવાને બદલે સંસારવર્ધક તીવ્રકર્મના બંધનરૂપ વિપરીત ફળ આપનાર બને છે.

જે જીવો સ્થાનયોગ-ઉર્ણયોગ વગેરે સાચવીને ધર્મક્રિયા કરે છે. પરંતુ આ લોકનાં સુખો અને પરલોકનાં સ્વર્ગાદિનાં સુખોની અભિલાષા રાખે છે અને તે માટે જ આવી ધર્મક્રિયા કરે છે, તે અનુક્રમે વિષાનુષ્ઠાન અને ગરલાનુષ્ઠાન હોવાથી મોક્ષફળની અપેક્ષાએ વિપરીતફળદાયક અને મહામૃષાવાદ દોષવાળાં છે.

અનુષ્ઠાનોના કુલ પાંચ ભેદો છે (૧) વિષ (૨) ગર (૩) અનનુષ્ઠાન, (૪) તદ્હેતુ, અને (૫) અમૃતાનુષ્ઠાન.



(૧) આ ભવમાં ભાવિમાં ધનલાભ-પુત્રલાભ-યશલાભ થાય એવા આશયથી જે ધર્માનુષ્ઠાન કરાય તે **વિષાનુષ્ઠાન.**

(૨) પરભવમાં દેવ-દેવેન્દ્ર-ચક્રવર્તીપણું મળે એવા આશયથી જે ધર્માનુષ્ઠાન કરાય તે **ગરાનુષ્ઠાન.**

(૩) કોઈપણ જાતના ઉપયોગશૂન્યપણે જે અનુષ્ઠાન કરાય તે **અનનુષ્ઠાન.**

(૪) ઉત્તમાનુષ્ઠાન પ્રત્યેના રાગથી કરાતું પ્રાથમિક ધર્માનુષ્ઠાન તે **તદ્હેતુ** અનુષ્ઠાન.

(૫) આ અનુષ્ઠાનો જિનેશ્વર પ્રભુ કથિત છે એવા ભાવપૂર્વક અને અતિશય સંવેગપૂર્વક કરાતું અનુષ્ઠાન તે **અમૃતાનુષ્ઠાન** છે.

આ પાંચ અનુષ્ઠાનોમાં પ્રથમનાં ત્રણ અનુષ્ઠાનો યોગાભાસ-સ્વરૂપ હોવાથી અહિતકારી છે. અને પાછળનાં બે અનુષ્ઠાનો સદ્યોગ રૂપ હોવાથી હિતકારી છે.

**પ્રશ્નઃ** આ ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાનોને માટે યોગ્ય જીવો કયા?

**ઉત્તર :-** મૂળ ગાથામાં **‘‘દેશવિરતિધર’’** લખ્યા છે. પરંતુ ત્રાજવાની દાંડીની મધ્યદોરી ઊંચી કરે છતે બંને છેડા પણ લેવાય છે. તે ન્યાયે દેશવિરતિના આગળ-પાછળવર્તી સર્વવિરતિધરો તથા અપુનર્બન્ધક અને અવિરત સમ્યગ્દષ્ટિ જીવો પણ ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાનોને યોગ્ય જાણવા. અરિહંત ચેઈયાણં સૂત્રમાં ‘‘**अप्पाणं वोसिरामि**’’ આવે છે. આવો કાયાના વ્યાપારનો ત્યાગ વિરતિધરમાં જ સંભવે, માટે દેશ-સર્વચારિત્રધરો તો યોગ્ય છે જ. અને અપુનર્બન્ધક તથા સમ્યગ્દષ્ટિજીવો વિરતિની ઈચ્છાવાળા અને કદાગ્રહ વિનાના હોવાથી યોગ્ય છે.

પરંતુ જે જીવો અપુનર્બન્ધક અવસ્થા સુધી પણ નથી આવ્યા, વિધિ પ્રત્યે અને અનુષ્ઠાન પ્રત્યે બહુમાન વિનાના છે.

કદાગ્રહવાળા છે. અને ફક્ત ગાડરીયા પ્રવાહે જ ધર્માનુષ્ઠાન કરે છે. માનાદિને પોષે છે અને આત્મ પ્રશંસા આદિના જ અર્થી છે. તેવા જીવો આ ધર્માનુષ્ઠાન માટે અયોગ્ય જ છે. એમ જાણવું.

**પ્રશ્ન :-** જો અવિધિ કરનાર જીવોને ધર્માનુષ્ઠાન માટે અયોગ્ય કહેશો તો તીર્થનો ઉચ્છેદ થઇ જશે. કારણ કે વિધિવાળાં ધર્માનુષ્ઠાનો કરનારા જીવો તો સદાકાળ થોડા જ મળે. અને થોડા જીવો મૃત્યુ પામે છતે તીર્થનો ઉચ્છેદ જ થઇ જાય. માટે તીર્થ ચલાવવા સારુ અવિધિવાળાને પણ ધર્માનુષ્ઠાન માટે યોગ્ય કહેવા જોઇએ.

**ઉત્તર :-** અવિધિએ ધર્માનુષ્ઠાન ચલાવતાં મન ફાવે તેમ પ્રરૂપણા અને ક્રિયા કરવાથી શાસ્ત્રગત મૂળ સૂત્રો અને મૂલક્રિયાનો વિચ્છેદ થઇ જાય છે. અને ખરેખર તો સાચો તે જ તીર્થવિચ્છેદ છે. આજ્ઞારહિત ધર્મ આચરનારને **"હાડકાંનો માળો"** કહેલ છે. આજ્ઞાનુસારી સંઘને જ **તીર્થ** કહેલ છે. માટે તીર્થના ઉચ્છેદના ભયથી પણ અવિધિ ચલાવવી યોગ્ય નથી.

**પ્રશ્ન :- "શુદ્ધ વિધિપૂર્વકની જ ક્રિયા થવી જોઇએ"** એ વાત ઠીક છે. સાચી છે. પરંતુ આ કલિયુગમાં આવા જીવો ગણ્યાગાંઠ્યા જ મળે છે. અર્થાત્ અલભ્ય છે. એટલે વિધિપૂર્વકની ક્રિયા કરવાવાળા તે જીવો કાલગત થાય, અને અવિધિક્રિયાવાળાને જો ચલાવીએ નહિ તો કાલાન્તરે ક્રિયા કરનારા જીવો વગરનું જ આ શાસન થાય, એટલે તીર્થ ઉચ્છેદ પામે. માટે અવિધિએ પણ ધર્મક્રિયા કરવા દઇએ તો જ તીર્થ અખંડિત થાય. વળી તેમ કરવાથી ગુરુને પણ દોષ નહિ લાગે, કારણ કે અવિધિપરિણામ તો ક્રિયા કરનારનો પોતાનો છે. ગુરુનો પરિણામ તો યેન કેન પ્રકારેણ ક્રિયા ચાલુ રહેવી જોઇએ, જેથી તીર્થ ઉચ્છેદ ન થાય એવો છે. તો અવિધિએ પણ ક્રિયા કરવા દેવામાં શું દોષ?



**ઉત્તર :- "કોઇ જીવ સ્વયં મરે"** એમાં કંઇ દોષ નથી પરંતુ **"તેને મારી નાખવામાં આવે"** તો મારનારનો આશય દુષ્ટ છે માટે દોષ લાગે જ છે. તેની જેમ જે સ્વયં અવિધિએ ધર્મક્રિયા કરે છે. તે પોતે એકલો પાપનો ભાગી થાય છે. તેમાં ગુરુને દોષ લાગતો નથી. પરંતુ જે ગુરુ શિષ્યની અવિધિ ચલાવી લે છે અથવા અવિધિએ પણ ધર્મક્રિયા કરવાનું ઉત્તેજન આપે છે, પ્રરૂપણા કરે છે. જો અવિધિએ કરાતી ધર્મક્રિયા ન ચલાવીએ તો તીર્થનો ઉચ્છેદ થઇ જાય. કલિકાલમાં તો આમ જ ચાલે. અત્યારે પ્રથમ સંઘયણ આદિ ક્યાં છે ? ઇત્યાદિ કહીને જે ગુરુ અવિધિનો પક્ષ થાપે છે. તે ગુરુ અવિધિપાક્ષિક હોવાથી ઉત્સૂત્ર પ્રરૂપણા કરનારા બનવાથી દુષ્ટાશય-વાળા થવાથી મારનારની જેમ દોષિત છે. તીર્થંકર પ્રભુ-ભાષિત મૂળસૂત્રો અને ક્રિયાના ઉચ્છેદક હોવાથી સાચા તો તેવા ગુરુઓ જ તીર્થના ઉચ્છેદક બને છે.

વળી વિધિપૂર્વક ધર્મક્રિયા કરી મોક્ષે એક જીવ જશે તો પણ તે જીવ સર્વ જીવોને અભયદાન આપનાર બનશે. અમારીની ઉદ્‌ઘોષણા કરનાર બનશે. માટે સૂક્ષ્મબુદ્ધિથી આ વિચારવું કે "અવિધિ" ચલાવાય જ નહિ. એટલું જ નહિ, પરંતુ જ્યારે ગુરુ ધર્મવિધિ સમજાવતા હોય ત્યારે જે શ્રોતાઓને તે વિધિનો રસ ન હોય, અને માત્ર વિષય પિપાસાનો જ રસ હોય તેવાને ભણાવવું એ પણ ભણાવનાર માટે મહાદોષ બને છે. ભણાવનાર દોષિત બને છે.

**પ્રશ્ન :-** આટલી બધી ઝીણી ચર્ચા કરવા વડે સર્યું? *"મહાજનો યેન ગતઃ સઃ પન્થાઃ"* ઘણા માણસો જે માર્ગે જાય તે જ સાચો માર્ગ છે. એમ માની અવિધિવાળી ક્રિયા કરનારો વર્ગ મોટો હોય છે તેથી તે પણ માર્ગ જ છે અને તે પ્રમાણે કરાતી ક્રિયા પણ તીર્થની રક્ષક છે. એમ માનવામાં શો દોષ?

**ઉત્તર :-** *''મહાજનો''* શબ્દનો અર્થ **''ઘણા માણસો''** નથી કરવાનો, પરંતુ **શાસ્ત્રાજ્ઞા સાપેક્ષ પંડિતપુરુષ** એવો અર્થ કરવાનો છે. માટે શાસ્ત્રની આજ્ઞાથી નિરપેક્ષ ઘેટાંના ટોળાની જેમ બહુજનવાદવાળી લોકસંજ્ઞાને છોડી શાસ્ત્રની આજ્ઞાને અનુસારે સૂત્ર અને વિધિપૂર્વકની ક્રિયાને જ તીર્થરક્ષા કહેવાય છે. આ નિપુણબુદ્ધિપૂર્વક સમજવું.

**''જો ઘણા માણસો કરે તે જ કર્તવ્ય''** એવો ન્યાય જગતમાં હોત તો મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિમાં મિથ્યાદૃષ્ટિ જ ઘણા છે. આર્ય અને અનાર્યમાં અનાર્ય જ ઘણા છે. જૈન અને જૈનેતરોમાં જૈનેતરો જ ઘણા છે. માટે ઘણાનો ન્યાય લાગુ પડતો નથી. લોકમાર્ગમાં કે લોકોત્તર માર્ગમાં સાચા કલ્યાણના અર્થી જીવો થોડા જ હોય છે. જેમ રત્નના વેપારી હંમેશાં થોડા જ હોય છે. માટે શાસ્ત્રસાપેક્ષદૃષ્ટિવાળા, વિધિ-સૂત્રની અપેક્ષાવાળા, તીર્થની સાચી સુરક્ષા કરવાના પરિણામવાળા જીવો (ભલે સંખ્યામાં ઓછા હોય તો પણ તે) જ સાચા **''મહાજન''** છે. અને તેમના માર્ગે ચાલવું જોઈએ.

આંધળા માણસો સો સાથે મળે તો પણ તેઓ માર્ગે ચાલી શકવાના નથી પરંતુ દેખતો માણસ એક હોય તો પણ તે માર્ગગામી બનવાનો છે. માટે ''બહુજન''નો આગ્રહ રાખવો તે ઉચિત નથી જ.

સંવેગી ગીતાર્થ પુરુષોએ જે આચર્યું હોય, શાસ્ત્રવાક્યોની સાથે જે અબાધિત હોય, પાછળના ગીતાર્થોએ પણ જેને ટેકો આપ્યો હોય, અને પરંપરાએ વિશુદ્ધિનો હેતુ હોય તે જ **''જિત''** વ્યવહાર કહેવાય છે. પરંતુ શાસ્ત્રથી નિરપેક્ષ, અસંવેગી પુરુષોએ આચરેલ, અંધ પરંપરાની જેમ સ્વીકારાયેલ માર્ગ તે ''જિત'' વ્યવહાર નથી. જિત વ્યવહારમાં પણ શ્રુતવ્યવહારનો આશ્રય લેવો જ જોઈએ. આજે શ્રુતવ્યવહાર વિચ્છેદ જ પામી ગયો છે. માટે નથી જ. એમ કહેનારાઓને મહાશાસ્ત્રોમાં પ્રાયશ્ચિત્ત કહ્યું છે. માટે (૧) વિધિરસિક



બનીને જ, (૨) શાસ્ત્રાજ્ઞાનું અનુસરણ કરીને જ. (૩) સંવેગી પુરુષોએ આચર્યું હોય તે જ **''જિતવ્યવહાર''** કહેવાય છે. એમ સમજવું.

**પ્રશ્ન :-** જો આટલો બધો વિધિનો જ પક્ષ હોય તો અન્યશાસ્ત્રોમાં કહ્યું છે કે ધર્માનુષ્ઠાન ન કરે તો મોટું પ્રાયશ્ચિત્ત આવે અને અવિધિએ ધર્માનુષ્ઠાન કરે તો નાનું પ્રાયશ્ચિત્ત આવે એ પાઠનું શું થશે?

**ઉત્તર :-** અવિધિએ ધર્મક્રિયા કરનારા જીવો બે પ્રકારના હોય છે. (૧) **અવિધિપાક્ષિક** :- અવિધિમાં જ રસ ધરાવનારા, વિધિની ઉપેક્ષા કરનારા, ગમે તેમ પણ અમે ધર્મક્રિયા તો કરીએ છીએ ને? એવું માનવહન કરનારા, અને જૈનેતરોમાં અવિધિને જ ઉત્તેજન આપનારા આ જીવોની અવિધિક્રિયા ચલાવી લેવાય નહિ. આ માર્ગને ઉત્તેજન અપાય નહિ. કારણ કે તેમ કરવાથી મૂળસૂત્ર અને ક્રિયાનો ઉચ્છેદ થઈ જાય.

પરંતુ (૨) **વિધિપાક્ષિક અવિધિકારક,** એવા જે બીજા જીવો હોય છે. કે જેઓને વિધિ જ ઘણી પ્રિય છે. વિધિનો જ ઉપદેશ આપે છે. વિધિ પ્રત્યે જ બહુમાન છે. ફક્ત છદ્મસ્થપણાને લીધે અથવા સંઘયણાદિ દોષને લીધે અવિધિ આચરવી પડે છે. અથવા અજાણતાં અવિધિ સેવાઈ જાય છે. જેનું હૈયામાં ભારોભાર દુઃખ છે તેવા અવિધિ આચરનારા જીવો **વિધિ પાક્ષિક હોવાથી** તેઓને નાનું પ્રાયશ્ચિત્ત આવે છે. જૈન શાસ્ત્રોનો મર્મ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવો જોઈએ. આવા જીવો અવિધિએ ધર્માનુષ્ઠાન કરતા છતા પણ ન કરનારા કરતાં સારા છે.

પરંતુ અવિધિમાં જ રસ ધરાવનારા અને જાણી બુઝીને અવિધિ સેવીને ગર્વ વહન કરનારા જીવો ન કરનારા કરતાં સારા નથી.

આ કારણથી જ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકવર્તી સંઘયણદોષે હીન આચરણ કરનારા, પરંતુ મૂલવિધિની જ પ્રરૂપણા કરનારા અને હીન

આચરણા જે થઇ જાય છે. તેનું પણ દુઃખ ધરનારા, ઉત્કૃષ્ટની ઇચ્છા રાખનારા, મહાત્માઓ પણ કલ્યાણસંપાદક છે.

આ પ્રમાણે ચૈત્યવંદનાદિ શુભ ધર્મક્રિયા વિધિપૂર્વક હોય તો સ્થાનાદિ યોગો દ્વારા પરંપરાએ પણ મોક્ષનો હેતુ બને છે. અને સ્વયં પોતે ઉત્તમાનુષ્ઠાન હોવાથી, પુણ્યાનુબંધી પુણ્યનો હેતુ હોવાથી, વિશુદ્ધચિત્ત સંસ્કાર દ્વારા પ્રશાન્તભાવ આપનાર હોવાથી અનંતર પણે પણ સ્વતંત્ર રીતે મોક્ષસાધક થાય છે.

આ ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાનો (૧) પ્રીતિ, (૨) ભક્તિ, (૩) વચન, (૪) અસંગ એમ ચાર પ્રકારનાં જ્ઞાનીઓએ કહ્યાં છે. અનુષ્ઠાન ઉપર જ્યારે ઘણું બહુમાન હોય, પ્રેમ હોય, આ જ ધર્માનુષ્ઠાન મારા આત્માને શ્રેયસ્કર છે. એમ સમજી શેષકાર્યો છોડીને પણ જે શીઘ્રપણે કરાય તે **પ્રીત્યનુષ્ઠાન.** જ્યાં અનુષ્ઠાનો ઉપર પ્રેમને બદલે વધારે ને વધારે ભક્તિ-બહુમાન હોય, પૂજ્યભાવ હોય, વધારે ઉત્સાહથી જે કરાય તે **ભક્ત્યનુષ્ઠાન.** પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાન ક્રિયામાં તુલ્ય હોવા છતાં આરાધ્ય વસ્તુ પ્રત્યેના ભાવના તફાવતથી બન્ને અનુષ્ઠાનોમાં ફરક છે. જેમ પત્ની અને માતા પ્રત્યે કરાતી સેવામાં.

શાસ્ત્રોનું પરિશીલન કરવાપૂર્વક સાધુની જે ઉચિત ધર્મક્રિયા તે **વચનાનુષ્ઠાન.** જે ધર્માનુષ્ઠાન વારંવાર આચરવાથી એવું આત્મસાત્ બન્યું હોય કે હાલ વ્યવહારકાલે જેમાં શાસ્ત્રપાઠનું આલંબન ન હોય તે **અસંગાનુષ્ઠાન.** આ છેલ્લું અસંગાનુષ્ઠાન એ જ નિરાલંબન નામનો પાંચમો યોગ છે.

ચોથા આલબંનયોગને અને પાંચમા નિરાલંબનયોગને સમજાવે છે કે સમવસરણમાં બિરાજમાન તીર્થંકર પ્રભુનું રૂપ, અથવા પ્રતિમાદિનું જે રૂપ, તેનું જે આલંબન તે સ્થૂલ હોવાથી અને ચક્ષુર્ગોચર હોવાથી આલંબનયોગ કહેવાય છે અને અરૂપી



એવા સિદ્ધ પરમાત્માના કેવળજ્ઞાનાદિ ગુણોની સાથે એકાકારતા, તે સૂક્ષ્મ હોવાથી અને અતીન્દ્રિય હોવાથી અરૂપીનું જે આલંબન તે અનાલંબનયોગ કહેવાય છે. જો કે આ અનાલંબનયોગમાં અરૂપીનું આલંબન તો છે. પરંતુ *"अलवणा यवागु:"*ની જેમ અલ્પ હોવાથી આલંબન નથી જ, એમ જાણવું.

આ **"અનાલંબનયોગ"** ક્ષપકશ્રેણીમાં ગુણસ્થાનક ૮થી ૧૨માં મોહનીય કર્મના ક્ષયોપશમ અને ક્ષય વડે પ્રાપ્ત થતા ક્ષમા આદિ ગુણો દ્વારા થાય છે. આત્માનું જે વાસ્તવિક પરમાત્મ સ્વરૂપાત્મક તત્ત્વ, તેને જોવા માટેની જે ઇચ્છા (પરતત્ત્વની જે દિદૃક્ષા) તે જ અનાલંબનયોગ છે. કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી જ આ અનાલંબનયોગ હોય છે.

જેમ કોઇ ધનુર્ધારી લક્ષ્યને વીંધવા માટે ધનુર્દંડ ઉપર બાણ ચઢાવે છે અને લક્ષ્યની સાથે એકાકારતા પૂર્વક નિશાન તાકે છે. જ્યાં સુધી બાણ ન છોડે ત્યાં સુધી જ આ એકાકારતા હોય છે. તેવી રીતે ક્ષપકશ્રેણીમાં આરૂઢ થયેલો આ જીવ પરમાત્મતત્ત્વને જોવા માટે મોહનીયકર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલા સામર્થ્યયોગથી જે એકાકારતા સાધે છે. તે જ અનાલંબન યોગ છે. જેટલામાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. તેટલામાં જ ફળ સિદ્ધ થઇ જવાથી ફળસિદ્ધિ માટેની તન્મયતારૂપ આ અનાલબંન-યોગ પૂર્ણ થઇ જાય છે. કેવલજ્ઞાની થયેલા આ પરમાત્માને હવે ધ્યાનાન્તરિકા દશા હોય છે. અર્થાત્ ધ્યાનશૂન્ય દશા હોય છે. અને તે દશા કેવી હોય? તેનો અનુભવ તો તે અનુભવીઓને જ થાય છે.

**પ્રશ્નઃ-** જ્યારે જીવ કેવળજ્ઞાન પામે ત્યારે અનાલંબનયોગ ભલે ન હો, પરંતુ મોક્ષપ્રાપ્તિ હજુ બાકી હોવાથી તે પામવા માટે કેવલજ્ઞાનાદિ રૂપ ગુણો દ્વારા જે પ્રવૃત્તિ કરાય છે. એ જ આલંબન હોવાથી **"સાલંબન"**યોગ છે. એમ કેમ ન કહેવાય ?

**ઉત્તર** :- જ્યારે કેવળજ્ઞાન અપ્રાપ્ત હોય છે ત્યારે તેને મેળવવાની ઈચ્છા-પરમાત્મસ્વરૂપ જોવાની ઈચ્છા હોય છે. માટે સાધકદશા હોવાથી સાધનાની જરૂર હોય છે. પરંતુ જ્યારે આ જીવ કેવળજ્ઞાન પામી જાય છે. ત્યારે ભલે મોક્ષ બાકી છે પરંતુ તેને સાધવા માટે સાધકદશા નથી. સિદ્ધ દશા છે. હવે બાકીનાં કર્મો અવશ્ય સ્વયં ક્ષય થવાનાં જ છે. માટે મેળવવા લાયક વિષયના જ્ઞાનની આકાંક્ષા-સાધના નહીં હોવાથી સાલંબનયોગ કહેવાતો નથી.

શુક્લધ્યાનનાં બે લક્ષણો છે. એક તો સાધ્ય સાધવા માટે સાધનામાં જોડાવું. આ લક્ષણ કેવળજ્ઞાન ન પામેલા અને સાધક દશામાં વર્તતા એવા અપૂર્ણને હોય છે. કેવલી પૂર્ણ છે. માટે આ પ્રથમ લક્ષણ કેવલીમાં ન હોય. બીજું યોગનિરોધ લક્ષણ છે. તે કેવલીપણામાં અંતે આવે છે. માટે અર્વાક્તનકાળમાં માત્ર ધ્યાનાન્તરિકા દશા જ હોય છે.

**પ્રશ્ન**:-જો ક્ષપકશ્રેણીમાં જ સામર્થ્યયોગ આવતો હોય તો સપ્તમ-ગુણસ્થાનકવર્તી જિનકલ્પિક મહાત્માઓને પણ સામર્થ્યયોગ અર્થાત્ અનાલબંન યોગ હોય છે. એવું શાસ્ત્રોમાં જે કહ્યું છે. તે વાક્યનું શું?

**ઉત્તર** : વાસ્તવિક અનાલંબન યોગ ક્ષપકશ્રેણીમાં જ હોય છે. પરંતુ તેની પૂર્વભૂમિકારૂપે સપ્તમગુણસ્થાનકવર્તી જિનકલ્પિકાદિમાં જે વિશિષ્ટ યોગદશા છે તે પણ આ યોગની પ્રાપ્તિનું કારણ છે. માટે કારણમાં કાર્યનો ઉપચાર કરીને તેને પણ અનાલબંનયોગ કહી શકાય છે.

જિનકલ્પિક સિવાય સામાન્ય મુનિઓને પણ સિદ્ધપરમાત્માની રૂપાતીત અવસ્થા ભાવતાં શુક્લધ્યાનનો અંશ હોઈ શકે છે. તેથી તેનાથી નીચેના ગુણઠાણે વર્તતા મહાત્માઓ પ્રભુનું બાહ્ય પ્રાતિહાર્યાદિ સ્વરૂપ છોડીને પરમાત્માના અનંત જ્ઞાનાદિ ગુણોનું ધ્યાન કરે તો તે જીવોને પણ નિરાલંબન ધ્યાનનો યત્કિંચિત્ અંશ હોય છે.



આ અનાલંબનયોગથી આ સંસારી જીવવડે પ્રથમ મોહસાગર તરી જવાય છે. તેનાથી ક્ષપકશ્રેણી સમાપ્ત કરાય છે. અને તેનાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરાય છે.

અન્ય દર્શનકારો ક્ષપકશ્રેણીને **''સંપ્રજ્ઞાત સમાધિ''** અને કેવળજ્ઞાનને **''અસંપ્રજ્ઞાત સમાધિ''** કહે છે તે અર્થથી વિચારીએ તો અઘટિત નથી. કારણ કે ''સમ્યક્ પ્રકારે પ્રકર્ષે કરાયેલી સમાધિ'' તે સંપ્રજ્ઞાત સમાધિ, આ અર્થ ક્ષપકશ્રેણીમાં સંભવે છે. તથા કેવળી અવસ્થામાં મોહનીયનો નાશ થયેલો છે માટે સંકલ્પ-વિકલ્પોરૂપી પ્રકર્ષવાળું જ્ઞાન જ્યાં નથી તે ''અસંપ્રજ્ઞાત સમાધિ,'' આ અર્થ કેવળજ્ઞાનમાં સંભવે છે. ક્ષાયિકભાવ હોવાથી સંકલ્પ-વિકલ્પ-રૂપતા નથી.

''અસંપ્રજ્ઞાત સમાધિ'' (કેવલજ્ઞાન)ના બે ભેદ છે. એક સયોગી કેવલી અને બીજો અયોગી કેવલી, તે અનુક્રમે તેરમે-ચૌદમે ગુણઠાણે હોય છે. આ છેલ્લી પ્રાપ્ત થયેલી અયોગી અવસ્થાને અન્ય અન્ય દર્શનકારોએ **ધર્મમેઘ, અમૃતાત્મા, ભવશત્રુ, શિવોદય, સત્ત્વાનંદ,** અને **પર** એવાં જુદાં જુદાં નામો તેમના શાસ્ત્રોમાં આપેલાં છે. પરંતુ તત્ત્વથી એક જ છે અર્થભેદ નથી. માટે યોગી મહાત્માઓને આવા પ્રકારના શબ્દભેદનો ઝઘડો હોતો નથી.

**આ પ્રમાણે શ્રી હરિભદ્રસૂરિજીકૃત યોગવિંશિકા અને મહોપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત તે યોગવિંશિકાની ટીકાના ગુજરાતી અનુવાદનો સારાંશ સમાપ્ત થયો.**

# યોગવિંશિકાની મૂળ ગાથાઓ

''मुक्खेण जोयणाओ, जोगो सव्वो वि धम्मवावारो ।
परिसुद्धो विन्नेओ, ठाणाइगओ विसेसेण ॥१॥''
''ठाणुन्नत्थालंबणरहिओ तंतम्मि पंचहा एसो ।
दुगमित्थ कम्मजोगो, तहा तियं नाणजोगो उ ॥ २॥''
''देसे सव्वे य तहा, नियमेणेसो चरित्तिणो होइ ।
इयरस्स बीयमित्तं, इत्तुच्चिय केइ इच्छन्ति ॥ ३॥''
''इक्किको य चउद्धा, इत्थं पुण तत्तओ मुणेयव्वो ।
इच्छा-पवित्ति-थिर-सिद्धिभेयओ समयनीईए ॥४॥''
''तज्जुत्तकहापीईइ, संगया विपरिणामिणी इच्छा ।
सव्वत्थुवसमसारं, तप्पालणमो पवत्ती उ ॥ ५॥''
''तह चेव एय बाहग-चिंतारहियं थिरत्तणं नेयं ।
सव्वं परत्थसाहगरूवं, पुण होइ सिद्धित्ति ॥ ६॥''
''एए य चित्तरूवा, तहा खओवसमजोगओ हुंति ।
तस्स उ सद्धापीयाइ, जोगओ भव्वसत्ताणं ॥ ७॥''
''अणुकंपा णिव्वेओ, संवेगो होइ तह य पसमु त्ति ।
एएसिं अणुभावा, इच्छाईणं जहासंखं ॥ ८॥''
''एयं ठियम्मि तत्ते, नाएण उ जोयणा इमा पयडा ।
चिइवंदणेण नेया, नवरं तत्तण्णुणा सम्मं ॥९॥''
''अरिहंतचेइयाणं, करेमि उस्सग्ग एवमाइयं ।
सद्धाजुत्तस्स तहा, होइ जहत्थं पयन्नाणं ॥ १०॥''



''एयं चात्थालंबण, जोगवओ पायमविवरीयं तु ।
इयरेसिं ठाणाइसु, जत्तपराणं परं सेयं ॥११॥''
''इहरा उ कायवासिय-पायं अहवा महामुसावाओ ।
ता अणुरूवाणं चिय, कायव्वो एयविन्नासो ॥ १२॥''
''जे देशविरइजुत्ता, जम्हा इह वोसिरामि कायं ति ।
सुच्चइ विरइए इमं, ता सम्मं चिंतियव्वमिणं ॥ १३॥''
''तित्थस्सुच्छेयाइ वि, नालंबणमित्थ जं स एमेव ।
सुत्तकिरियाइ नासो, एसो असमंजसविहाणा ॥ १४॥''
''सो एस वंकओ चिय, न य सयमयमारियाणमविसेसो ।
एयं पि भावियव्वं, इह तित्थुच्छेयभीरुहिं ॥ १५॥''
''मुत्तूण लोगसन्नं, उड्डूण य साहुसमयसब्भावं ।
सम्मं पयट्टियव्वं, बुहेण मइनिउणबुद्धिए ॥ १६॥''
''कयमित्थ पसंगेणं, ठाणाइसु जत्तसंगयाणं तु ।
हियमेयं विन्नेयं, सदणुट्ठाणत्तणेण तहा ॥ १७॥''
''एयं च पीइ-भत्तागमाणुगं, तह असंगयाजुत्तं ।
नेयं चउव्विहं खलु एसो चरमो हवइ जोगो ॥ १८॥''
''आलंबणं पि एयं, रूवमरूवी य इत्थ परमु त्ति ।
तग्गुणपरिणइरूवो, सुहूमो अणालंबणो नाम ॥ १९॥''
''एयम्मि मोहसागरतरणं, सेढी य केवलं चेव ।
तत्तो अजोगजोगो, कमेण परमं च निव्वाणं ॥ २०॥''

પ્રકાશક

**જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ**

૭૦૨, રામસા ટાવર્સ, ગંગા-જમના એપાર્ટમેન્ટ પાસે,
અડાજણ પાટીયા, સુરત-૩૯૫૦૦૯. INDIA
**ફોન : ૬૮૮૯૪૩**

**પ્રાપ્તિ સ્થાન**

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા :**
૭૦૨, રામસા ટાવર્સ,
ગંગા-જમના એપાર્ટમેન્ટ પાસે,
અડાજણ પાટીયા, **સુરત-૯.**
( INDIA )
**ફોન : ૬૮૮૯૪૩**

**સરસ્વતી પુસ્તક ભંડાર**
પુસ્તકોના વેપારી
હાથીખાના-રતનપોળ
**અમદાવાદ-૩૮૦ ૦૦૧.**
ગુજરાત ( INDIA )
ફોન : ૫૩૫૬૬૯૨

**સુઘોષા કાર્યાલય**
શેખનો પાડો, રિલીફ રોડ,
ઝવેરીવાડની સામે,
**અમદાવાદ-૩૮૦ ૦૦૧.**
INDIA
**ફોન : ૨૧૩૧૪૧૮**

**શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા**
સ્ટેશન રોડ, રંગમહોલના નાકે,
**મહેસાણા** ફોન : ૫૧૩૨૭
(ઉત્તર ગુજરાત)
( INDIA )

**સેવંતીલાલ વી. જૈન**
૨૦, મહાજન ગલી, ઝવેરી બજાર, મુંબઈ.

પ્રથમ આવૃત્તિ વિક્રમ સંવત ૨૦૪૯

| પ્રકાશન વર્ષ | |
|---|---|
| વીર સંવત-૨૫૨૭ | વિક્રમ સંવત ૨૦૫૭ |
| ઈસ્વીસન ૨૦૦૧ | દ્વિતીય આવૃત્તિ |
| કિંમત : રૂા. ૫૦-૦૦ | |

**: કમ્પોઝ-પ્રિન્ટીંગ-બાઇન્ડીંગ : ભરત ગ્રાફીક્સ**
**ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફરોડ, અમદાવાદ-૧, ફોન : ૨૧૩૪૧૭૬, ૨૧૨૪૭૨૩**

# દ્વિતીય આવૃત્તિની પ્રસ્તાવના

વિક્રમ સંવત-૨૦૫૭ **ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**

શ્રી યોગવિંશિકાની બીજી આવૃત્તિ પ્રકાશિત કરતાં અત્યન્ત આનન્દ થાય છે કે શ્રી ચતુર્વિધ સંઘમાં યોગગ્રન્થોનું અધ્યયન દિન પ્રતિદિન સારું એવું વધ્યું છે. પ્રથમ આવૃત્તિ વિ. સં. ૨૦૪૯માં પ્રકાશિત થઈ. ૭/૮ વર્ષમાં જ આ બીજી આવૃત્તિ પ્રકાશિત થાય છે. તથા શ્રી યોગશતકની પ્રથમ આવૃત્તિ વિ. સં. ૨૦૫૦માં અને બીજી આવૃત્તિ વિ. સં ૨૦૫૫માં પ્રકાશિત કરી છે. અને શ્રી યોગદૃષ્ટિ મહાગ્રંથની પ્રથમ આવૃત્તિ વિ. સં. ૨૦૫૬માં અને બીજી આવૃત્તિ વિ. સં. ૨૦૫૭માં અમે પ્રકાશિત કરી છે. શ્રી સંઘમાં યોગગ્રન્થના અધ્યયન અને અધ્યાપનના વિકાસનો આ પ્રબલ પુરાવો છે.

છેલ્લા પાંચ-સાત વર્ષમાં કેટલાક પૂજ્ય મુનિ મહાત્માઓ તરફથી પણ આ યોગના ગ્રન્થો ઉપર ગુજરાતી અનુવાદો પ્રસિદ્ધ થયા છે. જેમકે-પૂજ્ય આચાર્યદેવ શ્રી રાજશેખરસૂરીશ્વરજી મ. સા. તરફથી યોગબિન્દુ અને યોગદૃષ્ટિસમુચ્ચયનું સટીક ભાષાન્તર, પૂજ્ય પં. શ્રી અભયશેખર વિજયજી મ. સા. તરફથી યોગવિંશિકાનું સટીક ભાષાન્તર, પૂજ્ય પં. મુક્તિદર્શન વિજયજી મ. સા. તરફથી શ્રી યોગદૃષ્ટિનાં અજવાળાં ભાગ ૧-૨-૩ જે શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય ઉપર છે. ઈત્યાદિ વિવેચનો પ્રકાશિત થયાં છે.

**"શ્રી યોગવિંશિકા"** એ વિંશતિવિંશિકાનો એક ભાગ છે. પૂજ્ય આચાર્યદેવ સૂરિપુરન્દર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીએ ૧૪૪૪ મહાકાય ગ્રન્થોની રચના કરીને જૈનશાસનના તત્ત્વપિપાસુ જીવોને ઘણું ઘણું પ્રદાન કર્યું છે. કોઈપણ વિષયોને આવરી લેતી એવી ગ્રન્થરચના



તેઓશ્રીની છે. સર્વતોમુખી પ્રતિભાને ધારણ કરનારા આ મહાત્માના ગ્રન્થોનું જો દોહન કરવામાં આવે તો આત્માની પરિણતિ નિર્મળ થયા વિના રહે જ નહીં. મોહદશા મંદ થયા વિના રહે જ નહીં.

જો સાચેસાચ આત્માની પરિણતિ નિર્મળ બને તો પ્રવૃત્તિ સુંદર બન્યા વિના રહે જ નહીં. પરિણતિ એ નિશ્ચય છે. અને પ્રવૃત્તિ એ વ્યવહાર છે. શુદ્ધ નિશ્ચયની જો પ્રાપ્તિ થાય તો અશુભ વ્યવહાર ટળે જ અને શુભવ્યવહાર પ્રાપ્ત થાય જ. નિશ્ચયદૃષ્ટિ એ વ્યવહારની ઘાતક નથી પરંતુ વ્યવહારની શોધક છે. અશુભ વ્યવહાર ટાળનાર છે અને શુભવ્યવહાર લાવનાર છે. તેથી આત્માની પરિણતિની નિર્મળતા માટે આવા યોગના ગ્રન્થોનો અભ્યાસ અવશ્ય કર્તવ્ય છે. એટલું જ નહીં પરંતુ વારંવાર મનનીય છે.

ઉત્તમ મહાત્મા પુરુષો આવા પ્રકારના યોગગ્રન્થોનો અભ્યાસ કરીને શુદ્ધ આત્મસ્વરૂપના ભોક્તા બનો. એજ આશા.

**એડ્રેસ :-**
૭૦૨, રામસા ટાવર્સ,
ગંગા જમના એપાર્ટમેન્ટ પાસે,
અડાજણ પાટીયા-સુરત.
પીન. ૩૯૫ ૦૦૯ ગુજરાત. ઈન્ડીયા

લિ.
**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**
ફોન : (૨૬૧) ૬૮૮૯૪૩

# પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના

''**ભારતવર્ષ**'' એટલે અમૂલ્ય પ્રકૃતિ અને સંસ્કૃતિનું અનુપમ સંસ્કારધામ, આત્મોન્નતિના અનન્ય ઉપાય તરીકે જેણે સદાકાળ ત્યાગને જ અગ્રસ્થાન આપ્યું છે. ઉત્તમ સંતો, સંન્યાસીઓ, ત્યાગીઓ અને શ્રમણો જે ભૂમિ ઉપર થયા છે. જેમણે પોતાનું જીવન સ્વ-પરના કલ્યાણમાં વ્યતીત કર્યું છે. તીર્થંકર પરમાત્માના વિરહકાળમાં તેમના વાઙ્મયને ગીર્વાણ ગિરા દ્વારા વિશેષ વિસ્તૃત કરી સાહિત્યસર્જન વડે લોકોપકાર અને લોકોદ્ધાર કરવામાં જૈનમુનિવરોએ ઘણો અમૂલ્ય ફાળો આપ્યો છે.

પોતાના આયુષ્ય પ્રમાણની સાથે જેની કલ્પના ન થઇ શકે તેટલા અદ્ભુત શ્લોકોની કવિત્વ, વાદિત્વ, સંગ્રાહકત્વ આદિ મહાશક્તિયુક્ત રચના કરી જેઓએ અનેકવિધ સાહિત્યસર્જન કર્યું છે. જેમાં પોતાના જીવનની પ્રત્યેક ક્ષણોમાં ઉદાત્તભાવના, એકાગ્રતા, તન્મયતા, પર પ્રત્યેની વાત્સલ્યતા આદિ ગુણો ભરેલા છે. તે સર્જન વડે પોતાના આત્માને તથા સમસ્ત જૈન સંઘને અને ભારતદેશને આ મુનિવરોએ ઘણો ઘણો કૃતાર્થ કર્યો છે.

આવા ગુણોથી યુક્ત, પુનઃ પુનઃ નમસ્કરણીય, મુનિવૃંદોમાં શ્રીભદ્રબાહુસ્વામી, શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી, શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણજી, શ્રી ઉમાસ્વાતિજી, શ્રીમલ્લવાદિજી, શ્રીહરિભદ્રસૂરિજી, શ્રીહેમચંદ્રાચાર્યજી, શ્રીઅભયદેવસૂરિજી, શ્રીવાદિદેવસૂરિજી, શ્રીમુનિચંદ્રસૂરિજી, શ્રીસિદ્ધસેનગણિ, શ્રીસિદ્ધર્ષિગણિ, શ્રીયશોવિજયજી, શ્રી મલયગિરિજી, શ્રી વિનયવિજયજી તથા શ્રી દેવેન્દ્રસૂરિજી આદિ અને દિગંબરસંપ્રદાયમાં પૂજ્યપાદસ્વામી, શ્રીસમંતભદ્રજી, શ્રીકુંદકુંદાચાર્યજી, શ્રીઅકલંકાચાર્ય, શ્રીઅમૃતચંદ્રજી, અને શ્રીનેમિચંદ્રજી આદિ મુનિવરોનાં નામો અગ્રગણ્ય છે.

પ્રસ્તુત ''**યોગવિંશિકા**'' ગ્રંથના પ્રણેતા શ્રીહરિભદ્રસૂરિજી છે અને ટીકાકાર શ્રીયશોવિજયજી ઉપાધ્યાયજી છે. આ ગ્રંથકર્તાએ સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં ૧૪૪૪, ગ્રંથોની અદ્ભુત રચના કરી અમૂલ્ય જ્ઞાનધન જૈન સંઘને અર્પણ કર્યું છે. એકેક ગ્રંથો વિવિધરસોથી ભરપૂર છે. ગૃહસ્થ જીવન સાધુજીવન, યોગાવસ્થા, ધ્યાનાવસ્થા, દર્શનશાસ્ત્રો આદિ સર્વ વિષયોને આવરી લેતા ગ્રંથોનું જેમણે સર્જન કર્યું છે. તેઓના તમામ ગ્રંથો આજે



ઉપલબ્ધ પણ નથી. ગ્રંથો એવા સુંદર રચ્યા છે કે હાથમાં લીધા પછી પૂર્ણ કર્યા વિના છોડવાનું મન ન થાય, વારંવાર વાંચવાનું જ રુચે. જે કંઇ લખાણ છે તે શાસ્ત્રોના નિચોડ રૂપ ટંકશાળી વચનોમય છે. પોતાના શાસ્ત્રોમાં અનેક જૈનેતર વિદ્વાનોના શાસ્ત્રોના પાઠોની સાક્ષી પણ આપી છે.

(૧) આચાર્ય શ્રીહરિભદ્રસૂરિજીની કેટલીક કૃતિઓ ''વિરહ'' અને કેટલીક કૃતિઓ ''ભવવિરહ'' શબ્દ વડે અંતમાં અંકિત છે.

(૨) શ્રીહરિભદ્રસૂરિજીની કૃતિઓ સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં રચાયેલી છે.

(૩) શ્રીહરિભદ્રસૂરિજીનું સંસ્કૃત-પ્રાકૃત ભાષા ઉપર અસાધરણ પ્રભુત્વ દેખાય છે.

(૪) શ્રીહરિભદ્રસૂરિજીએ, સ્વતંત્ર પદ્યાત્મક ગ્રંથો, સ્વતંત્ર ગદ્યાત્મક ગ્રંથો તથા પૂર્વાચાર્યોના ગ્રંથોના વિવરણાત્મક લઘુવૃત્તિઓ અને બૃહદ્વૃત્તિઓ રચી છે. તથા સ્વરચિત પદ્યાત્મક કેટલાક ગ્રંથો ઉપર શાસ્ત્રના હાર્દને સમજાવવા પોતે જ સ્વોપજ્ઞવૃત્તિઓ પણ રચી છે. અજૈન એવા દિઙ્નાગના રચેલા ન્યાય પ્રવેશક નામના ગ્રંથ ઉપર પણ શિષ્યહિતા નામની ટીકા રચી છે.

(૫) સમગ્ર કૃતિકલાપમાં *तद्-एतद्-यद्* ઇત્યાદિ સર્વનામોનો અધિકાધિક પ્રયોગ કર્યો છે. જેથી અધ્યયન કરનારને પૂર્વાપરની સંકલના અને ચિત્તની સ્થિરતા વિના અર્થબોધ થવો દુષ્કર બને છે.

(૬) શ્રીહરિભદ્રસૂરિજીની તત્ત્વ, યોગ, દાર્શનિક વિષય, ધ્યાન, કથાઓ, અનેકાન્તવાદ અને અધ્યાત્મ આદિ વિષયો ઉપર કૃતિઓ રચાયેલી છે. પરંતુ નાટક, છંદ, વ્યાકરણ કે અલંકાર તરફ રચના દૃષ્ટિગોચર થતી નથી.

(૭) સિદ્ધસેન દિવાકરસૂરિજીએ બત્રીસ બત્રીસિકાઓ રચી અન્ય દર્શનોના અભિપ્રાયો સમજાવવાનો જે પ્રયત્ન કરેલો છે. તે જ અભિપ્રાયોને શ્રીહરિભદ્રસૂરિજીએ ષડ્દર્શનસમુચ્ચય અને શાસ્ત્રવાર્તા સમુચ્ચય જેવા ગ્રંથો રચીને ભાવો નવપલ્લવિત અને પુષ્પિત કરેલા છે.

(૮) શ્રીહરિભદ્રસૂરિજીની જે કૃતિઓ સ્વોપજ્ઞવૃત્તિઓ વડે વિભૂષિત નથી. તેમાંની કેટલીક કૃતિઓ ઉપર તેમના ઉત્તરવર્તી મુનિશ્રી શ્રીમુનિચંદ્રસૂરિજી શ્રીમલયગિરિજી, ન્યાયાચાર્ય ઉ. શ્રીયશોવિજયજીગણિજી, અને અતિશય

નિકટ કાળમાં થયેલા. આગમોદ્ધારક આનંદસાગરસૂરિજીએ ટીકાઓ રચીને તેમના સાહિત્યને સુબોધ કર્યું છે.

(૯) ષડ્દર્શનસમુચ્ચય, શાસ્ત્રવાર્તાસમુચ્ચય અને અનેકાન્તજયપતાકા જેવા મહાગ્રંથો રચી અન્યદર્શનો પ્રત્યે મધ્યસ્થ ભાવના રાખી સમન્વય કરવાની વૃત્તિવાળા ઉદાત્તચિત્ત પણ આ પુરુષ હતા.

(૧૦) નાસ્તિક ગણાતા ચાર્વાકદર્શનને પણ આસ્તિકદર્શનોની હરોળમાં ગણી ભારતીય દર્શનોમાં ચાર્વાકને સ્થાન આપનારા પણ આ આચાર્યશ્રી પ્રથમ છે.

(૧૧) યોગની બાબતમાં મિત્રા-તારા આદિ આઠ દૃષ્ટિઓ રજૂ કરી આત્માના ઉત્થાનનો નવો ચીલો સમજાવનારા પણ આ આચાર્યશ્રી પ્રથમ છે.

(૧૨) જે વસ્તુ પોતાને સમજાઇ હોય, તે વસ્તુ અન્યને શાન્તચિત્તે અને મધ્યસ્થ ભાવે સમજાવવાની કળામાં આ આચાર્યશ્રી નિપુણ જણાય છે.

(૧૩) શ્રીહરિભદ્રસૂરિજીની શતમુખી પ્રતિભા વડે રચાયેલ કૃતિકલાપ દ્વારા જૈનસાહિત્ય જ ગૌરવાંકિત બન્યું છે એમ નહિ. પરંતુ ભારતીય સંસ્કૃત-પ્રાકૃત સાહિત્ય પણ ગૌરવાંકિત અને ઉજ્જ્વલમુખી બન્યું છે. તથા ભારતીય સંસ્કૃતિનું ગૌરવ તેઓશ્રીએ વધાર્યું છે.

(૧૪) શ્રીહરિભદ્રસૂરિજીના ગ્રંથોનું આકંઠ પાન કરી તેનો જ આબેહૂબ વિસ્તાર કરનાર શ્રયશોવિજયજી મહોપાધ્યાય થયા જેથી તેમની **"લઘુ હરિભદ્રસૂરિજી"** એવા નામથી જૈનસંઘમાં અને સાહિત્ય-સર્જકોમાં પ્રસિદ્ધિ થઇ.

(૧૫) શ્રીહરિભદ્રસૂરિજીના ગ્રંથોનું સંપાદન કરવામાં પૂજ્ય આગમોદ્ધારક સાગરજી મહારાજશ્રીનો તથા વર્તમાન કેટલાક આચાર્યો અને મુનિવરોનો પણ અમૂલ્ય ફાળો છે.

(૧૬) અધ્યાત્મ, યોગ તર્ક, દર્શન અને ધર્મની બાબતના વિષયો સંબંધી અનુપમ ગ્રંથરચના કરીને જૈનસંઘને તેનું સમર્પણ કરવાના કારણે આજનો શ્રમણસંઘ તથા ચતુર્વિધ શ્રીજૈનસંઘ પૂ. આચાર્ય શ્રીહરિભદ્રસૂરિજીનો ઘણો જ ઋણી છે.



(૧૭) શ્રીહરિભદ્રસૂરિજીએ પોતાના શાસ્ત્રોમાં ભગવદ્ગોપેન્દ્ર, ભગવત્પતંજલિ આદિ શબ્દપ્રયોગ કરવા દ્વારા ઇતર યોગી પુરુષો પ્રત્યે પણ અતિશય બહુમાન અને સદ્ભાવ વ્યક્ત કર્યો છે. આવા અનેક ચમત્કારિક પ્રસંગો તેઓના જીવનમાં છે.

(૧૮) તેઓએ રચેલા અનેકગ્રંથોમાં (૧) શાસ્ત્રવાર્તાસમુચ્ચય, (૨) અનેકાન્ત જયપતાકા, (૩) ચૈત્યવંદનસૂત્રવૃત્તિ (લલિત વિસ્તરા), (૪) ધર્મસંગ્રહણી, (૫) ષ્ડદર્શનસમુચ્ચય, (૬) અષ્ટકજી, (૭) ષોડશકપ્રકરણ, (૮) યોગશતક, (૯) યોગદ્રષ્ટિસમુચ્ચય, (૧૦) યોગબિંદુ, (૧૧) સમરાઇચ્ચકહા (સમરાદિત્ય કેવલી ચરિત્ર), (૧૨) ઉપદેશપદ, (૧૩) ધર્મબિંદુ, (૧૪) પંચાશક, (૧૫) લોકતત્ત્વનિર્ણય, (૧૬) યોગવિંશિકા, (૧૭) વિંશતિવિંશિકા, (૧૮) ધૂર્તાખ્યાન, (૧૯) યતિદિનકૃત્ય ઇત્યાદિ અનુપમ કૃતિઓ અગ્રગણ્ય ગણાય છે.

(૧૯) શ્રીહરિભદ્રસૂરિજીએ પોતાના ભિન્ન-ભિન્ન ગ્રંથોમાં જૈન-જૈનેતર ગ્રંથોનો નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે. (૧) પ્રમાણમીમાંસા, (૨) સમ્મઇપયરણ, (૩) વાક્યપ્રદીપ, (૪) સ્યાદ્વાદભંગ, (૫) વિંશિકા, (૬) પ્રિયદર્શના-વાસવદત્તા, (૭) રેવણાઇકવ્વ, (૮) યોગનિર્ણય, (૯) પ્રમાણવાર્તિક, (૧૦) હેતુબિંદુ, (૧૧) શિવધર્મોત્તર, (૧૨) વૃદ્ધગ્રંથ વગેરે.

(૨૦) ધર્મકીર્તિ, દિઙ્નાગ, ધર્મપાલ, ભદંતદિન્ન, અવધૂતાચાર્ય, ઇશ્વરકૃષ્ણ, કુમારિલભટ્ટ, ક્ષીરકદંબક, ગોપેન્દ્ર, જૈમિનિ, પતંજલિ, ભર્તૃહરિ, વ્યાસ, વિન્ધ્યવાસી ઇત્યાદિ જૈનેતર ગ્રંથકારોનો પણ પોતાના ગ્રંથોમાં પ્રસંગે પ્રસંગે ઉલ્લેખ કર્યો છે તેના ઉપરથી તેઓશ્રી કેટલા શાસ્ત્રોના પારગામી હતા, તથા કેટલા ઉદારચિત્ત હતા તે જણાઇ આવે છે.

**યોગવિષયક**

આચાર્યશ્રીએ યોગ વિશે મિત્રા-તારા-બલા આદિ દૃષ્ટિઓ સમજાવવા દ્વારા ગુણસ્થાનકોને સંકલિત કરતો આત્માનો નવો વિકાસમાર્ગ સમજાવ્યો છે. તેના સંબંધી અનુક્રમે મહાકાય ચાર ગ્રંથો બનાવ્યા છે. (૧) યોગવિંશિકા[1], (૨) યોગશતક, (૩) યોગદ્રષ્ટિસમુચ્ચય અને (૪) યોગબિંદુ. આ ચારે કૃતિઓ પદ્યાત્મક છે. તેના અનુક્રમે ૨૦/૧૦૦/૨૨૮/૫૨૭ શ્લોકો

૧. આ ગ્રંથ વિંશતિવિંશિકાના એક ભાગરૂપ છે.

છે. પ્રથમ કૃતિ ઉપર મહોપાધ્યાય શ્રીયશોવિજયજીની ટીકા છે. શેષ ત્રણ ગ્રંથો ઉપર ગ્રંથકારશ્રીની પોતાની જ સ્વોપજ્ઞ ટીકા છે. આ બધી ટીકાઓ પણ અધ્યાત્મરસ શાન્તરસ, અને આત્મહિતના લક્ષ્યથી ભરપૂર છે. યોગબિંદુની ટીકા સ્વોપજ્ઞ છે કે કેમ? તે બાબત કંઇક વિવાદાસ્પદ પણ છે.

તેઓશ્રીના ગ્રંથો જેમ જેમ ભણીએ તેમ તેમ તેનો રસ અધિકાધિક જ વધતો જાય છે. એકેક વિષયને સાંગોપાંગ સમજાવીને આત્માર્થી સાધક જીવો ઉપર આચાર્યશ્રીએ અસીમ ઉપકાર કર્યો છે.

પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબોને આ ગ્રંથો વારંવાર ભણાવતાં તેના વિશે કંઇક લખવાનું મન થયું. તેમના અનેક ગ્રંથો પૈકી યોગના ચારે ગ્રંથો વધારે રસપ્રદ લાગ્યા. તથા આત્માર્થી જીવોના આત્મહિત માટે અતિશય આવશ્યક દેખાયા. તેથી પ્રથમ ''યોગવિંશિકા'' તથા તેના ઉપર રચાયેલી પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજશ્રીની બનાવેલી ટીકાનો ગુજરાતી અનુવાદ (ભાવાર્થ સાથે) તૈયાર કરવાનું મન થયું તેથી તે તૈયાર કરી પ્રથમ આવૃત્તિ વિક્રમ સંવત ૨૦૪૯માં પ્રકાશિત કરી છે. અને આ બીજી આવૃત્તિ વિક્રમ સંવત ૨૦૫૭માં પ્રકાશિત કરું છું. બાકીના ત્રણે ગ્રંથો (યોગશતક-યોગદૃષ્ટિસમુચ્ચય-યોગબિંદુ) તૈયાર કરવાની તમન્ના છે. આ ત્રણે ગ્રંથો ઉપર બીજાં પણ ગુજરાતી ભાષાન્તરો પ્રકાશિત થયેલાં છે.

(૧) યોગશતક ઉપર ડૉ. ઈન્દુકલા હીરાચંદ ઝવેરી.
ઈ. સ. ૧૯૫૬માં ગુજરાત વિદ્યાપીઠ તરફથી પ્રકાશિત થયેલ છે.
(૨) યોગદૃષ્ટિસમુચ્ચય ઉપર ડૉ. ભગવાનદાસભાઈ મનુસુખભાઈ.
ઈ.સ. ૧૯૫૦માં મનસુખલાલ તારાચંદ મહેતા તરફથી પ્રકાશિત થયેલ છે.
(૩) યોગબિંદુ ઉપર પૂ. બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.શ્રીએ કરેલું ગુજરાતી વિવેચન. ઈ.સ. ૧૯૫૦માં બુદ્ધિસાગરસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર તરફથી પ્રકાશિત થયેલ છે.
(૪) યોગશતક ઉપર પૂ. પં. શ્રીચંદ્રશેખરવિજયજી મ. સાહેબનું લખેલું ''શૂન્ય બનીને પૂર્ણ બનો'' એ નામવાળું વિવેચન.

અધ્યયન કરનાર પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા અધ્યાપન કરાવતા શિક્ષક બંધુઓને ટીકાઓના પદો સાથેના અર્થો સુગમ પડે એ રીતે આ અનુવાદ તૈયાર કરેલ છે. આ કાર્યમાં પાઠશાળામાં ભણવા આવતાં પૂ. સાધુ-



સાધ્વીજી ભગવંતોએ તેમના ક્ષયોપશમ પ્રમાણે મને ઘણી પંક્તિઓ ઉકેલવામાં મદદ પણ કરી છે. તથા શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા-મહેસાણાએ મને પ્રાથમિક સંસ્કૃત-પ્રાકૃત-ધાર્મિક-દાર્શનિક જ્ઞાન આપી પાયાનું સિંચન કરવા દ્વારા મારા ઉપર ઉપકાર કર્યો છે. પં. શ્રી પુખરાજજી સાહેબ, પંડિત ચંદ્રશેખરજી ઝા તથા પં. શાંતિલાલ કેશવલાલ શાહ અમદાવાદ. ઈત્યાદિ વ્યક્તિઓએ પોતપોતાના વિષયની નિપુણતા પ્રમાણે અથાગ પ્રયત્નોથી મને ધાર્મિક વિષયો સમજાવ્યા છે. તેઓનો અસીમ ઉપકાર મારા ઉપર છે. આ ગ્રંથ ઉપર જે કંઇ યત્કિંચિત્ પ્રકાશન થયું છે તે તેઓશ્રીની જ ઉપકૃતિનું ફળ છે. આ સમયે ઉપરોક્ત સર્વેનો હું પરમ ઉપકાર માનું છું.

આ લખાણમાં સુરેન્દ્રનગરના વતની પંડિત શ્રી પ્રવીણ-ચંદ્રભાઈએ પોતાની નોટો દ્વારા ઘણી સહાયતા કરી છે તે બદલ તેઓનો પણ આભાર માનું છું.

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીર્ય આચાર્ય દેવેશ શ્રીકલાપૂર્ણસૂરીશ્વરજી મ. સાહેબે તથા પૂજ્યપાદ, પ્રાતઃસ્મરણીય આચાર્ય દેવેશ શ્રી જયન્તસેનસૂરીશ્વરજી મ. સાહેબે આ અનુવાદ અક્ષરશઃ પૂરેપુરી કાળજીપૂર્વક વાંચી પૂર્ણ ચિંતન-મનનપૂર્વક સુધારી આપેલ છે. તે બદલ તે મહાત્મા પુરુષોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. સવિશેષ તો આ ગ્રંથમાં પૂ. આચાર્ય શ્રીકલાપૂર્ણસૂરીશ્વરજી મ. સા.ના આશીર્વચન મળ્યા છે, તેમાં મારું સૌભાગ્ય સમજું છું.

મારું આ પ્રથમ પ્રકાશન છે. તેથી તેમાં ભુલો હોવાનો સંભવ છે. તથા મતિમન્દતાથી પણ જે કંઇ ભુલો રહી ગઇ હોય તે કૃપા કરી અભ્યાસક વર્ગ મને અવશ્ય સૂચવશો એવી પ્રાર્થના કરું છું. તથા તે ભુલો બદલ ક્ષમાયાચના કરું છું.

આ ગ્રંથને આદિથી અંત સુધી પુનઃ પુનઃ વાંચવા અને પરિશીલન કરવા તમામ અભ્યાસક આત્માર્થી સાધક જીવોને હું વિનંતિ કરું છું.

એડ્રેસ
૭૦૨, રામસા ટાવર
ગંગા જમના એપાર્ટમેન્ટ પાસે,
અડાજણ પાટીયા,
સુરત-૩૯૫ ૦૦૯. ગુજરાત. ઈન્ડીયા

લિ.
**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**
ફોન : (૨૬૧) ૬૮૮૯૪૩